VISIT…

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : અમદાવાદ



गूजरात विद्यापीठ ग्रंथालय
(गुजराती मणीशंकर विभाग)
अनुक्रमांक २५८-५२ किंमत ३-८-०
ग्रंथनाम पुरुषार्थ
वर्गांक ३ - : २

પૃથ્વીરાજ

ને

ઘૂમકેતુ

(૩૧)

રૂપિયા

સોલ એજંટ

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધીરસ્તો, અમદાવાદ.

૧૯૪૮

પ્રકાશક,
ગૌરીશંકર ગો. જોશી,
૨૩, કર્ણાવતી નિવાસ,
એલીસબ્રીજ : અમદાવાદ.

મુદ્રક,
ગોવિંદલાલ જગશીભાઈ શાહ,
શા ર દા મુ દ્ર ણા લ ય,
પાનકોર નાકા, અમદાવાદ.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઇટ-સંગ્રહ
૨૬૮-૫૨

બીજી આવૃત્તિ
ઑગસ્ટ : ૧૯૪૮

સર્વ પ્રકારના હક્ક લેખકને સ્વાધીન

શ્રી શારદા મુદ્રણાલય
પાનકોર નાકા
અમદાવાદ

પ્રસ્તાવના : બીજી આવૃત્તિ વખતે,

આ પુસ્તકની પહેલી આવૃત્તિ ઘણા વખતથી ખલાસ થઇ ગઈ હતી. પણ ત્યાર પછી એને સુધારવા વધારવાનો વખત મેળવવો મુશ્કેલ બન્યો અને તેથી એની આવૃત્તિ કાઢવાનું બની શક્યું ન હતું. આ આવૃત્તિને ઘણી રીતે નવું સંસ્કરણ જ કહી શકાય. 'ચૌલુક્ય નવલકથાવલિ'ની જનપ્રિયતાને લીધે, આ નવલકથાની પણ માગ થતાં, એને લગભગ નવેસરથી તૈયાર કરી છે. વર્ષો પહેલાં લખેલી છતાં, એમાં આવતા કેટલાક પ્રશ્નો તો હમેશના જ છે. આશા છે કે પહેલી આવૃત્તિની પેઠે આ આવૃત્તિ પણ લોકઅભિરૂચિમાં પોતાનું સ્થાન મેળવશે.

કર્ણાવતી નિવાસ, ૨૩, સૌરાષ્ટ્ર સોસાયટી,
એલીસબ્રીજ : અમદાવાદ. ધૂમકેતુ

[પહેલી આવૃત્તિની પ્રસ્તાવનામાંથી]

Progress is a kind of awakening, a gradual lifting up of the object of pursuit from the material to the mental, from the mental to the spiritual plane. The first effect of such an awakening is to produce chaos.....and the chaos of the world to day is not a cause for pessimism... the darkness round us is the darknees of the very early morning and from it will be born a day, more beautiful than any tnat

has as yet.....sometime and some where that ideal perfection...manhood which has existed in the world of the real from eternity, will blossom out in man. And it rests with himself whether the time be long or short–one.

G. H. Bonner.

*

"એટલી વાત ચોક્કસ થઇ ચૂકી છે કે કોઈ પણ પ્રવૃત્તિનો મૂળ આધર **વ્યક્તિ** છે.

વ્યક્તિને કેન્દ્રસ્થાને ગોઠવ્યા વિના કરેલી ગમે તેટલી સંગીન યોજનાઓ પણ નિષ્ફળ પરિણામ જ લાવે છે. સંસ્થાઓ, વ્યક્તિમાંથી જન્મ લે છે; અને વ્યક્તિ વિના તેઓ મૃતપ્રાય જેવી બની રહે છે. નૈતિક રાજતંત્રમાં તો શ્રીલક્ષ્મી, રાજલક્ષ્મીને એક રીતે દોરી રહી હતી. એમાં ભરતને રાજનો મોહ ન થાય. દશરથથી વચનભંગ ન થાય; રામથી બળવો ન થાય. શબ્દનું એક પણ બંધન નહિ અને છતાં શબ્દનું સામર્થ્ય બ્રહ્મ જેટલું જ અગમ્ય. રાજતંત્રનું આના કરતાં વધારે સુંદર સ્વરૂપ હજી સુધી તો અસ્તિત્વમાં આવ્યું હોય તે જાણવામાં નથી. સંસ્કૃતિનું મૂળ તત્ત્વ **લોકકલ્યાણમય પ્રવૃત્તિ**—એ બધા ફેરફારોનું સનાતન સત્ત્વ સચવાય એ પ્રવૃત્તિ જ ખરી રાજકીય પ્રવૃત્તિ છે.—"

" મયખાને મેં બેઠા રહું, દીવાના આપકા,
શમઅ આપ મેરી, મૈં પરવાના આપકા,
આજ શબે-વસ્લ હૈ, મુકામ કીજીએ,
ખડા કાયા હૈ, દીલ મેં, શમીઆના આપકા."

[સાંભળેલું]

"ન્હને સે આપ કે સબ બાજી બદલ ગઈ,
દીમાધપે ખુમારી થી, વહભી ફીસલ ગઈ,
સાકી બદલ ગયા, વહ હવા બદલ ગઈ,
શાનો—સિકલ રહી, કુછ વહભી બદલ ગઈ."

[અજ્ઞાત]

આ લેખકની અન્ય કૃતિઓ

નવલિકા સંગ્રહો

તણખા
તણખા, મંડળ બીજું
તણખા, મંડળ ત્રીજું
તણખા, મંડળ ચોથું
પ્રદીપ
ત્રિભેટો
અવશેષ
પરિશેષ
આકાશદીપ
વનછાયા

પડછાયા
પડઘા
એકલવ્ય
નેપોલિયન
હ્યુએનસંગ
ઇતિહાસદર્શન
સર્જન ચિંતન
પાનગોષ્ઠિ
પગદંડી
જલબિંદુ
મેઘબિંદુ
રજકણ
જીવનચક્ર
હેમચંદ્રાચાર્ય
જ્ઞાનગોષ્ઠિ

નિબંધ સંગ્રહો

સર્જન ચિંતન
વાતાયન
જીવનચક્ર
મેઘબિન્દુ
જલબિન્દુ
રજકણ

નવલકથાઓ

મલ્લિકા
અનિતા
પરાજય
રાજમુગટ

ચૌલુક્ય નવલકથાવલિ

વાચિનીદેવી
ચૌલાદેવી
રાજસંન્યાસી
કર્ણાવતી
રાજકન્યા
જયસિંહ સિદ્ધરાજ-ભર્ત્રૃકર-નિષ્ણુ
જયસિંહ સિદ્ધરાજ-ત્રિભુવનગંડ
સિદ્ધરાજ જયસિંહ-અવંતીનાથ

શરૂ થાય છે,
શુભયુગ નવલકથાવલિ
આ શ્રેણી

અનુક્રમ

૧ પ્રવેશ . . ૩
૨ ભણકાર . . ૭
૩ કૂટસ્થની રાત્રિ ચર્યા ૧૩
૪ ચામરાજેન્દ્ર . . . ૨૨
૫ વડ પડયો ! . . . ૩૧
૬–૭ ગુરુદેવનો આશ્રમ ! . ૩૯
૮ નવા શસ્ત્રની શોધ ! . ૫૦
૯ ફાંઠકુટ . . . ૫૬
૧૦ ઈંદિરા . . . ૬૮
૧૧ સોંપેલું કામ . . ૭૪
૧૨ પ્રતાપમલ્લ અને પૃથ્વીશ ૮૩
૧૩ શું કરવું ? . . . ૯૮
૧૪ ગુરુદેવના શબ્દો . . ૧૦૬
૧૫ ઝેરનો પ્યાલો . . ૧૧૮
૧૬ વધારે પ્રયાસ . . ૧૨૭
૧૭ પૃથ્વીશની સજા . ૧૩૭
૧૮ સૌંદર્યમાં સત્ય . ૧૪૫
૧૯ હથિયારની તૈયારી . ૧૫૮
૨૦ લીલાપુરને રસ્તે . ૧૬૮
૨૧ કલ્પનાની ભૂમિ . ૧૭૭
૨૨–૨૩ પ્રતાપમલ્લ ફર્યો . ૧૮૭
૨૪ કામિનીનો અભ્યાસક્રમ ૧૯૯
૨૫ પવિત્રતાની મર્યાદા . ૨૧૦
૨૬ અજયપાલ અને . . .
રાજકુમારી . . . ૨૧૬
૨૭ નૂનો ઇતિહાસ . . ૨૩૨
૨૮ એ બોમ્બ કોણે ફેંકયો ? ૨૪૦
૨૯ વેર લેવાની રીત . . ૨૪૬
૩૦ ગંગાએ શી વાત કરી ? ૨૫૪
૩૧ સાંકળની છેલ્લી કડી . ૨૫૮
૩૨ ગુપ્ત મંત્ર ૨૬૧
૩૩ ચામરાજેન્દ્ર કોણ ? . ૨૬૭
૩૪ મધરાતે ૨૭૧
૩૫ વાતાવરણ ફરે છે . . ૨૭૯
૩૬ સ્વતંત્રતાનું ગીત . . ૨૮૩
૩૭ જન્મભૂમિનું ઋણ . . .
મેં ચુકાવ્યું છે . . . ૨૯૧

પૃથ્વીશ

૧. પ્રવેશ

આજે જે પથ્થર દેખાય છે, તે વર્ષો પહેલાં કોઈ મત્સ્યેન્દ્રનાથ કે ગોરક્ષનાથનું આસન હશે: જ્યાં ખંડિયેર પડ્યાં છે, ત્યાં વિશાળ ને સમૃદ્ધ શહેર હશે; જ્યાં સાદી ધૂળ દેખાય છે, ત્યાં ગુલાબી બાળકો રમ્યાં હશે: સમયના ગર્ભમાં તો આવાં અનેક કરુણ નાટકો પડ્યાં છે. અને કુદરત, આ નાટકો સાધારણ હોવાથી, આલેખાયાં વિનાનાં જેમ ને તેમ રાખી મૂકે છે. વાંચવાવાળા એ વાંચે છે. શું નાનો કે શું મોટો, પોતાના દેશનો પરિચિત અને પવિત્ર પથ્થર એ એક પ્રકારની મૌનવાણી જેવો છે.

સંવત ૧૯...ના વૈશાખની એક રમણીય સંધ્યાએ લલિત-પટ્ટનની જીવતી વિશુદ્ધિ હોય તેવો એક ભવ્ય પુરુષ નદીના કિનારા ઉપર બેસીને સામેની ભૂરી ને ઝાંખી ટેકરીઓમાં સંધ્યાનાં ચિત્રો જોતો હતો. આ લલિતપટ્ટન શહેર, ભદ્રાવતી ઉપર વસ્યું હતું. ભદ્રાવતીના પશ્ચિમ તરફના આ કિનારા પર ભદ્રેશ્વરનું મંદિર હતું. જાણે આ નદી તરફ અત્યંત પ્યાર હોય તેમ એ પુરુષ, વારંવાર લાંબી દૃષ્ટિ ફેંકી ભૂરી ટેકરીઓ સુધીનો ઝાંખો દેખાવ વારંવાર જોયા કરતો હતો.

આમ આ જમીનને પ્રેમથી નિહાળનાર પૃથ્વીશ લીલાપુરનો જમીનદાર હતો. આજે ભદ્રેશ્વરના બ્રહ્મચારી પુષ્કરનો અતિથિ બન્યો હતો. વારંવાર જતો તેમ આજે પણ, બ્રહ્મચારી આ દિશામાં

ફરવા ગયો હતો. સાંજ પડી પણ હજી એ પાછો ફર્યો નહિ, તેથી પૃથ્વીશ નદી ઉપર એની રાહ જોતો બેઠો હતો. છેવટે ટેકરીઓમાં પુષ્કરની ઊંચી ને કદાવર મૂર્તિ આવતી એણે જોઈ.

થોડીવારમાં પુષ્કર પાસે આવ્યો. તે ઊંચો ને કદાવર બાંધાનો સશક્ત પુરુષ હતો. એનું શરીર યોગ્ય પ્રમાણમાં વહેંચાઈ ગયેલું હતું, તેથી પ્રમાણ કરતાં વધારે દેખાતું નહિ.

પુષ્કરને આવેલ જોઈને પૃથ્વીશ પોતાની ધીરજ રાખી શકયો નહિ. તે ઉત્સાહથી અને ઉતાવળથી બોલ્યો,

'કાં ? શા સમાચાર છે ?'

ઘડીભર પુષ્કર વિચારમાં પડી ગયો. ધીમેથી પણ દૃઢ ને વિશ્વાસ ઉત્પન્ન થાય તેવા સ્વરે એ બોલ્યોઃ

'ગુરુદેવ કૂટસ્થની માનસસૃષ્ટિમાં ભણકારા વાગે છે. એમને પણ લાગે છે કે એમણે આવવું જોઈએ.'

'ત્યારે એમણે કબૂલ કર્યું એમ ? પણ ગુરુદેવ એકદમ આવશે ?' પૃથ્વીશે ફરીને એટલી જ આતુરતાથી પુષ્કરને પૂછયું.

'એને એક તાલાવેલી લાગી છે. ભારતવર્ષ તો ત્યાં વસે છે જ્યાં બ્રહ્માવર્ત્ત પ્રદેશ બને છે. એક વખત પટ્ટનની આસપાસ બ્રહ્માવર્ત્ત પ્રદેશ એને રચવો છે. બ્રહ્માવર્ત્ત પ્રદેશ એટલે જ્યાં હરણાં પણ નિરંકુશ ફરે–એટલી આનંદમય શાંત સ્વસ્થ સુખી અવસ્થા પ્રત્યેક પ્રજાજનમાં હોય. જીવનસમાધાન મેળવેલી શાંત પ્રજા — એ એનો આદર્શ છે.'

આનંદ અને ઉપકારનાં આંસુભર્યાં નેત્રે પૃથ્વીશ પુષ્કર સામે જોઈ રહ્યો. એક સમય એવો હતો જ્યારે પૃથ્વીશ, પુષ્કર, અવનીશ, ને કૂટસ્થ નિર્દોષ મિત્રો હતા. તે દિવસો તેને યાદ આવ્યા. આજ દરેકમાં કેટલો તફાવત ?

જે ભવ્ય ટેકરીઓમાંથી પુષ્કર અત્યારે ચાલીને આવ્યો, તેમાં આગળ જતાં રમ્ય ઉપવન ને ગુફા હતાં. તેમાં તે વખતનો અતિ વિખ્યાત યોગી કૂટસ્થ રહેતો. પટ્ટનમાં તે ગુરુદેવના નામથી પ્રસિદ્ધ હતો. તે કોઈને કદી મળતો નહિ, છતાં ઓળખતો સૌને. એની પૂર્વાવસ્થા અંધારામાં હતી. પૂર્વાવસ્થામાં તે ભવ્ય કલ્પનાનો વ્યર્થ આદમી હતો એમ કહેવાતું. એ ગમે તેમ હોય, પણ આટલું ચોક્કસ હતું કે એના ચહેરા ઉપર અનેક ભાવ કરતાં અનેક સંસ્કાર વધારે હતા !

આ કૂટસ્થની માનસસૃષ્ટિને અત્યારે પટ્ટનમાં પથરાઈ ગયેલું વાતાવરણ ખૂંચી રહ્યું હતું. જ્યાં પાસેની જ જમીનમાં આવા કુસંસ્કાર ફેલાઈ રહ્યા છે ત્યાં માનસસૃષ્ટિના આકાર રચવા જેટલી શાંતિ ક્યાંથી મળે ? ત્યાં સિદ્ધિનો વૈભવ ક્યાંથી દેખાય ? ત્યાં અદ્‌ભુત સૃષ્ટિ માટેની પ્રતીતિજનક શ્રદ્ધા ક્યાંથી પ્રગટે ? કૂટસ્થની પાસે આ વિષય ચર્ચવા પુષ્કર ગયો હતો. પૃથ્વીશ તો પોતાની સુખસંપત્તિ છોડી, આજે ને આજે પ્રજાકલ્યાણના આ માર્ગ માટે, મહાત્મા કૂટસ્થને બોલાવવાનો પ્રયાસ કરવા આવ્યો હતો. અત્યારે પટ્ટનમાં પૈશાચી વિષમય સંસ્કાર ફેલાઈ ગયા હતા. ન્યાયાધીશ અવનીશ, સેનાપતિ યશલાલસિંહ, જંગલખાતાનો ઉપરી સોમનારાયણ, જૂના કારભારી નંદલાલ સાથે મળીને એક અજબ મંડળી જમાવી બધે અંધકારનો પડછેડો પાથરી રહ્યા હતા !

'ત્યારે તમને એક નવા સમાચાર આપું ! મને લાગે છે કે થોડા દિવસમાં હું રાજકેદી બનીશ !' પૃથ્વીશે કહ્યું.

બોલ્યા વિના પુષ્કર તેની સામે જોઈ રહ્યો : એને પણ આ સમાચાર મળ્યા હતા. થોડીવાર પછી બન્ને જુદા પડ્યા. નજર પહોંચે ત્યાં સુધી બ્રહ્મચારી એને જતો જોઈ રહ્યો. એ અદૃશ્ય થયો એટલે મંદિરમાં પાછો ફર્યો. નિઃસ્વાર્થ કલ્યાણભાવનાને

પણ, આટલાં વર્ષોની રૂઢ અને જડ અને વળી અંધ સત્તાને ઉખેડવા માટે, ત્રિવિધ સંગમની જરૂર હતીઃ ફૂટસ્થની, પૃથ્વીશની, પુષ્કરની—સમર્થ આધ્યાત્મિક નેતૃત્વની, પ્રજાકીય પ્રતિષ્ઠિત વ્યક્તિની, સંયમી ધર્મવેત્તાની.

પોતાની વૃદ્ધ ને ધોળી દાઢી પર હાથ ફેરવતો ફેરવતો બ્રહ્મચારી મંદિરનાં પગથિયાં ચડતો ચડતો, એ જ વિચાર કરી રહ્યો હતો. પણ જે પ્રશ્નનો પ્રત્યુત્તર મેળવવા યુગના યુગથી મંથન ચાલતું હતું તે પ્રશ્નનો એને તાત્કાલિક પ્રત્યુત્તર કયાંથી મળવાનો હતો?

અત્યારે તો ફૂટસ્થે આપેલા પ્રત્યુત્તર ઉપર વિચાર કરતો એ પોતાના આવાસમાં પેઠો. આકાશમાં ખીલેલા અનેક તારા તરફ જોઈ રહ્યો! 'તે એકલો હતો કે અનેક તારાની સાથે હતો?'

૨. ભણકાર

પુષ્કરથી છૂટો પડીને પૃથ્વીશ પોતાને અંગલે જવા રવાના થયો હતો. ભદ્રેશ્વરથી પટ્ટન સુધી જાહેર રસ્તો હતો. વચ્ચે વચ્ચે પ્રાચીન કાળ ડોકિયું કરતો હોય તેમ, ઘાટું જંગલ, આવી રહ્યું હતું. નદીનાળાં પણ હતાં. ને ભદ્રાવતીના કિનારા ઉપરનું જંગી આમ્રવન ઝૂકી રહ્યું હતું. વૈશાખ માસના દિવસો હતા. હવામાં અફારો હતો. અંધારું ભયંકર આંખ કાઢીને ઊભું હતું. કોહલાં, કૂતરાં, માણસ ને યંત્રોના વિચિત્ર અવાજથી વનનું પડ ગાજતું હતું. પટ્ટનની પરિસ્થિતિ ઉપર વિચાર કરતો પૃથ્વીશ આગળ વધતો હતો; એટલામાં પડખેના એક નિર્જન જંગલ જેવા ભાગમાં કંઈક ખડખડાટ થયો. એકદમ અટકી જઈને પૃથ્વીશે કાન દીધા. બે જણા વાત કરતા સંભળાયા :

'પણ એ તમે શી રીતે જાણ્યું?'

'મેં? તને ખબર નથી કે પટ્ટનના દરેક દરેક પથ્થર વિષે મેં વિચાર કર્યો છે.'

'હશે!' જવાબ આવ્યો. જવાબ આપનારની ભાષા સીધી અને વિવેક વિનાની લાગી, છતાં ભાષામાં જોશ ગાજી રહ્યું હતું! 'સ્વામીજી!' એનો સ્વર ફરીથી સંભળાયો. પૃથ્વીશે બહુ ધ્યાનપૂર્વક સાંભળવા માંડ્યું. તે એક ઝાડને ઓથે જ બેસી ગયો.

'ધીમે બોલ!' એક સત્તાધીશ પુરુષ આજ્ઞા આપે તેમ બીજા અવાજમાં સત્તા સ્પષ્ટ ગાજી રહી.

'સ્વામીજી! મારે હવે સંતાકૂકડી રમવી નથી. અમે રહ્યા રજપૂતભાઈ. એક ઘા ને બે કટકા! કાં આ સ્થિતિનો અંત આવે છે, કાં અમારો અંત આવે છે!'

'માલદેવ!'

પૃથ્વીશ ચમકી ગયો. તેના મગજમાં મોટો અવાજ થઈ ગયો. માલદેવ? માલદેવ તો પટ્ટનનો કટ્ટામાં કટ્ટો બહારવટિયો હતો. એ શહેરની આટલો નજીક હોય? એ માની શકયો નહિ. પૃથ્વીશ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. 'માલદેવ પટ્ટનની આટલે નજીક છે?' તે મનમાં બોલ્યો: એને પટ્ટનની સલામતી ખૂંજતી લાગી. એણે કાન માંડીને ધ્યાનથી સાંભળવા માંડયું.

'માલદેવ,' માલદેવે જેને સ્વામીનું સંબોધન કર્યું હતું તેનો સત્તાવાહી સ્વર સંભળાયો: 'તારા સાહસથી બધી જ શેતરંજ ખોટી રમાશે, એ તને ખબર છે? અત્યારે પટ્ટનમાં શું બની રહ્યું છે, એ તું જાણે છે?'

'હા, અવનીશના રાજતંત્રનું અંધેર પ્રવર્તે છે. બીજું શું?'

'ત્યારે તો માલદેવ! તને ખરી હકીકતની ખબર જ નથી' પાંદડાંમાં કાંઈક ખડખડાટ થયો. સ્વામીએ મૌન પકડયું. માલદેવે તરવાર ઉપર હાથ નાંખ્યો: માત્ર એક પંખી ઝાડ ઉપરથી ઊડયું હતું.

સ્વામીએ ફરી ચલાવ્યું: 'અત્યારે પટ્ટનમાં યુવરાજ પ્રતાપમલ્લ ઉપર સંકટ ઘૂમી રહ્યું છે!'

માલદેવ સ્થિર થઈ ગયો: 'શું? પ્રતાપમલ્લ ઉપર સંકટ?'

'પટ્ટન ઉપર સંકટની પરંપરા છે! તું અકાલે સાહસ કરીશ તો બાજી બગડી જશે!'

'પણ ગુરુદેવ! મારી જમીન, મારું વેર, મારું વચન, આ બધાં—'

'આ બધાનો તને ન્યાય મળશે! તારે જુસ્સાથી કપાઈ મરવું છે કે ધૈર્યથી બાજી જીતવી છે?'

માલદેવ નરમ પડી ગયોઃ 'બાજી જીતવી છે!'

'ત્યારે જો, અત્યારે પૃથ્વીશને પણ કેદ કરવાના પટ્ટનમાં ભણકારા છે. તું શસ્ત્રસામર્થ્યથી જે વાત નહિ જીતે, તે હું સામાન્ય રીતે જિતાવી આપીશ. બોલ, તું હમણાં તદ્દન શાંત રહેશે?'

માલદેવ અકળાવા માંડયોઃ 'પણ પ્રતાપમલ્લ, પૃથ્વીશ, જેમની પાસેથી ન્યાયની કાંઈક આશા હોય તેઓ કેદ થાય પછી... ન્યાય?... ગુરુદેવ! એ નહિ બને—' તેણે એકદમ ઉત્તર આપી દીધો.'

'ત્યારે જા! પટ્ટનના દરવાજા ખુલ્લા છે! તારા સાહસમાં વિનાશનું બીજ છે! જા બાપુ જા! અને તને ફાવે તે કર!'

'પણ ગુરુદેવ! મારી જમીન, મારી ટેક—'

'હમણાં તદ્દન શાંત રહે. પ્રતાપમલ્લને, એનો નજદીક આવતો વિનાશ દર્શાવી, આપણા તરફ ખેંચવો છે. લોકોને ફેરવવા છે, ત્યાર પછી તારો બધ છે!'

'ત્યાર પછી!' માલદેવ અકળાયોઃ 'પણ હવે હું શાંત રહું. ચાલો, પટ્ટનના લોક ભલે નિરાંતે જીવે; પણ તમને તમારી ચાલમાં સંપૂર્ણ વિશ્વાસ છે?'

'હા. છતાં તું દૂર રહીરહી પટ્ટન ઉપર દૃષ્ટિ તો રાખતો રહેજે. તારી શેહની અમારે જરૂર છે.'

'પૃથ્વીશને કયારે પકડશે?'

'બહુ જ થોડી મુદતમાં: અને ત્યાર પછી તરત જ પ્રતાપમલ્લનો વારો છે!'

પૃથ્વીશ રસથી સાંભળી રહ્યો. માલદેવ ધીમેથી બબડતો હતો: 'પ્રતાપમલ્લને પણ પકડવા છે એમ! અને તે હું બેઠાં!'

રજપૂત ફરીને ધીરજ ખોઈ બેઠો. 'ગુરુદેવ! કૂટસ્થ મહારાજ! તો તો બધું તમને સોંપ્યું. મારો તો આ ન્યાય!' એણે મ્યાનમાંથી તરવાર બહાર કાઢી હોય તેમ લાગ્યું.

કૂટસ્થ આટલી ઝડપથી આવી પહોંચશે, એ વાત પૃથ્વીશને પુષ્કરે કરી ન હતી. પણ પુષ્કર મળી ગયા પછી કૂટસ્થ તરત પટ્ટન તરફ આવવા નીકળ્યો હશે, એમ પૃથ્વીશે અનુમાન કર્યું. રસ્તામાં કદાચ એને માલદેવનો અચાનક ભેટો થતાં એને ફેરવવા માટે એ યત્ન કરી રહ્યો હતો. પૃથ્વીશને લાગ્યું કે પોતે પણ પ્રગટ થાય તો સારું. તે ઝાડના થડ પાસેથી નીકળી આગળ ચાલ્યો.

'કોણ?' માલદેવે હાડ ધ્રૂજી જાય એવી સિંહગર્જના કરી.

પૃથ્વીશ આગળ આવ્યો. સુદ ચોથ-પાંચમના ચંદ્રના આછા ઉજાસમાં તે કૂટસ્થ સામે જોઈ રહ્યો. આશ્ચર્યભરિત નેને થોડીવાર તદ્દન મૂગો ઊભો રહ્યો.

'પૃથ્વીશ! અત્યારે તું આંહીં કયાંથી?' ચિરપરિચિત હોય તેમ કૂટસ્થે પૂછ્યું. કૂટસ્થની અસાધારણ પ્રતિભાની માલદેવ ઉપર શેહ પડી હતી તે પૃથ્વીશે જોયું. નાના છોકરાની જેમ બહારવટિયો કૂટસ્થનું સામર્થ્ય જોતો શાંત ઊભો રહ્યો હતો. એને પણ શ્રદ્ધા ઉત્પન્ન થઈ હતી કે આટલા સામર્થ્ય પાસે કાંઈ અશકય નથી!

'ગુરુદેવ! હું તો બ્રહ્મચારીજી પાસેથી આવું છું!'

'ત્યારે તો પુષ્કરે વાત કરી હશે તને? તેં જે કાગળો વિષે પુષ્કર પાસે વાત કરી હતી, તેમની કાંઈ વ્યવસ્થા થઈ છે? તારું સંકટ કેટલું નજીક છે એ તને તો ખબર હશે નાં? એ વખતે એ કાગળોનું શું?'

'એની વ્યવસ્થા . . .'

'એ બધા પત્રો હાલ તું અમારી ગુફામાં મોકલી દેજે!'

માલદેવ કૂટસ્થના ચહેરા પરથી પૃથ્વીશના ચહેરા તરફ જોઈ રહ્યો. એને આમાં કાંઈ સમજાયું નહિ, પણ એ આટલું તો સમજ્યો કે પોતાની હઠીલી શસ્ત્રની લડાઈ કરતાં પણ આ કાગળમાં કાંઈક વધારે હતું. તે બોલ્યોઃ 'ગુરુદેવ! આ શું? કાગળ?'

'સિંહાસનનું પોલાણ! તારામાં તારા બાપ જેટલી ઉતાવળ છે.' કૂટસ્થે મીઠું હાસ્ય કરીને કહ્યું.

'એક સવાલ પૂછું?' માલદેવ બોલ્યો.

'શું?'

'લોકવાયકા છે કે પ્રતાપમલ્લ ખરો યુવરાજ નથી એ સાચું? અને તો . . . . .'

'લોકવાયકા એ તો લોકવાયકા! પ્રતાપમલ્લ ખરો યુવરાજ હોય કે ન હોય! ને છતાં ખરો માલિક એ હોય!'

'એ શી રીતે?'

'હજી તો આ સવાલનો જવાબ આપવા આપણે ફરી એક વખત મળશું! રણસંગ્રામ બાકી છે.'

માલદેવને સંતોષ થયો નહિ. એની શંકા એના ચહેરા ઉપર પ્રગટ થઈ. કૂટસ્થ તે કળી ગયોઃ

'મેં તને કહ્યું હતું નાં માલદેવ! ધીરજ રાખ એ આટલા

માટે. સમય પણ એક બળવાન શસ્ત્ર છે. સત્ય જ્યારે હારે છે ત્યારે કેટલીક વખત સમય એને જિતાડે છે!'

પોતાનો હાથ ઊંચો કરી તેણે બન્નેના ખભા ઝાલ્યા: 'અને હવે જુવાન માણસો! પટ્ટનની બહુ નજીક રહેવું ઠીક નહિ. ચાલો, જાઓ.' પછી પૃથ્વીશ તરફ ફર્યો: 'અને હવે હું થોડા રોજમાં પટ્ટનમાં પાછો આવીશ. પેલા કાગળોની પેટી મોકલવાનું ભૂલતો નહિ!'

પૃથ્વીશ હાથ જોડી અનુમતિ આપતો નમી રહ્યો. માલદેવ તથા કૂટસ્થ તરત ત્યાંથી નીકળી ગયા. અંતે બન્ન દેખાતા બંધ થયા. આજની ઘટના પર ઘેર નિરાંતે વિચાર કરવા પૃથ્વીશ એકદમ ચાલવા લાગ્યો.

૩. કૂટસ્થની રાત્રિચર્યા

કૂટસ્થ થોડે સુધી માલદેવની સાથે ચાલ્યો. પછી એમના રસ્તા જુદા પડયા. માલદેવને જંગલરસ્તે પોતાની ખડકની ગુપ્ત-રચનાઓમાં પહોંચી જવાનું હતું. કૂટસ્થ તો પટ્ટન તરફ જવાનો હતો, અવનીશને ત્યાં. એક વખત તો એ તમામ મિત્રો હતા નાં? અવનીશ, કૂટસ્થ અને પુષ્કર. અને પાછળથી પૃથ્વીશ પણ ખરો.

એ સમયે તો એ સઘળા જ સ્વપ્નદ્રષ્ટા હતા. પણ પછી બ્રહ્મચારી બ્રહ્મચારી રહ્યો. કૂટસ્થ યોગક્રિયામાં પડી ગયો. અવનીશ રાજકાર્ય-ભારમાં જઈ ચડયો. પૃથ્વીશ તો પોતાની જમીન સંભાળતો રહ્યો. એટલે આજે આ અંધકારમાંથી કાંઈક માર્ગ શોધવા કૂટસ્થ એક વખત અવનીશને બ્હાને મળી લેવા માગતો હતો. રાતે પોતે આવે ને ચાલ્યો જાય તો ચર્ચાને જન્મ ન મળે, માટે અત્યારે જ એની પાસે જવા માટે એ ઊપડયો હતો.

કૂટસ્થ અવનીશના ઘર પાસે આવ્યો, ત્યારે તો અંધારું થઈ ગયું હતું. ગામથી બહાર થોડે દૂર લલિતપટ્ટનના તે વખતના ન્યાયાધીશ અવનીશનો સુંદર બાગ હતો. ચારે તરફ ફરતી પથ્થરની મજબૂત દીવાલ હતી. એને વધારે સુરક્ષિત બનાવવા દીવાલમાં કાચના રંગબેરંગી અણીદાર કકડાઓ ખોસ્યા હતા.

દીવાલની પૂર્વ તરફ એક દરવાજો હતો. જ્યારે કૂટસ્થ ત્યાં પહોંચ્યો ત્યારે બાગમાંથી ઝગઝગતી વીજળીની રોશનીનો પ્રકાશ

સર્વત્ર પથરાઈ રહ્યો હતો. ધીમા અનિલ પર ડોલરનો મંદ સુગંધ પ્રસરતો હતો. 'હારમોન્યમ'ની રમત જામી રહી હતી, અને આનંદના વિવિધ પ્રકારના સ્વરો વારંવાર કાન પર આવતા હતા.

દરવાજાની એક બાજુએ આસોપાલવના ઝાડ નીચે કૂટસ્થ શાંત ઊભો રહ્યો. થોડી વાર થઈ ત્યાં દરવાજામાંથી બે પુરુષો નીકળતા એણે જોયા. એમના ચહેરા અંધારામાં દેખાય તેમ ન હતું, પણ ચાલવાની ઢબ ઉપરથી એમ કળી શકાય કે અધિકાર ચલાવવાની હમેશની પ્રકૃતિ તેમનામાં હશે.

એક ચાલતો હતો ત્યારે વારંવાર પાછળ જોતો હતો; પણ બીજો નિશ્ચિંત મનથી આગળ વધી રહ્યો હતો. દીવાલના અંધારાનો લાભ લઈ કૂટસ્થ જરા આગળ વધી ગયો. પેલા બંને જાહેર રસ્તા ઉપર થઈ ભદ્રેશ્વર જતી સીધી સડક તરફ વળ્યા, એટલે કૂટસ્થ પણ થોડે દૂર–છતાં તેમની પાછળ પાછળ શાંત રીતે ચાલતો રહ્યો.

'આટલું ચોક્કસ છે યશલાલ, કે તમારે કાલે પૃથ્વીશને પકડતી વખત બહુ જ ધ્યાન રાખવાનું છે. મહારાજની ઇચ્છા છે કે યુવરાજ પ્રતાપમલ્લને એ સમયે કામમાં રોકી દેવા.' આગળ ચાલનાર પુરુષે અધિકારીની ઢબથી, આ શબ્દો ઉચ્ચાર્યા. યશલાલસિંહે જવાબ આપતાં પહેલાં પાછળ જોયું.

એક ઝાડના અંધારાનો કૂટસ્થે લાભ લઈ લીધો.

'મારા જીવનનું ભયંકર કર્તવ્ય છે કે પૃથ્વીશને પકડ્યા વિના છૂટકો નથી.'

'એમાં કંઈ જ નહિ, યશલાલ! એ તો એમ જ ચાલે! મોટામાં મોટો ભોગ આપ્યા વિના મહારાજનો વિશ્વાસ પ્રાપ્ત થવો મુશ્કેલ છે. તમને મેં ભાઈ જેવા ગણ્યા છે, એટલે આટલી ગુપ્ત વાત કહું છું. બાકી એક વખત પૃથ્વીશ મારો મિત્ર કયાં ન હતો?' વિશ્વાસ ઉત્પન્ન થાય એવી ઢબથી અવનીશે કહ્યું.

કેટલીકવાર શાંતિ પ્રસરી, બન્ને મૂંગા મૂંગા ચાલતા જ રહ્યા. છેવટે એમનું ફરવાનું અંતિમ સ્થાન આવી ગયું, ભદ્રેશ્વરનું મંદિર. યશલાલ બોલ્યા વિના જ દરવાજો ખોલી અંદર ગયો. પૃથ્વીશ સાથે હમણાં જ વાત થઈ હતી, અને અત્યારે આ બન્ને આંહીં હતા, એટલે પ્રભચારી જરાક શંકામાં પડી ગયો. એનું નિરાકરણ મેળવવા માટે જ હોય તેમ, એ બંને જણા એક બેઠક ઉપર બેઠા ન બેઠા, ત્યાં પૂજારી એમની પાસે આવ્યો. પોતાની વાત રજૂ કરતો હોય તેમ વિજ્ઞપ્તિ કરી રહ્યો :

'ન્યાયાધીશ સાહેબ, આપના ખ્યાલમાં હશે કે ગુરુ અનંતાનંદના સમયથી, આ મંદિરના આગલા વિશાળ ચોગાનમાં વારંવાર લોકો ભેગા થાય છે. આ મેદાન ઉગર વડની એવી ઘટા છે કે સૂર્યનું એક પણ કિરણ પ્રવેશ ન કરી શકે. આ વડને કાપવાનો આજે જંગલખાતા તરફથી હુકમ મળ્યો છે. મંદિરને યોગ્ય આ વડનો નાશ ન થાય તો સારું!'

'મહારાજ! તમે પછી મળજો.' યશલાલે કહ્યું.

'એનું આંહી શું છે? કાયદેસર કરો.' અવનીશે જવાબ આપ્યો.

'હું કાયદેસર તો કરત. પરંતુ એ વખત હવે કયાં છે? વડ તો કાલે કપાવાનો છે. આપ દીવાનના હોદ્દે પણ છો, માટે આ રૂબરૂ અરજ કરું છું!'

'તો રાજ તમને પૈસા આપે છે નાં?' અવનીશે કહ્યું.

'મારે પૈસાની જરૂર નથી!'

'પણ સરકારને એ જમીનની જરૂર છે, એનું શું? માત્ર તમારી ઇચ્છા પર 'ગવર્નમેન્ટ' ન ચાલે. દરેકને રાજી રાખવા એ અમારું કામ નથી.' અવનીશે પોતાના અધિકારનો સંપૂર્ણ પરિચય કરાવ્યો એના દરેક શબ્દમાં હુંપદ ગાજી રહ્યું. એ યશલાલ

તરફ ફર્યો. 'લોકો શું સમજે છે? રાજ તે મહારાજ ચામરાજેન્દ્રનું છે કે આ લોકનું?'

બ્રહ્મચારી અત્યાર સુધી સાંભળતો હતો, તે ચિડાઈ ગયો. બ્રહ્મચારી પુષ્કરાનંદને પોતાનું વ્યક્તિત્વ હતું. મૂળ તો એ બંગાલ તરફનો રહેવાશી. પણ હવે તો આંહીંનો થઈ ગયો હતો. સ્વભાવે નિઃસ્પૃહ હતો. બોલવામાં બહુ જ કડક હતો. તડ ને ફડ એ રીત એને બહુ પસંદ હતી. એમાં કેટલુંક સહન પણ કરવું પડતું. પણ લોકકલ્યાણ માટે તે નિ.સ્વાર્થ યત્ન કરનાર હોવાથી અંતે ફાવતો.

દરેક ગામડાનો ખેડૂત આ 'બાવાજી'ને ઓળખતો ને ભદ્રેશ્વરના સ્વચ્છ ઓટા પર ભાથું ખાઈ પછી 'શહેર'માં જતો. રબારણો દૂધ વહેંચતાં પહેલાં અહીંયાં વિસામો લેતી ને પાછા ફરતાં 'બાપુજી' પાસેથી છોકરાં માટે દવા લઈ જતી. લલિતપટ્ટનનાં નાનાં છોકરાં ત્યાં આવતાં, ત્યારે બાવાજીનો અંચળો ખેંચતાં ને રમતાં. મધુર કરુણાભરી દૃષ્ટિ ફેંકી વૃદ્ધ માણસ મંદ હાસ્યથી બાળકોની આ નિર્દોષ ને નૈસર્ગિક ઉચ્છૃંખલતા પોષતો.

જુગારી પણ બધું ગુમાવ્યા પછી પુષ્કરાનંદ પાસે રડતો. અને ત્યારે પણ ભલો વૃદ્ધ પુરુષ તેને કાંઈક ખાવાનું દેતો, ને તેના નાના બચ્ચા માટે થોડી 'પ્રસાદી' મોકલતો. મહારાજ ચામરાજેન્દ્ર ચાખે તે પહેલાં પુષ્કરાનંદનો પ્રસાદ કોઈકે રડ્યાખડ્યા મુસાફરનાં રડતાં બચ્ચાંએ જરૂર ચાખ્યો જ હોય. લોકો એને આનંદમાં પુષ્કર સ્વામી કહેતા, ને લલિતપટ્ટનમાં આ નામથી જ તે પ્રસિદ્ધ હતો. દરેકના દુઃખ માટે કાંઈક આશ્રય, અને એમ નહિ તો છેવટ આશાભર્યું આશ્વાસન તેની પાસેથી જરૂર મળે. એ પાપીને ઉપદેશ ન આપતો; એની મધુર ને મંદ હાસ્ય કરવાની રીત ગમે તેના હૃદયમાં વિશ્વાસ ઉત્પન્ન કરવાને બસ હતી.

ચામરાજેન્દ્રને એક વખત યુરોપિયન 'મિજમાન' સાથે જોડા

સહિત પ્રવેશ કરતો તેણે રોકી દીધો હતો. અને મુંબઈના એક લક્ષાધિપતિને, જ્યારે આરતી થતી હતી ત્યારે, કોઈ નફટ સ્ત્રી સાથે આંખ હસાવવા માટે ઉપરાઉપરી ત્રણ થપ્પડ લગાવનાર પણ આ પુષ્કર સ્વામી હતો ! લોકોમાં જે કોઈ ન બોલી શકે, તે બોલવાનો હક્ક આટલી સ્વતંત્ર શક્તિને લીધે એને સહજ જ પ્રાપ્ત થયો હતો. એટલે પુષ્કર સ્વામીએ અવનીશને તડ ને ફડ ઉત્તર આપ્યોઃ

'સાહેબ, તમારી ન્યાયાધીશની સમક્ષ જ કહું છું નાં, કે કાલે આ મંદિરના વિશાળ ચોગાન ઉપર, જો કોઈ વડલો પાડવા યત્ન કરશે તો તમારું આખું સૈન્ય ન રોકી શકે એટલી સમર્થ શક્તિ મારે બોલાવવી પડશે !'

'હવે બાવાજી ! તમારી બડાઈ જવા દો ને ! વડલો કાલે પડશે જ.' યશલાલે કહ્યું.

'અને જો એ પડશે તો આ શરીર પણ સાથે પડશે !'

બહાર ઊભો ઊભો કૂટસ્થ શાંતચિત્તે આ સાંભળી રહ્યો હતો.

યશલાલ અને અવનીશ તો ત્યાર પછી પાછા ફર્યા. અવનીશે જતાં જતાં અધિકારીની ઢબમાં પાગલ હોય તેવી રીતે કહ્યુંઃ 'બાવાજી, ધર્મની જગ્યા છે. આનંદથી વાપરો. સરકારની મરજી સામે થવામાં સાર નથી !'

'ન્યાયાધીશ સાહેબ ! જગ્યા ભગવાનની છે. મારી પણ નથી ને તમારી પણ નથી. મારો ભગવાન નીચો નહિ પડે !'

'ઠીક ઠીક બાવાજી !' અવનીશ ઉતાવળે જરાક ધિક્કારમાં આટલું બોલી ચાલતો થયોઃ ચાલતાં ચાલતાં યશલાલને કહ્યુંઃ 'બાવો જરા તોરી છે ! યશલાલ, આને પણ પાણીયું પરખાવોને !'

કૂટસ્થે હવે ધીમેથી મંદિરમાં પ્રવેશ કર્યો. એને પુષ્કરની ઉતાવળ ગમી ન હતી. પણ એ હવે થઈ ગઈ–તો એને સાંગોપાંગ પાર કેમ ઉતારવી એ એક સવાલ હતો. જે વસ્તુ એના પાસે હોવાની એને પ્રતીતિ થતી હતી — એ વસ્તુ વાપરીને પણ, એણે

આ વચનનો નિભાવ કરવો જોઈએ. એમાં મહાન દોષ હતો, અસામાન્ય વસ્તુઓનો અતિ સામાન્ય પ્રસંગે ઉપયોગ કર્યાનો, પણ જોઈ લેવાશે કરીને તેણે અત્યારે પુષ્કરને કાંઈક આશ્વાસન આપવાનો નિર્ણય કર્યો.

અવનીશ સાથે થયેલી વાતચીતનો ક્રોધ હજી પુષ્કરના ચહેરા પર તાજો જ હતો. તે નીચે નમી પડ્યો. ગદ્‌ગદ થઈ ગયો: 'ગુરુદેવ!' એના એટલા સાદા શબ્દમાં પણ અર્થ ઘણો હતો. પોતે અત્યારે સાધુત્વનો રંગ રાખી ન શક્યો એ પરાજયનો એમાં એકરાર હતો. એ સમાનધર્મ પણ માણસો નહિ કેવળ આત્મા સમજે એવો એ અત્યંત ધ્વન્યાત્મક અર્થવ્યવહાર હતો. કૂટસ્થે તેને ખભે હાથ મૂક્યો:

'પુષ્કર! ફિકર ન કર. ઉતાવળની જરૂર નથી. સમય અનંત છે. કેટલે પહોંચાય છે તે જોતો રહેજે! પુનઃ શરૂઆત ત્યાંથી જ છે. આ શ્રદ્ધા અચળ હોવી જોઈએ. મારે એક ડગલું બસ થાય.'

'ગુરુદેવ! જ્યાં નાનપણમાં રમ્યો એ સુંદર છાયા કાલે અદૃશ્ય થશે, આ વિચારે ગ્લાનિ આવી ગઈ!'

કૂટસ્થની મુખમુદ્રા એક ઘડીભર ચિંતાતુર બની. આ ભવ્ય માર્ગના પોતાના એક જ વિશ્વાસુ મિત્ર અને શિષ્ય સાથે દૃષ્ટિ મળતાં આનંદમય કરુણ અવસ્થા બની. એ નિદ્રામાંથી જાણે જાગ્યો હોય તેમ બોલ્યો:

'હું જાગું છું. પૃથ્વીશ કાલે કેદી બનશે. પ્રતાપમલ્લ નિઃસહાય થશે. અને આ મંદિરનું વિશાળ ચોગાન છાયા વિનાનું થશે.'

'ગમટલી સાદી વડ પાડવાની વાતનો વિચાર સેંકડો ને હજારો, આ રસ્તાના વટેમાર્ગુની દૃષ્ટિથી કરવો ઘટે, પણ એ કોણ કરે? તેથી એક રીતે લલિતપટ્ટનમાં અંધકારનું સામ્રાજ્ય થશે.' પુષ્કરે પૂર્તિ કરી.

નિશ્ચયાત્મક સ્વરથી કૂટસ્થ બોલ્યો: 'એવું નહિ બને, પુષ્કર! કાલે વડ કયારે પાડવાનો છે?'

'સવારમાં સાતે —'

'ઠીક. હું તને રસ્તા ઉપર મળીશ.' કૂટસ્થ એટલું બોલીને જ અત્યારે તો ચાલતો થયો. આકાશમાં અનંત તારા હવે તો પુરબહારમાં ખીલી નીકળ્યા હતા. તમરાંનો કર્ણભેદી અવાજ, કોઈ શિયાળનું બોલવું ને કૂતરાંનો ભસવાનો અવાજ, રાત્રિની ગમગીન શાંતિમાં ભંગ કરતાં હતાં. શાંત વિચારમય ગ્લાનિમાં ચાલતો કૂટસ્થ મોડેથી ફરીને અવનીશના દરવાજા પાસે આવી પહોંચ્યો. અંદર નજર કરી તો બધું એકદમ શાંત હતું. તે મનમાં મોટેથી બોલ્યોઃ

'પરમદેવ! આવી શાંતિ કયારે મળે?' અને અંદરથી કોઈ અદ્‌ભુત સત્ત્વ જવાબ દેતું હોય તેમ તેને લાગ્યું:

'કર્તવ્યની સમાપ્તિ થતાં!'

પણ એ દેખીતી શાંતિ થોડીવારની જ હતી. દરવાજો ખૂલતો લાગ્યો. અવનીશનો અવાજ સંભળાયોઃ "સોમનારાયણ! કાલે સાત બજ્યે ભૂલતા નહિ. બાવાજીને પણ જરાક વિવેક શિખવાડજો! યશલાલ મદદમાં રહેશે.'

કૂટસ્થ એકદમ પાછો હડચો. એના વિચારમય ચહેરા ઉપર ભવ્ય કાન્તિ અને દૃઢતા ઝળકયાં. સોમનારાયણને એણે દરવાજા બહાર આવતો જોયો. અવનીશ પાછો ફરી દરવાજામાં પેસતો હતો, તેની પાછળ પટાવાળાએ દરવાજો બંધ કર્યો. કૂટસ્થ તરત જાગૃત થઈ ગયો. પોતાની પાસેથી નીકળી રહેલા સોમનારાયણને જોયો.

'સોમનારાયણ!' અત્યંત દૃઢ અને આજ્ઞાત્મક જેવા સ્વરથી કૂટસ્થ બોલ્યો.

સોમનારાયણ એક ક્ષણ થંભી ગયો. સ્વરની જાણે એને જૂની પિછાન લાગી, છતાં કાંઈક ભય પણ અનુભવ્યો. તે ત્યાંનો ત્યાં રહી ગયો.

'કોણ? કેમ?'

'એ તો હું!' કૂટસ્થ બોલ્યો. 'મારે તને એક વાત કહેવાની હતી.'

'સોમનારાયણે વીજળીનો દીવો તરત કૂટસ્થના મુખ ઉપર

ધર્યો, લાકડી સંભાળી. આજે અકસ્માત, એ આટલી મોડી રાતે દીવાનને મળીને પાછા ફરતાં, તદ્દન એકલો હતો. ગુપ્ત રાજ્યદ્વારી વિષયો ચર્ચાય ત્યારે પટાવાળો પણ સાથે ન હોય તો સારું, એવા સિદ્ધાંતનો માણસ હોવાથી, પટાવાળાને પણ આજે સાથે નહિં રાખેલો. તે જરાક ભડકયોઃ પણ હિમ્મતથી બોલ્યો.

'હું એટલે ? કોણ ?'

કૂટસ્થની તીવ્ર હૃદયભેદી દૃષ્ટિ જાણે એને સોંસરવી વીંધી રહી હતી. હમ્મેશનો પોતાનો આજ્ઞા કરવાનો સ્વભાવ એને છોડી જતો લાગ્યો. જિંદગીમાં પહેલી જ વાર તે દૃષ્ટિનો શેહમાં આવ્યો. પોતે અધિકારી છે એવું જ્ઞાન છતાં, પોતાને નાનો માનવાનું મન થયું. આ શું ? એ વિચારમાં પડયો.

'સોમનારાયણ !' કૂટસ્થે ધીમેથી વિચિત્ર જવાબ વાળ્યોઃ 'મારા ઇતિહાસ સાથે તારે કામ નથી. હું તને કહું તે સાંભળ.' કૂટસ્થની દૃષ્ટિ વધુ તીવ્ર બનતી ગઈ. સ્વર વધારે નિશ્ચયાત્મક બન્યો. 'કાલે તું ભદ્રેશ્વરનો વડ પાડવા યત્ન ન કરતો. એ પ્રયત્ન વ્યર્થ જશે !'

મનુષ્યનો સ્વર જોઈ સોમનારાયણને હિંમત આવી. એ ભૂતને માનતો નહીં, પણ બધા ન માનનારની પેઠે, ભૂતથી ભડકતો. તે બોલ્યોઃ 'તું કોણ ? બાવાજીનો માણસ છે ?'

કૂટસ્થ ટટાર થયો. શાંત ઊભો. એની વિશાળ આંખ જરાક ફરી. 'મેં તને કહ્યું નહિ, તારે મારા ઇતિહાસ સાથે સંબંધ નથી.'

'તારો હુકમ ઉઠાવવા હું તૈયાર નથી. તું જાણે છે હું કોણ છું ?'

'તું ? તું નથી જાણતો કે તું કોણ છે, પણ હું તને કહું: તું ચામરાજેન્દ્રનો જંગલખાતાનો ઉપરી ! સૂકા ઝાડનો અમિ ! માણસ મૂકી ઝાડવાંની સેવા કરનારો, મજૂરોનો સાહેબ ! તારી આ ખ્યાતિ તને પસંદ છે નાં ?'

'પણ તું?' સોમનારાયણે હિમ્મત ભેગી કરી પ્રશ્ન કર્યો.

'ચૂપ!' કૂટસ્થે આજ્ઞાવાહી સ્વરમાં જ કહ્યું: 'કાલે મેં કહ્યું તેમ કરજે. અથવા તેમ થશે. હવે જા.'

સોમનારાયણ મૂઢીઓ વાળી રવાના થઈ ગયો. તે કાંઈ બોલ્યો નહિ. પાછું વાળી જોયું, પણ કૂટસ્થ ત્યાં હતો નહિ.

વડમાં રહેનાર ભૂત હશે! સોમનારાયણ ઘરની ચાર દિવાલોમાં આવ્યા પછી જ નિરાંતે બેઠો.

૪. ચામરાજેન્દ્ર

લલિતપટ્ટનનો નરેશ ચામરાજેન્દ્ર વીસમી સદીનો પુરુષ હતો. રાજ્યના તંત્રનો એનો ખ્યાલ તો ચાર દરવાજામાં સમાપ્ત થતો. બહારથી જેટલો સુધરેલો હતો તેટલો અંદરથી સડેલો હતો. યૂરોપના ઘણા ખરા દેશોમાં એ ફર્યો હતો. યૂરોપના સુધારા સાથે એનું ભયંકર જડત્વ પણ એ લેતો આવ્યો. રાજકાર્યમાં નિયમિત હતો, પણ યંત્ર જેવો. પ્રજાની હિલચાલ રાજસત્તાના અધિકારને નુકશાન ન કરે ત્યાં સુધી ઉદાર હતો. અધિકારીઓ વિષે બેદરકાર હતો. પ્રજાને દુઃખ આપતો નહિ, પણ સુખ આપવાનો કોઈ માર્ગ શોધવા યત્ન કરતો નહિ. એની વિચક્ષણ નજરથી કોઈ વાત છાની ન રહેતી, પણ એની વિલક્ષણ પ્રકૃતિમાં એથી ક્ષોભ થતો નહિ.

રાજકાર્યની વ્યવસ્થાને નુકસાન ન પહોંચે ત્યાં સુધી, ગમે તેવી ભયંકર પરિસ્થિતિ હોય તો પણ તે આંખ આડે કાન કરી શકતો. એનામાં એ રીતે પશ્ચિમનાં વ્યવહારપટુ રાજનીતિજ્ઞનો ગુણ આવ્યો હતો. રાજા તરીકેના નૈસર્ગિક ઉદારભાવ નાશ પામ્યા હતા. કાયદાનું કોઈ દિવસ એ ઉલ્લંઘન કરતો નહિ, તેમ પ્રજામતને માન પણ આપતો નહિ. એ આપખુદ સત્તાધીશ હતો ને રહેવા માગતો હતો. પણ એને દેખાવ કરવો હતો કાયદાને અધીન રહેવાનો. એટલે એ પ્રજાના કોઈ ને કોઈ ભાગને સાથે પણ રાખી લેતોઃ બાકી તો એની કુનેહ એવી હતી કે એની હા વિના

તો કોઈ એક પગલું ભરવાની હિમ્મત જ ન કરે. એમાં એને અધિકારી વર્ગની સહાય મળી રહેતી. પરંતુ તે છતાં એક નાનકડું મંડળ અસ્તિત્વ ધરાવતું હતું.

એ મંડળમાં જો પ્રતાપમલ્લ મળતો ન હોત તો તો એનું કોઈ નામ લેત નહિ, એટલું એ બિનઉપયોગી હતું. એ મંડળ રાજકીય કરતાં વધુ તો દેશવિદેશની વાતો કરનારું, નવરા મંડળ જેવું હતું. પ્રતાપમલ્લ દેખા દેત નહિ તો તો એનું કોઈ નામ પણ લેત નહિ. વર્ષોથી એ એક ચોક્કસ સ્થાને ભેગું થતું; એમાં વ્યક્તિઓ પણ, રસદૃષ્ટિએ ને વયદૃષ્ટિએ, મેળ વિનાની જ મળતી હતી.

લલિતપટ્ટનના ભદ્રાવતી તરફના વિભાગમાં એક વિશાળ મેદાન હતું. તેની આસપાસ થઈ શાંત રીતે ભદ્રાવતી વહેતી હતી. ત્યાં આગળ પાણી ઊંડું અને ગંભીર હતું. અને કેટલીક શિલાઓ ઉપર થઈ પછી નીચે વહેતું. પશ્ચિમમાં શાંત સંધ્યા પ્રસરતી હોય ને જ્યારે ઘોધનો એક જ અવાજ નીરવ રાત્રિમાં સંભળાતો હોય, ત્યારે ચંદ્રના આછા રૂપેરી કિરણમાં વારંવાર ચંદ્રસેન ગર્વથી પોતાની સારંગી છેડતો આ મંડળમાંના એક તરીકે બેઠા હોય!

ભદ્રાવતીના આ તટ પરના વિશાળ મેદાનમાં એનું પાસે જ નાનું સાદું પણ સુંદર ઘર હતું, ઘરની સામે નીલુંછમ ભરચક ખેતર દેખાતું. ઘરની આસપાસ થોડાક સ્વચ્છ પ્રદેશમાં, દરિયાની રેતી પાથરી, વચ્ચે પુષ્પ છોડ વાવ્યા હતાં. ચારે તરફ કરેણના છોડની વાસ હતી. અને એટલા નાના પરંતુ, સુંદર ફળીમાં સ્વચ્છ ઓટલા ઉપર, ફૂટસ્થ, ચંદ્રસેન, અવનીશ, પૃથ્વીશ અને પ્રતાપમલ્લ ભેગા થતા!

એ વખતે પ્રતાપમલ્લ છોકરડા જેવો! પણ આ વાતાવરણનો ભારે રસિયો! એટલે ચોરી કરીને પણ આવી પહોંચતો. ફૂટસ્થની પ્રતિભા અગમ્ય હતી. પ્રતાપમલ્લ ભવિષ્યનો રાજપિતા, આ સર્વ વાતાવરણ પીતો. એ વખતે અવનીશ, હજી માનસિક હિંડોળા

ઉપર હતો. માત્ર પૃથ્વીશ તે વખતે પણ પોતાનો એક જ નિશ્ચિત વિચાર દર્શાવવા પાછો હઠતો નહિ. એ વિચાર તે આ. સુંદર રાજતંત્ર વિના કોઈ તંત્ર સ્થાયી કલ્યાણ આપી શકશે નહિ.

એ નાનકડા મંડળનો બાર વર્ષ પહેલાંનો આ ઈતિહાસ હતો.

પછી તો આ નાનકડું મંડળ પણ જુદે જુદે માર્ગે ચડી ગયું. ચંદ્રસેને સંગીતના ઉસ્તાદ તરીકે પટ્ટનમાં વિખ્યાતિ મેળવી હતી. ધીમે ધીમે તે જેમ ગૃહસ્થોના સંસર્ગમાં આવ્યો, તેમ તેમ પોતાની આ જન્મસિદ્ધ અદ્‌ભુત કંઠશક્તિ પૈસા પાસે વારંવાર ખીલે છે, એ વિચાર તેને મૂંઝવવા લાગ્યો. ગવૈયાને પૈસા વધારે ઉપયોગી લાગ્યા. કેટલાક શ્રીમંતો અને રક્ષકોના વચનથી, એ સંગીતનો વધારે પરિચય સાધવા કલકત્તા તરફ ચાલ્યો ગયો.

ચંદ્રસેનના ગયા પહેલાં જ અવનીશનું લક્ષ્યબિન્દુ તો ફર્યું હતું. તે ધીમે ધીમે મહારાજાનો ખાસ માણસ બનવા યત્ન કરતો. એમાં એ ફાવ્યો પણ ખરો. એ ધીમે ધીમે દીવાન થઈ બેઠો. પણ પોતે જે મંડળમાં પહેલાં રસ લેતો એ મંડળ હવે એને ભયંકર લાગતું. જો કે, એમાંથી કૂટસ્થ તો યોગવિદ્યામાં પડેલો સમર્થ પુરુષ થઈ ગયો હતો, ને એને આ રાજતંત્રમાં બહુ રસ ન હતો; પણ છેલ્લા છેલ્લામાં, પૃથ્વીશની વારંવારની વિનતીને માન આપી એણે રસ લેવા માંડયો હતો. એટલે પૃથ્વીશનું પેલું જૂનું સૂત્ર — 'સમર્થ રાજતંત્ર વિના કોઈ સામર્થ્ય પ્રજામાં જન્મે નહિ — ' એ અવનીશને અત્યારે ખૂંચવા માંડયું હતું. આ છુટાછવાયા વેરાયલા માણસો, ધારે તો ઘડીના છઠ્ઠા ભાગમાં લોકમાનસ ઉપર અજબનો કાબૂ જમાવી શકે એવી શકયતા હતી, અને એમાં પ્રતાપમલ્લ ભળ્યો હતો, એટલે એ વધુ જોખમકારક હતી.

અવનીશના ખ્યાલમાં આ વાત આવી ગઈ.

એણે એ તમામને નામશેષ કરવામાં પોતાની સ્થિરતા દીઠી. એ વિચાર અવનીશે ચામરાજેન્દ્રને જણાવ્યો પણ હતો. ચામરાજેન્દ્રે

પણ સૌને દૂર કરવા નિશ્ચય કર્યો. પૃથ્વીશ અને પ્રતાપમલ્લના વારંવાર મિલન પછી ચામરાજેન્દ્રને પોતાના સિંહાસનમાં અશ્રદ્ધા જાગી. એને આ સર્વ વ્યવસ્થાનો સ્થાનિક સંચાલક પુષ્કર બ્રહ્મચારી લાગ્યો. ભદ્રેશ્વરનો ગંભીર વડ, ધર્મની જગ્યા જેવો મનાતો ને પુષ્કર સ્વામી પર સંપૂર્ણ શ્રદ્ધા અને પ્યાર હોવાથી લોકો ત્યાં વારંવાર આવતા. આ તંત્રને જુદું પાડવું એ અવનીશનો ધર્મ થઈ પડ્યો.

પૃથ્વીશ પોતાના શયનગૃહમાં એક ઝાંખો દીપક બળતો રાખી સ્વસ્થ પડ્યો હતો, ઘરના ખૂણામાંથી, ડોલરના ફૂલની મંદ સુગંધિ અગરબત્તીની ખુશનૂમા વાસ સાથે મળી, ઘરના વાતાવરણને અલૌકિક બહાર આપી રહી હતી. શયનગૃહની અર્ધ ખુલ્લી બારીમાંથી ચંદ્રનાં કિરણ આવતાં હતાં. એવી શાંત અવસ્થામાં અરધો કલાક ચાલ્યો ગયો હશે, ત્યાં દ્વાર ધીમેથી ખુલ્યું ને કામિનીએ પ્રવેશ કર્યો.

કામિની એ મંડળમાંનો હતો. એનું કામ લોકજાગૃતિ માટે પત્રસંચાલન કરવાનું હતું. તે 'રાષ્ટ્ર' એ નામે પત્ર કાઢતો. અત્યારે એ પૃથ્વીશ પાસે કાંઈક અગત્યના કામે આવ્યો હતો. એ ખરો રાજ-દ્વારી પુરુષ હતો. રાજ્યના ગુપ્તમાં ગુપ્ત સમાચાર મેળવવા એ એનું કામ. એ સમાચારને યોગ્ય દિશામાં વાળવા પૃથ્વીશનો પ્રભાવ કામ આવતો. પટ્ટનના આ રાજ્યદ્વારી મંડળનો પ્રેરક તો પૃથ્વીશ જ હતો, કામિનીએ ધીમેથી દ્વાર ખોલ્યું.

પૃથ્વીશ પોતાની અર્ધ સ્વપ્નસ્થ અવસ્થામાંથી જાગૃત થયો.

'કોણ? કામિની!'

'હા.' કામિનીએ જવાબ વાળ્યો. તેની સામેની ખુરશી પર બેસતાં બોલ્યો: 'એક ભયંકર ઘટના બને તેમ છે!'

પૃથ્વીશ તદ્દન પાસે આવ્યો. એના ભવ્ય ને ગૌર કપાળ પર માથા પરના થોડાક બાલ પથરાઈ ગયા. એની દૃષ્ટિ તીવ્ર બની. તે બોલ્યો:

'કેમ? એવું શું છે?'

'ચામરાજેન્દ્ર પ્રતાપમલ્લને પદભ્રષ્ટ કરવા પ્રયત્ન કરે છે!'

'શા આધારે? અને શા માટે?'

'શા માટે તે આપણને ખબર છે. ને આધાર ઇચ્છાનો.'

'ઇચ્છાનો આધાર કાંઈ કામ આવે?'

'ત્યારે એવું બન્યું છે કે પ્રતાપમલ્લની માતા મૃત્યુ પામ્યે ત્રીસેક વર્ષ થયાં છે. પ્રતાપમલ્લનો જન્મ થયો ને એનાં માતા, મૃત્યુ પામ્યાં. હવે ચામરાજેન્દ્ર એવું ઠરાવવા માગે છે કે પ્રતાપ કોઈ દાસીનો દીકરો છે ને પટ્ટનનો ખરો વારસ તો એની મા માથે મૃત્યુ પામ્યો છે.'

પૃથ્વીશ વિચારમાં પડ્યો દેખાયો: 'એને માટે પ્રમાણ?'

'તે વખતની નરેન્દ્રની નોંધપોથી. એમાં આવો ઉલ્લેખ છે, એમ અવનીશ કહે છે. તે વખતની વયોવૃદ્ધ દાસી ગંગા આ વાત જાણે છે.'

પૃથ્વીશની મુખમુદ્રા પર બે ચાર કરચલી પડી. ઘડી રહીને એ બોલ્યો.

'અને આ કપટ સામે આપણો—પ્રતાપમલ્લનો શું બચાવ છે?

'પ્રતાપ આ સામે શું બચાવ ધરે? અધૂરામાં પૂરું ચામરાજેન્દ્રને હમણાં—હમણાંમાં કંચન મળી છે!

'કંચન?'

'એ વળી કોઈક નવીન પંખી છે. અવનીશ ઉપાડી લાવ્યો છે, ને ચામરાજેન્દ્ર ઉપર એની સત્તા છે'

'એટલે?'

'એટલે કે ચામરાજેન્દ્રના દગ્ધ હૃદય પર આ અભિમાની સ્ત્રીનું સામ્રાજ્ય છે. અને એને રાજગાદી પર પોતાનું સંતાન લાવવું છે!'

'ઠીક.' પૃથ્વીશે કહ્યું. 'આપણે આની સામે સજ્જડ સ્વરૂપે તૈયાર રહેવું પડશે, એટલું જ.'

એણે આરામખુરશી પર કાંઈ ન બન્યું હોય તેમ બેદરકાર ભરેલી રીતે શરીર લાંબું કર્યું.

'હા' કામિનીએ આગળ ચલાવ્યું. 'એ વાત પણ અવનીશની દૃષ્ટિ બહાર નથી.' કામિનીએ ખીસામાંથી એક કાગળ કાઢ્યો: 'પ્રતાપમલ્લ વિષેની સંપૂર્ણ તપાસ નિર્વિઘ્ન પાર પડે ત્યાં સુધી તમારે ભદ્રાવતીના ટાપુમાં રહેવાનું થશે.'

પૃથ્વીશ સફાળો બેઠો થયો. એની વિશાળ આંખમાં વધારે ઉગ્રતા આવી. પાસેના દીવાની વાટ સંકોરી:

'લાવ, શું છે કાગળમાં!'

'કાગળમાં કાંઈ નથી. માત્ર આ વિષય સામે પ્રજામતનો પડઘો પાડી શકે તેમ હોય તો તે તમે છો, આ વાત અવનીશ જોવાથી અજાણી ન હોય. ચંદ્રસેન ગર્વૈયાના પિતાને આ પ્રસંગ ઉપર આપેલી બક્ષિસ, ને તમારા પિતાનું પણ રાજ્યમાં શાસન હોવાથી તેની સાથે થયેલી વાતચીત કે પત્રવ્યવહાર, આ વિષયને તેના સત્ય સ્વરૂપમાં સજ્જડ રીતે બહાર લાવે તે અનવાજોગ છે, માટે જ એ વિચક્ષણ પુરુષે તમને ભદ્રાવતીના ટાપુમાં મોકલવાનો હુકમ મેળવ્યો હશે કે મેળવશે!'

પૃથ્વીશ પુનઃ વિચારમાં પડ્યો. કામિનીએ કાગળ આપ્યો. પૃથ્વીશે કાગળ વાંચ્યો. તેમાં તલવાર પોતાપર લટકતી જોઈ. એ ધીરજ રાખી ઊઠ્યો ને એક ભીંતના ગુપ્તદ્વારમાં થઈ અદૃશ્ય થઈ ગયો ને થોડીવારમાં જ એક નેતરની પેટી લઈ પાછો આવ્યો:

'કામિની!' તે બોલ્યો. એના અવાજમાં અડગ હિમ્મત છતાં સ્નેહભર્યા વિશ્વાસની મૃદુતા હતી. 'સમય એવો આવે કે મારે જવું પડે, ત્યારે આ લે ને તેમાં લખ્યા પ્રમાણે વર્તજે. એમાં બધી જ સૂચના છે.'

'કાલે ભદ્રાવતીનો વિશાળ વડ પણ પાડવાનો છે!'

'હમણાં શાંત બની જા. અને સમયના ગર્ભમાંથી પરિણામની રાહ જો!'

'રાહ જોવાની કયાં સુધી?' કામિનીએ કાંઈક અધીરાઈમાં કહ્યું.

'આ વિચિત્ર રચનાનો સંચાલક કૂટસ્થ છે. એ પોતાની અદ્‌ભુત શક્તિ આમાં વાપરવા માગે છે કે નહિ—એ હજી નક્કી નથી, તેમ જ આવા વિષયમાં આવી શક્તિનો ઉપયોગ એ પુરાણ જૂની કથાનો વિષય છે, સમાજના યુગને એ અનુકૂળ ન પણ લાગે. એટલે આપણે પોતાને કેટલું ને શું કરવાનું છે એ પણ એના વિના હું સંપૂર્ણ રીતે નથી કહી શકતો; અને કદાચ આપણે સંપૂર્ણ સમજી શકીએ પણ નહિ!'

'પણ તમારે કદાચ કાલે તો જવું પડશે, તેનું શું?'

પૃથ્વીશે શાંત જવાબ વાળ્યો, 'હું જવાને તૈયાર જ હતો. આ આ પરિણામ અણધાર્યું નથી.'

'ત્યારે,' કામિનીએ ઊઠતાં ઊઠતાં કહ્યું: 'હું તમને કાલે મળીશ.'

'હા. પણ કદાચ ન મળાય તો આ પેટીમાં મારું જીવન-સર્વસ્વ છે. અંદર બીજી પેટી છે. પહેલી પેટીમાંથી સૂચના મળશે તે અક્ષરશઃ પાળજો!'

કામિનીએ પેટી સંભાળી લીધી ને ચાલતો થયો. એ થોડે દૂર ગયો હશે ત્યાં યશલાલસિંહે પ્રવેશ કર્યો. પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટના વેશમાં એ સજ્જ થયો હતો. તેની પાછળ પોલીસ ઇન્સ્પેકટર, એક જમાદાર ને બે સિપાઈ હતા:

'પૃથ્વીશ સાહેબ છે કે?' યશલાલે પ્રવેશ કરતાં કહ્યું:

'હા. આવો સાહેબ, હું આંહી જ છું!' પૃથ્વીશે સામેની ખુરશી બતાવતાં કહ્યું.

'આપનું કામ છે!' યશલાલે વિવેક દર્શાવ્યો.

'ખુશીથી બોલો. બને તેવું હશે તો જરૂર કરીશ.' પૃથ્વીશે પણ વિવેક જાળવી જ રાખ્યો.

'હું બહુ દિલગીર છું, પણ હું રાજનો નોકર છું એટલે લાચાર. આપને બીજો હૂકમ થતાં સુધી, ભદ્રાવતીના ટાપુમાં રાજ-કેદી તરીકે રાખવાનો મહારાજા ચામરાજેન્દ્રનો હુકમ છે.'

'હુકમ કર્યાં છે?

યશલાલે હુકમ આપ્યો.

'મને શા કારણથી મોકલવામાં આવે છે?'

'રાજ્યની સલિસલામતી માટે.'

'ઠીક, ભદ્રાવતીનો ટાપુ બહુ સુંદર છે કાં?'

પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટે કડકાઈમાં જવાબ આપ્યોઃ 'આપને પાછા આવવાનું મન પણ ન થાય તેટલો સુંદર!'

'ઓહો!' પૃથ્વીશે શાંતિ રાખી યશલાલનો ચહેરો જોતાં કહ્યું. એના ચહેરા પર ખીજવાટનાં સ્પષ્ટ ચિન્હ હતાં.

'એટલે અત્યારે તો આપને પટ્ટનની જેલમાં રહેવાનું છે. કાલે સાંજે ભદ્રાવતીના ટાપુ તરફ જવાનું છે. સરદાર!'

એક યુવાન દાખલ થયો. સલામ ભરવામાં અભિમાન હોય તેમ એણે સલામ આપી.

'આ પૃથ્વીશ.' યશલાલે કહ્યુંઃ 'એને યોગ્ય માનથી તમારે લઈ જવાના છે!'

'જી બહુ સારું.'

પૃથ્વીશ ઊભો થયો. મોટેથી ખૂમ પાડીઃ 'અનંત!'

એક વીશ વર્ષનો હસતો યુવાન હાજર થયો.

'અનંત! હું પાછો આવું ત્યાં સુધી આ ઘરની સંભાળ તારે રાખવાની છે!'

'અને તમે કર્યાં જાઓ છો?'

'ભદ્રાવતીનો ટાપુ જોવા!' સરદારે ટાપશી પૂરી.

પૃથ્વીશના ચહેરા પર કડકાઈની છાપ આવી. તે યશલાલ તરફ ફર્યોઃ 'સાહેબ! તમારા માણસોને મારી ઓળખાણ આપશો કે? વિવેક રાખવાનું તમારી હાજરીમાં ભૂલી જાય છે!'

યશલાલે સરદારને ચૂપ રહેવાની નિશાની કરી.

પૃથ્વીશ અનંત તરફ ફર્યોઃ 'એ તને કાલે ખબર પડશે.'

'કાલે ખબર કોણ આપશે?' અનંતે સવાલ કર્યો.

'કાલે ખબર આપનાર એની મેળે આવશે. નિશ્ચિંત થા.'

છેલ્લા શબ્દો સાથે જ પૃથ્વીશ ઝપાટાબંધ સીડી ઊતરવા લાગ્યો. ને તેની પાછળ તરત જ યશલાલ તથા સરદાર ઉતાવળે ચાલવા લાગ્યા.

૪ વડ પડ્યો!

બીજે દિવસે સવારમાં સૂર્યનાં કિરણ હજી ભદ્રવતીના પ્રવાહને સ્પર્શ કરે, તે પહેલાં થોડાક મજૂરો ભદ્રાવતીના મેદાનમાં કુહાડા સહિત પહોંચી ગયા હતા. પોતાના નિત્યકર્મથી પરવારી પુષ્કર ભદ્રેશ્વરના દરવાજામાં શાંત ચિત્તે ઊભો હતો. અરધી કલાક થઈ. સોમનારાયણ આવી પહોંચ્યો. મજૂરોને વડ કાપવાની આજ્ઞા મળી ગઈ.

આ વડ વસ્તુ કરતાં વસ્તુની ભાવના રૂપે વધારે મળતો હતો. ગામડાંના માણસો પટ્ટનમાં જતાં આ વડ તરફ આનંદભરી દૃષ્ટિ નાંખતા. યુવાનોનું એ અત્યંત પ્રિય રમ્ય સ્થાન હતું. નાનાં છોકરાં એની ઘાટી વિશાળ અને વિસ્તૃત છાયામાં હમેશાં રમવા આવતાં. નદીના કિનારા ઉપર ચરતી ગાયો તરફ દૃષ્ટિ રાખી, ભોળા રબારીઓ, આંહી વારંવાર બેસતા, ને ગ્રીષ્મના મધ્યાહ્નમાં નિરાંતે લાંબી સોડ તાણીને સૂતા. વર્તમાનના આ ઇતિહાસમાં વડની પ્રાચીનતા અને ભૂતકાળનો અદ્‌ભુત ઇતિહાસ મળતો એટલે પટ્ટનના રહેવાશીઓ, આ કુદરતી સમૃદ્ધિને ગર્વથી દેખાડતા. જોવા જેવાં સ્થળોમાં કેટલીક વસ્તુની મહત્તા માત્ર ભાવનામાં જ હોય છે, વસ્તુરૂપે તો એ કાંઈ હોય કે ન પણ હોય. આમાં વડની ગણત્રી હતી. વડને પૂજ્ય માની સ્ત્રીઓ વારંવાર પૂજવા આવતી. ભૂતકાળમાં, આ વડ નીચે ચામરાજેન્દ્રના પિતામહે પ્રખ્યાત બહારવટિયા નાગાર્જુનને પકડ્યો હતો. ચારથી પાંચ હજાર મનુષ્યો સમાઈ શકે એટલો

વડનો વિશાળ ઘેરાવ હતો, અને છતાં વડવાઈઓ એવી રીતે ગોઠવાયેલી હતી કે, માણસોની સભામાં અંતરાયરૂપ ન બને. પૃથ્વીશે જ પહેલાં આ વટવૃક્ષને પટ્ટનનો સુંદર સભામંડપ બનાવ્યો. અને ત્યાર પછી તો એની પ્રાચીન પવિત્રતા વારંવાર અધિકારીઓને ખૂંચવા લાગી.

વડનો વિસ્તાર એક બાજુ છેક નદીના કાંઠા સુધી જતો હતો, અને ત્યાં વડવાઈ ઉપરથી નીચે ઊતરી, જુવાનો નદીના પાણીમાં કૂદકા મારી આનંદ કરતા. વડમાં પવિત્ર નાગનો વાસ હોય એમ પણ મનાતું. કયારેક પુનેમની ચાંદનીમાં પટ્ટનના ભલા અને ભોળા મજૂરો અહીં આવતા, અને રાસધારી બનીને અનહદ આનંદ લૂંટતા. બ્રાહ્મણો જજમાનનું કલ્યાણ કરવા આ સ્થળને પસંદ કરતા. એટલે પટ્ટનના દરેક મનુષ્યને વડ એક અથવા બીજે પ્રકારે પરિચિત, પવિત્ર અને પ્યારો હતો. પણ જ્યારથી પૃથ્વીશે એ છાયાનો લાભ લઈ એને પટ્ટનનો સુંદર સભામંડપ કહ્યો, ત્યારથી એ વડના દિવસો ખૂટવા માંડ્યા.

આ વડને ખસેડી ત્યાં એક જાહેરબાગ સ્થાપવાનો વિચાર અમલમાં લાવવા અવનીશે નિશ્ચય કર્યો. ખેર, એ હુકમ અનુસાર, સોમનારાયણ પોતાના મજૂરોને લઈ અત્યારે વખતસર આવી પહોંચ્યો હતો. પ્રત્યેક મજૂર બાલપણમાં વડવાઈ પરથી નદીમાં તરવા પડ્યો હતો અથવા પટ્ટનમાંથી નાસ્તો લાવી બપોરે આ શીતલ છાયામાં બેઠો હતો. કેટલાક પાસે ઉભેલા જુવાનો પણ પોતાનું આ અદ્‌ભુત સ્થળ લુપ્ત થશે, એ વિચારથી ગમગીન હતા. સોમનારાયણને આવેલા જોઈને પુષ્કર આગળ વધ્યો.

પુષ્કરને છેટે આવતો જોઈ, સોમનારાયણે મજૂરોને હુકમ કર્યો. આંખમાં આંસુ સહિત દરેકે કુહાડો ઉપાડ્યો. ઘા વૃક્ષ ઉપર પડે ત્યાં પુષ્કરનો અવાજ સંભળાયો. દરેક મજૂરને 'બાવાજી' માટે માન હતું અને બાવાજી પાસે પોતાની મુશ્કેલીનો કાયડો વારંવાર છોડ્યો હતો.

'ભલા ! ભગા ! નથુ ! કોણ શામળ કે ?'

પુષ્કરનો પિતા જેવો સ્નેહાળ સ્વર સાંભળી, મજૂરો એક પળભર અનિચ્છાએ થંભી ગયા.

'અરે એઈ ! ઊભા કેમ ? ખબર નથી, મહારાજા આવનાર છે ?' સોમનારાયણે ભય અને આજ્ઞા દેખાડ્યાં.

'ફિકર નહિ, સોમનારાયણ !'

'બાવાજી ! આપના પ્રત્યે મને માન છે, પણ આ રાજકાર્યમાં વચ્ચે ન આવતા.'

'હું વચ્ચે નથી પડતો. હું તો આ મજૂરોને કહું છું કે જે વડલાની છાયામાં નિરાંતે ભાથાં ખાધાં છે. એ વડલો પાડવા હાથ ઊપડે, એનું નામ જ પાપ !'

'હવે પાપ ને પુન્ય ! એનો હિસાબ તમને સોંપ્યો. ભગા, શરૂ કરો, શરૂ કરો. અબઘડી યશલાલસિંહ સાહેબને આવ્યા દેખું છું.'

આ તાલ જોઈને બે ચાર યુવાનો પુષ્કર પાસે દોડી આવ્યા. પુષ્કરને નમન કરીને ઊભા. સોમનારાયણની ભાષા સાંભળી એમનાં જુવાન લોહીમાં તેજી આવી ગઈ. ત્યાં પુષ્કર બોલ્યો.

'બબરદાર ! કોઇએ ઘા કર્યો તો. મેં નાના ભાઈ જેવા માન્યા છે એ યાદ છે કે ?'

'બાવાજી ! તમારી જીભડીને વશ રાખો.'

'શું ?'

સોમનારાયણ આગળ વધ્યો. ભગાને એક લપડાક ચોડી કાઢી. 'કેમ, કામ નથી કરવું કાં ?'

બધા મજૂરોએ કુહાડા નીચે મૂકી દીધા, ને ભગાએ જવાબ આપ્યોઃ

'સાહેબ, મારશો નહિ. અમારે મજૂરી નથી કરવી.'

'તો રસ્તો માપો. તમારા વિના દરબારનું કામ અધૂરું રહેશે કેમ ? સાળી જાત જ ઊંધી !'

મજૂરો ચાલતા થયા. પણ છેટેથી ઘોડેસવારોનાં પગલાં સંભળાયાં એટલે પાછા ફર્યા. સોમનારાયણે કહ્યું: 'કાં, હવે કેમ પાછા ફર્યા? તો ભલામાણસ, આપણે કામ કરવું એને વળી આંહી ભાતાં ખાતા ને આંહી કૂદતા; એનું શું કામ? આંહી બાળ થાશે ત્યારે કેમ બાવાજી બાગમાં ફરવા નહિ આવે? અને ભાઈઓ,' સોમનારાયણે ચાર પાંચ જુવાનો તરફ ફરતાં કહ્યું, 'તમે પણ ઘરે જાઓ. નાહકનું તોફાન! લ્યો, બાવાજી! આપ પણ સીધાવો, મજૂરોએ આપનું માન રાખ્યું છે!'

પુષ્કર સોમનારાયણ તરફ ફર્યોઃ 'આ વડ ભદ્રેશ્વરનો છે. તે પાડવા દેવાનો નથી.'

'હા પણ એમાં અમને શું છે, માબાપ! અમે તો ચીડીના ચાકર! બાવાજી, એટલી બધી રાઈ માથામાં ન રાખીએ. મફતનું ખાવું ને મસીદે સુવું ને પાછો મિજાજ નવાબશાહીનો!' સોમનારાયણે ઘોડાનો પગરવ નજીક આવતો સાંભળી, અધિકારનો ઉન્માદ દર્શાવ્યો. સોમનારાયણનું ભાષણ સાંભળતા ચાર પાંચ જુવાનો ઊભા હતા, તેમાંનો એક બોલ્યોઃ

'સાહેબ, વડ પાડીને મેદાન કરવામાં ફાયદો શું છે? વળી, આ જગ્યા રમવાની છે.'

'તું એવો પૂછનાર કોણ?' સોમનારાયણે આંખ ખેંચી જવાબ આપ્યો. એ વખતે જ યશલાલસિંહ, સરદારસિંહ અને બીજા દશેક સવાર આવી પહોંચ્યા.

સોમનારાયણ સલામ ભરી ઊભો.

'કેમ બગીચાની શરૂઆત?'

'જી હા, વડને પાડતાં એકાદ માસ થાશે જ, ત્યાર પછી, પ્લેન' કરવાનો.'

'હું!'

સોમનારાયણે પુષ્કર તરફ દૃષ્ટિ ફેરવતાં જવાબ આપ્યોઃ

'સાહેબ, આ પુષ્કર અને પેલા જુવાનીઆ કામમાં આડે આવે છે.'

'કામમાં આડે આવે છે ! હું કાણ ! બાવાજી !'

પુષ્કર બે ડગલાં આગળ વધ્યો.

યશલાલે કહ્યું: 'બાવાજી ! વડ પાડવાનો હુકમ મહારાજા ચામરાજેન્દ્રનો છે. તમે બોલશો એટલું વ્યર્થ જશે. સમજી ગયા ? મંદિરમાં જઈને નિરાંતે ભજન કરો, જાઓ ! એલા એ શામળા, કામ શરૂ કરો.'

'શામળા ! એક રોજ માટે તું અધમ કૃત્ય કરીશ ?'

'બાવાજી !' યશલાલનો સાદ ફાટી ગયો. દશે સવાર એની પડખે આવી ઊભા, 'તમે તમારા રસ્તે જાઓ !'

'જેને પોતાની રોજી કરતાં વડ પ્યારો છે, જેને જેને મેં ભાઈ ગણ્યા છે, તે બધાને હું કહું છું કે આ વડ પાડશો તો ભગવાન ભદ્રેશ્વર તમને જડમૂળથી ઉખેડી નાંખશે.'

'હવે મા'રાજ,' સરદારે કહ્યું. 'તમે આડે આવો મા. વડ તમારા બાપનો નથી.'

'સરદાર, મારાજ એમ સમજે તેમ નથી,' યશલાલે કહ્યું: 'મારાજ ! મંદિરમાં જાઓ છો કે નહિ ?'

'નહિ !' પુષ્કરે હિમ્મતથી જવાબ આપ્યો. તેના બૌર ચહેરા પર લાલાશ ફરકી.

'પરિણામ બુરું આવશે.' યશલાલે ભય દર્શાવ્યો.

'એ પરિણામને હઠાવવાની મારામાં શક્તિ છે.'

પુષ્કર યશલાલ તરફ આગળ વધ્યો. બન્ને બાજુ માણસો ચિત્રવત સ્થિર ઊભા. યશલાલે ઘૂમ પાડી; 'સરદાર ! ઊભો છે શું ? માર ચાબુક ને કર મોઢા આગળ ! બાઈ કીધે જોર: નહિ ચલે.'

સરદારે ચાબુક ઉપાડી, બે ચાર જુવાનો પુષ્કર તરફ દોડ્યા. મજૂરો કુહાડા ફેંકી, આગળ ધસ્યા. પણ બરાબર તે જ વખતે વડની પાછળથી, એક આજ્ઞાદર્શક અવાજ આવ્યો. એ અવાજ

સાંભળતાં જ સૌ થંભી ગયા. એમાં એવું કાંઈક હતું.

'ચાણુક સંભાળ, સરદાર!'

નવીન અવાજ તરફ સર્વની દૃષ્ટિ ખેંચાણી. વડની પાછળથી નીકળીને, કૂટસ્થ ધીમે પગલે આગળ આવી રહ્યો હતો. એના પગલામાં અધટિત ત્વરા ન હતી, તેમ ચહેરા ઉપર શંકા ન હતી. જે શબ્દ નીકળશે, તે જ પ્રમાણે થશે, એવો અનિવાર્ય દૃઢ વિશ્વાસ એના આખા ચહેરા ઉપર પથરાઈ ગયો હતો. અને સરદારની ચાણુક ખરેખર આકાશમાં સ્થિર થઈ ગઈ હતી. યશલાલે ભય અને ક્રોધથી આવનાર તરફ જોયું. એને પણ પુષ્કર જેવો લેખી એ શાંત બન્યો. ત્યાં કૂટસ્થની તીવ્ર, ભેદી, આજ્ઞાદર્શક દૃષ્ટિ, યશલાલને જાણે માપી લેવા માગતી હોય તેમ, તેના ઉપર પડી. યશલાલે આજ પહેલો જ અનુભવ કર્યો કે પોતાના કરતાં વધારે બળવાન શક્તિ પાસે પોતે ઊભો છે. ધીમેથી નિઃશંક રીતે કૂટસ્થ તેની પાસે આવીને ઊભો.

'ચાણુકને સંભાળવાનું તમે કીધું?' યશલાલે ભયમિશ્રિત સ્વરથી કહ્યું.

સોમનારાયણ આ તાલ જોઈ પાસે દોડી આવ્યો. તેણે કૂટસ્થ સામે જોયું. કૂટસ્થની દૃષ્ટિ એના પર પડી ને એ તરત જ મૂંજતો પાછો ફર્યો. સરદારના કાનમાં કહ્યું, 'સરદાર! ગાંડા થા મા! આ તો વડનું ભૂત છે! એ જાદુગરને હમણાં જવા દે. એની સાથે ડહાપણ કરવું છોડી દે!"

સરદારે એ સાંભળ્યું ને સોમનારાયણને ત્વરાથી આઘે જતો જોઈ, એ પણ શંકાશીલ બન્યો. ત્યાં કૂટસ્થનો સ્વર સંભળાયો:

'એ ચાણુક પડે તો સારું એવી મારી ઇચ્છા હતી.'

'ઇચ્છા!' યશલાલે આશ્ચર્ય પામતાં કહ્યું.

'હા. બીજા જ્યાં બળ વાપરે છે ત્યાં હું ઇચ્છું છું: તમે જુઓ છો કે ચાણુક પડ્યો નથી!'

'પણ શા માટે તમે રાજકાર્યમાં આડે આવો છો?'

'કારણ કે એ રાજકાર્ય નથી: નહિતર હું કે બીજો કોઈ આડે આવી શકત નહિ.'

'કૂટસ્થ! તમારો સ્વર હવે ઓળખી શકયો છું. મહારાજા ચામરાજેન્દ્રનો હુકમ ન માનનાર શી દશા પામે છે એ નવેસરથી મારે તમને શીખવવું? પૃથ્વીશ કયાં છે? ખબર છે?'

'એ તારે કહેવાની જરૂર નથી.' કૂટસ્થે બેદરકારીથી કહ્યું: 'અને આ વડ પડવાનો નથી: કોણ પાડવા આવે છે?' સોમનારાયણને ત્વરાથી જતો જોઈ, મજૂરો પણ એક પછી એક રવાના થયા હતા. યશલાલે તે જોયું ને સરદારને ખૂમ મારી. પણ સરદાર શંકાશીલ બન્યો હતો. શૂન્ય દૃષ્ટિ રાખી એણે માથું ધૂણાવ્યું. સરદારની આ અવસ્થા જોઈ યશલાલ તે તરફ ફર્યો.

'સરદાર! મજૂરો કયાં છે?'

'સાહેબ! અત્યારે હવે એ વાત છેડવામાં સાર નથી.' સરદારે, નિરાશાથી કહ્યું: 'આપણે માણસ સામે ઝોમ્બા જ નથી.'

'અરે સરદાર! તું તે ગાંડો બન્યો છે? આ કૂટસ્થ! તું એમને નથી ઓળખતો?'

'જી હા, તે હશે. પણ સોમનારાયણ ધ્રૂજતા ઘેર ગયા, મારું માથું ભમે છે! વળી મજૂર પણ કોઈ નથી, માટે કાલ ઉપર વાત રાખો.'

એટલામાં કૂટસ્થ એની પાસે આવી પહોંચ્યો; 'યશલાલ! વડ આજ પડવાનો નથી: અને કોઈ દી પડવાનો નથી. અને આપણે હજી ફરી મળવું પડશે.'

'મળવું પડશે?' સરદારે ધ્રૂજતાં પૂછયું.

કૂટસ્થે જવાબ આપ્યો: 'હા, કદાચ.'

યશલાલે કૂટસ્થ સામે જોવા યત્ન કર્યો.

પણ એ યત્ન નિષ્ફળ ગયો. સવારો ઉપડવાને અધીરા બન્યા હતા. યશલાલે કાંઈપણ જવાબ દીધા વિના ભયથી ઘોડાની લગામ

મૂકી દીધી ને તરત જ સરદાર સાથે સવારો પાછળ રવાના થઈ ગયા. દૂર ગયા પછી સરદારે પાછું વાળી જોયું: કૂટસ્થ ત્યાં હતો નહિ. પુષ્કર માત્ર તેમની પાછળ જોઈ રહ્યો હતો. સરદાર યશલાલને કહી રહ્યો હતો: 'સાહેબ! માણસ નહિ! બીજું ગમે તે હોય.' યશલાલે જવાબ દીધો નહિ, ઘોડાને આગળ મારી મૂક્યો ને થોડી-વારમાં ભદ્રાવતીના કિનારા ઉપર, પક્ષીઓ મધુર રવ કરી ઊડવા લાગ્યાં.

૭. ગુરુદેવનો આશ્રમ !

પટ્ટનમાં વાત ફેલાણી કે ભદ્રાવતીનો વડ પાડવા જતાં વડમાંથી કોઈક નીકળી આવ્યું અને સોમનારાયણને નાસી જવું પડયું. યજ્ઞલાલ પણ પોતાના સવારો સાથે પાછો આવ્યો. આ કથનને કેટલાક રમારી અને મજૂરોએ ટેકો આપ્યો, કોઈએ તત્કાલનો પોતાનો અનુભવ જણાવ્યો, અને 'રાષ્ટ્ર' પત્રના તંત્રી કામિનીકુમારે તો છાપી માર્યું કે વડનો અધિષ્ઠાતા દેવ, વડની આસપાસ અતિ સૂક્ષ્મ સ્વરૂપે ફર્યા કરે છે !

પટ્ટનમાં આ ચર્ચાનો વિષય થઈ પડ્યો. યજ્ઞલાલના ગયા પછી, કૂટસ્થ પણ તરત જ રવાના થઈ ગયો હતો. ખરી ઘટના પુષ્કર, કામિની અને પૃથ્વીશ જાણતા હતા. કૂટસ્થે એમને સાધારણ વાતચીતમાં અનેક વખત કહ્યું હતું કે માણસોની સંસ્થાના અતિ-વિકસિત સ્વરૂપમાં, ઘણી વખત આત્માએ સાધેલી શક્તિનો ઉપયોગ, સામાન્ય કામ માટે કરવાનું સાહસ કરવું પડે, એ અયોગ્ય નથી. પણ અવિકસિત હાલતમાં એવું કરવું પડે એ હાનિકારક છે. એમાં માણસો અપંગ થવાનો ભય છે. એટલે કૂટસ્થે પોતાની શક્તિનો ઉપયોગ કર્યો એ એમને નવાઈભરેલું લાગ્યું હતું.

ભદ્રેશ્વરના મંદિરની ઘટા પાસેથી ટેકરીઓની એક પછી એક હાર થતી જતી હતી. પહેલી ટેકરી પાસે રાજમાર્ગ આવીને અટકી જતો. અને ત્યાર પછી ભદ્રાવતીનાં ગંભીર જળ, વધારે ઊંડા અને શાંત બનતાં હતાં. ટેકરીઓની પરંપરા, ભદ્રાવતીના

કાંઠે કાંઠે ઓછામાં ઓછા ત્રણેક માઇલ સુધી ચાલી જતી હતી. ત્યાં છેડે એક વિશાળ સુંદર મેદાન હતું. ટેકરીઓની હાર ત્યાં પૂરી થતી. ત્યાં વૃક્ષોની ઘનઘટા છાઈ રહી હતી. ભદ્રાવતીનું મૂળ પણ ત્યાંથી થોડે જ દૂર હતું.

આ મેદાનને પણ 'તળેટી' કહેતા, તેમ જ ભદ્રગિરિ પણ કહેતા. ભદ્રગિરિના એક નાનકડા એ માળના સુંદર મકાનમાં, તે વખતે મહાત્મા કૂટસ્થ રહેતો હતો. જો કે એનું ખરું રહેઠાણ જે 'ગુહા' નામથી ઓળખાતું તે તો હજુ પણ આગળ હતું. આસપાસનાં થોડાંક વૃક્ષોથી એ ગુહા ઢંકાઈ રહી હતી.

ગુહામાં પ્રવેશ કરતાં, પ્રથમ તો તદ્દન અંધકારમાં, થોડાં પગથિયાં ઊતરવાં પડતાં. ત્યારપછી બન્ને બાજુ ભીંત આવતી, અને એના જ એક ગુપ્ત દ્વારમાંથી, વિશાળ મેદાન પાછું આવતું. આ ગુહા એમાંથી કોતરી કાઢેલો એક સુંદર ઓરડો જ હતો. અને એના ઉપર તો આખો ડુંગર હતો. ઓરડાના દ્વાર પર એક વેલ ઝૂકી રહી હતી. આસપાસ સુંદર પુષ્પો ઝૂમી રહ્યાં હતાં. અને વચ્ચે વચ્ચે ખુલ્લા રચેલા વિભાગમાંથી સૂર્યનો પ્રકાશ આવી રહ્યો હતો. રચના એવી હતી કે બહારથી અંધકારમય લાગતા આ પ્રદેશમાં ઠંડો અને ધીમો અનિલ વહ્યા કરતો હતો; અને સૂર્યનાં કિરણોની ગૂંથણીથી જલબિંદુઓ ઇંદ્રધનુષનાં રંગ ધરતાં હતાં.

પોતાની બેઠકમાં, એક દર્ભના સ્વચ્છ આસન ઉપર કૂટસ્થ ત્યાં શાંતચિત્તથી બેઠો હતો. પાસે એક વ્યાઘ્રાસન પડયું હતું. એક ખૂણામાં એક યંત્ર ગોઠવ્યું હતું. તેના પર કૂટસ્થ વારંવાર જોતો હતો. નીચે ધીમો અગ્નિ બળતો હતો. ઉપર માટીના શુદ્ધ વાસણમાં કેટલાક ચળકતા ગાંગડા હતા. માટીના વાસણમાંથી એક વિશાળ નળી જ્યાં કૂટસ્થ બેઠો હતો ત્યાં પહોંચતી હતી. ત્યાં આગળ નળીનું મોં એક જલપાત્રમાં રાખ્યું હતું અને

જલપાત્રને બીજે છેડે કાણું પાડી તેમાં એક વાસણનું મોં બરાબર બંધબેસતું રાખવામાં આવ્યું હતું.

કૂટસ્થ પોતાનું ધ્યાન આ પ્રયોગ પર રોકી બેઠો હતો. એના ચહેરા પર આશા અને ચિંતા બન્ને હતાં. ધીમે ધીમે જલપાત્રમાંથી બીજા વાસણમાં ચાંદીના જેવો નિર્મળ શુદ્ધ શ્વેત રસપ્રવાહ વહેવા લાગ્યો. કૂટસ્થ આ સર્વ જોઈ રહ્યો. એક ઘડી ગઈ. બીજી ગઈ. હજી તેના ચહેરા પર આશા અને ચિંતા બન્ન હતાં. ધીમે ધીમે જલપાત્રમાંથી શુભ્ર આસ્માની રંગનો ધુમાડો નીકળવા માંડ્યો અને જલપાત્રમાંથી બીજા વાસણમાં ચાંદીના જેવો નિર્મળ શુદ્ધ શ્વેત રસપ્રવાહ વહેવા લાગ્યો.

કૂટસ્થ આ સર્વ જોઈ રહ્યો. એક ઘડી બીજી ગઈ. અને તેના ચહેરા પર દૃઢ વિશ્વાસ આવ્યો. આસ્માની રંગનો ધૂમ્ર ગયા પછી, તેમાંથી નીલવર્ણનો અગ્નિ પેદા થયો. અગ્નિનું શમન થતાં, ચંદ્રના જેવી નિર્મળ જ્યોત્સના પ્રગટી અને જલથી એક હાથ ઊંચે આકાશમાં શાંત સ્થિર પ્રકાશવા લાગી. કૂટસ્થના ચહેરા પર અત્યંત આનંદ છવાઈ ગયો. આ જ્યોત્સનાના તેજથી, આખો ખંડ નિર્મળ ચંદ્રિકામાં છવાઈ ગયો. શુભ્ર રસનો પ્રવાહ વધારે ને વધારે વહેવા લાગ્યો. અને અરધો કલાક આ ક્રિયા ચાલ્યા પછી, જ્યોત્સ્ના શમી ગઈ. તેની સાથે જ પ્રદિપ્ત અગ્નિ પણ ઠરી ગયો અને શુભ્ર રસ વાસણમાં રહ્યો. કૂટસ્થે વાસણને જુદું પાડી એક મજબૂત બુચ લગાવી, મૂકી દીધું.

કૂટસ્થ આરામ લેવા અગાશી ઉપર ગયો. ત્યાં બેસી આકાશના અનેક તારા જોતો હતો, તેટલામાં નીચેથી સ્વર આવ્યો :

'ગુરુદેવ !'

કૂટસ્થે સ્વર ઓળખ્યો.

સામેથી કામિનીકુમાર આવતો હતો.

કૂટસ્થે જોયું કે કામિનીકુમાર પાસે નેતરની એક પેટી છે.

લૂગડામાં વીંટેલી તે પેટી કૂટસ્થ પાસે મૂકી કામિનો ત્યાં બેઠો.

'એમાં શું છે?'

'પૃથ્વીશે જતાં પહેલાં એ મને આપી હતી. અને કહ્યું હતું કે એમાં લખ્યા પ્રમાણે કરજે. એમાંથી કેટલાક જૂના કાગળ મળ્યા છે. એ સહીસલામત રાખવાની જરૂર છે. ધરની વ્યવસ્થા અનંતને સોંપી છે. અને તે કાગળો સહીસલામત રહી શકે એટલા માટે હું સાથે લાવ્યો છું.'

'આપણે આના કરતાં વધારે સહીસલામત જગ્યા શોધવી પડશે,' કૂટસ્થે કહ્યું. 'અત્યારે તો મારી સાથે ચાલો.'

બન્ને જણા તરત નીચે ઉતર્યા.

કૂટસ્થ ગુહામાં ગયો. કામિનીકુમાર એની સાથે હતો. આ ગુહામાં તદ્દન અંધકાર હતો. ગુહા જે ડુંગરામાં કોતરી હતી, તે ડુંગરામાંનાં કોઈ કોઈ ઝરણાનાં જલબિન્દુનો શાંત રીતે ટપકવાનો અવાજ માત્ર આવતો હતો. આગળ જતાં કામિની તરફ ફરીને કૂટસ્થે કહ્યું: 'કેટલાંક સ્થાનમાં પણ મહત્ત્વ હોય છે. આ સ્થાન એવું છે.'

કામિની આ સ્થાનમાં પહેલો જ આવતો હતો. અહીં એનું મન જાણે શાંત થવા લાગ્યું હોય એવું એને જણાયું. એક ભીંતમાંથી કોરી કાઢેલ ગોખલામાંથી નાની સુંદર શીશો કાઢી એનું મોઢું ખોલી નાંખી, કૂટસ્થે આખા ઓરડામાં શાંત નિર્મળ જ્યોત્સ્નાના જેવો આછો પ્રકાશ કરી મૂક્યો. કામિની આશ્ચર્યમુગ્ધ બનીને એ જોઈ જ રહ્યો. સમય અને સ્થળ જાણે ન હોય એવું એને થયું.

કૂટસ્થે પેટી ખોલી જૂના કાગળ લઈ લીધા, અને એક સહીસલામત જગ્યામાં મૂક્યા. ત્યાર પછી એ કામિની પાસે બેઠો.

કામિનીને પોતાના રાજ્યદ્વારી જ્ઞાન વિષે સારો મત હતો. પટ્ટનની સર્વ ગુપ્ત માહિતી એની પાસે હતી. અવનીશનાં દરેક છિદ્ર એ જાણતો. ચામરાજેન્દ્રનો આખો ઇતિહાસ એ કહી શકતો. પૃથ્વીશ

સાથેની મૈત્રીથી એની શક્તિ વધી હતી. પણ અત્યારે, આ જોઈને એ તો તદ્દન નમ્ર બની ગયો. આ સ્થળની શાંત ભવ્યતાની એના મન ઉપર ઊંડી અસર થઈ ગઈ: અને પોતાનું જીવનધ્યેય તો ક્ષુલ્લક લાગવા માંડયું ! આવી સ્થિતિમાં જ એ બોલી ઊઠ્યો :

'ગુરુદેવ ! એક અંતિમ પ્રાર્થના છે !'

કૂટસ્થે બોલ્યા વિના તેની સામે જોયું.

'પૃથ્વીશે જે કામ મને સોંપ્યું હતું તે ગુરુસ્થાનમાં પહોંચતું કર્યું. હવે મારા પર બીજી કાંઈ જવાબદારી નથી. મારી સ્ત્રી મૃત્યુ પામ્યાં ત્રણ વર્ષ થઈ ગયાં. એક નાની બેન અનંત સાથે છે. ગુરુદેવ ! આ ભવ્ય જીવનનો મને જો પ્રથમ પાઠ આપો તો મારે હવે રાજદ્વારી વાતાવરણમાં નથી પડવું.'

કૂટસ્થે મંદ સ્મિત કર્યું. કામિનીને નિરાશ કરવો નથી, એવા નિશ્ચયથી તે બોલ્યો :

'કામિની ! જે ભવ્ય જીવન ગાળવાનો અત્યારે તને અભિલાષ થયો છે, તે જીવનનો પ્રથમ પાઠ જ હું તને આપું છું. આપણે જે કામ કરીએ તેને જો માનસિક રીતે રૂપાંતર પમાડી શકીએ–એટલે વિજય અને સિદ્ધિ આપણાં જણાય તે વખતે પણ ત્યાગની જ ભાવના રાખી શકીએ, તો જીવનની એ સારી શરૂઆત ગણાય.'

'ગુરુદેવ !' કામિનીએ ગદ્‌ગદ થતાં કહ્યું : 'મને આંહી જ રાખો. મારે આંહી જ શરૂઆત કરવી છે !'

'એનું પરિણામ ભયંકર છે ! એમાં તો પતન છે, સિદ્ધિ મળે તો સિદ્ધિનું, નહિતર અપક્વતાનું !'

'ભલે હો ! પતન એ પણ આંહી તો ઉત્થાન જ છે !'

'કામિની ! ભૂલ ન કર.' કૂટસ્થે દૃઢ રીતે કહેવા માંડયું. 'આ ચામરાજેન્દ્રનું ભવન નથી, કે રાજદ્વારી મહત્ત્વાકાંક્ષાનો વિષય નથી. આંહી તો તારો ઇતિહાસ તારે ઘડવો છે. આવી શરૂઆત કેમ કરવી એમાં જ ખૂબી છે. શુષ્ક શાસ્ત્રીય શરૂઆત તારા જેવા

કલ્પનાપ્રધાનને તો બીજી દિશામાં ફેંકી દેશે : સ્વભાવ ઉપર વિજય મેળવવા જતાં સ્વભાવ તને ઘણે દૂર ખેંચી જશે !'

'ગુરુદેવ ! મારી આંતર તૃષા છીપતી નથી : મને આ જીવનનો અભિલાષ જન્મ્યો છે !'

કૂટસ્થે કહ્યું : 'ઠીક છે, જુવાન માણસ ! હજી વિચાર કરી લે. હમણાં જે રસ્તો આપું છું તેમાં યત્ન તો કરી જો. એ રસ્તામાં જ તારી પરીક્ષા થઈ જશે.'

કામિની શાંત થયો. ચારે તરફથી પડી રહેલાં જલ-બિન્દુનો સંગીતમય વરસાદ એ સાંભળી રહ્યો. બહાર મન્દ મધુર અનિલ વહેતો હતો. સઘળે શાંતિ શાંતિ જણાતી હતી. કામિની તો આ વૈભવ જોઈ જ રહ્યો.

'કામિની !' કૂટસ્થે બોલવાની શરૂઆત કરી : 'હવે પછીના સમયમાં પટ્ટન તરફ હું આવવાનો છું. જેમ વડને બચાવ્યો તેમ પ્રતાપમલ્લને બચાવવો છે. 'રાષ્ટ્ર'પત્રના તંત્રીપદ ઉપરાંત, ચામરાજેન્દ્રના અંતઃપુરની સર્વ બીના તારે જ લાવવાની છે. હું તને ચેતવું છું કે આ કાર્ય કરતાં તારે જોખમ વહોરવાનું છે. આકાશના ઘેરા આસ્માની રંગનાં ચપળ નયનોથી જરૂર ડરજે ! બસ ! હવે તું જા. હું કાલે, પુષ્કરના આશ્રમમાં રાત્રીએ મળીશ.'

કામિની બોલ્યા વિના ચાલતો થયો. કામિની બહાર નીકળ્યો, અને સર્વ રચના ઐન્દ્રજાલિક હોય તેમ સ્વપ્નમય બની ગઈ. એ મનમાં જ વિચાર કરવા લાગ્યો : 'કૂટસ્થમાં આટલી શક્તિ કયાંથી ? પુષ્કર કહે છે કૂટસ્થ યોગની બહુ ઊંચી ભૂમિકા પર છે. એ સત્ય હોય તો પ્રતાપમલ્લ બચી ગયો જ સમજવો. હવે શું થાય છે એ જોવાનું. પણ એ વાત નક્કી છે, કે કોઈએ જે કર્યું નથી તે કૂટસ્થ કરશે !'

એ વિચાર કરતો ઘેર પહોંચ્યો. ત્યાં અનંત એની રાહ જોઈ બેઠો હતો. કામિનીએ પ્રવેશ કરતાં જ દીપકના પ્રકાશમાં અનંતના

ચહેરા પર ગ્લાનિ જોઈ. ઉતાવળે જ પૂછ્યું :

'અનંત ! કાંઈ અત્યારે ? શું છે ?'

'આપનું જરૂરી કામ છે. પૃથ્વીશના બંગલા ઉપર તો પોલીસની ચોકી બેસવાની છે. સર્વ કરવા યોગ્ય ફેરફાર તો કયારનો થઈ ચૂકયો છે. પણ એક જ વાત બાકી છે, ઇંદુમતીને કયાં મૂકું ?'

'આહા !' કામિનીએ કપાળ પરથી ભમ્મર પર હાથ લાવતાં કહ્યું : 'હવે એનો શું ઉપાય ? પૃથ્વીશને બહેન નથી એમ પટ્ટન જાણે છે ?'

'ના, પૃથ્વીશને બહેન છે. પણ એના સાસરે છે. એવી જ વાર્તા પટ્ટનમાં પ્રસરાવી છે.'

'ઠીક, ત્યારે યશલાલસિંહ કયારે આવશે ?'

'હવે જે વખત બાકી છે તેમાં.'

'ત્યારે અનંત ! હવે એક જ ઉપાય છે. ઇંદુમતીને પુષ્કરના આશ્રમમાં પહોંચાડી દે–જલદી કર.'

'તમે સાથે આવો છો ?'

'હા, હું તને રસ્તામાં મળીશ.'

અનંત ઘરે ગયો ને ઇંદુમતીને લઈ, આડે અવળે રસ્તે થઈ ભદ્રેશ્વર તરફ આવ્યો. રસ્તામાં કામિની મળ્યો. બન્ને જણા ઉતાવળા પુષ્કરના આશ્રમે ચાલ્યા. વૃદ્ધ માણસ શાંત નિદ્રામાં પડયો હતો તેને જગાડયો, ને ઇન્દુમતીની હકીકત કહી. તેણે સ્નેહથી પોતાની પુત્રીગણી આવકાર આપ્યો અને ઇન્દુમતીને ત્યાં રાખી, યશલાલને સમયસર મળવા બન્ને પાછા વળ્યા.

અનંત બંગલામાં પહોંચ્યો. ત્યાં સર્વત્ર ઘોડેસવારોની ચોકી હતી. અને બંગલામાં થતા અવાજ પરથી લાગ્યું કે યશલાલસિંહ આવી ગયેલ છે, અનંત આગળ વધ્યો. એને પોલીસે અટકાવ્યો.

'પીછે હઠો !'

અનંતે કહ્યું : 'મારો બંગલો છે : મારી જરૂર પડશે જ.'

સરદારે છેટેથી ઇશારત કરી, અનંતને જવા દેવા ફરમાવ્યું. પોલીસ દૂર ખસી ગયો.

ફામિની સ્તબ્ધ જેવો બહાર ઊભો રહ્યો.

પણ એટલામાં અનંત, યશલાલસિંહ અને ફૂટરથ એમાંથી બહાર આવતા દેખાયા!

ફામિનીની આંખે તમ્મર આવ્યાં. એ પડતો પડતો માંડ બચ્યો. પોતે જુએ છે એ સ્વપ્ન તો નથી નાં? એણે પોતાની આંખો ચોળી. તે વિચારી રહ્યો: 'આ શું? ફૂટરથ અત્યારે આંહી કયાંથી?'

'આ પ્રસંગ પર કદાચ અનંત નાનો હોવાથી મૂંઝાઈ જાય, એમ ધારી હું આવ્યો.' ફૂટરથે યશલાલસિંહ સાથે ચાલતાં ચાલતાં ફામિનીને કહ્યું.

'આ પ્રસંગ પર?' યશલાલસિંહે પોતાની તીણી આંખને જરાક વધારે ઝીણી કરી, બારિકીથી અવલોકન કરતાં કહ્યું.

ફૂટરથે મોં મલકાવી કહ્યું: 'હું કેટલીક વખત પ્રસંગને લાવી શકું છું: કેટલીક વખત પ્રસંગને જોઈ શકું છું. આ પ્રસંગ મેં જોયો હતો.'

સરદાર છેટે ઊભો ઊભો સાંભળતો હતો તે ફિક્કો પડી ગયો. ફામિનીએ ધ્યાન દઈને સાંભળવા માંડયું:

'ત્યારે પૃથ્વીશ તમારે શું થાય? અનંત કાંઈ સગો છે?'

'પૃથ્વીશ અને અનંતને હું ચાહું છું.'

પોલીસ કમિશ્નર યુરોપિયન હતો. તેણે પહેલી જ વખત બોલવું શરૂ કર્યું:

'યશલાલસિંહ! એ બધી અસંબંધ વાત જવા દો. અનંત, હવે પછી આ ઘર જ્યાંમાં રહેશે ત્યાં સુધી નહિ આવી શકે. દરેક મુદ્દા માલ તપાસી લ્યો. અને આ રાક પડના માણુસને પોલીસની સંભાળમાં રાખો. સરદાર!'

સરદાર તો પાસે આવવાને બદલે ઘા? દૂર ખસી ગયો.

'ત્યારે, ફૂટસ્થ, હવે તમે મારા કબજામાં છો.' યશલાલે ફૂટસ્થ તરફ ફરીને કહ્યું.

'અલબત્ત!' ફૂટસ્થે જવાબ આપ્યો : 'પણ...'

યશલાલસિંહ જરા પાછળ રહી ગયો. પોલીસ કમીશ્નરે વાત ઉપાડી લીધી. 'પણ શું?'

'કારણ વિના મને કબજામાં રાખવાનું સામર્થ્ય કોનામાં છે, એ મારે જાણવું છે.'

'તમને સવારે છૂટા કરવામાં આવશે.'

'હું તો છૂટો જ છું.' ફૂટસ્થે પોલીસ કમીશ્નરનો હાથ પકડીને કહ્યું. વીજળીના આંચકાની પેઠે એ ધ્રૂજ્યો.

'તમે બરાબર સમજ્યા નથી...' યશપાલે આવીને અધૂરી વાતનો દોર આગળ ચલાવવા યત્ન કર્યો : 'સાહેબ એમ કહે છે કે સવારે તમને...'

ફૂટસ્થ ઊભો રહી ગયો. એ જરાક કડકાઈથી બોલ્યો : 'જુવાન માણસ! તારા જીવન ઉપર તને પ્યાર નથી?'

પોલીસ કમીશ્નર આ તાલ જોઈ ભડકયો. એને આ ખાખી અજબ લાગ્યો. પોતાની પાસે એક માણસ હોય તો ઠીક, એમ ધારી એણે ફરીને ઘૂમ પાડી, 'સરદાર!'

સરદારને હવે આવવું પડયું : પણ એણે તરત સાહેબ પાસે આવતાં જ વાત કરી : 'સાહેબ, એ માણસને જવા દો!'

આ ઊંધાધૂંધીનો લાભ લઈ કામિનીકુમાર નજીક આવી પહોંચ્યો અને રસથી સાંભળવા લાગ્યો. ફૂટસ્થના શબ્દનો અભ્યાસ, એ એના જીવનક્રમમાં ઉપયોગી બાબત હતી. એ દરેકે દરેક શબ્દ ધ્યાનથી સાંભળવા લાગ્યો :

'તમે આ માણસને ઓળખો છો?' પોલીસ કમીશ્નરે સરદારને એક તરફ લઈને પૂછયું.

'જી હા. એ રખડનારો ભૂત, ગાંડો છે!' યશલાલે સરદાર

તરફ જોયું. જાણે એવું કહેવા કે હજી તારો ભૂતનો ખ્યાલ નથી ગયો.

'થોડાં વર્ષો પહેલાં એ આંહી રહેતો, સટ્ટામાં બધું ગુમાવી બેઠો. સ્ત્રી પણ મરી ગઈ, ત્યાર પછી એ ગાંડો થઈ ગયો છે.' સરદારે તોપ ઉપર તોપ છોડવી શરૂ કરી.

ફૂટસ્થના ચહેરા ઉપર પ્રસન્નતા આવી. ખુલ્લું થયા વિના વિઘ્ન જાય છે એ જાણી એને સંતોષ થયો.

'ગાંડો?' પોલીસ કમીશ્નરે પોતાના ભયને બેદરકારીભર્યા અવાજમાં છુપાવવા યત્ન કર્યો, 'ગાંડો? સરદાર! સાચું છે?'

યશલાલસિંહે પાછળથી ટેકો પૂર્યો. 'જી હા.'

'ગરીબ માણસ!' પોલીસ કમીશ્નરે, દંભનો પૂરો આશ્રય લીધો. ભયને દયારૂપે દેખાડ્યો! 'યશલાલસિંહ! ત્યારે એને જવા દો! જવા દો! અનંતને એક ઓરડીમાં રહેવા દેજો અને હાલ બંગલા ઉપર જાપ્તો રાખજો. એને કહી દો કે તું જા! હવે પાછો આંહી હમણાં આવીશ નહિ! ગરીબ માણસ! સરદાર, ગાંડો? એને જવા દો! Mad કાં?'

સરદારે માથું ધુણાવી હા પાડી.

ફૂટસ્થ તરત ત્યાંથી ઉપડ્યો. કામિનીને પાછળ આવવા ઇશારો કર્યો.

'તમે કયારે આવ્યા?' કામિનીએ અચંબો દબાવી સાધારણ પ્રશ્ન કર્યો.

ફૂટસ્થે તેની સામે જોયું: 'આશ્ચર્ય થાય છે? શરીરના અંતરમાં અને મનના અંતરમાં ફેર છે!'

કામિની બોલ્યો નહિ, પણ એનું મન આ સિદ્ધિ ઉપર ચોંટ્યું. ફૂટસ્થ એ જાણી ગયો.

'તને કહ્યું છે એ તું યાદ રાખજે, આકાશના જેવાં આસમાની ચપળ નયનો!'

કામિની હજી કાંઈ બોલ્યો નહિ. એનું મન ફૂટસ્થના વિચારમાં

તલ્લીન હતું.

થોડે દૂર જતાં બન્નેના માર્ગ જુદા પડ્યા.

'આપણે પાછા મળીશું.' કૂટસ્થે જુદા પડતાં કહ્યું.

કૂટસ્થ દેખાયો ત્યાં સુધી કામિની જોઈ રહ્યો. પછી, એ વિચારમગ્ન બની ઘેર ગયો. આ માણસ આટલો વિચિત્ર અને અસાધારણ કેમ છે? એ પ્રશ્નનો ઉત્તર રાષ્ટ્રના તંત્રીને મળ્યો નહિ અને 'રાષ્ટ્ર'ના અંકની ઉપાધિમાં પડેલું રાજદ્વારો મગજ, થાકીને ધીમે ધીમે નિદ્રામાં પડ્યું.

૮. નવા શસ્ત્રની શોધ !

પૃહ્લનના વિખ્યાત કવિ ગવૈયા ચંદ્રસેનના ઘર પાસે એક કોઈ નવી સ્ત્રી રહેવા આવી છે, એ વાત એક દિવસ અચાનક અવનીશના કાન ઉપર આવી. એને એના કારકુન પ્રીતમલાલે જ એ કહી હતી. એક વખત એ બાજુ તરફ ફરવા ગયા ત્યારે અવનીશે પૂછ્યું: 'એ કયાં રહે છે પ્રીતમલાલ ?'

'આંહીં પાસે જ, કંચનના ઘર પાસે. વારંવાર ચંદ્રસેનના ખેતર સુધી ફરવા જાય છે.'

'પણ એ આવી છે કયાંથી ? અને છે કોણ ?'

અવનીશે, જેમ પ્રીતમલાલને વિશ્વાસપાત્ર માણસ ધારી રક્ષક તરીકેનો અવાજ ફેરવ્યો, તેમ પ્રીતમલાલે નમ્ર સેવકનું સ્થાન છોડી, વિશ્વાસુ દેખાવા યત્ન કર્યો.

'એવું છે સાહેબ ! કે, એ આવી છે કલકત્તાથી. આંહીં માણસોને લૂંટવા આવેલી છે. પણ કલકત્તા જેવું આ ગામ મૂર્ખ નથી. આ ગામ તો રાંડનાં લુગડાં ઉતરાવે તેવું છે !'

અવનીશે જોયું કે પ્રીતમલાલ કાંઈ છૂપાવતો નથી, પણ પોતાની મૂર્ખાઈ ને લીધે વધારે જાણતો નથી. તેણે પૂછ્યું,

'પણ કલકત્તા મૂકીને આટલે બધે દૂર ! આંહીં જ કેમ આવી હશે ? કોઈક પણ જાણીતો હોય તો જ આવે ને ?'

'કલકત્તા હવે એ રાંડથી ધરાઈ રહ્યું હશે !' પ્રીતમલાલે કહ્યું.

અવનીશ વધારે બોલ્યો નહિ. પ્રીતમલાલમાં રાજદ્વારી કૌશલ્ય કરતાં મજૂરોના જેવી શક્તિ વધારે હતી. એ ઘણું લખી

શકે ને થોડું સમજી શકે એવો ઉપયોગી કારકુન હતો. અવનીશે એ વાત વધારે છેડી નહિ. જાણે પોતાને એ વાતમાં રસ પડ્યો જ નથી.

પણ આંહીં જ્યાં વૈભવની અસાધારણ છોળ, યૌવન અને અજ્ઞાન બધાં ભેગાં થયાં હતાં, ને પેલા પરદેશીઓ એમને મહામૂલ્યવાન ગણીને સાચવી રહ્યા હતા, ત્યાં સૌથી વધારેમાં વધારે ઉપયોગી તો સ્ત્રીનું શસ્ત્ર જ હોઈ શકે, એ અવનીશ સમજી ગયો. એણે એ નવી સ્ત્રીમાં રસ લેવા માંડ્યો.

તે દિવસે જ રાત્રિએ નવ બજે સોમનારાયણ, પોતાના દીવાનખાનામાં બેસી, માસિક ખર્ચનો અડસટ્ટો કાઢતો હતો. સરકારના બજેટમાં મોટા મોટા પગારદારો હોય છે, ને તેથી બજેટનો આંકડો હમેશાં ખર્ચ તરફ નમતો રહે છે ! બજેટની ખરી ખૂબી પણ એ જ છે. પણ સોમનારાયણના આશ્રિતોમાં દોઢથી ત્રણ રૂપિયાનો કરસન, પાંચ રૂપિયામાં માવજી ધોબી ! ને છ રૂપિયામાં નંદુ કામ કરનારી ! એના સાતસો રૂપિયાના મોટા આંકડામાં, આટલા પગારદારો બાદ કર્યા પછી ને પાંચમે રૂપિયા ખર્ચના બાદ કર્યા પછી અડસટ્ટે લગભગ બસો રૂપિયા રહેવા જોઈએ !

સોમનારાયણ, પટ્ટનનો જંગલખાતાનો અધિકારી, અત્યારે એક મોટી ચિંતામાં હતો. બસો રૂપિયા માસ આખરે સિલિકમાં રહેવા જોઈએ, તેને બદલે, બારસો રૂપિયા સિલકમાં રહેતા હતા ! સાળું આવું હજારનું ફાંકું ક્યાંથી ? સોમનારાયણ મૂંઝાતો હતો પણ ખુશ થતો હતો કે આ વખતે ચામરાજેન્દ્રના નેક ન્યાયી રાજ્યમાં શ્રી લક્ષ્મી પોતે એને વધાવવા આવ્યાં હતાં !

પગાર ઉપરાંત આવા અકસ્માત બને એમાં દોષ કોનો ? આવા અકસ્માત વારંવાર બને છે અને તેથી અધિકારીઓ મૂંઝાય છે ! સોમનારાયણ આ મૂંઝવણમાંથી છૂટે તે પહેલાં, અવનીશનું માણસ તેને બોલાવવા આવ્યું. અને સોમનારાયણ મૂંઝવણમાંથી છૂટ્યો.

સોમનારાયણ ગયો ત્યારે અવનીશ પોતાના દીવાનખાનામાં

બેઠો હતો. એક ખૂણામાં ટેબલ પર માથું ઝુકાવી એનો પુત્ર અનિલકુમાર ઇતિહાસનાં પાનાં ઉપર પોતાની સારી જવાની બરબાદ કરતો હતો. લખનારે લખ્યું હતું અને અનિલ ગોખતો હતો :

'પેશ્વા, મરાઠાનો નિમકહલાલ નોકર નીવડ્યો. બાલાજીના દુષ્ટ રાજકૌશલ્યથી શાહૂ પોતાનું રાજ્ય તરીકેનું ગૌરવ અને અભિમાન બેઠાં બેઠો હતો. અને બાજીરાવે આ કૌટિલ્યભરી રાજનીતિમાં વિશ્વાસઘાત ને સ્વામીદ્રોહ ઉમેર્યાં ! મરાઠાના વીર પુરુષ શિવાજીનું રાજ્ય બાયલા બ્રાહ્મણોએ વિશ્વાસઘાતથી લીધું અને ઈશ્વર કૃપાથી પરમાત્માના દૂત જેવા, ગોરા અધિકારીઓએ બાજીરાવના વંશજને યોગ્ય શાસન આપ્યું !'

ગરીબ બિચારો અનિલ ! એના નશીબમાં આ ઇતિહાસ હતો.

સોમનારાયણ અંદર આવ્યો. અવનીશે તેને પાસે બેસારી અનેક ગામગપાટા મારવાની શરૂઆત કરી, અને વાતમાં જ પૂછ્યું.

'એ નવીન આવનાર સ્ત્રી કોણ છે, સોમનારાયણ ?'

સોમનારાયણે કહ્યું : 'એ આવનાર કલકત્તાની નાચનારી છે. દેવયાની એનું નામ.'

'તેં કેમ જાણ્યું ?'

'પ્રીતમલાલ કહેતો હતો. એ કંચનના ઘર પાસે રહે છે.'

'પૃથ્વીશ અને તેનું મંડળ વ્યવહારપ્રધાન કરતાં કલ્પના પ્રધાન વધારે છે. એવા મનુષ્યોને મારવા શક્ય નથી. એમના માર્ગને ફેરવવો ઇષ્ટ છે. તને એ કેમ લાગે છે ?' અવનીશે કહ્યું.

સોમનારાયણ કાંઈ બોલ્યો નહિ, એટલામાં યશલાલે પ્રવેશ કર્યો. અવનીશે આગળ બોલવું શરૂ કર્યું.

'જો, કલકત્તાની આ પ્રખ્યાત ગાનારીને આપણે મદદમાં લેવી જોઈએ. પૃથ્વીશને થોડા દિવસ પછી છૂટો મૂકવો. દેવયાની એને દ્વારે એવી ગોઠવણ કરો એટલો આપણો બેડો પાર !'

અવનીશે યશલાલસિંહ સામે જોયું. યશલાલસિંહે સલામ કરી,

અનુમોદન આપ્યું.

'હવે એ ગોઠવણ કરવી પૃથ્વીશને છોડવાની, યશલાલસિંહ! તમારા હાથમાં. સોમનારાયણ બીજી બધી વાત સંભાળશે. પણ તમે મને દેવયાની વિષે સંપૂર્ણ તપાસ કરી કાલે ખબર આપો. સોમનારાયણ! તમે પણ પાછા મળજો તો ખરા.'

યશલાલસિંહ અને સોમનારાયણ ચાલ્યા ગયા. અવનીશનો ચપળ સ્વભાવ ઘડીભર શાંત થયો. પણ પોતે સ્વાશ્રયી હોવાથી, અવનીશને આ કામ પોતાને જ કરવું ઠીક લાગ્યું. કોઈ ન જાણે તેમ અવનીશ બીજે રસ્તેથી નીકળી ગયો થોડીવારમાં દેવયાનીના મકાન પાસે આવીને ઊભો રહ્યો.

અંદર દીવાના તેજમાં દેવયાનીનું સુંદર ગોળ વદન પ્રકાશતું હતું. એણે અત્યારે તદ્દન સાદાં વસ્ત્રો પહેર્યાં હતાં. એક કોચ પર એ જરા બેદરકાર રીતે આડી પડી હતી અને એના પવનમાં ઊડતાં ઝુલ્ફાંની કોઈ કોઈ લટ આંખ આડે આવતી તે સમારતી હતી. બીજે હાથે એણે એક ચોપડી ઝાલી હતી, અને ઘડીમાં ચોપડીમાં તો ઘડીમાં બહાર જોતી હતી.

એટલામાં આવનારે પ્રવેશ કર્યો. પોતાના ઘરમાં અત્યારે એક અજાણ્યા પુરુષને જોઈને દેવયાનીને પહેલાં જરાક ગભરામણ છૂટી, પરંતુ આવા પ્રસંગો એને સાધારણ હોવાથી તે તરત જ સ્વસ્થ થઈ ગઈ. પોતાની વિશાળ આંખો ફેરવી પૂછ્યું, 'કેમ?'

'અચાનક આવવું પડ્યું એટલે આગળથી કહેવરાવી શક્યો નથી.' અવનીશે શરૂઆત કરી,

અવનીશને જોતાં જ દેવયાનીએ અનુમાન કર્યું કે કોઈ રાજદ્વારી પુરુષ છે. લાગણીથી નહિ પણ સ્વાર્થથી આવ્યો છે. તેણે એક ખુરશી નાંખી આપી બેસવા કહ્યું:

અવનીશે બેસતાં કહ્યું, 'હું આંહોનો દીવાન છું!'

દેવયાનીએ ઊભા થઈ તસ્લીમ કરીઃ વિવેક કર્યો, 'મુજ

ગરીબ જેવું કામકાજ !'

'હા, હું તમને ચેતવવા આવ્યો છું.' અવનીશે ભય અને દયા સાથે રાખ્યાં, 'કે કાલે અમારા પોલીસ સુપ્રીન્ટેન્ડેંટ તમને મળવા આવશે. તેને તમારી પિછાન આપી કહેશો કે તમારે મહારાજાને મળવું છે !"

'પણ મારે મળવું નથી !' દેવયાનીએ કહ્યું:

'તો તમારી ઇચ્છા. તમારે મળવું હોય તો અધિકારી મારફત કહેવરાવી શકાય એવી મેં ગોઠવણ કરી છે.'

'એ માટે આપનો ઉપકાર માનું છું.'

ચતુર દેવયાનીએ આ શબ્દો ઉચ્ચાર્યા પરંતુ તુરત કળી ગઈ કે દીવાનનો સ્વાર્થ શરીરનો નથી. વ્યવહારિક ધડમથલમાં ગુંચવાયલા મગજમાં ભાવ અને ભાવના પ્રવેશ કરી શકતાં નથી. તેમજ એ જીવનમાંથી લૂખ્ખું આશ્ચર્ય અને અદ્‌ભુત તત્ત્વ ઊડી જાય છે ! ચતુર ગાનારીએ તરત જ ઉમેર્યું : 'અને મારા સરખું કાંઈ કામકાજ ?'

અવનીશે જરાક વિવેકભર્યું હાસ્ય કર્યું. એના જેવા મનુષ્યોનો ભાવવિનાનો આ સહજ અભિનય હતો !

'કાલે મહારાજાને તમે મળો તો પછી મારે તમને એક કામ સોંપવું છે. એક સાધારણ માણસને જરા રાજદ્વારી બાબતથી ખસેડી સ્નેહની બાબતમાં લઈ જવો છે. સમજ્યાં ના ?'

દેવયાની ન સમજે એ તો કેમ બને જ ?

ત્યાર પછી અવનીશે બીજી કેટલીક સાધારણ વાત કરી, કોઈ વખત આવવાનું કહી એ ગયો. એનું રાજદ્વારી મગજ હિંડોળે ચડ્યું હતું : ચામરાજેન્દ્ર અને કંચન; દેવયાની અને પૃથ્વીશ; પછી કોણ રહ્યું ? શાંત રાત્રિમાં એના હૃદયમાં ધીમેથી અવાજ થયો: 'કૂટસ્થ !' 'કૂટસ્થનું શું કરવું ?'

અવનીશ આ સવાલનો નિર્ણય લાવી શક્યો નહિ. એનું રાજ-

દ્વારી કૌશલ્ય ત્યાં થાકયું. ફૂટસ્થને કોઈ સ્ત્રી પહોંચશે ? નહિ ? હવે એ એક ભયંકર પ્રશ્ન અવનીશની સમક્ષ આવીને ઊભો. મશરુની સુંદર પથારીમાં આમતેમ પડખાં ફેરવી એ ઉભો થયો ને પછી પોતાના પિતાના સમયના કાગળો ખોળવા લાગ્યો, ત્યારે શાંત રાત્રિમાં પટ્ટનના ટાવરમાં લગભગ બે વાગી રહ્યા હતા !

૯. ફાટફુટ

અવનીશે પકડેલો ઘા પ્રતાપમલ્લ ઉપર કરવાનો વિચાર કર્યો. એનું શસ્ત્ર આ દેવયાની. ત્યાર પછી એક વખત ચામરાજેન્દ્રને મળીને રાજકુમાર પાછો ફરી રહ્યો હતો ત્યારે એણે એને બોલાવ્યો. પ્રતાપ-મલ્લ અવનીશને ત્યાં ગયો, ત્યારે અવનીશ પોતાના ખંડમાં બેઠો હતો. આ ચતુર પુરુષે નિશ્ચય કર્યો હતો, કે પૃથ્વીશ અને તેના મંડળને દાબવા કરતાં ઠગવામાં લાભ છે, ચામરાજેન્દ્રે પણ આ સૂચના માન્ય કરી હતી.

પ્રતાપમલ્લને આવતો જોઈ દીવાન ઊભો થઈ ગયો. જાણે યુવરાજના પધારવાથી પોતે લાગણીથી વિવશ થઈ ગયો હોય તેમ ઘડીભર તો આભાર ભર્યા ચહેરે એની સામે જ જોઈ રહ્યો. તે સહેજ હસતે ચહેરે પ્રતાપમલ્લ સામે ગયો. તેને ગાદીતકિયા ઉપર બેસારી પોતે ઊભો રહ્યો. પ્રતાપમલ્લે બેસવાનું કહ્યું ત્યારે જ બેઠો.

'દીવાન સાહેબ! મને બોલાવ્યો હતો?'

'જી હા આપને જ. આપના અને કૂટસ્થના શુભ પ્રયત્નથી, મહારાજાનું દિલ કાંઈક ડગ્યું છે. અને કદાચ પૃથ્વીશ છૂટો થાય. અંતે સત્યનો જય છે એમ કહે છે, તે આનું નામ.'

પ્રતાપ દીવાનને સમજી ન શક્યો. તે બોલી ઊઠ્યો: 'એ વાત તો મારે પણ મહારાજા સાથે થઈ હતી. કૂટસ્થને પણ કહ્યું છે કે પૃથ્વીશ બાબત એ તેમને મળે.'

'એમ?'

દીવાને શું વાત થઈ હતી એ કઢાવવાનો નિશ્ચય કર્યો. પોતાની આંખ જરાક ખેંચી વાતમાં રસ પડ્યો હોય તેમ તે બોલી ઊઠ્યો;

'થયું ત્યારે. એ વાત સવારે થઈ હશે.'

'હા, આજે સવારે.'

'પૃથ્વીશ વિષે હુકમ જો કે બહાર પડ્યો નથી...પણ આપનો હુકમ હોય તો યશવાલને હું બોલાવું, મહારાજે મૌખિક વાત તો તમને કરી જ છે.'

આજ્ઞા ઉઠાવવાને બહાને અવનીશે પોતાનો વિનય દર્શાવ્યો – સાથે સાથે પોતે પ્રતાપનો જ છે એ પણ દેખાડી દીધું. પ્રતાપ ઉપર આની શી અસર થાય છે એ જોવા એ થોભ્યો. પ્રતાપ બોલ્યો:

'ના ના, તમે સમજ્યા નહિ? હજી કૂટસ્થ.....મહારાજને મળશે, ત્યાર પછી પૃથ્વીશ વિષે નક્કી નિકાલ થશે.'

'હં, એમ છે કાં?'

'પણ ત્યારે તો કૂટસ્થ આજે જ મળી લેત.'...પ્રતાપ પર આ વાક્યની અસર તો આબાદ થઈ. એ ઘડીભર શંકામાં પડ્યો કે અવનીશ કોના પક્ષમાં છે. અવનીશ એ સમજી ગયો. અને એના પૂછ્યા પહેલાં જ બોલી ઊઠ્યો:

'આપ એમ ન સમજતા કે પૃથ્વીશ વિષે અમીરાઈ બતાવી આપની હું ખુશામત કરવા ચાહું છું. ખરું પૂછો તો પૃથ્વીશને કેદ કરાવવાની હું વિરુદ્ધ હતો. મહારાજનું લુણ ખાઉં છું ત્યાં સુધી એની આજ્ઞા ઉઠાવ્યા વિના છૂટકો નહિ. પણ...'

'પણ'—કહીને દીવાન અટકી ગયો. વાતમાં કાંઈ ન હોય છતાં અધૂરી રહે એટલે એમાં રસ આવે છે. પ્રતાપે કહ્યું.

'કેમ અટક્યા? શું પણ?'

'પણ...કાંઈ નહિ. સમય એવો છે કે મૌન રાખવું એ જ ધર્મ છે.'

'ના ના તો પણ?' પ્રતાપને વાત જાણવાની ઇચ્છા સ્વા-

ભાવિક રીતે જ થઈ. 'તમે વાત કરો. મારામાં વિશ્વાસ છે કે નાં?' દીવાન તો આ જરાક ભાવનામય જમીન મળવાની રાહ જોતો હતો.

'જગતસિંહના પૌત્રમાં કોને શ્રદ્ધા ન હોય?' દીવાને ત્રાંસી આંખે જોયું : પોતાના જન્મ વિષે પ્રતાપ કાંઈ જાણતો હતો ખરો? પણ પ્રતાપનો ચહેરો તદ્દન સાફ હતો.

અવનીશ આગળ વધ્યો ;

'આપનામાં સંપૂર્ણ વિશ્વાસ છે. અને તેથી જ કહું છું કે પૃથ્વીશ જેવો તમારો તેવો જ મારો પણ મિત્ર છે. એને રાજ પર શ્રદ્ધા છે. માત્ર એક...'

'એક શું?'

'એક કૂટસ્થ વિષે હજી હું કાંઈ સમજી શકતો નથી. તે ધારે તો પટ્ટનના સિંહાસન ઉપર બેસી શકે. કૂટસ્થની એ મહત્ત્વાકાંક્ષા ન હોય, પણ અમે કારભારી તો રાજાના હિત માટે સગા ભાઈમાં પણ અવિશ્વાસ રાખનારા...' વાક્યનો છેલ્લો ભાગ અવનીશે જરાક હસતાં હસતાં મજાકમાં કહેતો હોય તેમ કહ્યો. વાક્યની આબાદ અસર કરાવવાની એ રીત છે. માઠું લાગવાનું હોય તો વાક્ય મશ્કરીનું છે એમ કહી પાછા ફરવાનો પણ એમાં રસ્તો છે. અવનીશે એ બન્ને માર્ગ રાખ્યા.

પ્રતાપમલ્લ જરાક અવિશ્વાસમાં પડ્યો હોય તેમ લાગ્યું. પણ કૂટસ્થનું શુદ્ધ વ્યક્તિત્વ એની નજર આગળ આવ્યું અને અવિશ્વાસ ઊડી ગયો. અવનીશને ખબર હતી કે પહેલી વખત તો શાંત રીતે સ્નેહમાં જરાક જ શંકા દર્શાવાય. પછી તો શંકા ઉપર મકાન ચણનાર માણસની પોતાની જ કલ્પના કયાં નથી?

એણે સ્નેહમાં શંકા મૂકી. અને પછી જાણે એ વાત સહજ જ થઈ હોય તેમ તરત જ બીજી વાત કાઢી.

'આપનો તો હજી જન્મ પણ નહિ. ત્યારે ભદ્રાવતીના વડ પાસે, નજરે જોનારા કહે છે કે, ત્યારપછી પટ્ટનમાંથી બહારવટિયાનું નિકંદન થયું. આગળનો જમાનો અને એ શૌર્ય તો બસ ગયાં.'

પ્રતાપનો ક્ષત્રિય સ્વભાવ સંતોષ પામ્યો. ડોકું હલાવી કારભારીના શબ્દોને અનુમોદન આપ્યું.

'એ વખતે રાજકુટુમ્બમાં પણ એવું જ શૌર્ય. એક વિચિત્ર ઘટના ત્યારે થઈ કહેવાય છે. ભલા માણસ, એ સમય જ જુદો. આજે વડ છે ત્યાં આગળ મોટો જબરો હોજ હતો. હવે તો એ નદીના પટમાં આવી ગયો. આસપાસ સુંદર પથ્થરની પાળ બનાવી પશુ કે પંખી પણ ન જોઈ શકે એવી વ્યવસ્થા કરી હતી. ત્યાં રાજકુમારી વારંવાર નાહવા જતાં. કોણ જાણે કેમ થયું બહારવટિયા નાગાર્જુનના પુત્ર અજયપાલના હાથમાં એ આવ્યાં. જગતસિંહ મહારાજે પાછા આવ્યાં ત્યારે અંતઃપુરમાં રાખ્યાં, પણ પછી એમને જીવનમાં આનંદ આવ્યો નહિ. અને મહારાણી સાથે એ પણ દેવ થયાં!'

અવનીશે તો પ્રતાપ પોતાના વિષે શું જાણે છે એ જાણવાની આમાંથી આશા રાખી હતી. પણ કારભારી સાથે આવી વાતમાં ઉતરતાં, હાલના રાજદ્વારી વાતાવરણ વિષે પ્રસંગોપાત કાંઈક જાણવાની એ યુક્તિ રચે, એ ભયથી પ્રતાપમલ્લે મૌન ચાલુ રાખ્યું. અવનીશ એનો એ અર્થ સમજ્યો નહિ, પણ હવે વધારે વખત આ વાતમાં કાઢવાથી, જેટલું કર્યું છે તેટલું અફળ થશે એમ ધારી મૂડ પાછી વાળી લીધી. પ્રતાપમલ્લે બીજી સાધારણ-વાત કરી રજા લીધી. સાંજ પડવા આવી હતી, તેથી ભદ્રેશ્વર ન જતાં પોતાના મહેલે જ ગયો. પોતાના મહેલની બારી ખુલ્લી મૂકી એ નિરાંતે સંધ્યાના કિરણો જોતો બેઠો. એવામાં નીચે જાહેર રસ્તા પર સોમનારાયણ તથા કામિનીને ચાલ્યા જતા જોયા. આ બે ભેગા? લલિતપટ્ટનનું વાતાવરણ ફર્યું કે શું? એને લાગ્યું કે કહો ન કહો પણ કૂટસ્થમાં પ્રભાવ તો છે જ!

નજર પહોંચી ત્યાં સુધી ફેરવી. પછી કામિની તથા સોમનારાયણને ભદ્રેશ્વર તરફ જતા જોઈ, એ પોતાના દીવાનખંડમાં ગયો.

પણ વાત જુદી જ હતી. સોમનારાયણ પર જે બોજો નાખવામાં આવ્યો હતો તે તેણે મહત્ત્વાકાંક્ષાથી ઉપાડી લીધો હતો. પણ પછી જવાબદારી જોઈ એ જરાક ડરાયો હતો. છતાં એણે શેતરંજ ગોઠવવી શરૂ કરી હતી. કામિની સાથે ફરવાનું એ જ કારણ હતું.

એ કામિનીકુમાર સાથે પહેલાં મિત્રાચારી હતી. વચ્ચે નાદ બેસૂર બોલ્યો હતો, પણ પૃથ્વીશ કેદ થયા પહેલાં, બન્ને મિત્રો સમાધાની પર આવતા હતા, ત્યાં પૃથ્વીશ કેદ થવાથી, પાછો સંબંધ જરાક ખેંચાણો. સોમનારાયણે આજે પાછો ફરીને મિત્રાચારીનો દેખાવ શરૂ કર્યો. ફરતા ફરતા બન્નેને દૂર નીકળી ગયા. પટ્ટનનો જાહેર રસ્તો બંધ થતો હતો અને જ્યાંથી ટેકરીઓની હાર શરૂ થતી હતી, ત્યાં સૂંવી પહોંચ્યા. અને ત્યાં એક વિશાળ શિલા પર બેસી વિશ્વાસથી વાતો કરવા લાગ્યા.

'કામિની!' સોમનારાયણે કહ્યું, 'રાજતંત્ર બહુ ગોટાળે ચડયું છે. પરિણામ આવે તે ખરું! ચામરાજેન્દ્ર શું ખેલ ખેલે છે તે સમજ્ઞ શકાતું નથી!'

સોમનારાયણે અતિ વિશ્વાસપાત્ર બનવા માટે, પોતાના જ પક્ષની ગુપ્ત ચર્ચા વિના સંકોચે શરૂ કરી દીધી હતી.

'રાષ્ટ્ર'નો તંત્રી સોમનારાયણનું પાણી માપી ગયો. તે ઠાવકું મોં રાખીને બોલ્યો.

'તમારી વાત તદ્દન સાચી છે! ચામરાજેન્દ્ર હવે શું કરવા માગે છે?'

'ચામરાજેન્દ્ર પૃથ્વીશને છૂટો મૂકશે. મને એમ લાગે છે કે હવે મહારાજાનું દિષ્ટબિન્દુ ફર્યું છે.'

'મને પણ એમ જ લાગે છે.' કામિનીએ હામાં હા મેળવી.

'પણ હાલમાં કંચનની પાસે કોઈ બીજું રહેવા આવ્યું લાગે છે! એ કોણ છે?'

'કોણ રહેવા આવ્યું છે?'

'કોઈ દેવયાની કહેવાય છે. કલકત્તાની ગાનારી છે. શું બુલંદ સ્વર છે! કામિની!'

'તમે સાંભળી છે?'

'તે વિના? એક વખત હું જરા ત્યાંથી જતો હતો ને તે ગાતી હતી. કેવી ચીજ!" સોમનારાયણે કામિનીના ભાવનાત્મક માનસને સ્પર્શ કરવા માંડ્યો.

'એમ! ત્યારે એક વખત આપણે સાંભળીએ!' કામિની બોલ્યો.

'આજે જ.'

'ના, કાલે; આજે નહિ.'

'તો ભલે! કાલે. અમારું સાંભળવું તો ઠીક છે, પણ તમે તો ડોલી જશો! જાણકારની વાત જુદી છે!'

તેણે વધારે રસ લાવવા નવી સરૂઆત કરી. 'આ દેવયાનીનો ઇતિહાસ એમ છે કે તે કલકત્તાની વિખ્યાત નાયનારી છે. અહીંયાં તો ચંદ્રસેનની ખ્યાતિ સાંભળીને આવી લાગે છે. એનો કંઠ એ કેવળ કુદરતની બક્ષિસ છે!'

કામિની ધામે રહી ઊભો થયો. બન્ને મિત્રો કાલે દેવયાનીને મળવાનો નિશ્ચય કરી પાછા ફર્યા. શહેરમાં દીવા પ્રગટ્યા હતા. માણસોની અવર જવર બંધ પડતી હતી. અંધારામાં ને અંધારામાં કંચનનું ઘર આવ્યું. તેની પેલી પાસ દેવયાનીના ઘરનો દીવો બળતો હતો. સોમનારાયણે કહ્યું. 'જુઓ પેલું જ ઘર! ત્યાં એ રહે છે!'

કામિનીએ ત્યાં જોયું. પણ તે ઘડીભર તો સ્તબ્ધ જ થઈ ગયો. તે રાડ પાડી ઉઠત, પણ તરત જ પોતે ક્યાં છે એ ભાન આવતાં ચૂપ થઈ ગયો.

રસ્તા ઉપર એક ઝાડને અઢેલીને ફૂટસ્થ ત્યાં ઊભો હતો. રસ્તા ઉપરના ફાનસના પ્રકાશમાં ઝાડની છાયા પડતી હતી. તે છાયાની ઓથે ફૂટસ્થ શાંત ઉભો હતો. કામિની તથા સોમનારાયણ

પસાર થઈ ગયા. તે વાતો કરતા ચાલ્યા ગયા. કામિનીએ પાછા વળી જોયું તો કૂટસ્થને દેવયાનીના ઘર તરફ જતો જોયો. એ મનમાં જ બોલ્યોઃ 'ગુરુદેવે બાજી શરૂ કરી દીધી લાગે છે! પણ એમાં આ ગાનારીનો શું ખપ હશે?' એને એનો જવાબ મળી શકયો નહિ. ઘર આવ્યું અને એ સોમનારાયણથી જુદો પડયો.

આ બાજુ કૂટસ્થ દેવયાનીના ઘર તરફ ગયો હતો. પોતાના એક પાળેલ કબૂતરને હથેળીમાં બેસારી, બીજે હાથે એના સુંવાળા નાના મસ્તકને દાબતી એ ત્યાં બેઠી હતી. પંખી પણ પોતાની આંખ ચડાવી મજાક કરતું જાણે નિર્ભય બેઠું હતું! દેવયાનીના છુટા બાલ ચારે તરફ પવનમાં મંદ મંદ જરા તરા હાલતા હતા. અને કયારેક કપાળ ઉપર, કે ગાલ ઉપર બેકાદ લટ એવી રીતે આવી જતી હતી કે અચ્છો ચિત્રકાર એ ચિત્ર લેવા પોતાની સારી જવાની ગુમાવે! શુભ્ર આસમાની રંગની સોનેરી રૂપેરી કિનારી વાળી સાડીમાં આજે એ આબાદ ખીલી હતી!

કૂટસ્થે સ્વસ્થતાથી પ્રવેશ કર્યો. દેવયાની તેની સામે જોઈ રહી. કૂટસ્થે આજે બંગાળી જેવો વેશ પહેર્યો હતો. દેવયાનીના જીવનમાં આ તદ્દન જ નવીન પ્રસંગ હતો. તે ઊભી થઈ ગઈ. હમેશના નિયમ પ્રમાણે બોલી ઊઠીઃ 'આવો! આવો! બાણુછ પધારો!'

દેવયાની બોલતાં તો બોલી પણ તે તરતજ કળી ગઈ, કે આ આવનાર કોઈ સાધારણ મનુષ્ય નથી. તેણે અવનીશને જોયો હતો. પટ્ટનના નરેશને પણ જોયો હતો. તેમને જોતાં એને સંપૂર્ણ વિશ્વાસ થયો હતો કે મારાં સૌંદર્ય અને કંઠ એમને જીતવાને બસ છે! પણ આજે અચાનક જ એને લાગ્યું કે આવનાર મનુષ્ય પુરુષ તરીકે સંપૂર્ણ છે. જયારે પોતાનામાં કોઈકિ જગ્યાએ સ્ત્રીનો અપૂર્ણ અંશ છે! એટલામાં તો કૂટસ્થનો શાંત સ્વર સંભળાયોઃ

'બેટા! દેવયાની! ચંદ્રસેનની કીર્તિ સાંભળી તું આંહીં આવી. પંણ આંહીં એનો હજી પત્તો નથી! એ બાજુ જ હજી લાગે છે!'

જીવનમાં આજે પહેલી જ વાર એણે આવી સ્વસ્થ વાણી સાંભળી. પણ એનો સ્ત્રી તરીકેનો અભિમાની સ્વભાવ સ્વમાન મૂકતાં પહેલાં ઉન્મત્ત બન્યો. જુવાન માણસ તેને 'બેટા' કહી રહ્યો હતો? પણ એનું બધું વિષ જાણે એવી સ્વસ્થ વાણીથી એણે ઉતારી નાખ્યું હતું! અને ચંદ્રસેનની વાત કરી એનું જીવન પણ જાહેર કરી દીધું હતું! તેણે ફૂટસ્થ સામે જોયું. કોઈ માનસિક વિગ્રહની બહુ બહુ સમજાવટને અંતે બેટા શબ્દ નીકળતો હોય એવી કોઈ પણ નિશાની ત્યાં ન હતી. મનુષ્ય પથ્થરને પથ્થર કહે તેમ ફૂટસ્થે બેટા કહ્યું હતું. એ કાંઈ બોલી શકી નહિ. કોઈ અદ્‌ભુત પુરુષ પાસે પોતે ઊભી છે એટલો જ વિચાર એના મનમાં પ્રધાનપણે આવ્યો:

'બેટા! દેવયાની!' ફૂટસ્થે પુનઃ બોલવાનું શરૂ કર્યું.

'તમે કેમ જાણ્યું કે હું ચંદ્રસેન માટે આંહીં આવી છું. મેં તો એ કોઈને કહ્યું નથી!'

'બેટા! હું સ્ત્રીત્વનો પૂજારી છું. તારા સ્ત્રીહૃદયમાં કેટલીક અસાધારણ અભિલાષા છે. એ અભિલાષાનો બીજો અર્ધખંડ પ્રદેશમાં છે. તમારી અભિલાષા જેટલી સામાન્ય છે તેટલી જ એક બીજાની સહાયક અને પૂરક પણ છે. પણ હું બોલું છું તે તું સમજે છે અથવા માને છે!'

'થોડું કંઈક સમજું છું.'

'મેં પણ એમ જ ધાર્યું હતું. પણ હમણાં તું વિશ્વાસ રાખશે તો વધારે સમજશે. તારા જેવા સ્ત્રીદેહ મારફત કુદરત ઘણી આશા રાખે છે. તને ખબર છે, નેપોલિયનને જન્માવતા પહેલાં કુદરતની પાસે ત્રણ સામગ્રી હોવી જ જોઈએ.'

'કઈ કઈ?'

'નેપોલિયનની મા, નેપોલિયનનું વ્યક્તિત્વ, નેપોલિયનને યોગ્ય ક્ષેત્ર! તારાં જેવા અનેક રત્નો માનવ જાતને હજી પણ ઉત્કૃષ્ટ

સ્થિતિ ઉપર લઈ જાય, એટલા માટે ભૂમિમાં અમુક જાતના નૈતિક અને સુંદર વાતાવરણની જરૂર પડે છે. માનવ સમૂહને ઊંચે લેવા હું જે પ્રયત્ન કરું છું તેમાં તું મદદરૂપ બની શકે. એમ મદદરૂપ થવા માટે જ કુદરતે આવી સામગ્રી તને આપી હોય. તેં એ રીતે કોઈ દિવસ વિચાર્યું છે?'

'એ રીતે? ના. પણ રહો, આપનું નામ?'

'લોકો મને કૂટસ્થ કહે છે.'

'આ હા!' દેવયાનીને એ નામ હવે તો પરિચિત હતું.

તે ખુરશી ઉપરથી નીચે ઊતરી ચરણમાં લોટી પડી. 'ગુરુદેવ ક્યાં તમારો પ્રભાવ? અને ક્યાં આ વાત? હું મદદ કરનાર કોણ?'

'કેટલીક વખત સમાજમાં અનેક ચિત્રોની જરૂર પડે છે. એમાંનું એક ચિત્ર તું. આટલું ધ્યાન રહેશે તો બધું સમજાશે. હવે હું જાઉં છું. પણ તું યાદ રાખજે, તને મારા ઉપર વિશ્વાસ છે! તું મારા કાર્યમાં જોડાવાની છે. શું કાર્ય છે એ પછી પ્રગટ થશે. આજે તને અવનીશ મળવા આવનાર છે. તારી પાસે કૌશલ્ય છે. તું એની વિશ્વાસપાત્ર બનજે. પછી હું તને મળીશ. સંપૂર્ણ રહસ્ય પછી જ થશે. પણ તું મારા ઉપર વિશ્વાસ તો રાખી શકે છે નાં?'

દેવયાનીએ મસ્તક નમાવ્યું.

કૂટસ્થ તરત રવાના થઈ ગયો. એ થોડે દૂર ગયો હશે એટલામાં અવનીશે પ્રવેશ કર્યો.

દેવયાનીએ એને આવકાર આપ્યો. અવનીશે એક ખુરશી ઉપર બેસી કેટલીક અસંગત વાતો છેડી. છેવટે બોલ્યો:

'પૈસા! પૈસા બુરી ચીજ છે, દેવયાની! પૈસા માટે માણસ શું નથી કરતો?'

'અરે મહેરબાન!' દેવયાનીએ જવાબ વાળ્યો, 'આપ કહો છો એ સાચું. પણ પૈસા વિના કોણ સુખી થયું? એક બતાવો!'

'કોઈ નહિ એ સાચું. તમારે હવે તો આંહી જ રહેવું જોઈએ.'

' મારો પણ એજ વિચાર છે, સાહેબ ! આંહી જમીન વેચાતી લઈ ઘર ચણાવી લેવાં છે ! '

' ચણાવવાનું શું કામ છે ? તૈયાર નથી મળતાં ? '

' હું ગરીબ માણસ ! તૈયારમાં મરી રહું. ' દેવયાનીએ બરાબર પાઠ ભજવ્યો.

' એક ઉપાય છે, ' અવનીશે ગંભીરતા ધારણ કરી: ' એવું કરો કે મારા એક કામમાં તમે મદદ કરો. ને હું મહારાજા ચામરાજેન્દ્રને કહી તમને તૈયાર બંગલો અપાવી દઉં ! તમારે કાંઈ ખર્ચ જ નહિ ! '

દેવયાની વિચારમાં પડી ગઈ હોય તેવો દેખાવ કર્યો. ' શ્રીમાનને મશ્કરી કરવા કોઈ બીજું ન મળ્યું ? '

' મશ્કરી ? ના, ના, દેવયાની ! આ તો સાચી વાત છે ! એ ચાર કરોડની મિલ્કત માણસની બચતી હોય તો માણસ પાંચ-પચીસ હજારનો હિસાબ ગણે ખરો ? '

' એવું શું કામ હું કરી શકું ? '

' એવું છે કે આંહીના કેટલાક લોભાગુ મહત્ત્વાકાંક્ષી પુરુષોએ એક જુદું જ મંડળ સ્થાપી મહારાજા ચામરાજેન્દ્ર સામે સર ઉઠાવ્યું છે ! '

' મૂરખના સરદાર નહિ તો ! વગર મોતે મોત ! '

' પણ એ મંડળ બહુ શક્તિમાન છે. મહારાજા એને દંડ દેવા કરતાં એના જ ખોદેલા ખાડામાં એને પાડવા માગે છે. એનો એક બહુ પ્રતાપી નાયક પૃથ્વીશ હાલ કેદમાં છે. તે બે દિવસમાં છૂટશે, પછી એને જરા તમારે સીધે રસ્તે લેવાનો ! '

' અમે તો મોટા જોગંદરોને ય ડોલાવ્યા છે ! '

' એટલા જ માટે એ સુધાનો પ્રયોગ કરવો છે ! સાકરથી મરે એને કોણ ઝેર આપે ? તમારી વાતમાં એને સ્થિર કરી દેવો. એના બદલામાં તમને તદ્દન નવો બંગલો ફર્નીચર સાથે – ઇનામમાં મળે

બસ? અને કહેવાય નહિ, પણ મહારાજા ચામરાજેન્દ્રની દૃષ્ટિ પડે તો આંહીં ભવિષ્યને તો કાંઈ સીમા જ નથી! પણ એ સઘળું તો તમારી ચાલાકી ઉપર. બધો આધાર તમારા ઉપર છે!'

દેવયાની ગંભીર બની ગઈ. ઘડીભર કાંઈ બોલી નહિ.

'એવું છે સરકાર! કે અમે ગાનારીઓ કંઠમાંથી સુખે રોટલો તો કાઢીએ છીએ. આપને માત્ર મારી શક્તિ દર્શાવવા ખાતર હું આ કામ માથે તો લઉં. એમાં પૃથ્વીશ સાથે કામ પડશે, બીજું કોણ કોણ છે આ મંડળમાં?'

'કામિનીકુમાર નામનો એક વર્તમાનપત્રકાર અને સૌથી ભયંકર તો કૂટસ્થ નામનો સાધુ. પણ જો તમે પૃથ્વીશને એ માર્ગથી દૂર ખેસવો તો એમનું સામર્થ્ય તૂટી જાય!'

'એમ કેમ?'

'કારણ કે પૃથ્વીશ જમીનદાર છે. બીજા બધા ભિખારા છે! ગામડાંઓમાં પૃથ્વીશની ખ્યાતિ સારી છે. જો કે એના વડવાને જમીનદાર બનાવનાર તો મહારાજા જગતસિંહ જ હતા. ત્યાર પછી જમીન ગીરવી મૂકવી પડી. ઘરમાં અનાજના પણ વાંધા આવ્યા. મહારાજા ચામરાજેન્દ્રનાં બહેનની કૃપાથી વૈભવ પાછો પ્રાપ્ત થયો. તમારે તો હવે હાલ એટલું જ કરવું કે પૃથ્વીશને તમારો સ્નેહ દર્શાવવો. એ કળા તમારી છે જ. કામિનીને પણ તેમ જ. એમાંથી જ બન્ન વચ્ચે વિરોધ ઉત્પન્ન થાય તો આપણો બેડો પાર!'

'નિશ્ચિંત બનો. એ કામ હું પાર ઉતારીશ. બીજું કાંઈ?'

'બીજું કામ હું તમને પછીથી સમજાવી દઈશ.'

'ભલે, પણ તમારે મહેરબાન! યાદ રાખવું કે હું તમારી છું. અને તમને પણ છેતરવાના અનેક યત્ન કરીશ. ભ્રમ ઉત્પન્ન કરવા માટે તો અનેક વેષ ધારવા પડે.'

અવનીશે ઊભા થતાં કહ્યું: 'એ પણ બરાબર. પરંતુ હવે આમાં વધુ કહેવું ન પડે. હાલ તુરત પૈસાની જરૂર પડે, તો હજાર

રૂપિયા સાથે રાખો.'

દેવયાનીએ પ્રસન્ન ચહેરે પૈસા લીધા. દીવાન તુરત ત્યાંથી નીકળ્યો, અને તેની પાછળ 'આવજો' શબ્દ સાથે દ્વાર બંધ કરવાનો અવાજ થયો. અન્દર પાછું શાંત બની ગયું.

પટ્ટનનો દીવાન એકલો અંધારામાં વિચાર કરતો ઘર તરફ વળી રહ્યો હતોઃ એના મનથી પરાક્રમ કરીને, કૂટસ્થના મનથી પાપ કરીને, દેવયાનીના મનથી મૂરખ બનીને.

૧૦. ઇન્દિરા

રાત્રિના બારના ટકોરા પડ્યા, ભદ્રાવતીના ગંભીર જલમાં એક હોડી ચાલતી થઈ. ઘડી વારમાં એ નજર બહાર પહોંચી ગઈ. ભદ્રાવર્ત ના કિનારા ઉપર સીધે રસ્તે જતાં, પટ્ટનથી થોડે દૂર પટ્ટન-પરા આવતું હતું. એ નદીના સામા કાંઠા પર હતું. પટ્ટનપરા દેખાવમાં તદ્દન નવીન શૈલીનું બન્યું હતું. મહારાજા ચામરાજેન્દ્રનો 'ગ્રીષ્મ મહેલ' ત્યાં નદીની જ વચ્ચોવચ્ચ શોભી રહ્યો હતો. 'રાષ્ટ્ર' પત્રની ઑફિસ પણ ત્યાં હતી. કામિની પોતે તો ઘણું ખરું પટ્ટનમાં જ રહેતો.

'રાષ્ટ્ર' ના તંત્રી કામિનીને એક મિત્ર હતો. મુંજવર એનું નામ. મુંજવરને પૃથ્વીશ સાથે પણ સારી પિછાન હતી. પટ્ટન મુખ્યત્વે વ્યાપારનુ મથક હોવાથી, લલિતકલાનો રસિક વર્ગ ત્યાં નહિ જેવો જ હતો. આવા સ્થળમાં આ મુંજવરને એક ધૂન લાગી. કલા — સાહિત્યકલા માટે કંઈક કરી જવાની. એના પત્ર 'કલા' નાં પહેલાં વર્ષ દુઃખમાં પસાર થયાં, પણ જીવનના એક જ આદર્શ ઉપર લક્ષ રાખી કામ કરનાર આ સાહિત્ય ફકીરે, કપડાં અને અનાજ વિના ચલાવ્યું. પ્યારાં બચ્ચાંના ભવિષ્યને ખુદાના હાથમાં સોંપી કામ કર્યે જ ગયો; પરિણામે ધીમેધીમે પટ્ટનના રસિક વર્ગે જાણ્યું કે એક અસાધારણ હઠયોગી એમને આંગણે ધૂણી ધખાવી બેઠો છે!

લોકોએ તેને બેવકુફ ગણ્યોઃ એણે સમાજને ઘેલી માની. વેપારીઓએ તેની મશ્કરી કરીઃ પણ એ તો 'કલા'ને ધપાવતો જ ગયો. એણે 'કલા'માં એકાદ શૃંગારિક અભિનયનું આછું ચિત્ર આપી એમને ઘેલા બનાવ્યા. લોકોને સુંદર કલા ઉપર અને સુંદર સાહિત્ય ઉપર તિરસ્કાર હતો, પણ જરાક શૃંગાર દેખાતાં કલાનો સિતારો ઝબકયો; અને તે સાથે જ મુંજવરે રસિકવર્ગને નવા પ્રદેશમાં ખેંચી અખૂટ ભંડાર ખુલ્લો મૂકી દીધો !

'કલા'ના તંત્રીના ચૂલા ઉપર કયારેક તેલને અભાવે શાક ન થાય એ બને; પરંતુ તે વખતે પણ મુંજવર ધીમા હાસ્ય સાથે 'કલા'નો આવતો અંક તૈયાર કરાવતો હોય ! આ વિરલ હડયોગીએ સાહિત્ય માટે ભેખ લીધો ! એક વખત ચામરાજેન્દ્રને મહેલમાં પુસ્તકાલય કરાવવાનો શોખ થયો. મુંજવરે હજાર રૂપિયાની જગા હડસેલી ને કહ્યું: 'મહારાજ ! હું તો સાહિત્ય પાછળ નાશ પામવા જન્મ્યો છું !'

મુંજવર અત્યારે પોતાના દીવાનખાનામાં આગલા ભાગમાં બેઠો હતો. 'કલા'નો અંક તૈયાર થતો હતો. કેટલાંક ચિત્રો એના ટેબલ પર પડયાં હતાં. એક બે છુટીછવાયી ચોપડીનાં પાનાં ફરફર ઊડતાં હતાં. ત્યાં બારણા ઉપર કોઈએ ટકોરો કર્યો.

મુંજવરનું ધ્યાન નહિ હતું. બોલીઓ કલાની સમાધિમાં હતો.

'કોણ ?'

'પુષ્કર !'

પુષ્કર અંદર દાખલ થયો. એની પાછળ ઈંદિરા હતી. મુંજવર આશ્ચર્ય અને ગભરાટમાં ઊભો થયો. પુષ્કર આવી રીતે કયારેય આવતો નહિ !

મુંજવર થોડીવાર સ્થિર ઊભો રહ્યો. પુષ્કર અંદર દાખલ થયો. પાછળ ઈંદિરા કનકમય પાનીથી, કલહંસના રવ જેવો જરાક મધુર નૂપુરના ઝંકારનો અવાજ દેતી, જમીન ઉપર ભાત પાડતી હોય તેમ,

ધીમે પગલે આગળ વધી. મુંજાવર બારણું બંધ કરી તેમની પાછળ ચાલ્યો. એને આમાં કાંઈ સમજ પડી નહિ.

'ઓલીઆ ! કાંઈ અત્યારે ?' મુંજાવર પુષ્કરને આ નામથી જ ઘણી વખત બોલાવતો.

'ગુરુદેવે મોકલ્યો છે. અને.....' પુષ્કરે ચારે તરફ નજર ફેરવી. મુંજાવર એનું મન જાણી ગયો. એ પાસે આવ્યો.

'અને શું ?'

'આંહીં બીજું કોણ છે ?'

'મારી પત્ની અને બે છોકરાં. બધાં નિદ્રાધીન છે.'

'ત્યારે પહેલાં તમારી પત્નીને બોલાવીને આ ઇંદિરાની ઓળખાણ કરાવી આપો.'

મુંજાવર અંદર ગયો. ઘડીમાં એક મધુર ચહેરાની મુસલમાન રમણી પુષ્કર સામે આવીને ઊભી રહી. મુંજાવર આગળ આવ્યો.

પુષ્કરે ઇંદિરા સામે જોયું. 'બેટા ! તારા ભાઈના હિતની ખાતર અને તારા પવિત્ર કુળમાં કલંક ન આવે તે માટે તને ગુપ્ત રાખવાની ફરજ પડી છે. ગુપ્ત રહેવામાં તને આ બહેન મદદરૂપ થશે. મુંજાવર પોતે પણ પૃથ્વીશનો મિત્ર છે. અવારનવાર હું આવતો રહીશ, બેટા ! મૂંઝાતી નથી નાં ?'

ઇંદિરાના અંતઃકરણમાં એક પ્રશ્ન રમી રહ્યો હતો 'પ્રતાપ-મલ્લને આ વાતની ખબર હશે ?'

મુંજાવરની સ્ત્રી ઇંદિરા પાસે ગઈ 'આવો બહેન, તમારા સોબતથી મારા દિવસો પણ આનંદમાં જશે !'

ઇંદિરાએ આછા સ્મિતથી જવાબ વાળ્યો. પુષ્કર ફરી બોલ્યોઃ

'ઇંદિરા ! મુંજાવર સાહેબનું ઘર આપણું જ છે. બીજો બધો બંદોબસ્ત થઈ ગયો છે. માટે તું જા અને નિશ્ચિંત થઈ ને સુઈ જા.'

ઇંદિરા મુંજાવરની સ્ત્રી સાથે અંદર ગઈ.

હવે પુષ્કરે મુંજાવર તરફ ફરીને કહ્યું: 'મને ગુરુદેવે મોકલ્યો

છે. આ ઇંદિરાને તમારે ત્યાં ગુપ્ત રાખવાની છે. કોઇને ખબર ન પડે. પ્રતાપ કોઈ વખત આ તરફ આવે છે?'

'ના.'

'ત્યારે બીજું કાંઈ કહેવાપણું રહેતું નથી. હવે તમારું 'કલાનું 'નું કેમ ચાલે છે?'

'ગાંડુ ગબડે છે!'

'સાહિત્યની પાછળ સંન્યાસ લીધો ત્યારે આ દશા થઈ નાં?'

'ખુદાની મરજી!' મુંજાવર બોલ્યોઃ પણ અસાધારણ નિરાશા-ભરી કરુણ શાંતિ એના શબ્દમાં હતી. ને પુષ્કરે એના ખભા પર હાથ મૂકયો; 'તેં કાંઈ ગુમાવ્યું નથી; ગુમાવ્યું છે લોકોએ!'

મુંજાવર કાંઈક સમજ્યો, બોલ્યો નહિ. ત્યાર પછી પુષ્કર 'કલા'ની ઑફિસ છોડી રવાના થઈ ગયો. તે મંદિરે પહોંચ્યો તો કૂટસ્થ તેની રાહ જોઈને જ ઊભો હતો.

'પુષ્કર! પૃથ્વીશ તો હવે છૂટશે' કૂટસ્થે કહ્યું.

'કેમ જાણ્યું?'

'ખબર મળ્યા છે. હવે એક કામ કરવાનું છે. પૃથ્વીશ બહાર આવે, ત્યાર પછી તે થોડા દિવસમાં જ કામિની સાથે બહાર જવાનો છે. કદાચ ચંદ્રસેનને પણ અમદાવાદી આવ્યો દેખાડું!'

'કોણ? ગવૈયો?'

'હા. એ બરાબર વખતસર આવી ગયો છે.'

'ચાલો ત્યારે, એ પણ ઠીક થયું.'

'હવે જો, હું હમણાં થોડા દિવસ નહિ આવું. ઇંદિરાને જમવાની સગવડ કરી આપજે. પૃથ્વીશ અને કામિની અડવાડિયા પછી પંચેશ્વર મહાલ તરફ રવાના થાશે. આહીં તું એક બસ છે. ગામડિયાને પૃથ્વીશથી જાણીતા કરજે. અને હા એક બીજું, પ્રતાપ પણ સાથે જાય એમ કરવાનું છે!'

કૂટસ્થ આટલું બોલી ગયો ને પુષ્કર સાંભળી ગયો. ત્યાર પછી કૂટસ્થ તરત જ રવાના થઈ ગયો. બીજે જ દિવસે કૂટસ્થનું કહેલું

સાચું પડ્યું હતું. પૃથ્વીશ છૂટ્યો હતો.

પૃથ્વીશને ત્યાં જલસો હતો. લોકો પણ ખુશી થયા હતા. ચંદ્રસેન આવી ગયો હતો. અવનીશ પણ વિવેકની મર્યાદા સાચવી બરાબર વખતસર હાજર થયો હતો. સૌ હાજર થયા. પ્રતાપમલ્લ પણ આવ્યો. તેનું હૃદય જરાક ખિન્ન હતું. એણે કૂટસ્થને શોધવા નજર ફેરવી, પણ કૂટસ્થ ત્યાં હતો નહિ.

દેવયાનીએ પોતાનો કંઠ ખુલ્લો કર્યો. ચંદ્રસેન ઊંચોનીચો થઈ ગયો. આ શું ? કલકત્તાની નાચનારી આંહીં કયાંથી ? અવનીશે વિચાર કર્યો. આ ચંદ્રસેનને પણ જાળમાં સપડાવવા જેવો છે.

રણકાર કરતી સારંગી બંધ થઈ ત્યારે અવનીશનો સ્વર સંભળાયોઃ

'દેવયાની, હવે તમારા કંઠના ખરા પરીક્ષક આવી પહોંચ્યા છે.'

'કોણ મહેરબાન ?'

'કેમ ? આ ચંદ્રસેન '

'દેવયાનીએ પહેલાં જ ચંદ્રસેનને જોઈ લીધો હતો.'

પૃથ્વીશ, અવનીશ સામે જોઈ રહ્યોઃ પ્રતાપમલ્લ કાંઈ બોલ્યો નહિ. અવનીશે આગળ હાંકયુંઃ

'અને આ અમારા પટ્ટનના જમીનદાર પૃથ્વીશ. એમની પણ સ્વરોપાસના જેવી તેવી નથી હોં !"

દેવયાનીએ જરાક ઠસ્સાથી મસ્તક નીચે નમાવ્યું. અંતે અવનીશને એમ લાગ્યું કે પૃથ્વીશને દેવયાની મનમાં ઠસી ગઈ છે !

'કૂટસ્થ કેમ દેખાતા નથી ? કામિની ? '

'ઓ, કદાચ ઘડીવારમાં આવશે !'

કોઈક આવતું હોય તેમ જણાયું, પણ એ તો અનંત હતો. ત્યાર પછી સૌ સૌને ઘેર ગયા. અનંત પૃથ્વીશ અને પ્રતાપ ત્રણ રહ્યા.

'પૃથ્વીશ ! ઇંદિરાદેવી કયાં છે ?' પ્રતાપે કહ્યું.

'કેમ આંહીં ! અનંત પાસે અથવા પુષ્કરને ત્યાં.' અનંત આગળ આવ્યોઃ એનો ચહેરો વિહ્વળ અને ભયભીત હતો. 'પુષ્કર પાસે તો એ નથી.'

'ત્યારે આંહીં હશે.'

અનંત ગભરાયોઃ 'આપના ગયા પછી ગુરુદેવની ચીઠી હતી. ઇંદિરાને પુષ્કરને ત્યાં મોકલી દેવી. એ પ્રમાણે, હું એને ત્યાં મૂકી આવ્યો હતો. પણ પુષ્કરે મને ખબર આપ્યા કે ઇંદિરાનું તો હરણ થયું છે!'

'હેં! હરણ થયું છે? કોણે કર્યું છે?'

અનંત ધીમેથી બોલ્યો: 'હું ત્યાં ગયો ત્યારે પુષ્કરે મારી પાસે આ વાત કરી. ત્યાર પછી એ પણ ઇંદિરાની શોધમાં છે! કોણે એ કામ કર્યું એનો પત્તો જ નથી!'

પુષ્કરે આ છેલ્લા શબ્દો સાંભળ્યા હશે, કારણ કે વાક્ય પૂરું થાય ત્યાં તેણે જ પ્રવેશ કર્યો હતો. અપૂર્ણ વાતનો ઉત્તર દેતો હોય તેમ એ બોલ્યો 'અને શોધનું પણ હજુ સુધી કાંઈ પરિણામ આવ્યું નથી.'

'પણ આ બધું બન્યું શી રીતે? હું કાંઈ સમજી શકતો નથી. ઇંદિરા ક્યાં હતી?'

'ઇંદિરા આપણા મંદિરના પાછળના બગીચામાં હતી. ત્યાં જ રહેતી. આજે સવારે હું હમેશની માફક ખબર કાઢવા ગયો ત્યારે ઇંદિરા ત્યાં હતી નહિ—'

'ક્યાં ગઈ? તમે શું અનુમાન કર્યું? શું કરો છો?'

'બીજું શું કરું! નદીપાર હોડીમાં કોઈ ઉપાડી ગયું. બીજે ક્યાંય જાય એવું નથી.'

'અને કૂટસ્થ ક્યાં છે?' પૃથ્વીશે પૂછ્યું.

'એનો પણ પત્તો નથી!'

પૃથ્વીશની આંખ ફરી 'હેં! આ શું? હું કેદમાંથી નીકળ્યો તે આ સાંભળવા?'

'ચાલો, મન્દિરે તપાસ કરો. હું આ સહન નહિ કરી શકું"

પૃથ્વીશની સાથે પ્રતાપમલ્લ અને પુષ્કર ભદ્રેશ્વર તરફ ચાલ્યા.

૧૧. સોંપેલું કામ.

પૃથ્વીશ અને પ્રતાપમલ્લ વગેરે ભદ્રેશ્વરમાં આવ્યા. ઇંદિરા જ્યાં રહેતી હતી તે વ્યવસ્થા જોઈ. આસપાસ તપાસ કરી. નદી-પારનાં માણસોને ખબર પૂછ્યા, પણ ઇંદિરાનો કયાંય પત્તો મળ્યો નહિ. સૌ કૂટસ્થના આવવાની રાહ જોઈ રહ્યા. કૂટસ્થ આઠ દિવસ પછી આવશે એવા પુષ્કરના ખબર મળતાં હમણાં સૌ શાંત રહ્યા. તે દરમ્યાન સોમનારાયણ વચન પ્રમાણે, કામિનીને દેવયાનીને ત્યાં તેડી ગયો હતો. કામિનીને દેવયાનીનો કંઠ બહુ જ દિલપસંદ બની રહ્યો. સોમનારાયણે એ ઘટનાને પોતાનો વિજય માની, અવનીશને ગર્વ સાથે સઘળું કહી બતાવ્યું. એક દિવસે પૃથ્વીશ પણ ત્યાં ગયો. પૃથ્વીશના ઊંચા કદાવર શરીરમાં અમીરીની છાપ હતી. દેવયાનીને પ્રથમ પુરુષ જોવામાં આવ્યો કે જેને જોતાં એના હૃદયમાં આજ દિવસ સુધી ન ઉદ્‌ભવેલો એવો પ્રેમનો ભાવ ઉત્પન્ન થયો :

કદાચ આજે જિંદગીમાં એ પહેલી વખત પોતાને સ્ત્રી માની શકી !

'શ્રીમાન્ ! આપ તો કદી અહીં આવતા નથી.'

'હું હજી હમણાં જ કેદમાંથી છૂટ્યો છું.'

પૃથ્વીશ અને દેવયાની વચ્ચે એમ મિત્રાચારી વધી. અવનીશે ધાર્યું કે મારું ધારેલું પરિણામ આવી રહ્યું છે. કામિનીના હૃદયમાં દેવયાનીનાં આસમાની નયનોની ખરેખર અસર થઈ હતી. એક અઠવાડિયામાં તો પૃથ્વીશ અને દેવયાની વચ્ચેનો સ્નેહ પ્રસિદ્ધ

થતો ગયો. અવનીશ મનમાં આનંદ પામ્યો. એક દિવસ ભદ્રેશ્વરના મંદિરમાં પુષ્કર, કામિની, પૃથ્વીશ અને પ્રતાપમલ્લ બેઠા હતા. પૃથ્વીશ તરફ ફરી કામિનીએ કહ્યું :

'પૃથ્વીશ હવે સ્નેહના વાતાવરણમાં ઘેરાય છે !

'સ્નેહમાં કોણ નથી ઘેરાયું ? પણ તમે એ વાત પર આજે અચાનક તૂટી પડ્યા !' કામિની બોલ્યો.

'કેમ ન તૂટે ?' પ્રતાપમલ્લે કહ્યું.

'પણ તમે એના સ્નેહની ચોરી કરી છે ! જગતમાં એવું જ બનતું આવે છે !'

'કોણે ? મેં ?' પૃથ્વીશે કામિની તરફ ફરી કહ્યું.

'હું ચોરીનો આરોપ નહિ મૂકું, પણ સાચો સ્નેહ કોઈ અનંત સંસ્કારમાંથી જન્મે છે !'

'કામિની !' પૃથ્વીશે પોતાનો સ્વર જરા ચોખ્ખો કરીને કહ્યું. 'આ વાત આપણી મિત્રાચારીની વચ્ચે આવે છે ? આપણા સિદ્ધાંતની વચ્ચે આવે છે ? એમ આવશે તો થઈ રહ્યું !'

પુષ્કરે કામિની તરફ જોયું : "કામિની ! સિદ્ધાંત સ્થાપ્યા પછી એની પાછળ સર્વસ્વ ગુમાવવાની તાકાત હોવી જોઈએ.'

'અને એ વાત જ મારા લાભમાં છે.'

'શી રીતે ?'

'શી રીતે ? તમે સમજી શકતા નથી. સિદ્ધાંત પાછળ પૃથ્વીશે સ્નેહનો આટલો ભોગ આપવો.'

'અને કામિની ! એ વાત તારા માટે પણ નથી ?'

'જવાબદારી પ્રમાણે ભોગ અપાય છે.' કામિનીએ તરત જવાબ વાળ્યો.

પૃથ્વીશનો ગંભીર સ્વર સંભળાયો : 'તમે સંસ્થા સ્થાપ્યા પછી, જો હૃદયબળ ગુમાવશો તો દરેકનો નાશ થશે.'

આ પ્રમાણે દેવયાનીના કારણે એમની મૈત્રીમાં થોડો ઘણો પણ

વિસંવાદ જન્મ્યો હતો. એ કોણ જાણે કયાં જઈને અટકત. પણ કૂટસ્થને એ વાતની ખબર હતી. એને ખબર હતી કે માણસ રાજ-દ્વારી વિષયનું જ્ઞાન ધરાવે એટલું પૂરતું નથી. ઉચ્ચ પ્રકારના અસાધારણ ચારિત્ર વિના એ પ્રજાને દોરી તો ન જ શકે. એની દોરવણીમાં આ વસ્તુ મુખ્ય હોવી જોઈએ, દૃષ્ટિ.

'કામિની! આટલો સ્વાર્થભોગ જરૂરી છે? હું કહું છું, આજથી હું ને દેવયાની જુદાં પડ્યાં, સમજી લે!'

'હું ભોગ માગતો નથી. તમારું દૃષ્ટિબિંદુ એક તરફ સ્થિર કરવા માગું છું.'

'કામિનીનું પોતાનું દૃષ્ટિબિંદુ તો સ્થિર છે નાં!' અચાનક પાછલા બારણેથી પ્રવેશ કરતાં કૂટસ્થે જવાબ વાળ્યો.

કૂટસ્થ અચાનક પાછો દેખાયો: એથી સૌમાં નવું ચૈતન્ય આવ્યું: કૂટસ્થે પ્રતાપમલ્લ સામે દૃષ્ટિ કરી: 'પ્રતાપમલ્લ! શંકા પડે છે કાં"

પ્રતાપમલ્લનો ચહેરો ફિક્કો પડી ગયો: એના અંતરની વાત કૂટસ્થે વાંચી હતી. ધૈર્યનું હરણ થયું હોય એમ એ માનતો ન હતો. યોજનાપૂર્વક એને ગુપ્ત રાખવામાં આવી હોય એની એની સમજ હતી. એ બોલતો નહિ. પણ એના અંતરમાં એ ડાઘ રહ્યો હતો. તે ધીમેથી બોલ્યો,

'દેવ! પૃથ્વીશ પણ એમ જ માનતો હશે.'

કૂટસ્થ પૃથ્વીશ તરફ ફર્યો: પૃથ્વીશનાં વિશાળ નયનોમાં હજી, નિરાશા અને ગ્લાનિ હતાં. પણ તેના ચહેરા ઉપર સિદ્ધાંત પાછળ સર્વસ્વ ત્યાગ કરવાની દૃઢતા હતી. કૂટસ્થે કહ્યું: 'પૃથ્વીશ! આપણે જે કાર્ય ઉપાડ્યું છે તે રસાયન રૂપ છે. એ પચાવતાં આવડશે તો ઠીક છે, નહિતર ફૂટી નીકળશે. દરેક વાતનો તેના યોગ્ય સમયે સ્ફોટ થવો ઘટે. પ્રતાપ! ત્યાં સુધી આપણે તો વિશ્વાસથી જ વિશ્વાસ સ્થાપવો ઘટે!

'ગુરુદેવમાં અવિશ્વાસ ક્યારેય મૂક્યો જ નથી.'

'બસ. અત્યારે હવે એટલું જાણી લ્યો : ઇંદિરા સહીસલામત છે. એ આપણા મિત્રને ત્યાં પણ હોય અને શત્રુ લઈ ચાલ્યો ગયો હોય. પરંતુ આટલું જ કે એ સહીસલામત છે!' કોઈ કાંઈ બોલ્યું નહિ. પૃથ્વીશ અને કામિની પણ શાંત રહ્યા.'

'કામિની! સોમનારાયણ તારો મિત્ર બન્યો છે?'

'બનવા યત્ન કરે છે.'

'એ ઘટના તદ્દન એકલી છે એમ તું ધારે છે?'

કામિની કાંઈ સમજ્યો નહિ. પ્રતાપ અને પૃથ્વીશ ચૂપ રહ્યા.

'દેવયાની સાથે તારી મિત્રાચારી કરાવવામાં સોમનારાયણ હથિયાર રૂપ છે. પૃથ્વીશ અને તું બે આમ એક સ્ત્રી માટે સિદ્ધાંતને છોડો તો અવનીશને એટલું જ કામ છે. માટે હમણાં દેવયાનીને બાજુ પર મૂકી દો. જુવાન માણસો! યાદ રાખો કે અસાધારણ કાર્યની શરૂઆત અસાધારણ પરમાણુઓમાંથી જન્મે છે. સિદ્ધાંત માટે સર્વ ત્યાગ કરો. દેવયાની કેટલેક અંશે આપણા જ પક્ષમાં છે. પણ સ્ત્રીનો ઉપયોગ કરવાનું કામ તમારું નથી."

પ્રતાપ અને પૃથ્વીશ કૂટસ્થ સામે જોઈ રહ્યા : એ જોવામાં કેટલાક પ્રશ્નો હતા. કૂટસ્થે તેનો જવાબ આપ્યો.

'હમણાં તો કેવળ વિશ્વાસથી આગળ વધો. સમય પ્રમાણે બધો સ્ફોટ થશે. પ્રતાપમલ્લ અને પૃથ્વીશ પંચેશ્વર મહાલ તરફ કાલે જ ઉપડી જાય!'

'મારે મહારાજની રજા મેળવવી પડશે.' પ્રતાપે અડચણ દર્શાવી.

'મહારાજ ખુશીથી રજા આપશે.'

'હું ધારું છું કદાચ નહીં આપે!'

'આપવાનું કારણ છે. તમે દૂર રહો તો મહારાજ વધારે સ્વતંત્ર રહી શકે!'

'આ સ્વતંત્રતાની વાત કોના વિષે હશે? ઈંદિરા વિષે?'

પ્રતાપમલ્લે ઊંચું જોયું: એણે પ્રશ્ન પૂછ્યો નહિ. પણ સ્વાભાવિક શંકા એના મનમાં જન્મી હતી.

'મારી હાજરીની આંહીં અતિ જરૂર છે. તમારા અને પૃથ્વીશના સાધારણ સમાચાર, ટપાલ મારફત ન મોકલતાં, માણસ સાથે જ મોકલજો. ત્યાં તમે તમારાથી બનતી બધી મદદ લોકોને આપો. દક્ષિણ પ્રાંતમાં કામિની એકલો જ જાશે. પુષ્કર પોતાના ભદ્રેશ્વરમાં જ રહી શકશે. હું હાલ આંહીં છું. તમને સોંપેલું કાર્ય છે. અને તે બજાવવા કાલે રાત્રિના બાર વાગે સૌ, સૌને રસ્તે ઉપડી જાઓ! બોલો હવે કાંઈ કહેવું છે?'

'ગુરુદેવ! મારે મારા વિષે થોડું કહેવું છે.' કામિનીએ કહ્યું 'હું દેવયાની અને પૃથ્વીશના રસ્તામાં આવવા નથી માગતો.'

કૂટસ્થે તેની સામે જોયું: કામિની તદ્દન શાંત થઈ ગયો.

'કામિની! એ વ્યર્થ અભિમાન શા માટે? એ તદ્દન યોગ્ય આત્માના સંમેલન અટકાવવા કોઈ શક્તિ સમર્થ જ નથી, પણ હાલ એ વાત જ નથી. સમજ્યો?'

પૃથ્વીશના ચહેરા પર મંદ શોકની છાયા હતી. એના હૃદયમાં તોફાન હતું.

'અહીંની બધી વ્યવસ્થા મારા ઉપર છોડી તમે ચાલ્યા જાઓ! વધારે વખત રહેવાથી આપણા સિદ્ધાંતને હાનિ પહોંચશે.'

તરત જ મંડળ વિખરાયું. ને તેમના ગયા પછી પુષ્કર સાથે થોડી વાતચીત કરી કૂટસ્થ પણ રવાના થઈ ગયો.

કૂટસ્થ ત્યાંથી પરબારો દેવયાનીને ત્યાં ગયો. એ પૃથ્વીશની રાહ જોતી હતી. પગરવ સાંભળી પૃથ્વીશ આવ્યો છે એમ ધારી, એ ઊભી થઈ ગઇ. કૂટસ્થે પ્રવેશ કર્યો.

'દેવયાની!'

'ગુરુદેવ!'

'પૃથ્વીશને લોકકલ્યાણ માટે હમણાં તારી પાસેથી હું ખેંચી લઉં છું!'

'ગુરુદેવ! ઘણે વર્ષે મેં પુરુષ જોયો છે. આજ દિવસ સુધી હું સ્ત્રીઓ જોતી હતી!'

'તે હશે, પણ અત્યારે એના પુરુષાતનનો ખપ છે. વળી તને પણ કયાં કામ નથી સોંપાયું?'

દેવયાની ચમકી ઊઠી. અવનીશની વાત આ સાધુ જાણતો હતો. તેણે કહ્યું :

'છે હા. અને એટલા જ માટે મારા પૃથ્વીશને ચાહવાના ઉપરના દેખાવમાં, મારી આંતર તૃષા પણ છીપતી હતી.'

'પૃથ્વીશ પાછો આવનાર છે. દેખાવ હજી પણ રાખવો છે. પરંતુ હાલમાં તારે કામિની સાથે દેખાવ કરવો વધારે યોગ્ય છે!'

ભદ્રેશ્વરના મંદિરમાંથી છૂટા પડ્યા પછી પૃથ્વીશ પરામાં ગયો હતો. પંચેશ્વર મહાલ જવા પડેલાં એ મુંજાવરને મળવા માગતો હતો. પૃથ્વીશ પહોંચ્યો ત્યારે મુંજાવર પોતાની શય્યામાં સૂતો હતો. પાસે બે નાનાં છોકરાં ઊભાં હતાં.

પૃથ્વીશ ધીમે રહીને બોલ્યો : 'મુંજાવર! એક વિનંતી છે!'

મુંજાવરના પેટમાં ફાળ પડી : કદાચ પૃથ્વીશે જાણ્યું હશે કે ખંદરા આંહીં છે! તો હવે શું કરવું? એ ગભરામણને દબાવીને બોલ્યો :

'તમને એક ખબર છે નાં? હું ગરીબ છું, પણ ખાનદાન છું. કાંઈ કરું છું તે લાલચથી નહિ, સિદ્ધાંતની ખાતર.'

પૃથ્વીશે જવાબ આપ્યો : 'એ વાત હવે નવી છે!'

મુંજાવરે કહ્યું : 'છતાં મેં તમને કહ્યું કે તમે અયોગ્ય માગણી ન કરો. હું પરાધીન છું! બીજાના આભાર નીચે છું!'

પૃથ્વીશ આશ્ચર્ય પામ્યો પણ બોલ્યો : 'મુંજાવર! હું તો આપનાર કોણ માત્ર? પણ ખુદાની ખાતર આટલું સ્વીકારો.'

પૃથ્વીશે ટેબલ પર પાંચ હજારની નોટ પાથરી હતી.

મુંજાવર મહા ચિંતામાં પડ્યો. એને લાગ્યું કે પૃથ્વીશ મને પૈસાથી ખરીદવા માગે છે!

પૃથ્વીશે આગ્રહ કર્યો : 'મુંજાવર! તારી ફકીરીના હિસાબમાં આ કાંઈ નથી, પણ આટલું તો જરૂર સ્વીકારો!'

પૃથ્વીશ પણ ઊભો થયો : 'અને મુંજાવર જેવા ઓલીઆને પટ્ટનમાં પડ્યો રહેવા દે તો પૃથ્વીશના નામ પર હજારો કલંક હજો! તું પૃથ્વી કરતાં સ્વર્ગને વધારે લાયક છે!'

'પૃથ્વીશ! મેં તને ન કહ્યું? હું પરાધીન છું : ઋણમાં છું : વચનથી બંધાયલો છું!' મુંજાવર પૃથ્વીશને જુદા જ અર્થમાં સમજતો હતો. એને એમ હતું કે પૃથ્વીશને ઇંદિરા વિષે જાણવું છે.

'તગારું એ વચન આબાદ રહો! હજી પણ તું સતત સાહિત્ય પાછળ જ રહે!' પૃથ્વીશ મુંજાવરને જુદા જ દૃષ્ટિબિંદુથી વાત કરી રહ્યો હતો.

'હું લાચાર છું, પૃથ્વીશ! મારું વચન હું નહિ તોડું' મુંજાવરને લાગ્યું હતું કે પૃથ્વીશ ઇંદિરા વિષે જાણવા માગે છે. અને તેને માટે આ રકમ આપે છે.

'ખબરદાર! મુંજાવર! એક પણ શબ્દ બોલ્યો તો!' કૂટસ્થ અત્યાર સુધી બહાર ઊભો રહી સાંભળતો હતો, તેણે મુંજાવરને હવે સ્પષ્ટ થવાના કિનારા પર જઈ પ્રવેશ કર્યો : 'ખબરદાર!'

મુંજાવર ભડક્યો. પૃથ્વીશે પાછા વળી જોયું : 'ગુરદેવ!'

કૂટસ્થ મુંજાવરની હાલત કળી ગયો હતો. પૃથ્વીશના પૈસાને એ લાંચ માનતો હતો: ઇંદિરાને સોંપવા અથવા ક્યાં છે એ કહેવા માગતો હતો. કૂટસ્થે આ જોયું અને એ આગળ વધ્યો :

'મુંજાવર! હું કહું છું તું ઉઠાવી લે. તારા કાર્યનો એ અલ્પ બદલો છે!'

'પણ ગુરુદેવ.....!'

'તારા સાહિત્યના અવિરલ શ્રમ માટે આ છે, સમજ્યો.' ફૂટસ્થે બોલીને પૃથ્વીશ સામે જોયું. એના મનમાં કાંઈ શંકા ન હતી.

મુંજવરે પૈસા લીધા. એની આંખમાંથી આંસુ પડ્યાં. 'ઓ પરવરદિગાર! પૃથ્વીશ! આખરે તમે.....'

'યોગ્ય માણસ મળ્યો કેમ મુંજવર?'

'ગુરુદેવ! હા!'

'મુંજવર મૂંઝાતો નથી ના?' ફૂટસ્થે પ્રશ્ન કર્યો.

'પૃથ્વીશ!' ફૂટસ્થે પૃથ્વીશ સામે જોયું, 'તને ખબર છે! સિદ્ધાંત માટે કેવા ભોગ આપવા પડે છે?'

'હા હા, એ જ સિદ્ધાંતનું બળ છે!'

ફૂટસ્થે શરૂ કર્યું: 'ઈંદિરા અત્યારે આંહી છે!' પૃથ્વીશે આશ્ચર્યમાં ઊંચે જોયું.

મુંજવર ભડકી ગયો.

'હા, હું સાચું કહું છું પણ તું કેટલું ગુપ્ત રાખી શકશે? How many secrets you can swallow! એના ઉપર જ તારા પુરુષત્વની છાપ છે!

'ગુરુદેવ આંહી ક્યાંથી? અને આમ શા માટે?'

'ભદ્રેશ્વરમાંથી. અને બીજું તું પછી જાણશે!'

પૃથ્વીશ ઈંદિરાને જોવા અધીરો બન્યો હતો. ફૂટસ્થે એ જોયું. 'હવે પૃથ્વીશ, હું જાઉં છું. મુંજવર તારા હૃદય પરથી ભાર ગયું?"

'હા દેવ!'

'પણ પૃથ્વીશ! આ વાત તું તો જાણે જાણવી જ નથી! પ્રતાપને પણ ખબર નહિ, કામિનીથી પણ ગુપ્ત. સમજ્યો?'

'ગુરુદેવ! હા. પણ કારણ પૂછું?'

'કારણ કહું ત્યાં સુધી વિશ્વાસ પર જ દોરા.' વધુ કાંઈ પણ

કહ્યા વિના કૂટસ્થ ત્યાંથી રવાના થઈ ગયો. અને પાછું વાળીને જોયું: ઈન્દિરા આવતી હતી. એક વખત ફરી કૂટસ્થનો સ્વર સંભળાયો, 'પૃથ્વીરાજ ! કાલે રાત્રીના આંહીં નહિ હોં કે ?'

'ના, નહિ. ગુરુદેવ !'

'બસ એટલું જ.'

'મુંજ્વર ! ઓલિયા ! તારી તબિયત.'

'ગુરુદેવ ! આપનો પ્રતાપ છે !'

ઓલિયાનો શબ્દ સંભળાયો ત્યાં કૂટસ્થ દ્વાર બહાર નીકળી ગયો હતો.

૧૨. પ્રતાપમલ્લ અને પૃથ્વીશ

'બાપુ પણ જીવતા છે હો!' ભોજો ભરવાડ ભદ્રેશ્વરના ઓટલા પર બેસી પુષ્કરને કાગળ આપતાં આપતાં બોલ્યો.

'અરે તું તે ગાંડો છે? રાજા માણસ આજે દેવ તે કાલે દાનવ!'

'ના રે બાપુ, એમ હોય? આને શું આંખ આડી ફેરવવી છે! બાપુ જીવતા જીવત છે!'

'અને એક બીજો પૃથ્વીશ ભેગો છે ને?'

'હા બાપુ, ઈ વળી એના કરતાં ચાર ચંદરવા ચડે એવા. પ્રતાપમલ્લ બાપુ કયારેક માણસથી કંટાળે, પણ પૃથ્વીશ બાપુને તો માણસ હોય તો બીજું કાંઈ જોઈએ નહિ. અરે બાપુ! ઓલા કરસન પટેલના મેઘલાને ઓળખો?'

પુષ્કરે ડોકું ધુણાવ્યું.

'આ એને પ્રમદી ખેતરમાંથી ઓરૂ આભડ્યો. ઘરે આવ્યો ત્યાં જીવ તાળવે ચડી ગયો ને લીલો કંચન! એ વખને સૌ મૂંઝાણા, સૂનમૂન ઊભા. અનેક ઉપાય કર્યા. લીમડો ચાવે તો કડવો નો લાગે, માટી ડોલા લેવા મંડયો. પછી તો કીધું હવે આનું થાય શું? બાર બજ્યા, શેરના દરવાજો બંધ, કરવું શું? એમ વિચાર કરે છે ત્યાં તો બાયડિયું ટપોટપ આઘીયું ખસી ગયું ને પ્રતાપમલ્લ ભાઈ પૃથ્વીશ બાપુની હારે આવીને ઊભા રહ્યા! કોણ જાણે કોણે કર્યું હશે! અને પછી એવી વિલાયતી દવા ભૂંસી કે જુવાન કલાકમાં સડપ બેઠો થઈ ગયો.'

પ્રતાપમલ્લ અને પૃથ્વીશ કૂટસ્થના કહેવા પ્રમાણે, પંચેશ્વર

તરફ જવા રવાના થયા હતા. પૃથ્વીશ મોટો જમીનદાર હતો. અને પ્રતાપમલ્લ, તે તરફ ફરવા માટે નીકળ્યો હતો. એ તરફ ભદ્રપુરના ચાર પાંચ મોટા મહાલ હતા. દરેક મહાલ સો ગામનો બનેલો હતો. પંચેશ્વર જઈ, પ્રતાપે મુકામ નાંખ્યો ત્યાં પ્રતાપ અને પૃથ્વીશે શું કર્યું એની વાત રબારી કરતો હતો. પૃથ્વીશ લીલાપુર ગામમાં ગયો. લીલાપુરમાં એક વખત પ્રતાપ પણ પાછળથી ફરવા આવેલો. પૃથ્વીશના દીવાનખાનામાં બેસી બન્ને વાતો કરતા હતા, એટલામાં એક વૃદ્ધ માણસ આવ્યો. પૃથ્વીશ બોલ્યોઃ 'આવો કલ્યાણ પટેલ!'

કલ્યાણ પટેલે શંકાસહિત પ્રતાપ સામે જોયું. પૃથ્વીશ એ કળી ગયો : 'પટેલ, ડરકત નથી, બોલો!'

'બાપુ! હવે વખત છે આવવું હોય તો, રાઘવ કાલે આવનાર છે.'

રાઘવ ચામરાજેન્દ્રનો ખાસ હજુરી હતો. અને આજે પંચેશ્વર મંદિરમાં આવવાનો હતો.

'સાથે બીજું કોણ આવવાનું છે?'

'યશલાલસિંહ!'

'પોતે? કેમ?'

'જી હા. વખતે તોફાન થાય.'

'પણ બાવાજી તો ખુશી છે ને?'

'એનો જમાઈ નાગજ છે. આપની પાસે આવ્યો હતો નાં?'

'હા ઠીક, હું આવું છું.'

કલ્યાણ પટેલ રવાના થઈ ગયો. પૃથ્વીશે પ્રતાપ સામે જોયું; 'પંચેશ્વરના સીમાડા પર મંદિર છે, તે મારા કબ્જાનું છે, એ તમને ખબર છે નાં?'

'હા.'

પ્રતાપમલ્લ તથા પૃથ્વીશ પંચેશ્વર તરફ જવા રવાના થયા, ત્યારે રાત્રીના દસનો સમય વીતી ગયો હતો. રસ્તામાં કલ્યાણ પટેલ અને નાજો રબારી ભેગા થયા. પૃથ્વીશે નાજાને જોઈ પૂછ્યું;

'કેમ ગોકળી ! શું હકીકત છે ?'

'કાલે બાવાજીની દીકરી મોતી ગાય મૂકવા આવી હતી. તેણે સમાચાર આપ્યા કે આજ છેલ્લો દિવસ છે ! કાલે તો એ મડેલમાં બેઠી હશે.'

પ્રતાપમલ્લ અને પૃથ્વીશ પંચેશ્વરના મંદિર પાસે આવી પહોંચ્યા. બધું શાંત હતું. એક તરફના પાછલા બારણા પર ખડખડાટ થયો. એક બાવીસ વર્ષનો યુવાન નીકળી આવ્યો, અને પ્રતાપમલ્લ ઊભો હતો તે તરફ આવ્યો. પ્રતાપે તલવાર પર હાથ નાખ્યો. નાગ્નજીએ ધીમેથી કાનમાં કહ્યું; 'બાપુ, એ જ ફરિયાદી.'

તે યુવાન પૃથ્વીશ પાસે આવી પહોંચ્યો. નાગ્નજી રબારી અને કલ્યાણ પટેલ પૃથ્વીશ પાસે ઊભા હતા. તેણે કહ્યું,

'આપની રૈયત તરીકે આપનું રક્ષણ માગું છું !

'શી બાબતમાં ?'

'મારી સ્ત્રીને આજે પટ્ટનમાં લઈ જવા યશલાલસિંહ આવવાના છે. મારી ફરિયાદ ખુદ રાજ સામે છે. અને મારું મંદિર આપના હાથમાં હોવાથી હું આપનું શરણ ઇચ્છું છું !'

પૃથ્વીશ ટટ્ટાર થયો એ દૃઢ રહી બોલ્યોઃ

'મોતીગર! છેક છેલ્લી ઘડીએ અમને ખબર કરવાની તારી રીત ધિક્કારપાત્ર છે ! ખૂટો ડોસો શું કરે છે ?'

'તે ડોકરીને સાચવે છે !'

'યશલાલસિંહ આવ્યો ?'

'જે સમય જાય છે તેમાં આવી પહોંચશે.'

પૃથ્વીશ અને પ્રતાપમલ્લ થોડી વાત કરી છૂટા પડ્યા. એટલામાં દૂરથી ઘોડાનો પગરવ સંભળાયો. પૃથ્વીશ એક ઝાડની પાછળ લપાયો : યશલાલસિંહ સીધો ચાલ્યા ગયો. મોતીગર બીજે બારથી અંદર ગયો, ને દ્વાર ખોલ્યું :

'કોણ મોતીગર કે ?' યશલાલે પસાર થતાં કહ્યું. 'કેમ સમજી

ગયો નાં ? કયાં છે ડોસો ?'

'પાસેના ખંડમાં.'

વૃદ્ધ ડોસો બહાર આવ્યો. 'બાપુ પધારો પધારો !' યશલાલસિંહ આગળ વધ્યો.

વૃદ્ધ ડોસાએ ગળગળાં થતાં કહ્યું : 'બાપુ, જો જો મારી આબરૂ અને રોટલો આમાં છે !'

'તને કીધું ને કાલે મોતી પાછી આવશે !'

'મોતીગર બહુ જીદ્દી છે. ઝેર ખાવા તૈયાર થયો છે.'

'ઝેર ખાશે તો એના જીવનો જાશે. કયાં છે મોતી ? બહાર ઘોડાગાડી રાહ જુએ છે. ઝટ કરો. અને આ તમારાં માટે' — એમ કહી યશલાલસિંહે મહાદેવ પર ધરાવવાનું સોનાનું છત્ર અને રૂપિયાની કોથળી વૃદ્ધ ડોસાના હાથમાં આપી.

મોતીગર આગળ આવ્યો : 'સાહેબ ! આનું પરિણામ સારું નહિ આવે હો ! સ્ત્રીને વેચીને રૂપિયા નથી લેવા !'

'ગાંડો છે કે શું ! નશીબદાર સમજ કે રાજાની દૃષ્ટિ પડી. કાલે મોતી પાછી આવશે. એક દિવસમાં શું ખાટા મોળું થઈ જાય છે ? રાજાની રજ્મત છે !'

મોતીગરે પગ પછાડ્યો : 'એ બનવાનું નથી !'

'હવે વળી ડહાપણ કયાં આવ્યું ?' એમ કહી મોતીગરને ધક્કો મારી યશલાલસિંહ આગળ વધ્યો. વૃદ્ધ ડોસો ધ્રૂજતો દૂર ઊભો.

'બાવાજી ! આ મોતીગર કાંઈ લાભમાં સમજે છે કે નહિ ?'

'બાપુ ! કાચી બુદ્ધિ છે. કોઈક ચઢાવે તો ચડે.'

મોતીગરને પડતો મૂકી યશલાલ મોતી સાથે બહાર નીકળ્યો. ઘોડાગાડી પાસે જઈ પહોંચ્યો : 'મોતી, ચડી બેસ !' મોતીગર પાછળ દોડતો આવતો હતો. યશલાલસિંહે ગર્જના કરી : 'એ કોણ છે ત્યાં, આ મોતીગરને પકડો !'

'યશલાલસિંહ સમાલ. એ મારી રૈયત છે !' પૃથ્વીશે

પાછળથી ઘૂમ મારીને કહ્યું.

યશલાલ ધીમો પડ્યો નહિ. 'મોતી, ઘોડાગાડી પર ચડી બેસ, પછી જખ મારે છે!'

'મોતી! હું પૃથ્વીશ તને કહું છું કે મંદિરમાંથી બહાર ન નીકળતો!'

પૃથ્વીશ તદ્દન નજીક આવ્યો. યશલાલે મોતીને ઘોડાગાડીમાં બેસારી દીધી. ગાડીવાનને હૂકમ કર્યો, 'ચલાવ!'

મોતી ગાડીમાંથી ઊતરી પડી. યશલાલ પાછળ કૂદ્યો. 'અરે, મોતી, તું ભાગે છે!'

'પૃથ્વીશ બાપુનો હૂકમ હું નહિ લોપું!'

'અને મહારાજા ચામરાજેન્દ્રનો લોપીશ?'

'હા.' પૃથ્વીશે જવાબ આપી દીધો: 'મોતી બેટા! તું મોતીગર સાથે મંદિરમાં જા!'

મોતી ચાલતી થઈ ગઈ. યશલાલસિંહ એક ડગલું આગળ વધ્યો:

'ખબરદાર યશલાલ! મારા દેખતાં જો મારી રૈયત પર હાથ પડ્યો તો તારું શિર સહીસલામત નથી.'

'પૃથ્વીશ!' યશલાલે કરડાકીમાં કહ્યું, 'આનું પરિણામ સારું નથી. મહારાજા ચામરાજેન્દ્રની ઇચ્છા આડે આવતાં તમુ જમીન સહીસલામત નથી.'

'જમીન તો માટી છે! એને હથેલીમાં રાખી ફુ કરી દેવાની મારામાં તાકાત છે! રૈયતને વર્ણશંકર નથી કરવી, સમજ્યો કે?'

'એ તો બધું ઠીક છે!'

'પૃથ્વીશ સામે કલંક દર્શાવવાની તારામાં તાકાત છે?'

એજ વખતે ત્યાંથી એક ઘોડેસવાર પસાર થયો: તેણે મોટેથી ઘૂમ પાડી; 'એ કોણ છે?'

'જી હું પૃથ્વીશ!'

યશલાલ ચમક્યો: સ્વર પ્રતાપમલ્લનો લાગ્યો. પ્રતાપમલ્લ

પાસે આવી પહોચ્યો : 'બીજું કોણ છે ?'

યશલાલસિંહે પૃથ્વી તરફ જોયું. સમાવાની જગ્યા મળે તો છુપાઈ જાઉં, તે ધીમેથી બોલ્યો : 'હું યશલાલ !'

'ઓ હો ! યશલાલ, તમે કાંઈ અત્યારે ? ઠીક થયું ચાલો ! ધીરપુર ઉપર બહારવટિયાના સમાચાર કલ્યાણ પટેલ લાવ્યા છે, માટે તમે પણ ચાલો. અરે ! કલ્યાણ પટેલ !'

કલ્યાણ પટેલ અને નાજો રબારી આગળ આવ્યા. પોતાની ગામડિયાશાહી સલામ કરી ઊભા :

'શું હકીકત છે બહારવટિયાની ? આ યશલાલસિંહને કહી સંભળાવો.'

નાજાએ બોંબારો બાંધ્યો. કહેવું શરૂ કર્યું :

'સા'બ ! હું પ્રમદી બાકરામાં હતો ત્યાં સામે કાંઠે બે માટી જોયા, માટી પણ બેય ઊંચા. મેં કહ્યું : એલા કુણ સે રે ! પણ બોલે કોણ ? ઈ તો તરત ભાગી ગયા.'

'બસ એટલું જ નાં ?' યશલાલે ધીરજ ખોઈ પ્રશ્ન કર્યો. પ્રતાપમલ્લે વચ્ચે કહ્યું 'મારા ઉપર મહારાજનો કાગળ છે, તેમાં જણાવ્યું છે કે યશલાલસિંહ બહારવટિયાની તપાસ માટે છે ! માટે પંચેશ્વર જેવાં જંગલમાં રહેલાં મંદિરોની અકરમાત તપાસ કરવા દેવા, પૃથ્વીશને કહેવરાવી દેવું ! પૃથ્વીશ સમજ્યા કે ?'

'હા સમજ્યો ! હમણાં જ સાહેબે વિઝીટ કરી સોળ વરસનો સુંદર સ્ત્રી-બહારવટિયો શોધી કાઢયો !'

'તમે શું કહેવા માગો છો ?' પ્રતાપે જરાક કરડાકીમાં પૂછ્યું.

'હું શું કહેવા માગું છું તે યશલાલસિંહના નૂર ઊડી ગયેલા ચહેરાને જોવાથી તરત માલુમ પડશે !'

પ્રતાપે યશલાલસિંહ સામે જોયું. યશલાલનો ચહેરો ફિક્કો હતો. એની બધી વાત બહાર પડી ગઈ હતી.

કલ્યાણ પટેલે નમ્રતાથી કહ્યું, 'જી હા. બાપુ, યશલાલ બે દિ

થયાં મંદિરમાં આંટા ફેરા ખાય છે! બહારવટિયાની વાત તો એની નજરમાં જ છે!'

યશલાલસિંહ આ ટાઢા મારથી ઊભો ને ઊભો સળગવા લાગ્યો. તેણે આ સ્થિતિમાંથી નીકળવા નાજાને પ્રશ્ન કર્યો :

'તું વધારે શું જાણે છે?'

'વધારે શું જાણે? ' પૃથ્વીશે જવાબ આપ્યો : 'મંદિરની બે દિવસ મિજબાની મળી તો આજે મિજબાનીનો બદલો આપ્યો!'

'પૃથ્વીશ! તમે આ બહારવટિયાની વાત જરા ખુલાસાથી જણાવો!' પ્રતાપે કહ્યું. નાજો આગળ વધ્યો :

'પછી બીજે દી ચાર માટી દેખાણા! તે દિવસે જ રાત્રે ધીરપુરમાં લૂંટ થઈ. બહારવટિયા હજી ધીરપુરની ધારુંમાં છે'

'તને ખાત્રી છે?' પ્રતાપે કહ્યું.

'જી હા' નાજાએ જવાબ આપ્યો.

'તો યશલાલસિંહ તમે એની સાથે અત્યારે જ જાઓ.'

'પણ માણસની જરૂર પડશે.' યશલાલે બચાવ રજૂ કર્યો.

'માણસ કેટલાં જોશે?' પૃથ્વીશે પૂછ્યું.

'માણસ તો તમે પાછળથી મોકલજો' યશલાલસિંહે ઊંધો પાસો પડતો જોઈ ફેરવી જોખ્યું.

'ત્યારે શું વાંધો છે?'

'મારી સાથે ઘોડાગાડી છે—ઘોડું નથી'

'ક્યાં છે? બહુ જ સારું. આ ઘોડો તમે લઈ જાઓ. હું ને પૃથ્વીશ ઘોડાગાડીમાં જઈ શું'

યશલાલસિંહ પૂરો સપડાયો. ખુલાસો કરવો ઠીક ન લાગ્યો. કલ્યાણ પટેલ ને નાજા રબારી જેવા બે જબ્બર કોમના આગેવાન ઊભા હતા!

'ત્યારે તમે હવે જાઓ છો નાં?' પ્રતાપે એ જ વાત ઉપાડી.

'આજે નહીં!'

'બાપુ ! તો તો અમે ગરીબ માર્યા જઈએ,' નાજાએ ઠંડો પ્રહાર કર્યો.

યશલાલસિંહે સ્ફોટ કરવો શરૂ કર્યો : 'હું તો ચીડીનો ચાકર છું. મહારાજા ચામરાજેન્દ્રની ઇચ્છા છે કે મારે ત્યાં કાલે હાજર રહેવું !'

'કયાં છે હુકમ ?'

'મોઢેથી આજ્ઞા છે.'

'મારા પર આજે લેખિત હુકમ છે. તમારે એકદમ ધીરપુરના બહારવટિયા સામે જવાનું છે !'

'હા બાપુ હા.' કલ્યાણ પટેલે ઠંડો માર શરૂ કર્યો, 'તમે એક વખત આવો, પછી અમે ઊભા છીએ !'

યશલાલસિંહ ઉતાવળો બન્યો : 'પણ આજે હું નહિ જઈ શકું !'

'કારણ ?'

'મહારાજાની આજ્ઞા !'

'યશલાલ ! જો તમે મહારાજાનો મોઢાનો હૂકમ આજે રાત્રે દસ વાગે મેળવ્યો હોય તો, ટેલીફોન મહારાજાએ અગિયાર વાગે કર્યો છે ! આંહી તમે અત્યારે શા માટે આવ્યા છો ?'

'એટલા જ માટે !' યશલાલે સંદિગ્ધ ઉત્તર આપ્યો.

પ્રતાપ ઘોડા પરથી નીચે કૂદી પડયો : 'ઠીક આવો ત્યારે !' બીજો ઉપાય નથી જોઈ યશલાલે ઘોડા પર સવારી કરી. એણે ઘોડાને મારી મૂકવાનો નિશ્ચય કર્યો. એટલામાં અનંત આવ્યો : પૃથ્વીશને કહ્યું : 'સાહેબ માણસો તૈયાર છે. ઘોડા પણ તૈયાર છે.'

પૃથ્વીશ, પ્રતાપ, નાજો અને કરસન સૌ સવાર થયા, અને યશલાલને ખાત્રી થઈ કે પોતે કેદી બન્યો છે !

'યશલાલસિંહ ! હું તમને મારી રૈયત પર મધ્યરાત્રે ઘરપ્રવેશ કરવાના આરોપ માટે કેદ કરું છું ! તમે મારા કેદી છો !'

યશલાલ પ્રતાપ તરફ ફર્યો. પ્રતાપ હતો નહિ ! પ્રતાપ ક્યાં ?

'તારે સીધા લીલાપુરના કિલ્લામાં જવાનું છે !'

'હું કોણ છું, તમને ખબર છે ?'

'સ્ત્રોલંપટ રાજાના બોજા !'

'અરે પૃથ્વીશ !'

'ચૂપ ! સીધા લીલાપુરમાં. અનંત, નાજા, કરસન સૌ સંભાળીને એને લઈ જાઓ ! હું જઉં છું ! અનંત ! મારા દીવાનખંડ પાસેના ઓરડામાં હાલ ઉતારો આપજો.'

યશલાલસિંહ નીચે મોટે સૌ સાથે ચાલતો થયો. એ એકલો હતો. પૃથ્વીશ પ્રતાપને ત્યાં જવા રવાના થયો. પૃથ્વીશ પ્રતાપ પાસે પહોંચ્યો ત્યારે સવાર થયું હતું, પ્રતાપ બોલ્યો : 'મહારાજનો બીજો 'ટેલીફોન' છે. ધીરપુરના બહારવટિયા સામે યશલાલસિંહે જલ્દીથી જવું !'

'ત્યારે શું સમજવું ?' પૃથ્વીશ બોલ્યો. 'યશલાલસિંહ ત્યાંથી બહારવટિયા માટે નીકળ્યો જણાય છે. મોતી વિષેની ઘટના બાનગી છે કે મહારાજની અનુમતિથી થયેલી ?'

'અનુમતિ નહિ. પણ આવી રીતે, બહારવટિયા સામે જવાનું બંધ થઈ શકે તેમ હતું, અથવા ટેલી શકાય !'

'ત્યારે હવે શું કરવું છે ?'

'યશલાલસિંહે મંદિરમાં પ્રવેશ કર્યાની મોતીગરની ફરિયાદ પરથી તમે તેને પકડયો છે ! આજે તેને પંચેશ્વર મોકલી આપો !'

'જેલમાં ?'

'હા.'

'કુમાર ! હજી ધીરા થવાની જરૂર છે. હમણાં યશલાલ આંહી, બાનગી રીતે ભલે રહે. મહારાજ તરફ એ હકીકત લખી મોકલાવી.'

પૃથ્વીશ ને પ્રતાપ ત્યાર પછી જુદા પડયા. યશલાલસિંહને અનંતની દેખરેખ નીચે રાખવામાં આવ્યો.

પૃથ્વીશ ઘરે પહોંચ્યો ત્યારે કલ્યાણ પટેલ એક નાના બે વર્ષના બાળકને તેડી આવી પહોંચ્યો હતો. બાળકના ચહેરા પર, દુઃખ કરતાં આશ્ચર્યની લાગણી વધારે હતી, પરંતુ પોતાની કોઈ પ્યારી વસ્તુની શોધમાં હોય તેમ એનાં ગોળ ચળકતાં નયનો, વારંવાર રસ્તા પર ને દૂર સુધી ફરતાં હતા. એ વારંવાર પોતાની કાલી ભાષામાં એક જ શબ્દ બોલતો હતો : મા ! એ શબ્દની પાછળ પ્રશ્ન હતો : એમ કહેવા કે મા કયાં છે ? અથવા મા આંહી છે ? કે મા આવે છે ? ભોળો કણબી પ્રશ્ન તો સમજતો ન હતો, પણ વારંવાર જવાબ આપતો હતો : 'હા જો આવે !'

'જો આવ ! ઓ પ્યારું અસત્ય !'

પૃથ્વીશ આવી પહોંચ્યો. દીવાનખંડમાં ગયો. કલ્યાણ પટેલ પાછળ ગયો.

પૃથ્વીશે બાળક સામે જોયું. 'કોનું છે? કલ્યાણ પટેલ !'

'છ ! ધીરપુરમાં પ્લેગ ફાટી નીકળ્યો છે. અને આ બાળક તદ્દન નિરાધાર છે !'

'ધીરપુરમાં કોણ ડોકટર છે ?'

'નરહર, પણ ડોકટર કહે છે કે રોગ ચેપી છે !'

પૃથ્વીશ તે વખતે કાંઈ બોલ્યો નહિ. બાળકને અનાથ-આશ્રમમાં મૂકવું.

ત્રીજે દિવસે ધીરપુરમાં લોકવાયકા ચાલી કે વિખ્યાત બહાર-વટિયા નાગાર્જુનનો નાનો ભાઈ માલદેવ પોતાની ટોળી સહિત આજે ધીરપુર પર તૂટી પડવાનો છે ! ચામરાજેન્દ્રને મળવા થોડાક ગયા. તે પાછા આવ્યા. ચામરાજેન્દ્રે રીતસર પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટને મળવા કહ્યું હતું. ગામમાં પ્લેગ ચાલતો હતો. પ્લેગનો કેસ થયેલ કોઈ બચતો જ નહિ, વૃદ્ધ પૂજારી હરિદત્તનો એક દીકરો પ્લેગમાં ગૂજરી ગયો હતો. અને તેનો નાનો ભાઈ મૃત્યુશય્યા પરથી ખસતો નહિ હતો. છોકરાને સમજાવતા હતા. નાનો સદાશિવ

હમણાં જ પટ્ટનની કૉલેજમાંથી વેકેશન પર આવ્યો હતો. લોકોના ચહેરા પર ગભરામણ અને નિરાશા પ્રગટી હતી. એક બચાવનાર માત્ર પરમાત્મા જ હતો !

એટલામાં સ્ત્રીઓ ટપોટપ છૂટી પડવા લાગી. નાની કુમારિકાઓએ ઓવારણાં લીધાં. અને સર્વેની વચ્ચે પટ્ટન યુવરાજ પ્રતાપમલ્લ અને તેની પાછળ જમીનદાર પૃથ્વીશ ઊભો હતો ! પ્રતાપમલ્લને જોઈ સૌએ નીચા વળી, સલામ કરી. વૃદ્ધ પૂજારી હરિદત્ત આગળ આવ્યો. રડી પડ્યો !

'શું છે ?' પ્રતાપમલ્લે તદ્દન શાંત સ્વરે પૂછ્યું.

લોકો વાત સાંભળવા ભેગા થવા લાગ્યા. લોકો એ આજ પચાસ વર્ષ પછી ધીરપુરમાં રાજાના કુંવરને પગે ચાલીને આવતાં જોયો હતો. પ્રતાપમલ્લ કાંઈક કરશે એમ સૌના હૃદયમાં હિમ્મત આવી !

એક જણે જવાબ આપ્યો : 'સાહેબ, પ્લેગનો કેસ થઈ ગયો છે ! અને પૂજારીનો બીજો દીકરો મૂડદાં પરથી ઊઠતો નથી !'

'રાયમલ્લ !' પ્રતાપે બૂમ પાડી.

લોકના સમૂહની પાછળથી એક તીણો સ્વર આવ્યો : 'જી સાહેબ !'

'ડૉક્ટર નરહરને બોલાવો !'

એક જુવાને હિમ્મત કરી કહ્યું : 'સાહેબ ! ડૉક્ટર સાહેબ ડીસ્ટ્રીક્ટમાં ફરવા ગયા છે.'

પ્રતાપમલ્લ બોલ્યો નહિ. એ આગળ વધ્યો. વૃદ્ધ પૂજારી ને બીજા બૂમ્યા : 'સાહેબ ! રોગ ચેપી છે ! છોકરું છે, ઘડી પછી ઊઠશે !'

'તમે ધીરપુરનાં માણસ મૃતદેહ માટે માન ધરાવતા નથી કાં ?' પૃથ્વીશે જવાબ વાળ્યો.

કોઈ કાંઈ બોલ્યું નહિ. પ્રતાપમલ્લ આગળ વધ્યો. સદાશિવ પોતાના ભાઈની છાતી પર મોં મૂકી આંસુ સારતો હતો. સૌ

આશ્ચર્યચકિત થઈ જોઈ રહ્યા. પ્રતાપે સદાશિવને ખભેથી હલાવ્યો. સદાશિવ બોલ્યો નહિ. પ્રતાપે બીજી વાર હલાવ્યો. 'સદાશિવ!' પ્રતાપે તેનો ખભો ઝાલી કહ્યું : 'તારા રાજા માટે તને માન નથી? ભાઈ! એના સામે જોવા જેટલી તારામાં શ્રદ્ધા નથી?' સદાશિવે પોતાનું મોં ઊંચું કર્યું : એની આંખ છલકાઈ જતી હતી! 'સરકાર! મારો ભાઈ!'

પૃથ્વીશે પાછળથી ટેકો પૂર્યો : 'સદાશિવ! ભાઈ! બીજો ઉપાય જ નથી.'

પ્રતાપમલ્લે સદાશિવનો હાથ ઝાલ્યો. કાંઈક નાખુશીથી તેણે આપ્યો. પ્રતાપે ધીમેથી એને ઊંચો કર્યો. પોતાના હાથના ટેકામાં લઈ લીધો : 'સદાશિવ!'

સદાશિવ કાંઈ બોલી શકયો નહિ. એ માત્ર રડી પડ્યો. સદાશિવને વારંવાર અભ્યાસમાં મદદ દેનાર, યુવરાજના હાથમાં પોતે હતો, અને પછી તરત જ સ્મશાન તરફ માણસો રવાના થયા!

લોકોએ એક વખત ફરી શિર ઝુકાવ્યું, આ વખતે હૃદયના ખરા ઊમળકાથી. અને પ્રતાપ તથા પૃથ્વીશ ત્યાંથી રવાના થઈ ગયા.

પ્રતાપ અને પૃથ્વીશ બીજી તરફ ગયા. લોકો બીકથી દ્વાર બંધ કરી બેઠા હતા. સાંજ પડતી હતી ને ઉપર માલદેવનો ભય ગાજતો હતો. ઘડીવારમાં પ્રતાપમલ્લ આવ્યાની વાત આખા શહેરમાં ફેલાઈ ગઈ. લોકો ટોળે ને ટોળે ભેગા થવા લાગ્યા : પ્રતાપમલ્લદેવની જય! પૃથ્વીશની જય! લોકોએ હર્ષઘેલાં થઈ પોકાર કર્યો. સ્ત્રીઓ અને પુરુષો, વૃદ્ધો અને બાળકો સૌ પોતાના ભવિષ્યના રાજાને, પ્લેગની વચ્ચે ફરતો જોઈ આફરીન થયા હતા!

એટલામાં સ્ત્રીઓએ એક ચીસ પાડી. બાળકો રોતાં છાનાં રહી ગયાં અને બીકણ માણસો ધ્રૂજવા લાગ્યાં! ગામના ચોકમાં માલદેવ પોતાની ટોળી સાથે ઊભો હતો. ફૂટસ્થે શાંત રહેવા કહેલું છતાં માલદેવ વધારે વખત ધીરજ રાખી શકયો નહિ. તેણે

બધો નીલો વેષ પહેર્યો હતો. તેની કમર પર તરવાર લટકતી હતી. એના હાથમાં ભરેલી બંદૂક હતી, તેણે ગામમાં પ્રવેશ કર્યો હતો, અને લોકો ભયથી ચિત્રવત્ સ્થિર ઊભા રહી ગયા! પ્લેગનો ભય ચાલ્યો ગયો! આનંદ વિસરી ગયા.

પૃથ્વીશ લોકો તરફ ફર્યો, 'બાયલાઓ! તમારી સ્ત્રીઓ લૂંટાય તેની તમને દરકાર નથી? હું અને પ્રતાપ બે જ સામે જઈશું. તમે ઘરમાં જાઓ! સ્ત્રીઓ ઘરમાં શોભે!'

પાંચ સાત યુવાન નીકળી આવ્યા. પ્રતાપે તેમના તરફ જોયું. પ્રતાપ ધીમેથી, માલદેવ સામે આગળ વધ્યો! લોકો સ્તબ્ધ બની ગયા. આનું પરિણામ વિપરીત આવશે એમ ધારી નેમચંદ શેઠ, સોમચંદ મોદી, અને પાનાચંદ કામદાર પ્રતાપ પાસે ગયા.

'સાહેબ! અત્યારે માલદેવ સાથે સમાધાન કરી લ્યો. પાછળથી બંદોબસ્ત કરશું'

'શા માટે પાના શેઠ!' પૃથ્વીશે કરડાઈમાં પૂછ્યું.

'સાહેબ! બહારવટિયો છે. મરણ ઉપર જ બેઠો છે. કુમાર સાહેબ અનઅનુભવી છે.'

'ત્યારે તમે અનુભવી આગળ વધો!'

પાનો શેઠ હસી પડયા: 'જી અમે શું? રાજનો પ્રતાપ છે!'

'ત્યારે તમને બીક લાગતી હોય તો ઘરમાં જાઓ,—' પૃથ્વીશે કહ્યું, 'તમને ખબર છે યુવરાજ પ્રતાપમલ્લ અત્યારે પોલીસ કમિશ્નર છે!'

'જી હશે, પણ ઉઘાડી વઢવાડમાં ફાયદો નથી!'

'પાના શેઠ! તમે ઘરમાં છાની વઢવાડ કરજો'—પૃથ્વીશે કહ્યું:—'બાકી, પોલીસ કમીશનરનો પગાર ખાનારે, અત્યારે સામે જવું જ જોઈએ. એ પગાર મરવાનો છે! મારો એ મત છે, ને હું પ્રતાપ સાથે મરવા જાઉં છું. પાના શેઠ તમે આવો છો? સોમચંદ મોદી તમે?'

વેપારી તો પરવાણુ કે કહેવા આવ્યા કયાંથી? હવે તો થાય તે થાવા દો! પડશે તેવા દેવાશે! માલદેવના ઝપાટામાં આવશે એટલે સીધા થઈ જશે.

પૃથ્વીશ એના વિચાર માપી ગયો. 'પાના શેઠ! હવે વખત નથી. અમે પાછા મળશું. પાછા મળીએ તો ભલે, નહિતર રામ રામ!' પ્રતાપમલ્લે જતાં જતાં કહ્યું.

સૌ મંડળ જોઈ રહ્યું. કેટલાક સારા યુવાનો પાછળ ચાલ્યા.

માલદેવ ધીમે ધીમે આગળ આવતો હતો. લોકો એને જોઈ સંતાતા ફરતા હતા. પણ પ્રતાપ અને પૃથ્વીશ અચાનક થંભી ગયા. માલદેવની સાથે કૂટસ્થની વિશાળ મૂર્તિ હાથમાં હાથ મિલાવી આવતી હતી! બહારવટિયો નમ્ર શિષ્યની માફક ચૂપકીથી આવતો હતો. માલદેવ તદ્દન નજીક આવી પહોંચ્યો.

'મેં કહ્યું તે ખ્યાલમાં રહ્યું? રાજની મૂર્તિનું ધર્મવિષય સિવાય બીજા વિષયમાં ગૌણપદ ન થવા દેવા, હું જાઉં છું! પણ તું સમજ્યો છે?'

'જી હા. પણ મારો ન્યાય? ગુરુદેવ!'

'તને મેં શું કહ્યું?' કૂટસ્થ બોલ્યો.

'તારો ન્યાય યુવરાજ પ્રતાપમલ્લ પોતે કરશે. તેની પાસે, આ બાજુ ઊભો તે જમીનદાર પૃથ્વીશ-રાજકેદી! તારે એ પ્રમાણે કરવાનું છે, સમજ્યો?'

'ગુરુદેવ!'

માલદેવ નમ્ર શિષ્યની માફક ચરણમાં લોટી પડયો. અને કૂટસ્થ તરત પાછું પણ જોયા વિના રવાના થઈ ગયો! માલદેવ આગળ વધ્યો. લોકો ઉશ્કેરાયેલા હતા. પ્રતાપ સ્થિર ઊભો હતો. બહારવટિયો પાસે આવ્યો. શ્રીફળ પ્રતાપના ચરણમાં મૂકી બોલી ઊઠયો:

'રાજના ન્યાય સામે હું લૂટારો નથી! આપને શરણે છું!'

પ્રતાપે વાંસો થાબડ્યો : 'શાબાશ ! પટ્ટનને તમારા જેવા વીરપુરુષની જરૂર છે ! '

'માલદેવ ! ' પૃથ્વીશે કહ્યું : 'હું જેની પાછળ ચાલું છું તેના ન્યાય વિષે શંકા શી ? '

'બાપુ ! હવે શંકા નથી.'

લોકો વધારે રસભેર વાત સાંભળવા લાગ્યા. પૃથ્વીશે માલદેવનો હાથ પોતાના હાથમાં લીધો, ને બન્ને જણા પ્રતાપની પાછળ ચાલ્યા. લોકો આવેશમાં આવી બોલી ઊઠ્યા : 'પ્રતાપમલ્લ દેવની જે ! '

પૃથ્વીશે ચારે તરફ જોયું. કૂટસ્થ એક બાજુ લોકના સમૂહમાં શાંત ઊભો રહી બધું જોતો હતો. પણ એનો વેષ જુદો હતો. પૃથ્વીશે હાથ ઊંચો કર્યો. લોકોની દૃષ્ટિ એ બાજુ ફરી. માલદેવ ભડક્યો. પણ તરત જ કૂટસ્થની છાના રહેવાની નિશાની મળતાં પૃથ્વીશ આગળ ચાલ્યો. માલદેવને ન્યાય થતાં સુધી નજરકેદ રાખવામાં આવ્યો.

પૃથ્વીશ અને પ્રતાપની આ વિજયવાર્તા બધે પ્રસરી. પંચેશ્વર મહાલના સંખ્યાબંધ માણસો પ્રતાપને મળવા અને જોવા આવતાં. તે દરમિયાન, ચતુર અવનીશના હુકમથી, ચામરાજેન્દ્રે પ્રતાપને પટ્ટનમાં આવવા ફરમાન કર્યું : એ વખતે જ પૃથ્વીશને પણ આવવા માટે પુષ્કરે લખ્યું હતું. પંચેશ્વર અને એની આસપાસના મહાલોમાં આ બન્નેનાં નામ ધરગથ્થુ શબ્દ જેવાં થતાં જતાં હતાં. પ્રતાપ પટ્ટન જવા નીકળ્યો. તેની પાછળ માલદેવ અને યશલાલ કેદીની હાલતમાં નીકળ્યા. અને સૌથી છેલ્લે પૃથ્વીશ રવાના થયો.

૧૩. શું કરવું ?

પ્રતાપમલ્લ પટ્ટનમાં પહોંચ્યો એ ઘટનાને કેટલાક દિવસ વીતી ગયા. કામિની દક્ષિણ પ્રાંતમાંથી હજી આવ્યો ન હતો. કામિનીની રાહ જોઈ સૌ બેઠા હતા. તે દરમ્યાન એક નવીન ઘટના ઉપસ્થિત થઈ.

અવનીશ અને ચામરાજેન્દ્ર ઘણી વખત નિયમસર સાથે ભદ્રેશ્વર તરફ ફરવા જતા હતા. એક વખત ખબર મળ્યા કે આજે ભદ્રેશ્વરમાં મોટી કથા છે, અને ગામડામાંથી પુષ્કળ માણસો આવનાર છે. એ સમાચાર સહજ હતા. પણ પ્રતાપમલ્લ અને પૃથ્વીશ પંચેશ્વર મહાલમાં ફરી આવ્યા પછી સ્થિતિ વિચિત્ર થઈ હતી. ગામડાના લોકોને પ્રતાપ પર સંપૂર્ણ વિશ્વાસ બેઠો હતો. માલદેવને એનો ગરાસ પાછો ન મળ્યો ને એ જેલ તોડી નાઠો, છતાં, લોકોને પ્રતાપ-મલ્લમાં એટલો વિશ્વાસ બેઠો કે હવે અઢારવટિયાથી ધ્રૂજતા બંધ થયા ! પ્રતાપ ધીરપુરમાં પ્લેગમાં ફર્યો, એટલે તો લોકોએ તેને રાજા નહિ પણ દેવ માન્યો ! આવી સ્થિતિ હોવાથી અવનીશ તથા ચામ-રાજેન્દ્ર, પ્રતાપની દરેક દરેક દિલચાલ બારીકીથી તપાસતા હતા. આજે તેઓ ભદ્રેશ્વર તરફ જતા હતા.

'એક માત્ર કૂટસ્થ હાથમાં આવે !' અવનીશે ચામરાજેન્દ્રને કહ્યું.

'આપની એ દેવયાનીવાળી યુક્તિ અફળ ગઈ ?'

'ના, એ હજી ચાલે છે. પણ કૂટસ્થ બે વિરોધી સત્ત્વોને સાથે રાખી શકે છે !'

'ફૂટસ્થનો હવે શું ઉપાય કરવો ?'

'એને કેદમાં નાંખીશું !' અવનીશે ઉચ્ચાર કર્યો. એટલામાં જ એની દૃષ્ટિ રસ્તા પર પડી. ને ફૂટસ્થ તેની સામે જ દૃષ્ટિ રાખી જાણે ત્યાં ઊભો હતો. અને એ દૃષ્ટિ અનિવાર્ય બળથી એને વીંધી રહી હતી. અવનીશ ઘડીભર સ્તબ્ધ થઈ જઈ નિરાશાવાદી બન્યો, પરંતુ સ્વભાવથી જ એ આનંદી હોવાથી, તેણે વધારે ગ્લાનિ ન પામતાં હાલ તો ફૂટસ્થની દૃષ્ટિ ચુકાવવી બસ ધારી. પછીની વાત પછી.

'હવે બહુ જ યુક્તિથી કામ લેવાનું છે.' ચામરાજેન્દ્રે જવાબ આપ્યો. 'મેં નિશ્ચય કર્યો છે કે . . .' એટલું બોલી ચામરાજેન્દ્રે અવનીશના કાનમાં કાંઈક કહ્યું.

અવનીશ આશ્ચર્ય પામી ગયો: 'હેં કયારે ?"

'થોડા દિવસમાં !'

અવનીશે ડોકું ધુણાવ્યું : 'મનાય ન મનાય, પણ એનામાં કાંઈક શક્તિ છે : જાદુ જાણતો હશે. એમાંથી પણ એ તો બચી જવાનો.'

'તો પછી સોમનારાયણને સોંપેલું કામ કાંઈક પરિણામ લાવશે.'

'કામિની સાથે પૃથ્વીશને મતભેદ પડયો, પણ ફૂટસ્થની આજ્ઞા બન્નેએ ખુશીથી ઉઠાવી !'

'એ જોગટાનું શું કરવું ? માલદેવ જેવો બહાદરવટિયો પણ એને નામે ધ્રુજતા !'

'પાછી ધીરપુરમાં પ્રતાપની કીર્તિ એમ જ ફેલાણી — '

મંદિરના ચોગાનમાં આમ વાર્તાલાપ કરતા તેઓ આવી પહોંચ્યા. ત્યાં હજારો માણસોનો સમૂહ વડ નીચે એકઠો થયો હતો. એમને જોઈને સૌ દૂર ખસી ગયા. સલામો થવા માંડી. ચામરાજેન્દ્ર હસતે ચહેરે સલામો ઝીલતો મંદિર તરફ ગયો.

મંદિરમાં એક તરફ પુષ્કર ઊભો હતો. ચામરાજેન્દ્રને જોઈ પૂજારી સામો આવ્યો ને આશીર્વાદ આપ્યો. ચામરાજેન્દ્રે મસ્તક

નમાવી, એ ઝીલી લીધો.

પણ થોડીવારમાં ત્યાં કૂટસ્થ પણ આવ્યો. અવનીશના ચહેરા પર ગભરાટ છૂટ્યો : તે મોટેથી બોલ્યો, 'ઓહો ! તમે આંહી પણ છો ?'

કૂટસ્થે જવાબ આપ્યો: 'હું તો હાલ આંહી જ છું. અથવા . . . હું ક્યાં નથી ?'

અવનીશે આ વિચિત્ર જવાબથી ગભરાઈને કૂટસ્થની દૃષ્ટિ ચૂકવવા યત્ન કર્યો, પણ વ્યર્થ.

એવામાં કામિનીને લઈને પૃથ્વીશે પ્રવેશ કર્યો. અવનીશ હસતે ચહેરે ઈર્ષાથી, આ મિત્રો તરફ જોઈ રહ્યો. પછી એ પોતે ચામરાજેન્દ્ર સામે બાગ તરફ ગયો. કૂટસ્થ પૃથ્વીશ તરફ ફર્યો :

'પૃથ્વીશ ! અનંત ક્યાં છે ?'

'બાગમાં છે.' પૃથ્વીશે કહ્યું.

'અને ચંદ્રસેન ?'

'એ પણ બાગમાં.'

'પૃથ્વીશ !' કૂટસ્થના ચહેરા પર શાંતિ હતી, પણ અવાજ પરથી કાબૂ ગયો હતો. પૃથ્વીશે કૂટસ્થને આટલો કરુણ થતો કદાચે ય જોયો ન હતો ! એ આશ્ચર્ય પામ્યો, 'પૃથ્વીશ !'. કૂટસ્થ ફરી બોલ્યો : 'આ ચીઠી લઈને તું પોતે જ-બીજું કોઈ નહિ-તું પોતે જ પ્રતાપને જલદીથી મળ ! તું જ હો, અનંત નહિ !'

આ વખતે ચામરાજેન્દ્ર અને અવનીશ મંદિરના અંદરના બાગમાં, ન સાંભળે તેટલે દૂર પહોંચી ગયા હતા.

'ગુરુદેવ, શું છે ? આપના ચહેરા ઉપર સાધારણ મનુષ્યને યોગ્ય એવી આજ આ નિશાની ? એ શું ?'

'પૃથ્વીશ ! સમય ગુમાવવાનો નથી. હમણાં તો તું જલદીથી જા. પ્રતાપને ચીઠી આપી દે. ને તુરત પાછો ન આવતાં તારા મહેલે જ ચાલ્યો જા ! જવાબ આવવા અનંતને આંહીં મોકલજે.'

'ગુરુદેવ ! એવું શું છે ?' કામિનીએ અધીર થઈને પ્રશ્ન પૂછ્યો.

'દક્ષિણ પ્રાંતમાં કોની અસર વધારે, કામિની ? તારી કે પૃથ્વીશની ?' જવાબ ન આપતાં કૂટસ્થે સામે પ્રશ્ન કર્યો.

'કામિનીને દક્ષિણ પ્રાંતના લોકો પૂજે છે !' પૃથ્વીશે જવાબ આપ્યો.

'ઠીક . . ક' કૂટસ્થે જવાબ આપ્યો. અને પછી ઉમેર્યું 'હવે તું જલદી જા.'

પૃથ્વીશ ચિઠ્ઠી લઈને ચાલ્યો ગયો.

ચામરાજેન્દ્ર અને અવનીશ થોડીવારમાં બગીચામાંથી પાછા ફર્યા, ત્યારે વડ નીચે હજારો માણસોની ગીરદી થઈ ગઈ હતી. પુષ્કર એક ઊંચા આસન ઉપર બેસીને મહાભારતની વાર્તા વાંચતો હતો. કામિની અને કૂટસ્થ હજી મંદિરમાં જ હતા.

અવનીશ બહાર નીકળ્યો. લોકસમૂહને આમ વળતો જોઈને એણે ચામરાજેન્દ્રને કહ્યું:

'હવે આનું ટૂંકેથી પતાવી દેવાની જરૂર છે ! આજ થાય તો કાલે નહિ !' અવનીશે મહારાજને કહ્યું.

'પણ શી રીતે કરવું એ મને ખબર નથી પડતી, કામિની દક્ષિણમાં આવી જ ધાંધલ કરી આવ્યો છે. માલદેવના પ્રસંગથી દરેક સાધારણ માણસ પ્રતાપ તરફ ફર્યો છે !'

'ચાલો, આ કથામાં જવું છે ?'

'હા, ચાલો. એમાં શું વાંધો છે !'

કૂટસ્થે ચામરાજેન્દ્રને કથા સાંભળવા જતો જોયો. તેણે કામિનીને કહ્યું. 'તું કથામાં જઈને બેસ; અનંતને આવતાં દેખે કે તરત જ મોટેથી ધૂમ પાડીને પૂછવું.'

'શું પૂછવું ?'

'કેમ અનંત ! શું સમાચાર છે ? એટલું જ.'

'પછી ?'

'પછી અનંતને મહારાજા ચામરાજેન્દ્ર પાસે દોરી જજે. ત્યાં

હું આવું છું !'

કૂટસ્થના કહેવા પ્રમાણે કામિની અંદર ગયો. સૌ ચામરાજેન્દ્રને નમન કરવા ઊભા થયા હતા.

ચામરાજેન્દ્રે જગ્યા લીધી–પુષ્કરની કથા ચાલી. એ અભિનવ પ્રયોગ હતો.

'અર્જુનને એ પ્રશ્નો વચ્ચે નિર્ણય કરવાનો હતો. આપણા જીવનમાં પણ કયારેક એ પ્રશ્નો આવી ઊભા રહે છે. ધીરપુરનો હાલનો તાજો જ દાખલો જુઓ.' પુષ્કરે ચામરાજેન્દ્ર સામે જોયું, પણ ચામરાજેન્દ્રે નજર ચુકાવી.

'રાજધર્મનું પાલન કરવા માલદેવ સામે યુદ્ધમાં જવાની વાત હતી. અથવા રાજધર્મનું પાલન કર્યા વિના નામના રાજા રહેવાનું અને વધારે વખત જીવવાનું પસંદ કરવાનું હતું. યુવરાજ પ્રતાપમલ્લે પોતાની જાત હોમી. શ્રેયસ્ ને પ્રેયસ્ વચ્ચે આવી પસંદગી કરવાનો સમય આવે ત્યારે શ્રેયસ્ તરફ વળે તે રાજા—ખરા અર્થમાં એ જ રાજા છે – બાકી બધું નાટકના રાજા જેવું. યુવરાજ પ્રતાપમલ્લે પોતાનો રાજધર્મ પાળ્યો. આનું નામ જ તપ. તપ એટલે દુઃખમાંથી પસાર થવું, સ્વાર્થ હોમવાની શકિત મેળવવી, સ્વાર્પણ શીખવું. પ્રતાપમલ્લે પ્રજાને કહ્યું: હવે આ પ્રજા વખત આવે તો પ્રતાપમલ્લનો વાળ વાંકો થવા દઈ શકે ?'

'ના. ના.' હજારો અવાજ આવ્યા.

'કારણ કે જે રાજા આપણા માટે મરવા તૈયાર થાય, તો એ રાજા માટે આપણે મરવા તૈયાર થઈએ !'

કૂટસ્થ આતુરતાથી અનંતની રાહ જોતો હતો, પણ અનંત હજી આવ્યો નહિ. કલાક વીતી ગયો. પુષ્કરની કથા પૂરી થવા આવી. સભા વિખેરાણી અને સૌ ચામરાજેન્દ્રની ગાડી પાસે જમા થતા હતા, એટલામાં એક સવાર દોડતો આવ્યો :

'સરકાર ! માલદેવ આવી રહ્યો છે. સાથે બહુ માણસ છે !"

ચામરાજેન્દ્ર : અને અવનીશ ગભરાયા. લોકો પણ ગભરાટથી અને રસથી સાંભળવા લાગ્યા. થોડી વારમાં બધે ભય પ્રસરી ગયો !

'કોણ છે ? શું છે ?' ફૂટસ્થે ત્યા આવીને લોકોમાં પ્રશ્ન કર્યો.

'એ મારાજ ! માલદેવનું નામ સાંભળ્યું છે ? એ આવે છે.' એક ગામડિયાએ જવાબ આપ્યો, 'આ માણસ સમાચાર લઈ આવ્યો છે !'

ગભરાટમાં લોકો ચામરાજેન્દ્ર શું કહે છે તે સાંભળવા તલપાપડ થઈ રહ્યા હતા.

એટલામાં અવીનાશનો અવાજ આવ્યો :

'સૌ શાંતિથી અત્યારે ઘેર પાછા ફરો. બીઓ નહિ ભાઈઓ ! મહારાજા પોતે આ વખતે સામે જનાર છે !'

લોકોને આ જોઈતું હતું, રક્ષણ. એટલે એમણે તરત ઉપાડી લીધું : 'મહારાજા ચામરાજેન્દ્રની જય !'

ચામરાજેન્દ્રે પાછળ જોયું. ફૂટસ્થ અવનીશ સાથે ત્યાં ઊભો હતો. એની આંખમાં વિજયની ઘોષણા હતી ! લોક ઇચ્છાને માન આપવાની રાજાને ફરજ પડતી હતી એ વિષેની.

એટલામાં તો કામિનીનો સ્વર આવ્યો : 'ચાલો ભાઈઓ ! પટ્ટનના રક્ષણ માટે, મહારાજા ચામરાજેન્દ્રની પાછળ સૌથી પહેલો હું જ ચાલીશ ! હવે વખત ગુમાવશો નહિ ! ચાલો બીજા કોણ કોણ જુવાન બહાર નીકળે છે !'

ચામરાજેન્દ્ર તો હજી વિચાર કરતો હતો. પોતે ધાર્યા કરતાં વાત ઊલટી ઊતરતી હતી. આ તો ખરાખરીના ખેલની વાત આવી હતી.

'પ્રતાપમલ્લ કયાં છે ?' તેણે રસ્તો કાઢવા સવારને પૂછ્યું.

લોકો જવાબ સાંભળવા આતુર બન્યા, એમનામાં આશા આવી : એક છેડેથી સ્વર આવ્યો.

'કુમાર જુદ્ધે ચડે તો પછી માલદેવના બાપનો પણ ભાર નથી !'

અવનીશે આ સર્વ જોયું : કૂટસ્થે સામું જોયું : કૂટસ્થની આંખ હસી રહી હતીઃ જાણે કહેતી હોય, 'કેમ, શું જુઓ છો ?'

'આ તમારો પ્રભાવ!' એણે કૂટસ્થને કહ્યું.

'મારો પ્રભાવ? કેમ એ ખૂંચે છે?'

'ના ખૂંચતો નથી. લોકમત દૃઢ થતો જાય છે.'

'ત્યારે ભલા માણસ! તું સમજતો નથી. એ કુદરતને જ અનુકૂળ છે.'

અવનીશ કંઈ જવાબ આપ્યા વિના સવાર બોલી રહ્યો હતોઃ તે સાંભળવા લાગ્યો. 'એ કલાક પહેલાં જ બહારવટિયા નીલમપુર ગયા! બહારવટિયાએ એ ગામ ભાંગ્યું છે. ને માલદેવ ભદ્રેશ્વરની ટેકરીઓમાંથી આ બાજુ આવ્યો છે. અત્યારે એની પરા ઉપર નજર છે!'

'એકદમ યશલાલસિંહને ખબર કરો!'

ચામરાજેન્દ્રનો શબ્દ સંભળાયો ને પછી તરત જ ચામરાજેન્દ્રની ગાડી પાછળ, ઘોડેસવારોના પડઘા સિવાય બીજી કંઈ નિશાની ન રહી!

પુષ્કર આવી પહોંચ્યો : 'શું મહારાજ પોતે સામા ગયા?'

કામિની ઘણે દૂર હતો. તેણે મોટેથી જવાબ આપ્યો, 'લોકો માટે જીવને જોખમમાં નાંખવાનું એક પ્રતાપમલ્લને જ સોંપ્યું છે. મહારાજા તો ખાસા મજેના મહેલમાં પોઢવાના છે! મહારાજ ને કોઈકે પૂછવું'તું કે અમારું રક્ષણ કોને સોંપ્યું છે?'

માણસોમાં આ શબ્દ ફેલાઈ ગયા. સૌને ચામરાજેન્દ્રના નામ સાથે જ પ્રતાપનું નામ લેવાનું સહજ રહ્યું!

'આંહી કાંઈ ધીરપુર ન હોય, ભાઈઓ! પોલીસનો બંદોબસ્ત ભારે છે. પછી મહારાજા નિરાંતે કેમ ન સૂએ?' પુષ્કરે જવાબ આપ્યો.

'પોલીસ પણ પેટ માટે મરવા તૈયાર નથી! આપણે ગામ-

ડિયા. આપણું કોને પેટમાં દુઃખે ? મારા ભાઈ ! એ તો આપણે જ એવા એમાં કોનો વાંક ? '

ગોવિંદ પટેલે પોતાના વિચાર દર્શાવ્યા, પણ એ લોકોના જ વિચાર હતા.

લોકો સા મંદિર તરફ જવા માંડ્યા. મંદિરના ઓટલા પર પુષ્કર ઊભો હતો : એક બાજુ કૂટસ્થ ને કામિની વાતો કરતા હતા. એટલામાં તો ' એક બે ત્રણ ! ' બંદૂકના ત્રણ ધડાકા થયા. બેબાકળા બનીને લોકો મંદિર તરફ દોડ્યા.

પુષ્કર આગળ આવ્યો: ' કાંઇ ફિકર નથી, ભાઈઓ ! આ તો ભદ્રેશ્વરનો દરબાર છે ! સૌને માટે આંહીં દરવાજા ખુલ્લા છે ! માલદેવનો ભાર નથી કે આંહી પ્રવેશ કરે. અમે પણ આંહી ઊભા છીએ. તમે નિરાંતે અંદર જાઓ ! '

લોકોએ એકી સાથે દરવાજા પર હલ્લો કર્યો.

કૂટસ્થના ચહેરા પર શાંતિ છવાઈ ગઇ હતી. તે કામિની તરફ ફરી અતિ આર્દ્ર સ્વરે બોલ્યો.

' ખલાસ ! કામિની ! અંતે એ જ પરિણામ આવ્યું ? '

' ગુરુદેવ શું ? શાની વાત છે. '

કામિની રોકે તે પહેલાં કૂટસ્થ વીસ પચીસ કદમ દૂર ખસી ગયો હતો. તેણે ત્યાં ઊભા રહીને કહ્યું :

' કામિની ! હવે હું હમણાં નહિ આવું. '

' ગુરુદેવ ! પણ છે શું ? '

કામિની દોડીને પહોંચે તે પહેલાં તો કૂટસ્થ ઝડપથી ચાલ્યો ગયો હતો. તેણે મોટેથી બૂમ પાડી : ' કૂટસ્થ ! ગુરુદેવ ! ગુરુદેવ ! '

શાંત ટેકરીઓમાંથી પડઘો પડ્યો : ' ગુરુદેવ ! ' કોઈનો પ્રત્યુત્તર આવ્યો નહિ. એને આ પગલામાં કાંઇ સમજણ પડી નહિ. તે ભારે હૃદયે મંદિરમાં આવ્યો !

૧૪. ગુરુદેવના શબ્દો

પૃથ્વીશ પ્રતાપમલ્લને આપવાની ચિઠ્ઠી લઈને ગયો હતો. એના કાનમાં ગુરુદેવના શબ્દો ગુંજી રહ્યા હતા : 'તું જ જજે. અનંતને મોકલતો નહિ!'

આ શબ્દનો અર્થ એના સમજવામાં આવ્યો નહિ. પણ એના ઉપર એ વિચાર ફરી રહ્યો હતો. પ્રતાપમલ્લને ત્યાં પહોંચ્યો તો ખબર પડી કે એ તો મુંજાવરને ત્યાં ગયેલ છે.

પૃથ્વીશ મુંજાવરને ત્યાં જવા નીકળ્યો.

પણ એટલામાં એના પોતાના બાગ પાસેથી રસ્તે જતાં જ એને ચંદ્રસેન ગવૈયાનો ભેટો થયો, ગવૈયો વળી એને ખોળી રહ્યો હતો. ગવૈયા પાસે પૃથ્વીશને આપવાની કાંઈ બહુ જ અગત્યની વાત હતી. એક પળ ભર વિસ્મૃતિ થઈ ગઈ, ને પૃથ્વીશ અનંત વિષેની પૃચ્છા કરી રહ્યો. એ હોય તો એને મોકલી શકાય.

એટલામાં ચંદ્રસેને કહ્યું કે અનંત તો આંહીં તમારા બાગ મંડપમાં જ કયાંક છે!

ગુરુદેવે બે વખત ભાર દઈને એને જે વાત કહી હતી : 'તું જ જજે!' એ એની સ્મૃતિમાં હતી, અને છતાં જાણે એ પોતે એમાં કાંઈ વધુ અગત્ય ન જોઈ શકતો હોય તેમ વર્તી રહ્યો હતો. એને પોતાને પણ આશ્ચર્ય થતું હતું. ચંદ્રસેનને ત્યાં જ ઊભો રાખી અનંતને ખોળવા બગીચામાં પેઠો.

'અનંત!' એણે એક બૂમ પણ મારી.

કોઈએ જવાબ આપ્યો નહિ. પૃથ્વીશ આગળ વધ્યો : એના કાનમાં હજી ગુરુદેવનો સ્વર આવ્યો : 'તું જજે. અનંતને મોકલતો નહિ !' એ સ્વરની આજ્ઞામાં હોય તેમ પૃથ્વીશ પાછો પણ ફરતો હતો, તેટલામાં બાગમાં કોઈ બોલતું સંભળાયું : સ્વર અનંતનો હતો !

'લુચ્ચી ! છુપાઈ રહી છો કે ?'

સામેથી કોઈ ખડખડાટ હસી પડયું : 'તમે કયાં ઓછા છો ?'

પૃથ્વીશ ભડકી ઊઠયો. આ વાત વળી આહીં જુદી હતી. અનંત જુદી જ ધૂનમાં હતો !

'કાલે કેમ ન આવ્યા ? હવે તો તમે બહુ મોંઘા થયા છો ? પણ જો જો હોં ! હું બેચરદીનું માણસ છું.'

'ગુલાબ ! દમણાં નવરો નથી.'

'એવી બધી શું મોથ મારવી પડે છે ? પૃથ્વીશ તો તદ્દન સાદા અને સીધા છે. એની તહેનાત તો તમારે બહુ ઉઠાવવી નથી પડતી !'

પૃથ્વીશ અનંતનો અભિપ્રાય સાંભળવા આતુર બન્યો :

'પૃથ્વીશ તો જગત ઉપર ઊતરતા દેવ છે ! પણ કૂટસ્થ દેવ પાસે બહુ હાજર રહેવું પડે છે !'

'ઠીક, હવે, એવાં બાનાં જવા દો.'

'જવા દો ? જવા કયાંથી દઉં ? ગુરુદેવે કહ્યું છે, પૃથ્વીશ આજે રાત્રે કયાંય મોકલે તો જતો નહિ !'

'એવા સાધુ તો એમ ડરાવે. શા માટે ન જાવું ?' પૃથ્વીશ આશ્ચર્યચકિત થયો. તે તુરત પાછો વળ્યો. વળતાં જરાક જરાક અવાજ થયો. અનંત ચમકયો 'પૃથ્વીશ !'

ગુલાબ હસી પડી : 'અરે કોઈ નથી ! અને હોય તો શું ?'

'જેનું જિગર જ્યાં જ્યાં મળ્યું,
તેની ઠરી ત્યાં જિંદગી . . .'

'બોલો હું તમને ગમું છું ?' ગુલાબ આગળ આવી. ગાલ પર

ચૂંટીઓ ભર્યો.

'અરે બોલો!'

'હું હું ગુલાબ દુઃખે છે હોં!' અનંતે હાથ તરછોડતાં કહ્યું.

પૃથ્વીશ પાછો ફરી ચંદ્રસેન સાથે રવાના થયો. તેણે અનંતના વિનોદમાં વિઘ્ન નાંખવું યોગ્ય ન ધાર્યું: વળી ગુરુદેવના શબ્દોનો ભણકાર થતો હતોઃ 'તું જજે, અનંતને મોકલતો નહિ!'

આ અનંતનો થોડોક નિર્દોષ સ્નેહઇતિહાસ હતો. એનાં માબાપનો પતો ન હતો. તે પૃથ્વીશને ત્યાં જ મોટો થયો હતો. એના આનંદી સ્વભાવને જેમ બધી સ્થિતિ અનુકૂળ હતી, તેમ એના સરલ અને ઉદ્યોગી સ્વભાવને બધું કામ અનુકૂળ હતું. ગમે તેવું કામ હોય પણ અનંત એક બે કૂદકા મારતો ગુલાબ પાસે પહોંચ્યો જ હોય! એ કચારાને પાણી પાતી હોય ત્યારે પાણી છાંટે, અથવા કપાળનું નિશાન કરી કાંકરો ફેંકે! ગુલાબ પહેલાં આ બધું સહન કરે! અને પછી એની પાછળ દોડી ચોટલી ખેંચી તોબા પોકરાવે ત્યારે મૂકે. આ રમતમાંથી, અનંતકાળ થયાં જે અનિવાર્ય ઇતિહાસ લખાતો આવે છે એ લખાયો! ગુલાબ પછી તો અનંત સાથે ડાહી બનીને ઊભી રહેતી. પણ હજી અનંત એના બાલને સતાવ્યા વિના રહેતો નહિ ને ગુલાબ ચૂંટીઓ ભર્યા વિના રહેતી નહિ.

સમાન વયના સ્નેહમાં નિર્દોષ મશ્કરીને માર્ગ છે. નિર્દોષ ગુલાબ છેટેથી આવે ત્યાં તેની આંખ હસતી હોય. અનંતનું મોં પણ હસ્યા વિના રહી શકે નહિ. ને ગુલાબ તરત ટોકેઃ 'કાં હું ગમતી નથી ને? કેમ હસ્યા? અરે! તમારી ઠગાઈ!' અનંત ને ગુલાબ કચારેક રીસાતાં; ત્યારે વળી એક બીજાં બોલે નહિ. પછી મૌન હમેશાં અનંત તોડતો. એ ડાવકું મોં રાખી જરાક ગંભીર બની, માથે મોટું પાઘડું મૂકી, લાકડી ટેકાવતો આવતો.

પછી વાણિયાનું અનુકરણ કરી બોલતોઃ

'આજ તો કાંઈ શેઠાણી રીસમાં છો ? કેમ વાડુ બોલટાં નડી ?'

ગુલાબ પોતાના મૃદુ હાથ પાધડા ઉપર પછાડતી. પાધડું પડી જાતું ને એ ખડખડાટ હસી પડતી ! આજે પૃથ્વીશે તો પહેલ વહેલાં જ એમને આમ બોળખ્યાં. પૃથ્વીશના ગયા પછી પણ બન્નેની નિર્દોષ અને સરલ હાસ્યલીલા ચાલતી રહી.

'એ અનંત !'

'હવે જરા શરમા શરમા !' અનંત તેને ઠપકો આપતો હોય તેમ બોલ્યો. 'હવે મને અનંત કહેવાય કે ?'

'કેમ નહિ ? તમને શું કહેવું ?' ગુલાબ હસતી હસતી બોલીઃ 'એ . . કહું ? બોધડ શેઠ !'

'જા રે ! અક્કલ છે ?'

'અરે પણ પોતાના . . . .' અનંત ગુલાબના કાનમાં જઈ કહી આવ્યોઃ 'દુઃખણાં લેવાય ?'

'અરે જાઓ રે ! એમ શું બોલ બોલ કરો છો ?'

ગુલાબે જાણે ખીજાણી હોય તેવો ડોળ કર્યો. અનંતે ગુલાબનો હાથ પકડયોઃ 'પણ મોઢું કહે છે કે શબ્દો બહુ ગળ્યા લાગે છે !'

'જેવું પોતાના મનમાં તેવું પારકા મનમાં !'

'મારા મનમાં તો એવું છે કે આખી જિંદગી તારી પાછળ ભમું.' અનંતે જરાક ગંભીર રહી જવાબ દીધો.

'અને . . .' ગુલાબ પોતાના પાલવને એક આંગળી વડે હડપચી તથા હોઠ આગળ લાવતી બોલી, 'હવે મને તો તમે ભેખ લેવરાવ્યો છે !'

અનંત હસી પડયોઃ 'ગુલાબ કાંઈ ચાંદની ખીલી છે ! ફરવા જશું ?' 'ના રે !' 'હવે કોણ બીકણ છે હું કે તું ?'

'તમે !'

'હું તો આ ચાલ્યો.'

'તો મારે એટલું જ જોઈએ છીએ !' ગુલાબે આગળ

દોડતાં કહ્યું.

બન્ને જણા ફરતાં આગળ ચાલ્યાં. પરાની હદ સુધી આવી પહોંચ્યાં: 'ગુલાબ, આંહીં ચાંદની કેવી ખીલી છે!' ગુલાબ ગંભીર બની ગઈ: એની રમતિયાળ આંખમાં આંસુ આવ્યાં, તે બોલી.

'અનંત! તું મારા જેવી માળીની છોકરીને પરણીશ?'

'હા, કેમ તું માણસ નથી?

'હા પણ હું માળી છું!'

'તો હું પણ માળી જ રહેવા માગું છું.'

'અરે અનંત! તું કોણ? પૃથ્વીશનો . . .' પૃથ્વીશ આ સહન કરે? ગુસ્સે નહિ ભરાય?'

અનંત ગંભીર થયો. એક તરફ જીવતદાન દેનાર પૃથ્વીશ અને બીજી બાજુ નિર્દોષ ગુલાબ! કોને પસંદ કરું? એનું મન વેગથી બોલી ઊઠ્યું; સમૃદ્ધિ? ગુલાબ પોતે જ સમૃદ્ધિ નથી? પૃથ્વીશને બોટું લાગશે. એનું મન મનાવા પ્રયત્ન કરશું. અનંત દૃઢતાથી બોલ્યો; 'ગુલાબ! તારી સાથે હું કપટ રમું ખરો?'

'કપટ નહિ અનંત! પણ જે તું કરી શકે તેમ નથી એવી રમ્મત તું રમે છે!'

'ગુલાબનો હાથ એક જ વાર ઉપાડયો છે.....' આ વખતે અનંત બોલતાં ધ્રૂજ્યો; કાનમાં જાણે કે અગમ્ય ભણકાર વાગ્યો.

'કહે કે તું કાલે ઉત્તર આપશે! ભોળા યુવાન! પ્રેમના વેગમાં ગુલાબ છુંદાઈ જશે.'

'કેમ ધ્રૂજ્યા?'

'એ તો અમસ્તો. હું. તારો હાથ પકડ્યો છે. અને જગત છોડવું પડે તો પણ હું તારો જીવનમિત્ર છું! પણ બોલ, તું?'

'મારો તો કયાં પ્રશ્ન જ છે? પ્રશ્ન તારો જ હતો.'

અરે! ગુલાબને શું ખબર કે જીવન પર પોતે જ આજે ઘા કરી રહી છે!

બન્ને ત્યાં આવો વાર્તાલાપ કરતાં રહ્યાં. અનંતના ખોળામાં ગુલાબ નિરાંતે માથું મૂકી થોડીવાર સૂઈ ગઈ. અનંત એના પવનથી હાલતાં ઝુલ્ફાં સમારે છે. વચ્ચે વચ્ચે ગુલાબ, પોતાનો હાથ અનંતના ખભા પર મૂકે છે. એ દૃશ્ય ત્યાં રહ્યું.

આ તરફ પૃથ્વીશ અને ચંદ્રસેન પ્રતાપને મળવા ગયા હતા. અરધે રસ્તે જતાં પૃથ્વીશને વિચાર થયો : ગુરુદેવે અનંતને શા માટે જવાની ના પાડી હશે? એ કાંઈ સમાધાની કરી શકયો નહિ. તેથી ચીઠ્ઠી વાંચવાનો વિચાર કર્યો. મ્યુનિસિપાલિટીના બીજળીક લેમ્પને આધારે ઊભા રહીને વાંચ્યું : ચિઠ્ઠી ટૂંકી જ હતી.

'પ્રતાપ !

'બહારવટિયો ફરી વિફર્યો છે. પણ હવે તું આંહી ન આવતો. નીલમપુર તરફ જા. માલદેવ આંહી આવનાર છે, પણ તારું કામ નથી. કૂટસ્થ'

'ઓહો !' પૃથ્વીશ બોલ્યો : 'આમાં એવું શું છે કે ગુરુદેવ અનંતને મોકલવા ડરતા હતા? એમણે ધાર્યું કદાચ છોકરું છે ને ભડકે.'

ચંદ્રસેન આગળ નીકળી ગયો હતો. પૃથ્વીશે કોઈ સ્ત્રીને જતાં જોઈ. કોણ એ કળાણું નહિ. ગાડી બંધ હતી. પૃથ્વીશ આગળ ગયો પણ એટલામાં તો એકાએક પોલીસની સીસોટી સાંભળી. પૃથ્વીશ ત્વરાથી ચંદ્રસેનની સાથે થઈ જવા માટે મુંજાવરના ઘર તરફ રવાના થયો.

પૃથ્વીશ ત્યાં પહોંચ્યો ત્યારે મુંજાવર સૂવાની તૈયારી કરતો હતો. ઈંદિરાને લઈ, દેવયાની પાછા વળવાની તૈયારી કરતી હતી. પૃથ્વીશે બારણું ઠોકયું :

'કોણ?'

'હું પૃથ્વીશ !'

દેવયાનીએ જ દ્વાર ખોલ્યું : 'કેમ અત્યારે?'

'ઘડીક પહેલાં બધ ગાડીમાં તમે આવ્યાં ?'

'હા.'

'કેમ ?'

'ઇંદિરાને લેવા'

'ઇંદિરાને લેવા ? શા માટે ?'

'કારણ કે ઇંદિરા ત્યાં વધારે સલામત છે ! આંહીના કરતાં વધારે'

પૃથ્વીશ મુંજાવર તરફ ગયો. દરા વગેરે સૌ પાછળ ગયાં.

'કાં ઓલીઆ ! પટ્ટનના ધનવાન પશુઓએ આ દશા લાવી મૂકી કે ?'

ઓલીઓ હંમેશની માફક જરાક મિટું હસ્યો.

પૃથ્વીશ ઇંદિરા તરફ ફર્યો.

'તને આંહી નથી ગમતું ?'

ઇંદિરા ઉત્તર આપી શકી નહિ.

'સંકટ સમયે સહાય્ય થનાર સાથે જીવનભરના દુઃખ સહેવા તૈયાર રહેવું જોઈએ એ ખબર છે નાં ?'

'જી હા !' ઇંદિરાએ ધીમેથી જવાબ આપ્યો.

'દેવયાની, તમે એકલાં જ જલ્દી ગાડીમાં પાછાં વળો. જે સમય જાય છે, તેમાં માલદેવ આવી પહોંચવાની વકી છે. મારી સાથે જરૂર પડશે ?'

'બિલકુલ નહિ.' દેવયાનીએ જવાબ આપ્યો. 'પણ ઇંદિરાને આવવામાં શું વાંધો છે ?'

'હવે અત્યારે નહિ, કાલે આવશે. પણ હવે તમે સમય ન ગુમાવો તો સારું !'

દેવયાની તરત રવાના થઈ ગઈ. એના ગયા પછી પૃથ્વીશે તરતજ મુંજાવરને પૂછ્યું:

'પ્રતાપ ક્યાં છે ?'

'પ્રતાપ આંહીથી નીલમપુર તરફ ગયેલ છે'

'કોઈ કહેવા આવ્યું હતું ?'

'હા. નીલમપુરનો જ કોઈ ગૃહસ્થ તેડવા આવેલ.'

'ઠીક, ઈંદિરા ! આજે બહાર જવું સલામત નથી જણાતું. મુંબઈવર હું જાઉં છું. હવે સમય નથી.'

એટલામાં તો દૂર બંદૂકના અવાજ થયા. પોલીસની સિસોટી થઈ. એન્ડ શરૂ થયું. પટ્ટનના ટાવરના ડંકા થવા લાગ્યા :

'હવે સમય નથી. માલદેવ આવી પહોંચ્યો લાગે છે !'

પૃથ્વીશ બારણું ખોલી બહાર દોડી ગયો.

પૃથ્વીશ બહાર નીકળ્યો. પટ્ટન તરફ જબરી ધમાલ જામી ગઈ હતી. એ ત્વરાથી ચાલવા લાગ્યો. થોડે દૂર ગયો ન ગયો, ત્યાં તદ્દન નજીક જ બંદૂકનો અવાજ સંભળાવા લાગ્યો. અને થોડીવારમાં ચંદ્રસેનને હાથમાં બંદૂક સહિત સામેની દિશાએથી દોડતો તેણે જોયો!

'અરે ! અરે ! ચંદ્રસેન ! કેમ શું છે ? કયાં જાય છે તું ?'

'ચંડાળ !' ચંદ્રસેન ક્રોધમાં બોલતો હતો. 'આશ્રય આપ્યા પછી આ પરિણામ ? વિશ્વાસઘાત ? ધિક્કાર છે તને !'

'ચંદ્રસેન ! પણ છે શું ? બંદૂક આંહી લાવ ! તું કોને કહે છે ? આંહી તો કોઈ નથી !'

'જેને કહેવાનું હતું તે તો કયારનો રામશરણ થઈ ગયો છે !'

'ચંદ્રસેન ! કોણ હતું ?'

એટલામાં તો પાછળથી પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ યશપાલસિંહે પ્રવેશ કર્યો. એની સાથે સરદારસિંહ હતો. યશપાલસિંહને ચામરાજેન્દ્રે કયારનો છૂટો કર્યો હતો ને હાલ તે પોલીસ સુપ્રી. હતો. તે આ તરફ માલદેવનો પ્રતિકાર કરવા આવ્યો હતો.

એ એક પગલું આગળ વધ્યો. પૃથ્વીશના હાથમાં બંદૂક હતી. 'તમે મારા કેદી છો !' એણે તરત જ કહ્યું.

'શા માટે ?'

'ખૂનના આરોપ માટે.'

ચંદ્રસેન વચ્ચે બોલી ઊઠ્યો : 'પણ ખૂન કરનાર તો હું છું ! એ ક્યાં છે ?'

પૃથ્વીશ એકદમ વસ્તુ સ્થિતિ સમજી ગયો. ચંદ્રસેને કોઈનું ખૂન કર્યું હતું ! બહારવટિયાનું માણસ હશે તો વાંધો નથી, પણ તેમ ન હોય તો ?

એટલે પૃથ્વીશે ચંદ્રસેનનો એકદમ હાથ પકડ્યો :

'મને બચાવવા તું ખૂની બને છે ? તેં ક્યાં ખૂન કર્યું છે ? ખૂન તો મેં કર્યું છે. ચાલો, સાહેબ !'

ચંદ્રસેન પૃથ્વીશની આ વાત સાંભળી આશ્ચર્યચકિત થયો !

'અરે પૃથ્વીશ ! તારું કાર્ય . . .'

'ચૂપ ! વધારે કાંઈ નહિ.' પૃથ્વીશે જવાબ વાળ્યો ને પછી યશલાલ તરફ ફરીને એણે કહ્યું 'ચાલો સાહેબ ! હું આવવા તૈયાર છું !'

'પણ આ ગૃહસ્થને સાથે લેવા પડશે !'

'તમે જુઓ તો છો કે બંદૂક મારા હાથમાં છે ! ખૂન કર્યું હોય તો મેં કર્યું છે ! પછી એનું શું કામ છે ?'

'તો પણ. એ પણ કેદી છે.'

પૃથ્વીશ મૂંગે મોંએ ચાલતો થયો. એની પાછળ ચંદ્રસેન ચાલી રહ્યો હતો.

'ચંદ્રસેન ! તેં બહુ ખોટું કર્યું.'

'અરે ! પણ વિશ્વાસઘાત ? મેં એને નાના ભાઈ તુલ્ય પાળ્યો છે !'

પૃથ્વીશ ઘડીભર કાંઈ બોલ્યો નહિ : કોની વાત હતી એ કાંઈ સમજ્યું નહિ. પછી તેણે ધીમેથી ચંદ્રસેનના કાનમાં કહ્યું :

'ચંદ્રસેન ! તારે સ્નેહલતા છે ! રમેશ છે ! માટે હવે તું બોલતો જ નહિ. આ ખૂન એ તો મેં જ કર્યું છે !'

'ખૂન તો મેં જ કર્યું છે ! ને હું એ માટે તૈયાર છું.'

ચંદ્રસેને જવાબ વાળ્યો.

પણ એટલામાં યશલાલસિંહને તદ્દન નજીક આવ્યો જાણી પૃથ્વીશ શાંત થઈ ગયો : આગળ ચાલ્યા. રસ્તામાં કોઈ લાંબું થઈને પડયું હતું. પૃથ્વીશ પહેલો હતો. તે વાંકો વળ્યો : એના મોંમાંથી 'અરે !' એટલો જ શબ્દ નીકળ્યો !

'અરે ! અનંત !'

'હેં ! શું ? અનંત ? એ કયાંથી ?' ચંદ્રસેન આગળ આવ્યો.

પૃથ્વીશની આંખમાંથી દડદડ આંસુ ચાલી રહ્યાં હતાં ! ગુરુદેવનો શબ્દ : 'અનંતને મોકલવો નહિ !' એનો પડઘો એને અત્યારે સંભળાયો. અનિવાર્ય ભવિષ્ય જોવાની કૂટસ્થની શક્તિની એને નવાઈ લાગી !'

યશલાલસિંહે પોલીસોની મદદથી અનંતને લઈલીધો. પૃથ્વીશનું ધૈર્ય ડગવા લાગ્યું. માલદેવની ઝૂમાટ દૂર થતી ગઈ. સામે કાંઠે સ્વર થતા હતા. પૃથ્વીશ વિચારમાં પડયો. ચંદ્રસેન ખૂન કરવા ઉશ્કેરાય એવો શું વિશ્વાસઘાત અનંતનો હશે ?

એને સમજાયું. હા, ગુલાબ, ચંદ્રસેનના ખેડુત ભમાની દૂરની સગી થતી હતી પણ એમાં શું ? વિચારની સાથે જ ઘડી પહેલાં જોયેલી ગુલાબની મૂર્તિ પૃથ્વીશ સામે બીની આંખે જાણે જોઈ રહેલી લાગી !

પણ એટલામાં દૂર ચીસ સંભળાણી. કોઈ બે સ્ત્રીઓ નદી તરફ દોડતી જણાઈ. એમની પાછળ કોઈ પુરુષ પડયો હતો. થોડે દૂર એક ગાડી ઊભી હતી. પૃથ્વીશ દોડવા જતો હતો એટલામાં યશલાલસિંહે પાછળથી યાદ દેવરાવી : 'તમે કેદી છો સાહેબ !'

પૃથ્વીશે હોઠ કરડયો: 'હા ! સાચું.'

એટલામાં તો નદીના પાણીમાં એક ધબાકો સંભળાયો. નદીના ઢાંડા ઉપર, કોઈક બે જણા મોટેથી બોલતા સંભળાયાં. સ્ત્રીનો સૂર જાણે બીકનો માર્યો ફાટી જતો હતો.

'તું બસ, મને મૂકી દે.'

'મૂકું કયાંથી? ચાલ જલદી, ચાલ.' પુરુષનો કર્કશ અવાજ હતો.

'મારું ખૂન કર. હું નહિ આવું!'

પૃથ્વીશને સ્વર પરિચિત લાગ્યો, પણ એકદમ ઓળખ્યો નહિ. થોડાક પોલીસો એ તરફ દોડ્યા. પણ કોણ જાણે કેમ એ બીજી જ દિશામાં દોડતા હતા.

'ચાલ આવે છે કે નહિ? હવે તારી આબરુ નહિ રહે!'

'ભલા માણસ! પશુતા?'

છેલ્લો સ્વર દૃઢ અને ગંભીર હતો. પૃથ્વીશે તે તરત ઓળખ્યો: 'ગુરુદેવનો સ્વર!'

પેલો માણસ આગળ વધતો હોય તેમ લાગ્યું. કારણ કે પેલી સ્ત્રી ત્રાસમાં બોલી રહી હતી: 'બાપુ! બાપુ! મને બચાવો.'

પૃથ્વીશે હવે સ્વર પિછાન્યો. આ તો મસ્તીખોર ગુલાબનો જ દર્દભર્યો સ્વર! પણ એ આંહીં કયાંથી? એને કાંઈ સમજાયું નહિ.

પેલો માણસ હજી આગ્રહ કરતો હતો. 'લે, ચાલ ચાલ! ગુલાબ!'

'તું કોની સમક્ષ બોલે છે?'

'મારા જ! હવે વાત જવા દો, નહિતર...' પેલા પુરુષે હાથ ઉગામ્યો લાગ્યો.

દૃઢ નિશ્ચાયત્મક સ્વરથી કૂટસ્થે સામું જોયું હોય તેમ પૃથ્વીશે કહ્યું. સ્વર સ્પષ્ટ સંભળાયો: 'ભલા માણસ! પશુ?'

એક ચીસ પડી. માણસ પાછો હઠી ગયો લાગ્યો.

'ઓય રે!' તે એકદમ દોડી જતો જણાયો. વળી નદીમાં એક ધુબાકો સંભળાયો. એટલામાં તો પેલો માણસ દોડતો યજ્ઞલાલના રસ્તામાં જ આવી પડ્યો હોય તેમ જણાયું! તેને લોહીની ઊલટી થઈ ગઈ હતી.

'અરે કાલુસેન! શું છે? તું આંહીં કયાંથી?' યજ્ઞલાલે એને પિછાન્યો: 'શું છે? શું થયું છે તને? કેમ ડરે છે?'

કાલુસેનની આંખ ફાટી રહી હતી. તે હજી નદી તરફ જ જોઈ રહ્યો હતો : 'જો ભૂત !'

સરદારસિંહને એ અનુભવ હતો. એટલે એણે પોતાની ચાલની ઝડપ વધારી દીધી. પૃથ્વીશ દિગ્મૂઢ થઈ રહ્યો. કાલુસેને ફરીવાર નદી તરફ એક વખત જોયું: અને ભયંકર ચીસ પાડી:

'ઓય રે ! લીધા ! ભૂ . . . . ત !'

ચીસની સાથે જ તે જમીન પર સૂઈ ગયો. યશવંતલાલ તથા સરદાર મૂઠી વાળી રવાના જ થઈ ગયા. પાછળ પૃથ્વીશ, ચંદ્રસેન ને થોડા સિપાઈઓ હતા.

શાંત રાત્રિમાં નદીકિનારે ચાલતાં હોડીનાં હલેસાં સંભળાતાં થયાં. હોડી ધીમે ધીમે આગળ વધી ગઈ હતી. પૃથ્વીશે આગળ જોયું. હોડી ભદ્રેશ્વર વટાવી ગઈ હતી. ને પછી તરત જ દેખાતી બંધ થઈ.

શું થયું તે કોઈને કાંઈ સમજાયું નહિ ! નદીમાં કોણ પડયું એ પણ ખબર પડી નહિ ! થોડીવાર પછી પૃથ્વીશને લાગ્યું કે કોઈક હોડીમાં જઈ રહ્યું છે !

૧૫. ઝેરનો પ્યાલો

યશલાલ તથા સરદારસિંહ તો પટ્ટન આવ્યું ત્યારે જ ઊભા રહ્યા. પૃથ્વીશ ચંદ્રસેનને ધીમેથી કહી રહ્યો હતો : 'પેલો સ્વર તો ગુરુદેવનો હતો. પણ તેં આ શું કર્યું, ચંદ્રસેન! તને આ શું સૂઝયું? અરે! કયાં અનંત? કયાં ગુલાબ? અને અનંતનું ખૂન તારે હાથે થયું, એ માન્યું મનાતું નથી!'

'પૃથ્વીશ! તું શું બોલે છે? અનંતને મારનાર તો કોઈ બીજો હશે! મેં તો જમાદાર રાજદેને . . . . તને ખબર છે? મારા પિતાએ તેને પાળીને મોટો કર્યો હતો?'

'હા . . . પણ એવું શું હતું? મને કાંઈ સમજણ પડતી નથી.'

'એમ બન્યું કે દેવયાનીની ગાડીને રાજદે જમાદારે રોકી હતી. કાલુસેન એની પાછળ એ મને ખબર નહિ. મારા ઉપર રાજદેએ ઘા કર્યો, પણ એ નિષ્ફળ ગયો. મે એની જ બંદૂકથી એને તરત ઠાર કર્યો. કાલુસેન પાછળ ઊભેલ. તેણે પણ ઘા કર્યો. એ ઘા અનંતને લાગ્યો. અનંત સાથે કોઈ સ્ત્રી હતી, તેની પાછળ કાલુસેન દોડ્યો ગયો. એટલે હું મદદ મેળવવા આ બાજુ દોડતો આવ્યો!'

વાતની સાંકળ મળતાં પૃથ્વીશ આભો બની ગયો. કૂટસ્થે શા માટે એને પોતાને જ જવાનું કહ્યું હતું, એનો ભેદ પણ હવે મળ્યો. ત્યારે તો જે સ્ત્રીને બચાવવાનો કૂટસ્થનો અવાજ એણે સાંભળ્યો, એ સ્ત્રી ગુલાબ! કેવી રીતે આડી વાત વેતરાઈ ગઈ એ વિચાર આવતાં એની આંખે તમ્મર આવ્યાં. પણ હવે બીજો કાંઈ જ

ઉપાય ન હતો. અત્યારે તો એ એક કેદી હતો, ને ચંદ્રસેનને કેમ બચાવાય એ જ મુખ્ય વાત હતી.

પૃથ્વીશ અને ચંદ્રસેને કેદખાનામાં પ્રવેશ કર્યો. લોકોના સ્વર એમને કાને આવતા હતા. 'પ્રતાપમલ્લની જે!'

કાલુસેન અને રાજદે બન્ને ચામરાજેન્દ્રના જ ખાસ માણસો હતા, એટલે ચંદ્રસેન માટે ઓછામાં ઓછી સજા દેશનિકાલની જ થાય. પણ આ વાત મુદત ઉપર મુદત પડતાં ઠીક લંબાતી રહી.

ત્યાર પછી એક મધરાતે અવનીશ અને યશલાલસિંહ એકાંતમાં બેસીને વાતો કરી રહ્યા હતા. વાત પૃથ્વીશ વિષે જ હતી.

'પૃથ્વીશ ખૂન કબૂલ કરે છે?'

'હા.'

અવનીશ આશ્ચર્ય પામ્યો: 'એમ શા માટે?'

'કારણ કે બીજો ઉપાય નથી. કાલુસેન પણ ત્યાં જ મૃત્યુ પામ્યો હતો.'

'આ બાબતના કોઈ સાક્ષી?'

'જી હા. દેવયાની પોતે. એ ગામડિયા પણ ઊભા કર્યા છે. ચંદ્રસેનની પત્ની સ્નેહલતાને સમજાવ્યું છે કે ચંદ્રસેનને ઉગારવો હોય તો 'પૃથ્વીશ તૈયાર થઈ ચંદ્રસેનને તેડવા આવ્યો, પણ ચંદ્રસેન ફરવા ગયેલ હતો' એમ કહેવું. એક નીલમપુરને રસ્તે પસાર થતો માણસ પણ શોધી કાઢ્યો છે.'

'પણ દેવયાની પોતે કયાં છે? એનો તો પતો જ નથી!'

'કેમ? એ તો અહીં જ છે.'

'ત્યારે એ અહીં નથી. એ જ આશ્ચર્ય છે નાં?' અવનીશે કહ્યું:

'તો તો નક્કી એ બીકની મારી નાસી ગઈ. પણ ફિકર નહિ. બીજા પુરાવા સજ્જડ છે'

'તમને ખબર છે, અપરાધી માણસ સાધારણ નથી?'

'જી હા. અને પંચેશ્વર મહાલ તરફ તો આ ખબર મળતાં મોટો ખળભળાટ પણ થાય.'

'ઠીક છે. જોઈએ શું થાય છે. તમે બધાને મક્કમ રાખજો ને. મહારાજ ચામરાજેન્દ્ર, પ્રતાપમલ્લ, અને પુષ્કર આ ત્રણની સભા ન્યાય આપે એવું કરવું. એટલે એ કાંટો ન્યાયનાં ઓઠા નીચે નીકળી જાશે.'

'પણ એ ન્યાયસભા બેસે તે પહેલાં કૂટસ્થ અને કામિની પણ દૂર થવા જોઈએ. અથવા તો કામિની અને પ્રતાપના મનમાં કૂટસ્થ વિષે અશ્રદ્ધા ઉત્પન્ન કરવી જોઈએ. અને મુદત તો બહુ થોડી છે.'

યશલાલસિંહ અને અવનીશ બન્ને વાતો કરતા બહાર નીકળ્યા. સોમનારાયણ સામેથી આવતો હતો.

'સોમનારાયણ! તમે કામિનીને જાદુમાં લીધો નહિ હો!'

'પણ સાહેબ! હું શું કરું? જ્યાં દેવયાની પોતે જ ગેબ છે ત્યાં?'

'પણ એ ગઈ કયાં? આશ્ચર્યની વાત છે!'

'તે દિવસે માલદેવની ધૂમ પડી. કહેવાય છે અને કદાચ ખરું પણ હોય કે, માલદેવ ભદ્રેશ્વર પાસેથી પાછો ટેકરીઓમાં ચાલ્યો ગયો ને દેવયાનીને પણ એ જ ઉપાડતો ગયો.'

'પણ દેવયાની તો એ વખતે નદીની આ બાજુ, પરા પાસે, ગાડીમાં બેસીને સેલ કરતી હતી.' યશલાલસિંહે કહ્યું.

'હા બરાબર છે. પણ ખૂનની વાતને નુકસાન ન પહોંચે તેવી રીતે બાનગીમાં કહું છું કે માલદેવ એકલો નદી ઊતરીને આ પાર આવ્યો હતો. તે કાલુસેનને ભડકાવી, દેવયાનીને ને એક બીજી છોકરીને પણ ઉપાડીને ચાલતો થયો, એમ સંભળાય છે. સાચું ખોટું ભગવાન જાણે! વળી બીજી વાયકા પણ છે, કે દેવયાની તણાઈ ગઈ. એમાં જે સાચું હોય તે!'

'અને છોકરી બીજી તે તો માળીની ગુલાબ!' યશલાલે કહ્યું.

'તો પછી આ વસ્તુ આમ ગોઠવો. ગુલાબના પ્રેમમાં અનંત પડ્યો હતો માટે પૃથ્વીશે અનંતનું ખૂન કર્યું. કાલુસેન તથા રાજદે ગુલાબની પાછળ પડ્યા તેમાં મૂઆ! અનંત ગુલાબને પરણે તો લાંછન લાગે તેમ હતું, માટે પૃથ્વીશે જ અનંતનું ખૂન કર્યું છે. આ પ્રમાણે થઈ જશે. તમારી શોધ જો હમણાં આ આડે આવે તેમ હોય તો એને ઢાંકી મૂકજો!'

યશલાલસિંહે આખી વસ્તુસ્થિતિ ટૂંકમાં સમજાવી દીધી.

અવનીશ ત્યાંથી જુદો પડી, ચામરાજેન્દ્ર પાસે ગયો.

ચામરાજેન્દ્ર એની જ રાહ જોતો હતો.

'શું વિચાર પર આવ્યા?' ચામરાજેન્દ્રે અધીરા થઈને પૂછ્યું.

'મહારાજ! એક વખત ઘા કરવો જ પડશે. મોહું થાય છે, તેટલું ઘાનું બળ ઓછું થાય છે.'

'તમને સાહસ લાગે છે?'

'હા. પણ અદ્‌ભુત સાહસ! એ લોકને ભયભીત કરી મૂકશે. સાહસની ટીકા પાછળ જ એનું સંધબળ તૂટશે.'

'ત્યારે કયારે?'

'કાલે જ સાંજે.'

'અને પૃથ્વીશનું?'

'પૃથ્વીશ ઉપર તો ખૂનનો આરોપ સન્દેહ રૂપમાં છે. પુષ્કર અને પ્રતાપ જ ન્યાય કરે. હું પ્રતાપનો મત ફેરવવા યત્ન કરું છું. પૃથ્વીશ અને કૂટસ્થ બન્ને એક છે ને વેષ જ જુદો કરે છે. પણ પરિણામે તો પ્રતાપનું જ અહિત થાય તેમ છે. આટલી અશ્રદ્ધા આપણે ઉત્પન્ન કરવી ને પછી પ્રતાપને ન્યાયાસન ઉપર બેસારવો!'

'પણ એ કાર્ય કોને સોંપ્યું છે?'

'હવે દેવયાની નથી માટે કંચનને. શંકા ન પડે તેવી રીતે શંકા સ્ત્રીઓ ઉત્પન્ન કરી શકે છે. સ્ત્રીઓ મનહર ઉન્માદ છે.'

'પણ કંચન પ્રતાપને ક્યારેય મળી છે ખરી?'

'હા, હમણાં હમણાં તો ઘણી વખત મળે છે.'

'થયું ત્યારે. આ કામમાં જો વિજય મળે તો પછી, બીજા કામમાં નિઃશંક વિજય છે!'

'તમને વિજયમાં કાંઈ શંકા રહે છે? મેં રામપ્રસાદને બરાબર સૂચના આપી છે. કૂટસ્થની રકાબીમાં જ વિષ આવશે, એટલે એ નોખી જ તૈયાર થશે.'

ત્યાર પછી બંને ઘણા ઘણા વખત સુધી બહુ જ છાની વાત કરતા ત્યાં બેઠા રહ્યા. કૂટસ્થને ઉપાડી લેવાનો, આ એકદમ ભયંકર ઉપાય યોજ્યા સિવાય બીજો રસ્તો એમને જડતો ન હતો.

બીજે દિવસે ચામરાજેન્દ્રના ગ્રીષ્મ-ભવનમાં સાંજે માણસની ઠઠ્ઠ જામી હતી. પ્રતાપમલ્લે નીલમપુર તરફ જઈ, ચક્કાવો ખાઈ, માલદેવને ભદ્રેશ્વરની ટેકરીઓમાં મ્હાત કર્યો, એની ખુશાલીમાં ચામરાજેન્દ્રે યુરોપિયન પદ્ધતિને અનુસરીને એક 'ડ્રિનીંગ પાર્ટી' યોજી હતી.

પટ્ટનના તમામ સંભાવિત ગૃહસ્થો, અમલદારો, તથા ભાયાતો તેમાં આવી પહોંચ્યા. બહાર રસ્તા પર વાહનની ઠઠ જામતી થઈ. સૌ આવ્યા પછી ચામરાજેન્દ્રે પણ અવનીશ સાથે પ્રવેશ કર્યો.

ચામરાજેન્દ્રે પોતાનાં ચપળ નયનો ચારે તરફ ફેરવ્યાં. હજી કૂટસ્થની જગ્યા ખાલી હતી. તેણે અવનીશ સામે જોયું: જોગટો ક્યાંય રહી જાય નહિ, એવું કહેવા.

એટલામાં તો પાસેના દ્વારમાંથી કૂટસ્થે પ્રવેશ કર્યો. તેના ચહેરા ઉપર આજે જાણે યુવાવસ્થાનો આનંદ ઝળકતો હતો.

'તમે મોડા છો!' ચામરાજેન્દ્રે શાંત રીતે હસતાં હસતાં એને કહ્યું.

'હું મોડો પણ આવી શક્યો; તમારે નિરાશ ન થવું પડે માટે.'

ચામરાજેન્દ્ર ભડકી ગયો.

'પણ અમે ધાર્યું હતું કે તમે જરૂર આવશો જ.' અવનીશે જવાબ આપ્યો.

'આવ્યા વિના છૂટકો જ ન હતો.' ફૂટસ્થે જરાક કરડાઈથી ઉમેર્યું: 'નહિતર મારી જગ્યા તમે કોઈ બીજાને આપત!'

'નહિ નહિ! તમારી જગ્યા માટે તમારું જ નામ છે!' ચામરાજેન્દ્રે કહ્યું: અને પછી ઉમેર્યું; 'સ્વામીજી! તમે તો તમે જ છો. કયારેક ન સમજાય એવું જ બોલો છો. તમારી જગ્યા અમે કોને આપી શકીએ?'

'તમે મને જ શોધ્યો છે, પરંતુ તમારી ભૂલ થઈ છે. તમે ધારો છો તેટલો હું યોગ્ય નથી.'

ફૂટસ્થના શબ્દથી વહેમાઈને ચામરાજેન્દ્રે એની સામે ધ્યાનથી જોયું. પણ એટલામાં તો વાનગીઓ આવવા માંડી.

રામપ્રસાદ ને બે ચાર બીજા આવ્યા. મિજમાનોની ઘ્રાણેન્દ્રિય તૃપ્ત બને તેવી, મિષ્ટ મેવા અને મીઠાઈની તાસકો આવવા માંડી. પણ અચાનક કામિની તરફ જવા માટે ફૂટસ્થ ઊભો થઈ ગયો હતો.

અવનીશ ગભરાયો. 'સ્વામીજી! આપ તો અહીં જ રહો.

'અહીં બેસો. અમારી જ પાસે!'

જગ્યા બતાવતો ચામરાજેન્દ્ર બોલ્યો.

'તમને સંતોષ થશે તેટલી વાર સુધી હું બેસવાનો છું, મહારાજ! તમે પણ ઇચ્છશો કે હવે આ જાય તો સારું, ત્યારે જ હું જઈશ.' ફૂટસ્થે શાંત રીતે હસતાં હસતાં જવાબ આપ્યો. અને તે કામિની તરફ ગયો.

'કામિની! મીઠાઈ લેતો નહિ.' એટલું બોલી ઝડપથી પાછો ફૂટસ્થ પોતાની જગ્યા ઉપર આવી ગયો.

'રામપ્રસાદ! મને મીઠાઈ કાં નહિ?'

હસતાં હસતાં એણે ચામરાજેન્દ્ર સામે જોયું. 'મહારાજ સાહેબ! આપના રસોયા પણ પક્ષપાતી છે! કામિનીની રકાબી

મીઠાઈથી ભરી આપી છે, અને મારી ખાલી છે !'

ઉતાવળમાં રામપ્રસાદના માણસે મીઠાઈમાં ભૂલ કરી નાખી હતી. કૂટસ્થને બદલે કામિની ઝપાટામાં આવતો હતો. ચામરાજેન્દ્ર એ સમજી ગયો. અવનીશ, કૂટસ્થની વર્તણૂકથી ગભરાયો. પણ છેવટે બધું હમેશના રિવાજ મુજબ જ બોલે છે એમ ધારી નિશ્ચિંત થયો. એટલામાં તો ચામરાજેન્દ્રે કૂટસ્થની વાતને ટેકો આપ્યો હતો :

'રામપ્રસાદ ! કામિનીની જ આખી રકાબી સ્વામીજી પાસે મૂકી દે ! કેમ હવે પ્રસન્ન ?'

'તમને પ્રસન્ન રાખવા જ મેં આ કર્યું છે. મને એના પર ખાસ મોહ નથી !' કૂટસ્થ બોલ્યો.

'એટલી તમારી કૃપા !'

સૌના હાથ મીઠાઈ ઉપર પડવા લાગ્યા. કૂટસ્થે કામિની સામે જોયું. હવે એ સહીસલામત હતો. અવનીશ તથા ચામરાજેન્દ્ર શંકાશીલ ચિંતાતુર ચહેરે કૂટસ્થ સામે જોઈ રહ્યા હતા. કૂટસ્થ કોઈ ચીજને અડ્યો ન હતો. ચામરાજેન્દ્રે કહ્યું: 'આ નહિ ચાલે ! સ્વામીજી ! આજ તો મીઠાઈ લેવી જ પડશે !'

'મહારાજા સાહેબ ! કયારેક અમોઘ ઉપાયને વ્યર્થ થતો જોઈને જેવી નિરાશા ઉત્પન્ન થાય છે, તેવી નિરાશા મને મીઠાઈ જોઈને થાય છે.'

'સ્વામીજી ! તમે તત્ત્વજ્ઞાની રહ્યા. પણ આજે તો મારા માટે પણ જરા લ્યો. !'

'હું જરાક લઈશ તો તમને સંતોષ થશે ?'

'અમને તો બધું લો તો જ સંતોષ થાય.' અવનીશે કહ્યું.

'ઠીક, હું બધું જ લઈશ. પણ પછી તમને અસંતોષ ઉત્પન્ન થશે. છેલ્લો પાસો નાખ્યા પછી માણસ પરિણામની રાહ જુએ છે.' કૂટસ્થ શાંત રીતે બોલ્યો. અવનીશ ચમકી ગયો.

'આ મારો છેલ્લો જ આગ્રહ છે. તમે થોડું ક લ્યો,' ચામરા-

જેન્દ્રે વધુ વિનય દર્શાવ્યો.

કૂટસ્થે રકાબી પર દૃષ્ટિ સ્થિર કરી. બે મિનિટ પછી ચામરાજેન્દ્ર સામે જોયું. એ દૃષ્ટિમાં વિજયનો આનંદ હતો; શબ્દોમાં અપરિચિત સામર્થ્યનો ઇતિહાસ હતોઃ

'ચામરાજેન્દ્ર!' કૂટસ્થ ધીમેથી બોલ્યોઃ 'જુઓ, તમે દેખો તેમ લઉં છું! પછી તમે નિરાશ ન બનતા!' કૂટસ્થે થોડીવારમાં રકાબી ખાલી કરી. ચામરાજેન્દ્ર ને અવનીશ ભયભીત ચહેરે જોઈ રહ્યા! એમણે ઇચ્છ્યું કે હવે સૌ સૌને સ્થાનકે હોય તો સારું.

નિયમ મુજબ થોડીવારમાં અત્તર પાન સોપારી થયાં.

કૂટસ્થ બોલ્યો: 'ચંદ્રસેન ક્યાં છે? નથી કાં? ત્યારે બીજું કોણ છે? મહારાજ સાહેબ! જરા ભેગાભેગી કોઈ ચીજ પણ સંભળાય તો લહેજત આવે!'

અવનીશને આ વિષની અસર લાગી. તેણે ચામરાજેન્દ્રને કહ્યું: 'હવે સૌ સ્થાનકે હોય તો વિજય સંપૂર્ણ થાય!'

ચામરાજેન્દ્ર મોં મલકાવીને બોલ્યો: 'એમ જ થશે.' પછી કૂટસ્થ તરફ ફરીને બોલ્યો: 'આજ તો આપણે બહુ મોડું કર્યું છે, માટે એ મુલતવી રાખો.'

કૂટસ્થે કરડાઈમાં જવાબ આપ્યો: 'મને વાંધો નથી. માત્ર પરિણામની ચિંતામાં તમારે રાત્રિ ન ગાળવી હોય તો બે કલાક કોઈ ચીજ થઈ જવા દો!'

હવે તો ચામરાજેન્દ્ર કૂટસ્થની સામે જ જોઈ રહ્યો: એની દૃષ્ટિમાં એને અનિવાર્ય બલ જણાતું હતું. કામિની આશ્ચર્યચકિત થઈ જોઈ રહ્યો હતો. સૌ ઊઠ્યા. એક પછી એક રવાના થયા.

ચામરાજેન્દ્ર અવનીશને ધીમેથી કહ્યું; 'મને લાગે છે કે વાત કૂટી છે! ચેતી ગયો લાગે છે!'

'મને પણ એમ જ લાગે છે!'

'ત્યારે તો બચી ગયો.'

'સાળો જાદુગર છે!'

'ગમે ત્યાંથી પતો મેળવ્યો હોય. વળી રામપ્રસાદે પહેલાં ભૂલ કરી. ભૂલ થવાનો સંભવ ન હતો, છતા ભૂલ થઈ. એટલે વખતે એ પણ મારેલ હોય!'

'ગમે તેમ થયું. આજે તો હાથમાંથી છટકયો!'

કામિની સાથે કૂટસ્થ બહાર જવા નીકળ્યોઃ

'કાં સ્વામીજી! પધારો છો?' ચામરાજેન્દ્રે પૂછયું.

'હા, મને–તમે ધારો છો તે પરિણામ નથી આવવાનું, માટે નિદ્રાધીન થજો!'

'સ્વામીજી! તમે તો કાંઈ ભેદમાં રમો છો!'

'તમારી ઇચ્છા હોય તો ભેદ ખુલ્લો કરું!'

એ કામિનીને છોડીને આગળ આવ્યો. તેણે ચામરાજેન્દ્ર સામે જોયું. ચામરાજેન્દ્રના આખા શરીરમાં કંપ થયો. એ અવનીશના બલા ઉપર હાથ મૂકી પાછો હઠયોઃ એટલામાં કૂટસ્થ બોલ્યોઃ

'જ્યારે હું ધારું છું ત્યારે ફેરફાર કરી શકું છું. તે દિવસે હું મોડો થયો, માત્ર મિનિટ, પણ એ વાત એમ બનવામાં અનેક અદૃશ્ય સત્ત્વો કાર્ય કરતાં હતાં. છતાં તમે જુઓ છો કે ગુલાબ તો બચી ગઈ છે!'

ચામરાજેન્દ્ર પાછળની ખુરશી ઉપર બેસી જ ગયો.

'સ્વામીજી!'

'તમારા કાર્યની, તમારી આસપાસના આકાશમાં, ચિત્રવત્ પ્રતિમા હોય છે! હું એ જોઈ શકું છું. હવે હું જાઉં છું, પણ સમજી લ્યો કે મારી પ્રતિભાને હઠાવવા, એનાથી વધારે સાત્ત્વિક પ્રતિભા જોઈશે. તમારા વિષની મારા ઉપર અસર નહિ થાય. કારણ કે, મારા શરીરને વિષ પચાવવાનો અભ્યાસ છે!'

ચામરાજેન્દ્ર કાંઈ જવાબ આપી શકે તે પહેલાં તો કૂટસ્થ તેની દૃષ્ટિ બહાર નીકળી ગયો હતો.

૧૬. વધારે પ્રયાસ

'કાલના બનાવથી હું તો અજાયબી પામ્યો છું. એને બધી ખબર આપનાર છે કોણ!' ચામરાજેન્દ્રે અવનીશને કહ્યું. 'જોગટો કોઈ બડો ડમ લાગે છે!'

'ખરેખર! જાદુગર છે!'

'કામિની ઉપર તો સોમનારાયણ કાંઈક અસર કરશે. પૃથ્વીશની વાત ન્યાયદ્વારે છે. આ જોગટો બીજી રીતે સપડાય ત્યારે. પછી એક પ્રતાપની વાત રહી.'

'પ્રતાપને હું પોતે જ એક વખત તાવી જોઉં!'

તે દિવસે રાત્રે અવનીશે પ્રતાપને ત્યાં જવા નિશ્ચય કર્યો. કામિનીકુમાર લાગણીપ્રધાન મનુષ્ય હતો. દક્ષિણ પ્રાંતના ભાવના-શાળી મનુષ્યોમાં એનું માન હતું. કૂટસ્થે દક્ષિણ પ્રાંતમાં એને મોકલી પ્રતાપ માટે ફરવા જવાની જમીન તૈયાર કરી હતી. વળી રાજ્ય વિષે જે લોકભાવના હતી, તે ભાવના પ્રતાપે કેટલેક અંશે પૂરી પાડી હતી. નીલમપુરમાં માલદેવ સાથે વિજય મેળવ્યાની વાત, જે જૂના જમાનાના હતા તેમને બહુ સારી લાગી. નવા જમાનાને આ શૌર્યમાં પશ્ચિમનો સુધરેલો પવન જોતો હતો! પ્રતાપની સાથે 'રાષ્ટ્ર'નો તંત્રી કામિની ફરે, એટલે નવીન યુગ પણ સંતોષાતો હતો.

પણ લાગણીપ્રધાન મનુષ્યો કાર્યની શરૂઆતમાં મહત્ત્વના છે, પછી એમનું અસ્થિર મન, અને એમના અનિશ્ચિત સિદ્ધાંત કાર્યને હાનિ પહોંચાડે છે. કામિનીએ પંદર દિવસ જેટલી ટૂંક મુદતમાં પ્રતાપ

સાથે ફરી કયાંક પશ્ચિમની રાજનીતિ દર્શાવી લોકોનો મત કેળવ્યો, તો કયાંક પૂર્વની રાજની ભાવનાનો ઉપયોગ કરી લીધો ! પ્રતાપને ભાષણ કરતો જોઈ, વિદ્વાનો હસ્યા ને બોલ્યા કે : રાજા તરીકે યોગ્ય પુરુષ છે ! ને એમ ફરતી વખતે જ ઘણા પ્રસંગો બની ગયા હતા. મેઘલા રબારીની છોકરી નદીમાં ડૂબી. નદી પર હજારો માણસોની ઠઠ જામી. લોકો ચિંતાતુર નયનથી જોઈ રહ્યા. ત્યાં કાંઠા ઉપર આવી એક યુવાને ધીમેથી એનું અર્ધું ચૈતન્યવાળું શરીર રજુ કર્યું ! લોકોએ જુવાનને હર્ષથી વધાવી લીધો: 'પ્રતાપમલ્લની જય !' પ્રતાપમલ્લ ધીમેથી, બીને વસ્ત્રે લોકોની ગીર્દીમાંથી બહાર નીકળ્યો : સ્ત્રીઓના હજારો હાથ ઉંચા થયા ને ઓવારણાં લેવાયા. પ્રતાપ આગળ વધ્યો. રસ્તામાં મેઘલાની સ્ત્રી ચરણસ્પર્શ કરતી ત્યાં ઊભી હતી !

આવી રીતે જે ઇમારત ફૂટસ્થે ચણવાની શરૂઆત કરી હતી, તે પ્રતાપની નૈસર્ગિક ઉદાત્ત ભાવનાને લીધે, મજબૂત બનતી ચાલી. પણ હવે સમય કટોકટીનો હતો. અને તે વખતે કામિની જેવો લાગણીપ્રધાન માણસ છેલ્લી ઘડીએ શેતરંજ ખોઈ બેસે તેવું હતું. ફૂટસ્થે લોકલાગણી માટે તો, કામિની અને પૃથ્વીશનો ઉપયોગ કર્યો; પરંતુ અવનીશે જ્યારે લોક તરફથી દૃષ્ટિ ખેંચી લઈ, હવે અંદરની અનોખી જ રમત રજુ કરવા માંડી, ત્યારે જ ખરી મુશ્કેલી હતી. આ માણસો એમાં ન ટકે તો સ્થાન ખોઈ બેસે.

લાગણીપ્રધાન મનુષ્યો લોકોની લાગણી પર જેમ અજબ કાબુ ધરાવે છે, તેમ નાના મોટા બનાવોથી ઉશ્કેરાઈ જઈ, માનસિક સંયમ પણ તેઓ જલ્દી ગુમાવી દે છે. સારા સરદાર નીચે તેઓ બહાદુર લડવૈયા છે. શરૂઆતમાં તેઓ સારા સરદાર છે. પણ રણક્ષેત્રના કટોકટીના સમયે તેઓ વિશ્વાસપાત્ર નથી. ફૂટસ્થ આ વાત જાણી ગયો હતો ને તેથી, દક્ષિણ પ્રાંતમાંથી પાછા આવ્યા પછી, કામિનીને કોઈ નવા જ પ્રદેશમાં ઘડીભર ઉતારવા

માગતો હતો.

અવનીશે પોતાની ભૂમિકા તૈયાર કરવા માંડી.

પ્રતાપને એણે એક ખાનગી સમાચાર આડકતરી રીતે કહેવરાવ્યા: 'ઇંદિરા કૂટસ્થને ત્યાં છે; અને દેવયાની પણ ત્યાં છે.' આ જણ્યા પછી, પ્રતાપનો રજપૂતના જેવો સ્વભાવ ધૂંધવાઈને રહ્યો હતો. એને લાગ્યું કે કદાચ અવનીશની શંકા સાચી હોય. ને પૃથ્વીશ અને કૂટસ્થ કાંઈક જુદી જ શેતરંજ ખેલતા હોય! માનવસ્વભાવ નીસરણી જેવો છે. કયારેક આશાવાદના છેલ્લા પગથિયા પરથી એ કૂદે છે, કયારેક નિરાશાવાદમાં બીજું પગથિયું જોતાં જ નથી. એક શંકા ઉત્પન્ન થયા પછી, શંકાનો આખો ઇતિહાસ ખડો થાય છે. પ્રતાપે વિચાર્યું કે કદાચ અવનીશની વાત સાચી હોય. કૂટસ્થ નિસ્પૃહ દેખાય છે, છતાં માલદેવ ઉપર ખરો વિજય મેળવવામાં તેને ભવિષ્યની સ્પૃહા કેમ ન હોય? અને માલદેવ સાથે જ એ સંબંધમાં હશે તો? એની દૃષ્ટિ શંકાશીલ થઈ. ઇંદિરાની વાતે નવાં જ ચશ્માં ચડાવ્યાં. પ્રતાપના મનમાં કૂટસ્થ વિષે શંકા થઈ. એટલે અવનીશ જ્યારે પ્રતાપને મળવા આવ્યો ત્યારે આ શંકાને પોષવા માટે જ આવ્યો હતો.

'દેવયાનીના સમાચાર મળ્યા છે!' અવનીશે શરૂઆત કરી. 'હવે પૃથ્વીશના આરોપ પર કાંઈક અજવાળું પડશે. પૃથ્વીશ નિર્દોષ છે, છતાં આશ્ચર્ય છે કે, પોતે પોતાને દોષિત લેખે છે.'

'દેવયાનીના શું સમાચાર છે?' પ્રતાપે પૂછયું.

'એટલા જ ઊડતા સમાચાર છે કે એ જીવતી છે અને..'

'અને શું? કેમ અટકયા?'

'આપના સંપૂર્ણ વિશ્વાસપાત્ર સ્થળમાં અશ્રદ્ધા ઉત્પન્ન થાય તેવો પ્રસંગ લાવતાં મન અચકાય એ સહજ છે.'

'શાની વાત છે?'

'મેં સાંભળ્યું છે કે એ મહાત્મા કૂટસ્થ પાસે છે.'

પ્રતાપને કંપારી છૂટી. પણ બહારનો દેખાવ તો હતો તેવો જ શાંત રાખીને તે બોલ્યો :

'ફૂટસ્થના વિચિત્ર વર્તનમાં ન સમજાય તેવું ગુપ્ત લોકકલ્યાણ હોય છે. અસાધારણ પુરુષોને સમજવા હમેશાં મુશ્કેલ જ હોય છે.'

'પણ રાજદ્વારી પુરુષ તરીકે, હું તો મારો અભિપ્રાય આપું કે, રાજાએ પોતાના જ જનસમૂહમાં, પોતાનાથી વધારે અસાધારણ પુરુષ દર્શાવી, અવ્યવસ્થા ઉત્પન્ન ન કરવી. આપે એ વાત પર જરૂર વિચાર કરવો : પૃથ્વીશ પંચેશ્વર મંડાલમાં લોકપ્રિય છે. કામિની દક્ષિણમાં સમર્થ પુરુષ ગણાય છે. પુષ્કર પર મજુર વર્ગની શ્રદ્ધા છે. અને આ લોકમતને દૃઢ આગ્રહથી, રાજ્યમાં પરિવર્ત્તન કરાવવા પૂરતું શસ્ત્રબળ, માલદેવ પાસે છે. લોકકલ્યાણનો નેતા ફૂટસ્થ, ભવિષ્યમાં પટ્ટનનું રાજપદ, એટલે કે આપ પાસેથી પણ, આપની સત્તા ખૂંચવવાનો આ બાજી રચતો ન હોય એની તકેદારી આપે રાખવાની છે. હું તો એક અભિપ્રાય આપી શકું.'

પ્રતાપના મન ઉપર આની અસર થઈ. પોતાના યુવરાજ પદની કિમ્મત રાજમાં કાંઈ જ નથી, એ વિચારથી એને ભય થયો. નિરાશા અને અશ્રદ્ધા જાગ્યાં. ફૂટસ્થ માલદેવનો મિત્ર છે, એ ભયંકર ઘટના પટ્ટનના ભવિષ્યના રાજાને ધ્રૂજાવે તેવી લાગી. એ વિચારમાં પડ્યો; છતાં દૃઢ રહીને બોલ્યો:

'અવનીશ ! તમે મિત્ર અને પ્રધાન બન્ને છો. તમને નથી લાગતું કે મહારાજ ચામરાજેન્દ્રનો સુધરેલો સડો પ્રજાને ભયંકર અજ્ઞાનમાં રાખી, પ્રજાતત્ત્વનો નાશ કરે છે?'

'સરકાર ! એ વાત હું કબૂલ કરું છું. પરંતુ એ સડાને દૂર કરવાનું સામર્થ્ય શું પટ્ટનના યુવરાજમાં નથી?'

પ્રતાપને આ પ્રશ્ન જરાક પ્રિય લાગ્યો. એના યુવરાજપદમાં, ફૂટસ્થને લીધે જરાક ઝાંખપ આવતી હતી. ધીરપુરમાં માલદેવને નમાવનાર પોતે નહિ, પણ ફૂટસ્થ હતો. લોકો એમ જ માનતા.

અવનીશની વાત પ્રિય લાગી. અવનીશે એ જોયું. એણે વખત ગુમાવ્યો નહિ.

'જો પટ્ટનનો યુવરાજ, લોકકલ્યાણના માર્ગમાં શરૂઆત કરે તો અવનીશને જેટલો મહારાજા ચામરાજેન્દ્ર પર પ્યાર છે. તેના કરતાં વધારે પ્યાર લોકકલ્યાણના નેતા ઉપર છે. પરંતુ–' અવનીશે પોતાનું છેલ્લું હથિયાર વધારે સંતજ કર્યું. તે દૃઢતાપૂર્વક બાર દઈને બોલ્યોઃ 'પરંતુ, પ્રવૃત્તિનો નેતા જો રાજા ન હોય તો, જે નેતા હોય, તેને જ મનુષ્યો રાજા ધારે છે.'

અવનીશનું તીર આબાદ લાગ્યું. યુવાવસ્થાનું સહજ દૂષણ મહત્ત્વાકાંક્ષા. પ્રતાપના ઉદાત્ત અને ઉદાર સ્વભાવમાં એ હાજર તો હતી જ. પોતાને કૂટસ્થ ઠેરે છે, એ વિચાર આવતાં, રાજા તરીકેનું એનું અભિમાન જાગ્રત થયું. એ કૂટસ્થનું અદ્‌ભુત વ્યક્તિત્વ ભૂલી ગયો. ચતુર બાજીગરની માફક, અવનીશ પોતાના આક્રમણની અસર તપાસતો હતો. તે સમજી ગયો કે અશ્રદ્ધા ઉત્પન્ન થઈ છેઃ મહત્ત્વાકાંક્ષા જન્મી છેઃ અભિમાન આવ્યું છે. આવો મનુષ્ય, સમાજને, સિદ્ધાંતને, સંસ્થાને હચમચાવી મૂકે. અવનીશે લાગણીઓ જાગ્રત કરી ને બુદ્ધિ વિચાર કરે તે પહેલાં જ બીજો હલ્લો શરૂ કર્યોઃ

'સમાજમાં રાજા જ અસાધારણ છે. માત્ર ધર્મકાર્યમાં જ રાજા કરતાં એક વધારે અસાધારણ પુરુષનો સ્વીકાર થયો છે. પટ્ટનના રાજ્યતંત્રમાં એ જ તત્ત્વ હતું, ને એવી વ્યવસ્થા હતી, ત્યાં સુધી રાજપદના પ્રતાપને સમાજની દૃષ્ટિમાં ગૌણ સ્થાન ન હતું. પણ આપે જે સ્થિતિ સ્વીકારી છે તેથી રાજપદ ગૌણ સ્થાન પામે છે.'

પ્રતાપના અભિમાનને ખુશામતની સુંવાળી જમીન બહુ માફક આવી. તેણે હવે ઉપરનો દેખાવ પણ છોડી દીધો.

'અવનીશ!' એ બોલ્યો. એના અવાજમાં મિત્રતાની છાપ

હતી. 'હવે શું કરવું? ઇંદિરાનો કયાંય પત્તો?'

'એ દેવયાની સાથે જ છે!'

'પણ ત્યારે કૂટસ્થ શા માટે એ બીના ગુપ્ત રાખે છે?'

'આપના વિશ્વાસ ઉપર કરપ્રહાર કર્યા સિવાય બીજો ઉપાય જ નથી. પરંતુ આ તદ્દન ખાનગી છે.'

'ફિકર નહિ.'

'તમે એમ ધાર્યું હશે કે હું ચામરાજેન્દ્રના વિલાસી સ્વભાવને પોષનાર દીવાન છું! કેમ આમ જ નાં?'

'હા, કાંઇક એમ ખરું.'

'ત્યારે હું આપને કહું. હું વિલાસને પોષનાર નથી; પરંતુ રાજપદનું પ્રધાન સ્થાન જાળવી રાખવા, આ સિવાય બીજો ઉપાય ન હતો. મારી નજર પટ્ટનના યુવરાજ ઉપર હતી. પણ તેણે તો પોતે જ એક સંસ્થા ઉત્પન્ન કરી અને તેમાં પોતે જ ગૌણપદ પસંદ કર્યું. વાત એવી છે કે કંચન ઉપર ચામરાજેન્દ્ર ફીદાં છે, અને કંચન એ કૂટસ્થ પર!'

પ્રતાપ ભડકયો; એના મગજમાંથી વીજળીની પેઠે વિચાર પસાર થઈ ગયો; અવનીશ મને બનાવતો તો નથી ને?

અવનીશે વિશ્વાસ ઉત્પન્ન થાય તેવી નમ્ર ઢબથી કહ્યું; 'તે એટલે સુધી કે આપને યુવરાજપદ મુકાવવાની ખટપટ પણ એ ચતુર સ્ત્રી કરી ચૂકી છે. એને તો પોતાના જ પુત્રને પટ્ટનનો નરેશ બનાવવો છે!'

પ્રતાપે કરડાઈથી કહ્યું: 'એમ? આટલે સુધી વાત છે?'

'અને એમ થાત જ. પરંતુ મેં એને આજ્ઞાની લાંબી દોર ઉપર નચાવી છે. એને મહારાજની કાયદેસરની ધર્મપત્ની બનાવવી છે. ત્યારે જ એનો ભવિષ્યનો પુત્ર પટ્ટનનો રાજા બને.'

પ્રતાપ હસ્યો: 'હા એવી રમત છે ક્યાં? પણ એમાં કૂટસ્થને શું?'

'કંચનના શરીર ઉપર મોહ ન પામે તેવો પુરુષ પટ્ટનમાં નથી. મહારાજનો એના ઉપર પ્યાર છે. પરંતુ સ્ત્રીના સ્નેહનો ઇતિહાસ માત્ર સ્ત્રી જ સમજી શકે છે. કંચનનું દિલ કૂટસ્થે જીત્યું છે. અને કૂટસ્થની ઇચ્છા પૃથ્વીશને પટ્ટનનરેશ બનાવવાની છે.'

પ્રતાપ સાવચેત બન્યો. અવનીશે જોયું કે એના મગજમાં હવે તર્ક નથી, હૃદયમાં તોફાન નથી. અનેક ગુંચળાં છે. એ સાંભળે છે ને સાચું માને છે. એટલે એ નિરાંતે આગળ વધ્યો.

'પૃથ્વીશ જમીનદારનો આ રાજ ઉપર આપના પછી બીજો જ હક્ક છે. એટલે આપનું સ્થાન ઘણું જ જોખમ ભર્યું છે.'

પ્રતાપને આ નવીન સત્ય સચોટ અસર કરી શકયું. કંચન પ્રતાપને પદભ્રષ્ટ કરાવવામાં ફાવે તો, કંચનને ફેરવવામાં કૂટસ્થ ફાવે તેમ છે. આ ઘટના ઉપર પૃથ્વીશ, મહાત્માનો પરમ શિષ્ય બન્યો ન હોય?

પ્રતાપમલ્લને પોતાની મૂર્ખાઈ ઉપર હસવું આવ્યું! આટલા મહત્ત્વાકાંક્ષી પુરુષોની વચ્ચે પોતે સપડાયો છે એ સત્ય આજે પહેલવહેલું જ એના મનમાં ખૂંચી ગયું. અવનીશે ધીમેથી વધાર્યું:

'પણ કૂટસ્થનો પ્યાર વળી કોઈ ત્રીજી જ મૂર્તિમાં છે!'

'એ કોણ?'

'ઇંદિરા!'

થઈ રહ્યું! પ્રતાપમલ્લનો આખો ચહેરો બદલાઈ ગયો. અવનીશે આ તીરને આટલું અસરકારક ધાર્યું ન હતું!

પ્રતાપમલ્લે હવે વિશ્વાસથી હૃદય ખોલ્યું. ધીરપુરની માલદેવની વાત કરી. નીલમપુરની વાત કરી. અવનીશે વિજય મેળવ્યો હતો. અવનીશ સાથે વિશ્રંભ કથા કરીને જ્યારે પ્રતાપ એને મૂકીને પાછો વળતો હતો ત્યાં કામિનીકુમારને સામેથી આવતાં એણે જોયો. કામિની આજે ગુરુદેવના આશ્રમ તરફ ફરવા ગયો હતો. ત્યાં પાછી એના ઉપર જૂની વાત ઘર કરી ગઈ હતી. પણ કૂટસ્થે સમજાવીને,

પુષ્કરને સોંપવાના કાગળ આપી, પાછો પોતાના કામમાં જ હમણાં તલ્લીન થવાનું કહી, પાછો મોકલ્યો હતો. તે અત્યારે ત્યાંથી આવી રહ્યો હતો.

પ્રતાપમલ્લ અત્યારે શંકામય હતો છતાં, જૂની પિછાનને તિરસ્કારી શકયો નહિ. અને કામિની તરફ તો એને શંકા કરતાં દયા વધારે હતી. તે બોલ્યોઃ

'કામિની! કયાં જઈ આવ્યો?'

'ભદ્રેશ્વર.'

'અત્યારે?'

'ગુરુદેવનું કામ હતું.' કામિની બિચારો હજી સુધી કૂટરચની કપટ જાળમાં છે એ જોઈ પ્રતાપમલ્લને દયા આવી. તેણે કાંઈક રફેટ પાડવા વિચાર કર્યો, એટલામાં કામિની સહજ જ બોલ્યો.

'દેવયાની ત્યાં સહીસલામત છે!'

'હેં? કયાં? ત્યાં?'

'ગુરુદેવના આશ્રમમાં!'

'તને કોણે કીધું?'

'ગુરુદેવે પોતે જ!'

'ઓહ! તારો ગુરુદેવ!' પ્રતાપમલ્લે વિચાર કર્યો. 'પણ દેવયાનીને શા માટે ત્યાં રાખી હશે?' તેના શંકાશીલ હૃદયમાંથી જ પ્રતિધ્વનિ થયોઃ 'કંચનને કર્ષા ન થાય માટે.'

એટલામાં કામિની બોલ્યોઃ

'આ બાનગી છે હોં!'

'બરાબર!'

પ્રતાપનો જવાબ આજે ઠંડો હતો, પણ તેથી જ કામિનીનું હૃદય વધારે ખુલ્યુંઃ

'પ્રતાપમલ્લ! હવે તમને છેલ્લા પ્રણામ છે!'

'કેમ કામિની? શું છે?'

'આજથી જીવનક્રમ બદલાય છે. હું રાજદ્વારી વિષયમાંથી વિરક્ત બનું છું;' અને તરત જ ઉમેર્યું : 'મારા દક્ષિણ પ્રાંતમાં જ હું જાઉં છું!'

પ્રતાપમલ્લ ભડક્યો. અવનીશના શબ્દો યાદ આવ્યા: 'પૃથ્વીશનો પક્ષ દક્ષિણમાં સબળ છે. કામિની એ કાર્ય ઉઠાવવાનો!'

તે મોટેથી બોલ્યો: 'કેમ કામિની! અચાનક? અને આ પછીની મહાત્મા કૂટસ્થની યોજના? એનું કેમ?'

'મહાત્મા કૂટસ્થ જેવો સમર્થ નેતા બીજાની અપેક્ષા રાખતો નથી. કૂટસ્થે કામ હાથમાં લીધા પછી આપણી યોજના સફલ થવાની. આપને શી ચિંતા છે?'

પ્રતાપમલ્લને પોતાનું ગૌણપદ ખૂંચ્યું. આજે કામિનીનું બોલવું પણ સંદિગ્ધ લાગ્યું. એ ધીમે રહીને બોલ્યો. 'કામિની! તારા અચાનક ઊપડવામાં કાંઈક હેતુ છે!'

'એ હેતુ હાલ ગુપ્ત જ રાખવો છે!'

પ્રતાપમલ્લને હવે નિશ્ચય થયો કે નક્કી કપટની જાળ વધારે ફેલાતી જાય છે!

પ્રતાપમલ્લ કાંઈ બોલ્યો નહિ. પણ મનમાં ખૂબ બોલ્યો.

'પૃથ્વીશનો ન્યાય થવાનો છે ત્યાં સુધી નહિ રોકા?'

કામિનીને આ વાતનું વિસ્મરણ થયું હતું, તે એકદમ બોલી ઊઠ્યો: 'હા, હા, પણ રોકાવાનું શું કામ છે? ન્યાય તમારા હાથમાં છે. પૃથ્વીશ તો નિર્દોષ છે જ, પણ ચંદ્રસેનને બચાવજો. વળી ગુરુદેવ સમર્થ છે!'

'એક આના ગુરુદેવ!' પ્રતાપ મનમાં ખીજાઈને બોલ્યો.

'લોકો શું ધારે છે કામિની?'

'લોકો પર પૃથ્વીશનો કાબૂ થોડો નથી. લોકો એને નિર્દોષ ધારવાના.'

'પણ ન્યાયના સમર્થ પુરાવા છે, તેનું શું?'

'છતાં દક્ષિણમાં તો એ વિષે શંકા નથી. અને બીજું અવનીશનો ભાર નથી કે પૃથ્વીશને શિક્ષા કરે! તમે જાણો છો કે તે દિવસે જ પટ્ટન નથી!'

'હા...' પ્રતાપ મનમાં જ બોલ્યો. 'હવે તારું રહસ્ય કાંઈક મળે છે ખરું! અફસોસ! રાજતંત્રમાં આ ભયંકર ઘટના અનેક ફેરફાર કરશે.'

'માલદેવ કયાં છે?'

'માલદેવ હાલમાં આંહીં જ છે. એ આપણો મિત્ર છે. પૃથ્વીશને ફાંસીનો હુકમ થાય તો એ ફાંસીને તોડવાની એનામાં તાકાત છે!'

'ઠીક ત્યારે, આ અવનીશે કહ્યું તેમ, માલદેવના શસ્ત્રબળનો પણ ઉપયોગ.' પ્રતાપને વિચાર આવ્યો.

કામિનીએ પોતાનું મકાન આવતાં રજા લીધી. તે બીજે દિવસે ગુરુદેવના આશ્રમમાં જવા તૈયાર થયો. એનું સર્વ લક્ષ્ય ત્યાં હતું. એની હિલચાલ પર પ્રતાપની સાશંક દૃષ્ટિ ફરતી હતી. તેને દક્ષિણ પ્રાંત તરફ જવા માટે, સ્ટેશને જવાને બદલે, ભદ્રેશ્વરની ટેકરીઓ તરફ જતો જોઈ, પ્રતાપને ખાતરી થઈ કે નક્કી કોઈ ભયંકર ઘટના ચાલી રહી છે! કામિનીના રસ્તા પર તેણે રાત્રિના દશ વાગ્યા સુધી ચોકી ભરી, પણ કામિની આવ્યો નહિ. એના મનમાં અવનીશે મૂકેલું શંકાનું બીજ વધારે બલવાન થતું ગયું.

૧૭. પૃથ્વીશની સજા

ઉૂટસ્થની એક ઇચ્છા હતી. બને ત્યાં સુધી રાજતંત્રના કાર્યમાં પોતાની અસામાન્ય શક્તિઓનું વારંવાર દર્શન કરાવવું નહિ. પૃથ્વીશનો કેસ ચાલી ગયો હતો. એને સજા થઈ હતી. પૃથ્વીશને થયેલી સજાની માફી હવે કેવળ ચામરાજેન્દ્ર જ કરી શકે તેમ હતું. એટલે એ વિચારમાં પડી ગયો. એણે માલદેવને તો કહેવરાવ્યું હતું કે હમણાં તું આટલામાં ફરતો રહેજે. પછી એણે બે મહાન જાતિસંમેલનો દ્વારા નાજા રબારીને અને કરસન પટેલને પણ સાધ્યા હતા.

આટલી તૈયારી કર્યા પછી એ છેક છેલ્લી ઘડીએ મહારાજની પાસે ગયો.

એની પાસે એની જીવનમૂડીમાં એક જ વસ્તુ હતી. એ જે કાંઈ કરતો તેમાં એનો લેશ પણ સ્વાર્થ ન હતો. અને બીજું ચામરાજેન્દ્રની તમામ નબળી બાજુઓનો એણે અભ્યાસ કર્યો હતો. બને ત્યાં સુધી મહારાજની કૃપા લેખે, અને નહિતર પછી પોતાના સામર્થ્ય લેખે, પણ પૃથ્વીશને બચાવી લેવો જોઈએ.

આખી વસ્તુ છોકરીની રમત જેવી લાગતી હતી; પણ ગંભીર ચિંતનશીલ દરેક માણસને આજની ન્યાયાધીશી એ એક પ્રકારની રેતી લીંટા કાઢનારી ધોલકીની રમત જેવી નથી લાગતી ? સત્યનો આટલો મોટો ઉપહાસ કરવા માટે માણસો પોતાની જીવનશક્તિ

વેડફી શકે છે, એ જાણ્યા પછી તો, અનેક નામભેદ નીચે ચઢાવાતાં રાજદ્વારી તંત્રો—એ પીંઢારું ટોળીઓનાં સુધરેલા જ આકાર નથી જણાતા?

પણ ફૂટસ્થને માટે અત્યારે એ વસ્તુસ્થિતિઓનો એમ વિચાર કરવો નકામો હતો. એટલે તે ઉતાવળે ચામરાજેન્દ્રના ગ્રીષ્મભવન તરફ ફર્યો. દરવાજા ઉપર એક જમાદાર બેઠો હતો.

'મહારાજા છે?' ફૂટસ્થે પૂછ્યું.

'જી હા. પણ નવ બજે ઊઠવાના છે!'

'સાડા આઠે તો ફાંસી દેવાની છે!' ફૂટસ્થ મનમાં વિચારી રહ્યો. એ મોટેથી બોલ્યો: 'ત્યારે કહો કે હું મળવા માગું છું.'

જમાદાર બડો પકકો હતો. જમાનાનો ખાધેલ હતો. આવા તો કૈં ક 'હું' આંહીં આવી ગયા હતા.

'હું એટલે?'

'સ્વામી ફૂટસ્થ.'

'પણ ઊઠવાનો વખત નવનો છે!'

'ફિકર નહિ. આજે મારે જરૂર છે. આઠ પહેલાં મારે મળવું જ જોઈએ, નહિતર—' ફૂટસ્થ બોલતાં અચકાયો:

'નહિતર શું?' જમાદારે પૂછ્યું.

'નહિતર, કાંઈ નહિ, એ જાણવાનું કામ તારું નથી, ભાઈ! તું મહારાજાને ખબર કહેવરાવ. હું આવું છું!'

જમાદારે યંત્રવત્ હુકમ માથા ઉપર ચઢાવ્યો. એણે સામે થવાની ઇચ્છા કીધી, પણ સામે થવાની એની હિમ્મત ચાલી નહિ. ફૂટસ્થે અંદર પ્રવેશ કર્યો. મહારાજા ચામરાજેન્દ્ર, હમણાં જ બિછાનામાંથી ઊઠી દીવાનખંડમાં આવ્યા હતા. એમના ચહેરા પર હજી ઉંઘણશીની નિશાની હતી. ફૂટસ્થે તેમની સામે એક બિછાના ઉપરે જગ્યા લીધી.

'આજે તમને ઉઠાડવા પડ્યા.' ફૂટસ્થે કહ્યું 'પણ મારે

અગત્યનું કામ છે.'

'ફિકર નહિ' ચામરાજેન્દ્રે પોતાની હંમેશની અધિકારીની જેમ આશ્રયદાતાની ઢબ જાળવીને કહ્યું. 'અવનીશને મળ્યા હતા?'

'કયારેક સવાલને આપની સાથે સંબંધ હોય છે!' કૂટસ્થે જરાક કરડાઈથી કહ્યું. 'વાત એવી છે કે આજે પૃથ્વીશને અને ચંદ્રસેનને ફાંસી દેવાની છે.'

'હા, મેં સાંભળ્યું છે.' ચામરાજેન્દ્રે કહ્યું 'અને તે માટે હું બહુ જ દિલગીર છું, સ્વામીજી!'

'દિલગીર તો એટલા માટે કે એ ઘટનાને આપના સિંહાસન સાથે સીધો સંબંધ છે!'

ચામરાજેન્દ્રે દૃષ્ટિ ચુકાવી: એ કરડાઈથી બોલ્યોઃ 'શું કીધું?'

'એટલું જ કે,' કૂટસ્થે નિશ્ચયાત્મક ટૂંકો જવાબ આપ્યોઃ 'પૃથ્વીશની ફાંસી એવી અગત્યની વાત છે કેમારે તમને સમજાવવી પડશે મહારાજ! આવી વસ્તુઓ દ્વારા તો સિંહાસન જાય છે!'

ચામરાજેન્દ્રે જરાક તોછડાઈથી જવાબ વાળ્યોઃ 'પણ સિંહાસનની પાછળ ખુલ્લી સમશેરનું સૈન્ય હોય છે!'

'અલબત્ત અને'—કૂટસ્થે ટટ્ટાર થઈ જવાબ વાળ્યોઃ 'પૃથ્વીશ પાછળ સૈન્ય નથી એ ખરું. પણ પંચેશ્વરના દસ હજાર માણસો આજે આંહીં હાજર છે!'

'પણ એટલા જ માટે ન્યાય ફેરવી ન શકાય. રાજનું ગૌરવ ગુમાવ્યા પછી રાજની કાંઈ કિમ્મત જ નથી.'

'જરાક ભૂલ સુધારું?' કૂટસ્થે ચામરાજેન્દ્ર સામે તીવ્ર દૃષ્ટિથી જોઈને કહ્યું, 'માણસ તરીકેનું ગૌરવ ગુમાવ્યા પછી, રાજની કાંઈ કિમ્મત નથી!'

'તમે જરા મર્યાદા વટાવો છો!'

'કહો કે તમારે ખાતર હું મર્યાદા પાળું છું ને બીજા પાસે પળાવું છું!'

'ઠીક હવે લાંબું ને ટૂંકું: તમારે જે કહેવાનું છે તે માટે અરજી કરો!'

'અરજી કરનારનો ચહેરો જુદો જ હોય. છે, મહારાજ!' કૂટસ્થે કહ્યું, 'હું તમને અરજી નથી કરતો, ચેતાવું છું. ગ્રીષ્મભવનના પાયામાં પ્રહાર થઈ જાશે, મહારાજ!'

'એ માટે પટ્ટનનું સૈન્ય પૂરતી સંભાળ લેશે!'

'પટ્ટનનું સૈન્ય જો રાજાને મળતી છકકડ ખાળી શકતું નથી, તો ભાગ્યે જ રાજાને બચાવી શકે.'

ચામરાજેન્દ્ર સડક થઈ ગયો. એણે આજે પોતાના નિયમવિરુદ્ધ ખુલ્લા શબ્દોમાં વાતચીત કરી હતી, તેથી તેને પસ્તાવો થયોઃ તે પળવાર બોલ્યો નહિ.

'કેમ બોલતા નથી?' કૂટસ્થે કહ્યું. ચામરાજેન્દ્રે વિચાર કર્યોઃ ને કહ્યુંઃ

'હું દિલગીર છું કે મારે તમને નાખુશ કરવા પડે છે, પરંતુ ન્યાયની દૃષ્ટિને હું રદ ન કરી શકું. ન્યાય બહુ જ નાજુક ચીજ છે!'

'ગુલ્લાબ કરતાં પણ વધારે નાજુક છે?'

ચામરાજેન્દ્ર આશ્ચર્યચકિત થઈ ગયોઃ આને ગુલાબની કયાંથી ખબર? પોતાના જીવન ઉપરના આ સીધા પ્રહારથી એ ઘડીભર ક્ષોભ પામ્યો.

'હાસ્તો!' એણે દ્વિઅર્થી જ જવાબ આપ્યો.

'તો મહારાજ તોફાન કરી શકે છે, અને ન્યાયમંદિરમાં તેને માટે સજા નથી—'

ચામરાજેન્દ્ર ઊભો થઈ ગયોઃ 'સ્વામીજી, આ બાબતમાં તમે અવનીશને મળો. મારાથી કંઈ નહિ થાય. હું જાઉં છું!'

'ભલે! હું તમને ચેતવું છું.'

અચાનક પુષ્કરે પ્રવેશ કર્યો; ચામરાજેન્દ્રને ન જોયો હોય તેમ તેણે કૂટસ્થને કહ્યુંઃ

'ગુરુદેવ! માલદેવ આપની રાહ જોતો ઊભો છે!'

'હું!' ચામરાજેન્દ્ર તુરત પુષ્કર તરફ ફર્યો.

'જી હા.' પુષ્કરે વિનયથી જવાબ આપ્યોઃ 'માલદેવ પોતાના શસ્ત્રધારી બધા સાથીઓ સાથે આવેલ છે. સ્વામીજીને પૃથ્વીશની બાબતમાં છેલ્લી વખત મળવા માગે છે!'

ચામરાજેન્દ્ર જવાબ આપે તે પહેલાં અવનીશ આવ્યો; તેણે પોતાની વિહ્વલતા છુપાવી હસતે ચહેરે કૂટસ્થ તરફ જોયુંઃ 'સ્વામીજી! આપ અત્યારમાં?'

'હા જુઓ ને! આજે કાંઈ એવો જ પ્રસંગ છે?'

અવનીશે ચામરાજેન્દ્ર તરફ જોયુંઃ તેના ચહેરા પર અકળામણની સ્પષ્ટ નિશાની હતી.

'આનો અર્થ એટલો જ કે તમે મારા રાજતંત્રમાં ઘૂસવા માગો છો!' ચામરાજેન્દ્ર ઉતાવળે બોલી ઊઠ્યો.

'ઘૂસવા નહિ, જવાબદારી સમજાવવા માગીએ છીએ,' પુષ્કરે જવાબ દીધો.

'તમારું વાતાવરણ ફેરવવા!' કૂટસ્થે ટકોર કરી.

'એટલે શું?'—અવનીશે જરા કરડાઈથી કહ્યુંઃ 'મહારાજ! તમે તમારા ભદ્રેશ્વરમાં જાઓ અને...'

કૂટસ્થે તેનો વચ્ચે જ જવાબ વાળ્યોઃ 'એ ભદ્રેશ્વરમાં જ જશે. પણ ભદ્રેશ્વર સમક્ષ માલદેવ પોતાના માણસો સહિત ઊભો છે, ને પંચેશ્વરના પણ દશ હજાર માણસો ત્યાં આવ્યાં છે!'

પોતે જે વાત કહેવા આવ્યો છે તેની જ આ ચર્ચા થાય છે એ જોઈ તાત્કાલિક શો ઉત્તર આપવો તે અવનીશને સૂઝયું નહિ! તેણે યંત્રવત્ પોકાર કર્યોઃ

'યશલાલસિંહ!'

એક સિપાઈએ પ્રવેશ કર્યો. 'સાહેબ, એ તો જેલ ઉપર બંદોબસ્ત કરવા ગયેલ છે; કારણ કે દક્ષિણના વધુ માણસો ત્યાં

આવતાં જાય છે!'

અવનીશે ગભરાટમાં કૂટસ્થ તરફ જોયું.

'શું સમજવું સ્વામીજી! બળવો?'

'ના ના, એવું તો કાંઈ નહિ. પણ લોકોને પૃથ્વીશ ઉપર શ્રદ્ધા લાગે છે. સાહસિક પગલું ન લેવાય એ જરા તમે જ ધ્યાન રાખજો ને.' કૂટસ્થે શાંતિથી જવાબ આપ્યો.

પુષ્કર બોલ્યોઃ 'આ ચર્ચા લંબાવ્યા પછી આપણે જઈશું ત્યારે મોડું થશે. હવે આપની જરૂર છે. આઠ વાગે તો માલદેવ જરૂર વડ પાસે આવશે. ને તમે ત્યાં નહિ હો તો બધા માણસો સાથે એ પૃથ્વીશના કેદખાના તરફ જશે. ત્યાં યશલાલ હશે, એટલે પછી મોડું થાશે!'

'હા હા, સ્વામીજી! આપ તો પધારો! હું મહારાજનો હુકમ મેળવી આ આવ્યો!'

અવનીશે વાતને વાળી નાખીને કહ્યું:

'હા એમ જ કરો!' ચામરાજેન્દ્રે ટેકો આપ્યો.

'હું જોઉં છું,' કૂટસ્થે શાંતિથી કહ્યું; 'તમે આવ્યા તે ઠીક થયું.' તેણે અવનીશ તરફ ફરીને કહ્યુંઃ 'ઉતાવળું પગલું આપણને હણશે!'

કૂટસ્થ અને પુષ્કર ચાલ્યા ગયા.

'હવે શું કરવું છે?' ચામરાજેન્દ્રે એ ગયા કે તરત પૂછ્યું. 'આ તો વધતું જાય છે!'

'કાંઈ વધતું નથી. આપણી જૂની રાજનીતિ દેખાડી પૃથ્વીશને છોડો! પછી દેખી લેવાશે!'

'એ ભૂલ તો નહિ થાય?'

'ન છોડવામાં ભૂલ છે! આગે આગે દેખા જાયગા. કૂટસ્થ પણ માણસ છે, દેવ નથી! એને કંચન અથવા કામિની અથવા સત્તા કોઈક જીતશે. હાલ પ્રતાપને તો આપણે વાળ્યો છે.'

'ઠીક તો એમ કરો. ચંદ્રસેનને પણ હાલ છોડો ! દેવયાની કોના પક્ષમાં છે ?'

'એ દિવસ પહેલાં જણાયું કે એ પણ પૃથ્વીશ પાછળ ઘેલી છે. આપણું એ શસ્ત્ર બુંઠું નીકળ્યું છે.'

'ઠીક, હવે બીજું.'

'હું જાઉં છું, ત્યારે આ હુકમ ? આપની સહી બાકી છે.'

ચામરાજેન્દ્રે લીટા કાઢી આપ્યા. અવનીશ ઉતાવળે ભદ્રેશ્વર જવા નીકળ્યો.

આ તરફ કૂટસ્થ ભદ્રેશ્વર પહોંચ્યો ત્યારે માલદેવ તેની રાહ જોઈને ઊભો હતો. માલદેવ, બધા શૂરવીર માણસની માફક, ઉતાવળિયો હતો. એક ઘા ને બે ફાડ સિવાય બીજું કાંઈ સમજતો નહિ. તેના કદાવર બાંધા ને વિશાળ વદન તરફ કૂટસ્થ જોઈ રહ્યો :

'જાણે બીજો જ નાગાર્જુન ઊભો છે !'

આ માલદેવ પ્રખ્યાત બહારવટિયા નાગાર્જુનનો નાનો પુત્ર હતો. અને જગતસિંહને હંફાવનાર એ વીર પુરુષ અકસ્માત મૃત્યુવશ થયો ત્યારે માલદેવને પાળનાર કૂટસ્થ હતો. આ ઉપકારના બદલામાં, માલદેવ ગુરુદેવના દરેકેદરેક શબ્દને આજ્ઞાસ્વરૂપ સમજતો.

માલદેવે જરાક હસીને નમન કર્યું ! 'ગુરુદેવ ! શી આજ્ઞા છે ?'

કૂટસ્થે જવાબ આપ્યો: 'હંમેશની માફક પાછા ચાલ્યા જવાની.'

'મહારાજને સિંહાસન ઉપરથી ઉઠાડવા એ રમત વાત છે, પણ શું કરું ? આપની આજ્ઞા નથી !'

'માલદેવ ! ઉતાવળો થા મા ! એ સમય પણ આવશે. ઇંદિરા ક્યાં છે ?'

'ઇંદિરા સહીસલામત છે ! પટ્ટનમાં ઘોળે દિવસે માલદેવ ફરી શકે તેમ છે. ગુરુદેવ ! કાલે તો ઇંદિરાને મળી આવ્યો. પટ્ટનનો એ ભાગ એવો શાંત છે કે કોઈ નામ લે તેમ નથી.'

'છતાં સાવચેત રહેજે.'

'એક બેવકૂફ દારુડિયો ત્યાં હમેશાં નીકળે છે! એની સાથે કોઈ કોઈ રાજમહેલનું નામ જોડે છે!

'કોણ છે એ? એનું નામ શું?'

'કોણ જાણે. લાગે છે ખાનદાન. ચહેરો સુંદર, ઉંમર ભાગ્યે જ પંદર–સત્તર વર્ષની.'

'પણ એનું નામ. એ કાંઈ ખબર છે?'

'સુધીર કહે છે.'

'સુધીર?' કૂટસ્થ વિચારમાં પડી ગયો. 'ત્યારે તો મારે એને જોવો છે.'

'એ તો સહેલું છે. દારૂના પીઠા પાસે ઊભા રહેવું.'

માલદેવ પોતાના બળથી નિર્ભય જેવો બહારવટિયો થઈ પડ્યો હતો. છતાં કૂટસ્થે કહ્યું કે તરત તે ચાલતો થયો. પંચેશ્વર ને દક્ષિણનાં હજારો માણસો તો હજી જેલ તરફ રવાના થતાં હતાં.

એવામાં હજારો માણસની આંખ દૂરથી આવતી એક ગાડી ઉપર પડી; અવનીશ ધીમેથી નીચે ઊતર્યો. માણસો તલપાપડ થઈ રહ્યાં. અવનીશે તરત કહ્યું: 'લોકોની અરજી ઉપર ફરી વિચાર કરતાં મહારાજા ચામરાજેન્દ્ર પૃથ્વીશને હમણાં છોડી મૂકવાનો હુકમ કરે છે!'

લોકો હર્ષઘેલા કૂદવા મંડ્યા, સેળભેળ થઈ ગયા. પૃથ્વીશને વીંટવા દોડ્યા. ચંદ્રસેનની કોઈ ને દરકાર ન હતી. કૂટસ્થ બોલ્યો:

'દૂર રહો! ઘડીભર આ ગર્વયાને ભૂલ્યાનું પ્રાયશ્ચિત કરો! સ્નેહલતા! ચંદ્રસેન પણ છૂટો છે.'

સ્નેહલતા કૂટસ્થ પાસે દોડી ગઈ, એના ચરણમાં લોટી પડી, 'ગુરુદેવ! હું તો વિશ્વાસ રાખી શકી ન હતી!'

એ ધમાલમાં કૂટસ્થે દેવયાનીને ત્યાં જોઈ. તેને, તેણે ધીમેથી કહ્યું:

'દેવયાની! તું કાલે ભદ્રેશ્વર તરફને રસ્તે થઈ, મને દક્ષિણ દરવાજા પાસે મળજે. તું એકલી જ આવજે. તારા જેવું એક કામ મળ્યું છે!'

૧૮. સૌંદર્યમાં સત્ય !

દર પર ખડી ગીદ્ધ પૂછે, મયખાનું ખુલશે કે નહિ ?
અયિ ઓ છકેલી સમાલજે, ઘર બેઈમાન લૂંટે નહિ !

*

બીજે દિવસે રાત્રિના સાડા દસે દેવયાની ફૂટસ્થની આજ્ઞા પ્રમાણે દક્ષિણ દરવાજા પાસે હાજર હતી. થોડીવારમાં ફૂટસ્થ આવ્યો, અને બન્ને દરવાજા બહાર એક અર્ધ જંગલી પ્રદેશમાં આવી ચડ્યાં. ત્યાં માત્ર ગરીબ મજૂરો રહેતા. છૂટાછવાયાં ગરીબોનાં ઝૂંપડાં હતાં. વચ્ચે કોઈક મકાન સારું હતું તો દસબાર ખરાબ હતાં. એક તરફનો ભાગ મુકાબલે વધારે સારો હતો અને ત્યાં એક દુકાન પર માણસોની ઠઠ જામી હતી. ત્યાં દારૂનો વ્યાપાર હતો ! સામે જ થોડે દૂર થોડાંક વેશ્યાનાં ઘરો હતાં. ફૂટસ્થે દેવયાનીને પાછળ આવવા સાન કરી ! આંહી પોતાને લાયક શું કામ હોઈ શકે એ દેવયાનીને સમજાયું નહિ. તે પાછળ પાછળ ચાલી !

ફૂટસ્થે નાના ઘરમાં પ્રવેશ કર્યો : એક તૂટેલ ખાટલા ઉપર એક વૃદ્ધ ડોસો બેઠો હતો. તેનું શિથિલ, નિસ્તેજ અને દુર્બળ શરીર તથા આસપાસની સ્થિતિ એની અત્યંત ગરીબી પ્રગટ કરતાં હતાં !

'કેમ ડોસા !' ફૂટસ્થે દયાથી કહ્યું : 'પેન્શન આવ્યું ?'

'હા, હમણાં જ ગંગા આપી ગઈ.'

દેવયાનીને આમાં કાંઈ સમજ પડી નહિ !

ફૂટસ્થ નીચે બેઠો. એક તૂટેલ સાદડી પર પાસે દેવયાની બેઠી. ફૂટસ્થ બોલ્યો :

'ત્યારે તમારે આ પેન્શન ઉપર જ આધાર કાં ?'

'હાસ્તો બાપુ ! એમ જ.'

'કેમ, સુધીર ક્યાં ઊપડી ગયો છે ?'

'એ છોકરો વંઠી ગયો, બાપુ ! હવે હાથમાં નથી.'

'અત્યારે ક્યાં હશે ?'

'બીજે ક્યાં ? એનું ઘર ગણો કે જે ગણો તે દારૂનું પીઠું !'

'ઠીક, ત્યારે હું તો જાઉં છું. આ તમને હમણાં ચલાવવા,'

ફૂટસ્થે પંદર રૂપિયા ડોસાના હાથમાં આપ્યા. બહાર નીકળતાં જ દેવયાનીએ પૂછ્યું :

'આ ડોસો કોણ ?'

ફૂટસ્થ જવાબ આપતાં પહેલાં બે ઘડી તેની સામે જોઈ રહ્યો. તેની દૃષ્ટિ અત્યારે એટલી વેધક હતી કે દેવયાની એ સહી શકી નહિ. તેને લાગ્યું કે ફૂટસ્થ જાણે એના અંગેઅંગને અને વિચારે વિચારને ભેદી રહ્યો છે. થોડી વાર પછી એ બોલ્યો : 'તને કહેવામાં વાંધો નથી. હવે જેમ બને તેમ જલદી આ વાતને આટોપી લેવી જોઈએ. તને ખબર તો હશે, કે આપણે આ ચામરાજેન્દ્રનું રાજતંત્ર ઉથલાવી પાડવા માગીએ છીએ !'

'હા, કાંઈક જેવી તેવી !'

'ત્યારે મેં તને એમાં ભાગ લેવા માટે આંહી આણી છે. તારા સૌન્દર્ય દ્વારા મારે માનવતાને, એક વખત મેળવવી છે. સૌન્દર્યમાં કેટલું બધું સત્ય છે, એ આપણને કોઈને ખબર નથી.'

દેવયાની કાંઈ સમજી નહિ. તેણે ફરીને એ જ પૂછ્યું : 'પણ આ ડોસો કોણ છે ?'

'એ જ હું તને કહું છું. આ ડોસો તે પટ્ટનનો એક વખતનો ફોજદાર દેવીસિંહ રાઠોડ. અત્યારે વૃદ્ધ અને કંગાલ છે. દેવસિંહ

રાઠોડની સ્ત્રી ચામરાજેન્દ્ર પાસે જતી આવતી. તેમાંથી દેવીસિંહનું નશીબ ખુલ્યું ! પણ સ્ત્રીની અતિ વિશ્વાસપાત્ર અવસ્થા કયારેક પુરુષને બંધનરૂપ છે! એક ઘટના એવી બની ગઈ કે ચામરાજેન્દ્રે તેને ઝેર અપાવ્યું. સુધીર તેનો પુત્ર. ચામરાજેંદ્રે પાછલી પ્રીત સંભારી દેવીસિંહને પેન્શન આપ્યું. ચામરાજેન્દ્રની ખાસ બાઈ છે ગંગા. ગંગાનો હજી આ તરફ હમ્મેશનો આંટો ખરો.'

દેવયાની ચકિત થઈ ગઈ. કૂટસ્થ કાંઈક ઘણી મોટી યોજનામાં પડયો છે એટલું જ એ સમજી.

'દેવયાની ! મેં તને કહેલું યાદ છે ? સૌન્દર્ય એના ખાસ ઉપયોગ માટે હોય છે. કુદરતનું એ રમ્ય પણ અચૂક હથિયાર છે. તારા સૌન્દર્યમાં આવો જ નિર્મળ હેતુ કુદરતનો ન હોય ? આજે હું તને હવે કાર્યની પરંપરા સોંપું છું. આ પણે, સામે જો. એક લથડિયાં ખાતો જુવાન આવે !'

દેવયાનીએ કૂટસ્થે દેખાડેલી દિશામાં એક યુવાનને લથડિયાં ખાતો આવતો જોયો.

'એ જ સુધીર ! એનામાં સુધરી શકે તેવું તત્ત્વ છે. દેવીસિંહના વધારે દાબથી અને માતાની સોડ જેવું આરામસ્થળ જવાથી એની આ દશા છે ! એની માતાની જગ્યાએ તું માતા બન ! પછી હું તને મળીશ. મારે સૌન્દર્યનો ઉપયોગ શીખવવો છે. આટલી બધી સુંદરતાને આપણે કેવી રીતે વેડફી રહ્યા છીએ ! અને વળી, આપણા કાર્યક્રમમાં આ સુધીરનો પણ ઉપયોગ છે.'

દેવયાનીએ સાંભળી લીધું : તે કાંઈ બોલી નહિ.

'જો, સામે ઘર દેખાય. તે ભાડે રાખેલ છે. તું ત્યાં રહેજે. અહીંથી જાણવાનું પણ ઘણું મળશે.'

દેવયાની વધારે સવાલ કરે તે પહેલાં તો કૂટસ્થ ચાલતો થઈ ગયો હતો.

દેવયાનીએ વિચાર્યા વિના કાર્યક્ષેત્રમાં ઝંપલાવ્યું : જ્યાં એ

રહેતી એ ઘર પાસેથી જ પીઠાંનો રસ્તો હતો. તે પોતાના દ્વાર પર બેઠી રહેતી. સુધીર ત્યાંથી હંમેશાં નીકળતો. તે ઘણી વખત દારૂના નશામાં રહેતો, પણ તદ્દન ભાનભૂલ્યો ભાગ્યે જ દેખાતો. એક વખત એ પ્રમાણે એ નીકળ્યો, ત્યારે દેવયાની બુલંદ સ્વરમાં ગાઈ રહી હતી. એ ત્યાં જ અટક્યો. દેવયાનીએ તેને બોલાવ્યો.

દુરાચારના અતિ બોજામાં પણ સદ્‌ગુણની ચિનગારી તો જાગ્રત રહે છે. બન્ને તરફ દુરાચાર હોય :તો જ એ લુપ્ત થાય. બહુ જ ભારમાં આરામની શોધ થાય છે. સુધીરની આ અવસ્થા હતી. દેવયાનીએ તેને કહ્યું : 'આવો, આવો બેસો !'

સુધીર ત્યાં થોડીવાર બેઠો.

'કેવા છો ?' દેવયાનીએ ધીમેથી પૂછ્યું. પારકી સ્ત્રી ધીમેથી બોલે ત્યારે પુરુષને આનંદ અને આરામ થાય છે.

'રજપૂત !'

'આમ ક્યાં જઈ આવ્યા ?'

'આંહી નજીક જ છે ને પીડું !'

'એકલા છો ?'

'ના. બાપ છે.'

'શું કરે છે ?'

'કાંઈ જ નહિ.'

'તમે શું કરો છો ?'

'આરામ !'

સુધીર ધીમે ધીમે હૃદય ખોલતો હતો. દેવયાનીની અવસ્થા હવે વિચિત્ર થઈ પડી. સુધીરમાં બીજો કયો ભાવ ઉદય થવાનો હતો ? એની ચિંતાનું એ કારણ હતું. એણે ધીમેથી વાત ફેરવી :

'મા છે નાં ?'

એક પળભર સુધીર જવાબ દેતાં થોભ્યો. પોતાને શા માટે કૂટસ્થે આની મા થવાનું સોંપ્યું, એ દેવયાનીને કાંઈક સમજાયું. આ

છોકરો માની ઉમ્મરનો હતો. સુધીર બોલ્યો એટલે એ વધારે સ્પષ્ટ થયું: 'મા...?' સુધીર બોલતાં થોભ્યો: પછી ધીમેથી એણે કહ્યું: 'મારે મા નથી!'

'બેન છે?'

'ના ના.'

'ત્યારે બે ઘડી આંહી આવતા હો! તમે બીતા નહિ. તમારા જેવા ભાઈબિંધ દોસ્તો આંહીં આવે છે. તમારું નામ?'

સુધીર છોકરો હોય ને પોતે મા હોય એવી રીતે શાંત વહેતી વાતને લીધે મનોભાવમાં ઘણો ફેર પડી ગયો હતો. સુધીરે ધીમેથી કહ્યું: 'મારું નામ સુધીર!'

દેવયાની એને જાણતી હોય તેમ બોલી: 'સુધીર દેવીસિંહ રાઠોડ કાં?'

સુધીર દિંગમૂઢ બની જોઈ રહ્યો. 'તમે મારા બાપને ઓળખો છો?'

'બેટા! હું તો તારી માને પણ ઓળખું છું!'

'હેં? કયાંથી?'

'ગંગાને તું ઓળખે છે?'

'હા.'

'અને તેના વિષે કાંઈ જાણે છે?'

'બહુ જ થોડું!'

'તારા કુટુમ્બને હું ઓળખું છું. તારી મા સાથે મારે સહિયરપણું હતું. માત્ર દેવીસિંહ રાઠોડ અમારાથી જુદો. માત્ર દેવીસિંહ સાથે અમારે બને નહિ. એનો સ્વભાવ બહુ આકરો. હવે કાંઈ બદલ્યો?'

'ના ના!' સુધીરે જવાબ આપ્યો.

'બદલે નહિ! બેટા! તું એકલો છે. તો તું આંહીં આવતો રહેજે! બે ઘડી મજા પડશે! દિ ખૂટશે!'

'હવે જરૂર આવીશ,' સુધીરને હવે લાગ્યું કે પોતે પવિત્ર વાતાવરણમાં છે. એ બધું ભૂલ્યો. પણ દેવયાનીને હજી આજે બધો સ્ફોટ કરવો ન હતો.

થોડીવાર પછી સુધીર ગયો.

બીજે દિવસે સવારે દેવયાની ત્યાં આવી ત્યારે એક માણસ ત્યાં હાજર હતો. તેણે દેવયાનીના હાથમાં એક ફોટો આપ્યો. આ ફોટો સુધીરની મા વસંતતિલકાનો હતો. ને તેટલા માટે જ કૂટસ્થે એ મોકલાવ્યો હતો. સુધીરને હવે એક આરામ કરવાનું સ્થળ મળ્યું. એનો અંતરાત્મા ધીમે ધીમે દેવયાનીમાં મળતો ગયો. હવે તે હમેશાં દેવયાનીને ત્યાં આવતો. દેવયાની પણ હવે ઘણું ખરું ત્યાં જ રહેતી.

એક દિવસે સુધીર આવ્યો. તે થાકી ગયેલો, નિરાશ અને નિરુત્સાહી હતો. બાલપણમાં આ છોકરો બહુ સુંદર અને ભોલકણો હતો, મોટો થતાં—થતામાં માનું આશ્વાસન ખોઈ બેઠો હતો. દેવીસિંહ તો ક્રૂર હૃદયનો હતો, સુધીરને સુધારવા એ વારંવાર ચૌદમા રત્નનો ઉપયોગ કરતો. એમાંથી સુધીર પહેલાં માર સહન કરતાં શીખ્યો, પછી ધીમે ધીમે બેદરકાર બન્યો. પછી હઠીલો થયો. છતાં આ બધા દુઃખ પર સુખની ભ્રમણા ફેલાવવા વારંવાર દારૂના પીઠા પર જતાં શીખ્યો.

કૂટસ્થને આ સુધીરનો એવો શો ઉપયોગ છે એ વાત તો દેવયાની તરત પકડી ન શકી; પણ એણે જે કહ્યું હતું કે તું એને પ્રેમથી જીતજે, એની મા તારા જેવડી ઉમ્મરની છે: એ વાત એણે પકડી લીધી. કોઈ કોઈ વખત કૂટસ્થ થોડોક વાતસ્ફોટ કરતો, તેમાંથી દેવયાની સમજી હતી, કે આ દેવીસિંહે પોતાની યુવાવસ્થામાં ચામરાજેન્દ્રની સારી સેવા બજાવેલી હતી. લોકો તો ઘણી વખત એટલે સુધી કહેતા કે દેવીસિંહે છેવટે પોતાનો પુરુષસ્વભાવ ભૂલી જઈને પણ ચામરાજેન્દ્રની નોકરી કરવામાં પાછી પાની કરી નહિ. એની બી વસંત-

તિલકા અત્યંત લાવણ્યવતી હતી. આ લાવણ્યની છાયામાં ચામરાજેન્દ્રે દેવીસિંહને એક પછી એક ઊંચો અધિકાર આપ્યો. પરંતુ છેવટે, આ મૈત્રીનો તાર મેસૂર બોલ્યો. ત્યારથી જ દેવીસિંહના બણેશ ઊંધા બેઠા હતા. અને તેથી અત્યારે તો પટ્ટનના તદ્દન ઉજ્જડ પ્રદેશમાં ચામરાજેન્દ્રના ફેંકેલા ટુકડા ઉપર જ એ અપમાનભર્યું જીવન ગાળતો હતો! અને આટલું છતાં એના ઉપર ચામરાજેન્દ્રની નજર તો હતી જ. એને મળતું જૂજ પેન્શન આપવા પોતાની ખાસ દાસી ગંગાને એ મોકલતો. એમાં એનો એક હેતુ હતો. દેવીસિંહ પોતાના ભૂતકાળને પોતાના જ હૃદયમાં સમાવી રાખે. તેને પહોંચેલો અન્યાય કોઈ બ્રતિર જનને કાને પણ પહોંચે નહિ. કારણ કે ચામરાજેન્દ્રને ભલે ન્યાય પર પ્યાર હોય, પણ બહારની પ્રતિષ્ઠા ઉપર તો એ બહુ ધ્યાન દેતો!

દેવીસિંહ રાઠોડે જ્યારે જોયું કે હવે સુધીર બહુ વાર ઘરે આવતો નથી, ત્યારે એને તો એક ઊંડો સંતોષ જ થયો. એનું પેન્શન એના માટે ભાગ્યે જ પૂરતું હતું. સુધીર પટ્ટનમાંથી રવાના થઈ જાય તો પણ દેવીસિંહની આંખમાંથી આંસુ ન પડે! પણ અવારનવાર ગંગા આવતી, એને જ્યારે આ ખબર પડી ત્યારે એ ખબર તેણે ચામરાજેન્દ્રને પહોંચાડ્યા. ચામરાજેન્દ્રે એ વિષય ઉપર બહુ લક્ષ્ય આપ્યું નહિ. સુધીરની મા વિષે લોકવાયકા હતી કે ચામરાજેન્દ્રે ઝેર આપ્યું હતું. પરંતુ એ વાત સુધીરના ધ્યાનમાં હોય તો પણ એ દારૂડિયામાં વધારે હિમ્મત કે અકકલ હોય તેમ ચામરાજેન્દ્ર માનતો નહિ, એટલે એને દારૂમાં જ ડૂબવા દીધો. ને માન્યું કે એ વ્યસનમાં એનું મૃત્યુ થાય તો પોતાના બ્રતિહાસનું કાળું પાનું હમ્મેશને માટે લોકની નજરમાંથી દૂર થઈ જાય.

ચામરાજેન્દ્રે માન્યું કે સુધીર હવે દારૂના વ્યસનમાં ઠીક ઠીક આગળ વધ્યો હશે, ને તેથી ઘરનો ત્યાગ કર્યો હશે; એટલે એ તદ્દન નિશ્ચિંત બન્યો!

દેવયાનીના વાત્સલ્ય ભાવથી સુધીરે દિશા બદલી હતી એ વાત અંધારામાં રહી હતી. દેવયાનીના નિર્મળ ચહેરા તરફ આ છોકરો પોતાની મા તરફ જુએ તેમ જોઈ રહેતો! ને પોતાની મા વિષે બહુ જાણતો નહિ છતાં વારંવાર એ જ વિષે પૂછ્યા કરતો. એનું આખું માનસિક વાતાવરણ એની માની યાદથી ભરપૂર હતું. હવે એણે દારૂ છોડયો; ઈશ્ક છોડયો; અને દેવયાનીના મધુર શબ્દોથી એનું થોડા વર્ષ પહેલાંનું માતામય વાતાવરણ જાગ્યું! હવે તો પટ્ટનમાં એ વારંવાર પોતાની માતા વિષેના ખરા ખબર મેળવવા માટે દોડતો.

આ પ્રમાણે એક દિવસ તે પટ્ટન શહેરમાં ભમતો હતો, ત્યારે એની દૃષ્ટિ અચાનક ગંગા ઉપર પડી. ગંગા દેવીસિંહ પાસે જતી હતી. સુધીર દોડયો ને તેને પકડી પાડી.

'ગંગામા!' સુધીરે દીવાનાની માફક તેને રાડ પાડી. ગંગા થંભી ગઈ. એને આશ્ચર્ય થયું. 'કોણ? અરે! એલા સુધીર! તું તે કેવો છે? હવે બાપની પણ સંભાળ મૂકી કે શું? કોઈ દિ જાતો જ નથી!'

'ના મા! હું જાઉં છું.'

'જો બેટા, એની બીજું કોણ સંભાળ લે તેમ છે? કંઈ તારી મા છે? માટે હવે તારે જ એની વૃદ્ધાવસ્થા સંભાળવી ઘટે.'

એ વખતે સુધીર વિચારમાં પડ્યો. ગંગાને પેલો અધૂરો પ્રશ્ન પૂછું? તે ઘડી રહીને બોલ્યો. 'મા! તમને મારે એક વાત પૂછવી છે!'

'શું માડી... બોલને!'

'તમે કહેશો કે મારી માનું અચાનક મૃત્યુ કેમ થયું?'

ગંગા ચોંકી ગઈ. બે પળ એની સામે જોઈ રહી. ડોસા દેવીસિંહે મરતાં મરતાં છોકરાના ખૂનમાં ઝેર રેડવાનો વિચાર કર્યો છે કે શું છે? રજપૂત છે. નાગ જેવો ડંખીલો છે. એ શું ન કરે?

ગંગાએ હસીને જવાબ વાળ્યોઃ 'માડી! આજ તને એ ક્યાંથી સાંભર્યું? કેમ રહી રહીને આજ એ પૂછ્યું?'

'આજે મારે મારી મા જેવી છે! કેવી હતી? કેવી હોય!' સુધીર બોલ્યો. પરંતુ એ વખતે એના મનમાં ગડભાંગ થતી હતી કે કદાચ દેવયાની જ એની મા નીકળશે!

ગંગાએ કહ્યુંઃ 'અરે! ઘેલા! મૂઆ જીવતાં થાય? તારે હવે મા કહે, બાપ કહે, બધું દેવીસિંહમાં છે! જા, બાપુ, જા. હવે એવા ગાંડા ઘેલાં બોલીશ મા હોં. ક્યાં જાય છે, માડી?'

સુધીરે જોયું કે ડોશી વાત ચોરી ગઈ; વાતમાં કાંઈક ભેદ છે. એણે પણ ટૂંકેથી જ પતાવ્યુંઃ 'હું તો ગામમાં જઉં છું, જરા ફરવા.'

ગંગા ચાલી ગઈ. પણ હવે આજ તેનું મન શાંત ન હતું. એને ચોકકસ ખાત્રી થઈ કે સુધીરમાં કોઈ વેરનું બીજ રોપી રહ્યું છે. એમાં ગંગાને પણ ભય હતો. એ વાત પર વિચાર કરતી તે દેવીસિંહના ઘર તરફ ચાલી.

પણ આ તરફ ગંગાથી છુટો પડેલો સુધીર પટ્ટન શહેરના મધ્ય ભાગમાં પહોંચ્યો. ત્યારે સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. તે આગળ ચાલ્યો. આજ એની ઇચ્છા અતિ તીવ્ર બની ગઈ હતી. પોતાની મા વિષે એને જાણવું હતું. થોડે દૂર એ ન ગયો ત્યાં 'નિગાહ રખો મહેરબાન, મહારાજા ચામરાજેન્દ્રનો જય'ની ગગનભેદી ધૂમ સાંભળી તે દોડયો. સુનેરી રૂપેરી ગાડીમાં વિરાજેલી ચામરાજેન્દ્રની સવારી આજે નગરમાં ફરવા નીકળી હતી. તેની આગળ પાછળ હથિયાર-બંધ સવારો હતા, ને તેના દર્શન કરવા લોકોની ઠઠ જામી હતી! લોકો સલામો કરતા. ચામરાજેન્દ્ર ગંભીરતાથી તેમને જવાબ વાળતો હતો. સુધીર પણ સવારી સાથે જ ચાલ્યો ને લોકોના સમૂહમાં ભળી ગયો. તેની આગળ કોઈ બે ઇસ્કી જુવાન ચાલતા હતા. તે અરસપરસ વાત કરી રહ્યા હતાઃ

'આ મહારાજા ચામરાજેન્દ્ર'! તેમાંનો એક બોલ્યો.

'માત્ર એક દૂષણ ન હોત તો રાજા જેવો શોભત.' સુધીર સાંભળવા આતુર બન્યો. તે તેમની સાથે થઈ ગયો, એટલામાં પહેલો બોલ્યોઃ 'ભલા, હમણાં હમણાં પેલો દેવીસિંહ દેખાતો નથી એ શું? એ ક્યાં ગયો છે?'

'જહાન્નમમાં. આપણે શું કામ? એણે પટ્ટનની રૂપસુંદરીઓ શોધવામાં પાછી પાની ક્યાં કરી છે? હવે કરે તેવાં ભોગવે.'

'પણ હમણાં દેખાતો કેમ નથી?'

'દેખાય ક્યાંથી? શું મોં બતાવે? છેવટે પોતાની જ ઓને ચામરાજેન્દ્રના જનાનાની બીબી બનાવીને! અને અંતે શું ફળ કાઢયું? બૈરી જેવી બૈરી ખોઈ. હવે ક્યાંક મુઆ વાંકે જીવતો હશે!'

સુધીરની આંખે તમ્મર આવી ગયાં! તે પડતો પડતો બચી ગયો. લોકના સમૂહમાં કચરાઈ ન મરે એટલા માટે એ દૂર ખસી ગયો, પણ એનું ચેતન જાણે હરાઈ ગયું હતું! આ તો પોતાની માની જ વાત હતી!

પાછા ફરતામાં તો સુધીરનું હૃદય થાકીને લોથ થઈ ગયું. આજે એને ખરા આરામની જરૂર હતી. આજ દિવસ સુધી જે લોકવાયકા હતી તે બીના સત્ય છે એનું એને ભાન થયું. આજ દિવસ સુધી એક સુખી ભ્રમણા હતી. આજે દુઃખભર્યું સત્ય નજર આગળ તર્યું; પોતાનો વૃદ્ધ પિતા એક સાધારણ મનુષ્ય કરતાં પણ હલકી સ્થિતિનો ગુલામ હતો એમ? એણે પોતાના ઘરનું શીલ પણ વેચ્યું હતું? આ એની મા! એનામાં વેરનો અગ્નિ ધૂંધવી રહ્યો. આજે એને દેવયાનીની શાંત છાયાની પણ જરૂર ન રહી. એ શાંતિને શું કરે? એનું મન આજે પાછું દારૂના પીઠા ઉપર ચોટયું. એને કોઈ રીતે આ બેવકૂફ જગત ભૂલી જવું હતું. હજી છેટે ઘોષણા થતી હતીઃ 'નિગાહ રખો મહેરબાન! મહારાજા ચામરાજેન્દ્રનો જય!'

તે દોડતો દારૂના પીઠા ઉપર આવ્યો. હમ્મેશનાં કરતાં આજે

ત્યાં વધારે ઠઠ જામી હતી. વારંવાર જુદા જુદા પોકાર થતા હતા. દુનિયાના આ ખૂણામાં દુનિયાને ભૂલવા હજારો બેવકૂફ ને મૂર્ખ, થાકેલા ને નિરુત્સાહી, ગાંડા અને વૃદ્ધ, આંહી ભેગા થયા હતા. સુધીર પણ આ સૌમાં ભળી ગયો. ઘડીભર બધું ભૂલી જવા યત્ન કરવા લાગ્યો, પણ હજી એના કાનમાં શબ્દના ભણકારા આવતા હતા: 'અને દેવીસિંહે પોતાની સ્ત્રીને પણ ચામરાજેન્દ્રના જનાનાની બીબી બનાવી' એનામાં વેર ને ક્રોધ ભભૂકી ઊઠ્યાં: 'મારી મા! ચામરાજેન્દ્રના...જનાનામાં!'

એ જ વખતે એના ખભા પર પાછળથી એક હાથ પડ્યો. એણે ગભરાટમાં પાછું જોયું, કોઈ સાધુનો નિર્મળ ચહેરો એના પર દયા વર્ષાવતો જોઈ રહ્યો હતો: એનાથી સહજ નમી જવાયું: 'સ્વામી'!

'બેટા! સુધીર!' કૂટસ્થે પોતાના હંમેશના સ્નેહભર્યા સ્વરમાં કહ્યું: 'આંહીં કેમ ઊભો છે?'

'બધું ભૂલી જવા.' સુધીરે ટૂંકામાં જ જવાબ વાળ્યો.

'ભૂલવામાં પુરુષાર્થ નથી, યાદ રાખવામાં છે.'

'પાપની યાદિ એ પણ પાપ જ છે.'

'બેટા!' કૂટસ્થે એનો હાથ હાથમાં લઈને કહ્યું: 'ચાલ, તને દેવયાની બોલાવે છે.'

સુધીરને ગભરાટ થયો, આશ્ચર્ય લાગ્યું: આને વળી દેવયાનીની ક્યાંથી ખબર?

કૂટસ્થ એના વિચાર માપી ગયો: 'મારી સાથે ચાલ.'

સુધીર એના સત્તાવાહી સ્વરની સામે ન થઈ શકયો. તે તેની પાછળ ચાલી નીકળ્યો; કૂટસ્થે આગળ ચાલતાં કહ્યું;

'બેટા! હું દેવયાની પાસેથી હમણાં જ આવું છું. એણે મને તારી વાત કરી. તારું દર્દ ઔષધથી સુધરે તેવું છે. નિરાશ ન થા.'

સુધીરે યંત્રવત્ એની પાછળ જ ચાલ્યા કર્યું. જ્યારે દેવયાની પાસે પહોંચ્યા, ત્યારે જ સુધીરે જોયું કે પોતે કોઈ અતિશય પ્રભા-

વશાળી પુરુષની છાયામાં ઊભો છે.

દેવયાનીએ કહ્યું: 'બેટા! હજી તને મારા પર ભાવ નથી થયો? હું જ તારી મા છું એમ સમજી લે! અને આ જે તારી સામે કોણ છે?'

સુધીરે ઊંચે જોયું: કૂટસ્થ સામે તે ઊભો હતો; તેણે કહ્યું: 'હું ઓળખતો નથી!'

'કૂટસ્થ દેવનું નામ સાંભળ્યું છે?'

પટ્ટનના મજૂરથી ચામરાજેન્દ્રના મહેલ સુધી આ પ્રિય નામ ધરમથ્થુ થઈ પડયું હતું. એ નામમાં લોકોને વિશ્વાસ હતો ને તેથી તેમાં અનિવાર્ય બળ હતું.

સુધીર હવે ભક્તિથી નમી પડ્યો.

'બેટા!' કૂટસ્થે કહ્યું. 'આજે તારે હવે બંધનમાંથી મુક્ત થવાનું છે. દેવીસિંહ રાઠોડે પોતાનું મનુષ્યત્વ વેચ્યું. તારે એ પાછું મેળવવું છે. તારી માતાનો આખો ઇતિહાસ મારી નજર આગળ જ બન્યો છે. એ ઇતિહાસ જેટલો પાપી છે તેટલો ભૂલભરેલો પણ છે!'

સુધીરે પોતાની દૃષ્ટિ કૂટસ્થ તરફ ફેરવી.

'હા, હું ખરું જ કહું છું. પણ તને ખબર છે? અત્યારે તારા ઉપર પણ જોખમ છે. અને એટલા માટે તને દેવયાની સાથે આજે જ લીલાપુર મોકલવો છે.'

'મારો વૃદ્ધ બાપ?'

'તારો બાપ વૃદ્ધ છે, તેથી જ સહીસલામત છે. પણ જે વખત જાય છે એમાં તારા પર જોખમ છે. હું તને એટલા માટે જ આંહીં તેડી લાવ્યો છું!'

એજ વખતે દેવયાનીના ઘર પાસે એક મોટર આવીને ઊભી. દેવયાની અને સુધીરને તેમાં બેસવાનું કહી કૂટસ્થ શાંત ઊભો.

દેવયાની અને સુધીર એક પણ શબ્દ બોલ્યા વિના તેમાં બેઠાં.

કૂટસ્થ ત્યાં પહોંચ્યો. એક વખત એનો સ્વર ફરી સંભળાયો, 'બેટા! સુધીર! લોલાપુરમાં તું પૃથ્વીશની છાયામાં કુશળ છે. તારી માતાનો ઇતિહાસ તને હું મેળવી દઈશ!'

મોટર તરત જ હંકારવામાં આવી. તે થોડે દૂર ન પહોંચી ત્યાં તો ઘોડેસવારોના પગરવથી, દેવયાનીનું જૂનું ઘર ગાજી ઊઠ્યું. સુધીરે એકવાર પાછા ફરી જોયું, યશલાલનો સ્વર સંભળાતો હતો: 'ઠાકોર દેવીસિંહનું કામ નથી. એના છોકરાને હાજર કરો.'

ગંગા જ્યારે સુધીરને મળી, ને એને પોતા પર જોખમ લાગ્યું કે તરત જ યશલાલસિંહ પાસે એ પહોંચી ગઈ હતી. સુધીરને કબજે લેવાય તો જ એની સલામતી રહે તેમ છે એવી દલીલથી એણે યશલાલને ત્યાં આવવા આગ્રહ કર્યો. યશલાલ ગંગાને ચામરાજેન્દ્રના ખાસ માણસ તરીકે પિછાનતો હોવાથી, એણે તરત જ ત્યાં આવવાનું કબૂલ કર્યું. એટલામાં જ તેને ખબર પડી કે આંહી કોઈ સ્ત્રી રહે છે ને સુધીર ત્યાં વારંવાર બેસે છે. પરંતુ યશલાલ આવ્યો ત્યારે તો સુધીર હાથમાંથી છટકી ગયો હતો! ગંગાએ આ સમાચાર ચામરાજેન્દ્રને પહોંચાડવા તેને જ દોડાવ્યો! યશલાલસિંહ ત્યાં પહોંચ્યો ત્યારે ચામરાજેન્દ્ર ને અવનીશ પોતાના દીવાનખંડમાં બેઠા ધીમેથી આ જ વાત કરતા હતા.

૧૯. હથિયારની તૈયારી

મહારાજ ચામરાજેન્દ્રને હવે કૂટસ્થનાં હથિયારનો સ્પષ્ટ ખ્યાલ આવવા માંડ્યો હતો. સાધુએ કેટલાક ખાનગી જીવનના પ્રસંગો મેળવ્યા હતા એ એનું પહેલું હથિયાર. બીજું હથિયાર આ માલદેવ. ત્રીજું હથિયાર લોકમત. ચોથું હથિયાર પોતાનો સાધુ સ્વાંગ.

સુધીરને કોઈએ જાણીજોઈને ગુમ કર્યો હતો.

ચામરાજેન્દ્રને લાગ્યું કે એના ખાનગી જીવનમાં હવે કોઈએ ડોકિયાં માંડ્યાં છે!

એ વાતને તો તરત દાબી દેવાની જરૂર હતી.

યશલાલસિંહ આવ્યો ત્યારે રાજા અને દીવાન એ જ વાત કરી રહ્યા હતા. થોડી વાર સુધી એને બહાર બેસવું પડ્યું. અવનીશ પછી જવા ઊઠ્યો ત્યારે રાજાએ અને તેણે કોઈ નિશ્ચય કર્યો હોય તેમ લાગ્યું. એ નિશ્ચય શું હોઈ શકે એ જાણવામાં એને રસ હતો. પણ એણે પોતાનું આશ્ચર્ય દબાવી અવનીશને જવા દીધો. પોતે અંદર ગયો.

'કેમ? યશલાલસિંહ! શું છે?'

યશલાલ ધીમેથી આગળ વધ્યો. ચામરાજેન્દ્ર પોતાની ખુરશી ઉપર બેસી ગયો. એટલામાં તો અવનીશ પાછો આવતો જણાયો. ચામરાજેન્દ્રે જ એને બોલાવ્યો હોય તેમ જણાયું. યશલાલે બહુ ધીમેથી કહ્યું: 'એક વિપરીત ઘટના બની છે, મહારાજ!'

'શું?' અવનીશે ધીરજ ખોઈ પ્રશ્ન કર્યો ને ચામરાજેન્દ્રની દૃષ્ટિ ચૂકવી.

'એવું બન્યું છે કે દેવીસિંહ રાઠોડના સુધીરને દેવયાની જ ઉપાડી ગઈ લાગે છે.'

અવનીશનો ચહેરો ઝાંખો પડી ગયો. ચામરાજેન્દ્રે તે જોયું. યશલાલે આગળ ચલાવ્યું :

'મને બંગાએ સમાચાર આપ્યા. સુધીર આજે જ વસંત-તિલકા વિષે સમાચાર પૂછતો હતો.'

'વસંતતિલકા વિષે? શું?'

'વસંતતિલકા શી રીતે મૃત્યુ પામી વગેરે.'

'પણ ગંગા ક્યાં છે?'

'ગંગાએ જ મને મોકલ્યો છે.'

ટોકરી વાગી. પટાવાળો હાજર થયો. હુકમ અપાયો : 'ગંગાને બોલાવો!'

પટાવાળો ગંગાને બોલાવવા ગયો. અવનીશ યશલાલસિંહ તરફ ફર્યો.

'ગુલાબનો કાંઈ પત્તો છે?'

'ના.'

'મોતીનો?'

'ના.'

અવનીશનું નૂર ઊડવા લાગ્યું. ચામરાજેન્દ્રે તે જોયું. અવનીશે ઉતાવળમાં ચામરાજેન્દ્રને કહ્યું:

'હવે આપણે જે વિલંબ કરીએ છીએ તે દરેક પળે શત્રુ વધારે બળવાન થાય છે. આપણે કદાચ સરકારનો આશ્રય લેવો પડે. માટે હવે ઉતાવળની જરૂર છે. આ બધા આપણી સામેનાં માણસો અન્યાય પામ્યાં છે, એમ દર્શાવી આપની પોતાની જાત ઉપર જોખમ લાવવાનો આ ઉપાય છે. અને તેથી હવે

હથિયારનો ખુલ્લો ઘા કરવામાં જેટલો વિલંબ થશે તેટલો પસ્તાવો પાછળથી થશે. કૂટસ્થ હવે પ્રતાપમલ્લના એક જ જોર ઉપર કૂદતો નથી. આ રાજ્યમાંથી એક અથવા બીજી રીતે અન્યાય પામેલાં માણસો તેણે ભેગાં કર્યાં લાગે છે: માટે હવે આપણે એ બધાં સામે જુદાં જ હથિયાર સજવાનાં રહ્યાં. માલદેવ હાલ ક્યાં છે!'

'લીલાપુરમાં જ'

'અને પૃથ્વીશ?'

'હજી તો પંચાલેશ્વર તરફ છે!'

એ વખતે ગંગાએ પ્રવેશ કર્યો. પોતાને સવારે સુધીર શી રીતે મળ્યો અને વસંતતિલકાના મૃત્યુ વિષે શા સમાચાર પૂછ્યા તે સર્વ હકીકત તેણે કહી.

'અને દેવયાની એને લઈ ગઈ તેની તને ખાતરી છે?'

'ગંગાએ જે વર્ણન આપ્યું તે પરથી દેવયાની હશે એમ મને લાગે છે,' યશલાલે જવાબ આપ્યો.

ગંગાએ ઉમેર્યું: 'અને એ દેવયાની જ છે. મેં તે તરફ જતાં એક વખત એને જોયેલ. ને ત્યાર પછી ત્રીજે ચોથે દિવસે જ આ ઘટના બની.'

'ઠીક: ગંગા તું જા!' ચામરાજેન્દ્રે ગંગાને સંબોધીને કહ્યું. ગંગા ચાલી ગયા પછી ચામરાજેન્દ્રે અવનીશ તરફ ફરી જરાક કરડાઈમાં કહ્યું:

'એ લોઢા આવા સુધીરને ભેગા કરી પટ્ટનનો નાશ કરવા માંગે છે? એવી રીતે નમતું મળશે?'

અવનીશ તથા યશલાલસિંહ નીચે જોઈ રહ્યા. જ્યારે યશલાલસિંહે ઊંચે જોયું ત્યારે ચામરાજેન્દ્ર એક કાગળ પર કાંઈક લખી રહ્યો હતો. તેણે જલ્દીથી પૂરું કર્યું ને તરત પટાવાળાને બોલાવ્યો:

'આ કાગળ લઈ જલ્દીથી જાઓ, પ્રતાપમલ્લને બંગલે!

પટાવાળો સલામ કરી ચાલ્યો ગયો. ચામરાજેન્દ્ર યશલાલ તરફ ફર્યો : 'દેવીસિંહ રાઠોડને તે જગ્યાએથી ફેરવી, મહેલના પાછળના ભાગમાં અથવા અનાથાશ્રમમાં મોકલી આપો. અનાથાશ્રમ વધારે ઠીક છે. અને ત્યારપછી લીલાપુર તરફ બંદોબસ્ત કરવા માટે આજે રાત્રે જ ઉપડો. સરદારને મારી પાસે મોકલો.'

યશલાલસિંહ હુકમ ઉઠાવી ચાલતો થયો.

'ભદ્રેશ્વર પાસેનો વડ પણ હવે તો તરત જ પડાવી નાખો. ક્યાં છે સોમનાથ?'

'જી, દક્ષિણ તરફનાં જંગલ તપાસવા ગયેલ છે. આવ્યેથી એ હુકમ આપી દઈએ.'

'લીલાપુર સંબંધીના બધા કાગળોની આજે તપાસ કરો. પૃથ્વીશ એ જમીનનો ભોગવટો શા આધારે કરે છે? અને તમે નંદલાલને મળી, પ્રતાપ વિષેની પૂરી હકીકત મેળવો.'

અવનીશ પણ ચાલ્યો ગયો.

હવે મહેલમાં એકલો ચામરાજેન્દ્ર રહ્યો. એને આ સર્વ ઘટના આજ ને આજ ધૂળ ચાટતી કરી મૂકવી હતી. એનું પહેલું લક્ષ ભદ્રેશ્વર અને તેના વડ તરફ પડ્યું. બીજું ધ્યાન નંદલાલ તરફ હતું, અને સૌથી છેલ્લે લીલાપુર પર ધા કરવાનો હતો. એટલામાં યશલાલસિંહે મોકલેલ સરદાર હાજર થયો.

'સરદાર! આજે રાત્રે તારે લીલાપુર તરફ જવાનું છે. ત્યાં બંદોબસ્ત રાખવાનો છે. ને જરાક પણ તોફાન જેવું જણાય તો તરતજ આંહીથી મદદ મેળવી તોફાન દાબી દેવાનું છે. ત્યાં ગયા પછી આંહીથી તારા ઉપર હુકમો મળતા રહેશે. આજે રાત્રે તું ઉપડી જા. યશલાલસિંહ પાછળથી આવશે.'

સરદાર જતો હતો, ત્યાં જ પ્રતાપમલ્લ આવ્યો.

'અને—' ચામરાજેન્દ્રે સરદારને સંબોધીને કહ્યું : સરદાર ઊભો રહી ગયો. ચામરાજેન્દ્રે પ્રતાપ તરફ ફરીને કહ્યું : 'આજે

તમને અગત્યના કામ માટે બોલાવ્યા છે. માલદેવ વિષે બે દિવસમાં જ ચૂકતો હિસાબ કરવાનો છે. પછી સરકારની મદદ લીધા વિના થાય તો સારું.'

'હું આજે જ ઉપડું છું.'

'ક્યાં!'

'પહેલાં પંચાલેશ્વર પછી દક્ષિણ.'

'ઠીક તો પહેલાં પંચાલેશ્વર જઈ લોકોની ખોટી હિલચાલ શાંત કરો. અને યશલાલ તમારી સાથે આવી પહોંચશે. વિશેષ સૂચના પછીથી. તું જા.'

સરદાર ચાલતો થયો.

હવે ચામરાજેન્દ્રે પ્રતાપમલ્લ પાસે વરાળ કાઢવી શરુ કરી: 'પ્રતાપમલ્લ! તમે જે ટૂંકી દૃષ્ટિથી, કૂટસ્થ અને પૃથ્વીશ જેવાની મદદ કર્યે રાખી અમારું કામ મુશ્કેલ કર્યું, તે આજે તમને જ નડે છે!'

પ્રતાપમલ્લ સાંભળી રહ્યો. કાંઈ બોલ્યો નહિ. ચામરાજેન્દ્ર આગળ વધ્યો: 'આ સ્વામી જબરો છે. તમને અંધારામાં રાખશે. ને આ સિંહાસન ઉપર તમારા પછી બીજો જ હક્ક પૃથ્વીશનો છે એ તમારા ધ્યાન બહાર જતું લાગે છે. આવો માણસ તમને દગો નહિ આપે? અને–' ચામરાજેન્દ્રનો અવાજ ધીમો પડી ગયો: 'તમારા પોતાના સમાધાન માટે એક વાત કરું છું, તમારું હિત શામાં છે એ તમારે જોવું જોઈએ. કેટલીક વખત આપણે જે દેખાઈએ છીએ તે આપણે હોતા નથી!'

પ્રતાપ તેની સામે જોઈ રહ્યો. ચામરાજેન્દ્રે ઘા વાળ્યો: 'એટલા માટે તમારા ઉપરનો ભય તમારે જ દૂર કરવાનો છે. પૃથ્વીશની જમાનદારી ખૂંચવી લેવાની રહી. માલદેવને દાબવો રહ્યો. પંચાલેશ્વરને સંભાળવું રહ્યું. અને આ કામ હું તમને જ સોંપું છું. મારા કરતાં પણ તમારું હિત જ એમાં સંડોવાયલું પડ્યું છે, એમ સમજજો.'

પ્રતાપમલ્લ ઊઠ્યો. તે કાંઈ બોલ્યો નહીં. પરંતુ તેના મનમાં પૃથ્વીશ વિષે શંકા જન્મી ચૂકી હતી; ઇંદિરાના હરણ પછી તેની અનેક શંકાઓ સબળ થતી હતી. કૂટસ્થ યોગી હોય તો રાજતંત્રમાં શા માટે પડે! એ પ્રશ્ન વારંવાર તેની શ્રદ્ધા ડગાવતો હતો. અને તે દિવસે માલદેવને પોતે કૂટસ્થના આશ્રયથી જ મ્હાત કરી શક્યો, એ યાદી જેમ એના તેજમાં કલંક રૂપે રહી, તેમ તેના હૃદયને ધક્કા આપતી રહી. તેમ જ પટ્ટનના રાજતંત્ર ઉપર એને આ કાયમ ભયરૂપે જણાઈ.

તે ગયો. ચામરાજેન્દ્ર એની પાછળ જોઈ રહ્યો. ચામરાજેન્દ્રને લાગ્યું કે એણે પ્રતાપને અત્યારે તો વાળ્યો છે.

પ્રતાપમલ્લના ગયા પછી તે પોતાના શયનગૃહમાં જવાની જ તૈયારી કરતો હતો, તેટલામાં ધીમેથી કંચને પ્રવેશ કર્યો.

'કાં?' તેણે પ્રવેશ કરતાં જ આખા ઓરડામાં એક શબ્દથી—એના એવા રણકારથી—વિલાસનું વાતાવરણ પાથરી દીધું: 'મહારાજનો કાંઈ દાસો ઉપરથી ભાવ ઊતરી ગયો લાગે છે!'

ચામરાજેન્દ્રે ખુરશી ઉપર બેઠાં બેઠાં જ માથું હલાવ્યું:

'કેમ કંચન, આજે એ નવો પ્રશ્ન?'

'નવો પ્રશ્ન કાંઈ નથી.' કંચને કહ્યું. 'જૂની વાતની નવી યાદ છે!'

'પણ હમણાં હમણાં તું જુએ છે નાં?'

'અરે! એક આ જોગટો કૂટસ્થ ને આ તમારો આજકાલનો પૃથ્વીશ! પટ્ટનનરેશ શું એનાથી ધ્રૂજે છે? એવા તો કૈંકને ઉડાવી દીધા તે પત્તો પણ નથી!' કંચને તોપ ઠાંકી.

ચામરાજેન્દ્રનો અંતરાત્મા ખુશ થયો. એનામાં આ નબળાઈ હતી. જેવી દરેક જોહુકમી ચલાવનારમાં હોય છે. પરંતુ ચામરાજેન્દ્ર ચપળ હતો; તેણે આ કંચનનો પણ ઉપયોગ લેવો ધાર્યો:

'કંચન! ત્યારે તું એક કામ ન કરે?'

'શું?'

'આજે તું લીલાપુર જા. અને પેલી દેવયાની અથવા સુધીર.'

'સુધીર કોણ?

ચામરાજેન્દ્રને ભાન આવ્યું. પોતે વાત-વાતમાં સુધીરની વાત છેડી હતી. પરંતુ કંચનમાં અવિશ્વાસ રાખવાનું પ્રયોજન ન હતું, તેથી હવે તો આગળ ચલાવ્યું:

'વસંતતિલકા વિષે તેં સાંભળ્યું છે નાં?'

કંચન પોતાની તિરછી ભ્રમર ચડાવી, હોઠે આંગળી મૂકી, કાંઈક સંભારતી હોય તેમ બોલી:

'હાં હાં, સાંભર્યું, પેલી વસંતતિલકા!'

'હા. એનો છોકરો સુધીર!'

'હેં?'

'હા. તેને દેવયાની ભોળવીને ઉપાડી ગયેલ છે. છોકરો જરા દેખાવડો છે. બિચારો વગર મોતે મરી જશે.'

'હવે એ તો મે સૈનિક મોકલ્યો એટલે દેવયાની દોડતી એને આપી જાય. એમાં મારું તે શું કામ?'

'ના ના, હજી તું પૂરું સાંભળી તો લે. એનો પત્તો જ નથી. તું જઈશ તો પત્તો લાગશે. કામિનીને કે એવા કોકને લેજે ને ઝપાટામાં.'

'કૂટસ્થ ક્યાં છે?' ચતુર કંચને પોતાનો જ વિષય શોધ્યો.

ચામરાજેન્દ્રે કહ્યું: 'ઘણું કરીને તે પણ લીલાપુરમાં છે!'

કંચને ટૂંકામાં જ પતાવ્યું: 'તમને લાગતું હોય કે મારા જવાથી કાંઈક થશે તો હું જાઉં!'

ચામરાજેન્દ્રે હસતાં હસતાં જવાબ આપ્યો: 'હા, હા, કંચન! તું જરૂર કાંઈક કરી શકીશઃ મને સૌથી વધારે તારો જ વિશ્વાસ છે! જોગટો ઝપાટામાં આવે તો તો ભારે કામ થાય!'

એમાં પોતાને માટે ભવિષ્યની વાતનો ધ્વનિ હતો.

તે વખતે અવનીશે પોતાની બગલમાં થોડાક કાગળો સાથે ફરીને પ્રવેશ કર્યો. કંચન ત્યાં ઊઠીને ચાલી ગઈ અને ચાલતાં ચાલતાં દીવાન

તરફ એક અર્થસૂચક દૃષ્ટિપાત કરતી ગઈ. એક પંડી એક કાગળ ખોલી તે ચામરાજેન્દ્રની સામે બેઠો:

'આ બધા લખાણમાંથી એક જ વાત નીકળે છે:' અવનીશે હાથમાં રહેલા કાગળો ફેરવતાં કહ્યું:

'શું?'

'મહારાજા જગતસિંહે પૃથ્વીશના પિતામહને આ લીલાપુરની જમીનદારી આપી છે. પૃથ્વીશના પિતામહે બહારવટીઆ નાગજુંન સામે તલવાર ઉઠાવી, તેના બદલામાં મહારાજ જગતસિંહે આ ઇનામ આપ્યું છે!'

'ઇનામ છે નાં?'

'જી હા. પરંતુ ચોખ્ખા કરાર છે...' અવનીશ અટકયો. 'કે જ્યાં સુધી એનું કુટુંબ લીલાપુરમાં રહેતું હોય, ત્યાં સુધી જ એ મૂળ ગરાસીઆ જેવા સર્વ હકક ભોગવતો રહે. પણ દીકરીના કુટુંબમાં આ જમીન ન આપી શકાય.'

'બીજું કાંઈ? સહી કોની છે?'

'મહારાજ જગતસિંહની: કર્નલ જોનબુલની: અને નંદરામ દીવાનની!'

ચામરાજેન્દ્રે બગાસ ખરડયું; 'ઠીક, પણ આ લીલાપુર ગીરવી કયારે મૂકેલ?'

'મહારાજ જગતસિંહના મૃત્યુ સમયે જ.'

'એ પૈસા?'

'એ વખતનું રાજયનું બધું કરજ આવી ગયેલ છે...માત્ર.'

'માત્ર શું?'

'એ પૈસા તેમણે કાઢયા કયાંથી?'

'કયાંથી? રાજકુમારીની એ કુટુંબ ઉપર પ્રીતિ હતી: પહેલેથી જ હતી અને અજયપાળે સાહસ કર્યા પછી રાજકુમારીની પ્રીતિ ત્યાં વધતી જ રહી.'

અવનીશ કાંઈક ઊંડા વિચારમાં પડ્યોઃ તે યંત્રવત્ બોલ્યોઃ

'બરાબર.'

'ઠીક, પણ હજી નિરાશ થવાની જરૂર નથી.' ચામરાજેન્દ્રે કહ્યુંઃ 'સોમનારાયણ આવ્યા?'

'જી ના, ખબર આપ્યા છે.'

'આજે રાત્રે પ્રતાપ વગેરે સૌ જાય છે, તમે તથા નંદરામ, ગ્રહામ સાથે પ્રતાપમલ્લ વિષે નક્કી કરી મૂકો. અને એ નક્કી જેવું થાય કે તરત જ લીલાપુર પર જપ્તી લાવી શકાશે. એમાં કર્યાય એમ છે કે રાજભક્ત રહે ત્યાં સુધી જમીન ભોગવે?'

'એવો ભાવાર્થ તો તારવી શકાય. આ શબ્દો છે. 'મહારાજ જગતસિંહ, સેવકધર્મના અદ્વિતીય ઉદાહરણથી પ્રસન્ન થઈ, આ લીલાપુર બક્ષિસ આપે છે. તમારા સર્વ હકક અમારા બીજા જમીનદાર જેવા જ ગણાય. માત્ર તમે આ રાજ સાથે એકનિષ્ઠાથી વર્ત્યા છો ને ભવિષ્યમાં વર્ત્તજો.'

ચામરાજેન્દ્ર ખુરશી ઉપરથી બેઠો થઈ ગયો 'એ તો ચોખ્ખું છે. હવે તમે પ્રતાપના પણ સમાચાર મેળવી લઈને તેના વિષે બંદોબસ્ત કરી નાખો.'

અવનીશે પૂછવાની હિંમત કરીઃ 'મહારાજ! કંચન વિષે શું છે?'

'કંચન? એનું શું? એને કામમાં લગાડવી છે, ઠીક નાં?'

અવનીશ ચામરાજેન્દ્ર સામે જોઈ રહ્યોઃ આજે ચામરાજેન્દ્ર સૌને બનાવે છે કે શું?

'મારો એમ વિચાર છે, અવનીશ! કે કંચનને એકદમ જનાનામાં દાખલ કરવાથી ઉહાપોહ થઈ પડશે. અત્યારની સ્થિતિમાં એને જનાનાથી ઓછું તો નથી જ!'

'જી ના.'

'ત્યારે હાલ એને રહેવા દો. મહિના રાણીને જાહેર થશે,

પણ છોકરું કંચનને આવશે! કાર્યસિદ્ધ સાથે આપણે સંબંધ છે કે પંચાત સાથે?'

'બરાબર છે, બરાબર છે,' કરતો દીવાન ઊભો થયો. એના મગજમાં ચામરાજેન્દ્રની દાંભિકતા વસી ગઈ. ચામરાજેન્દ્ર વસંત-તિલકાની પેઠે જ કંચનને પણ નાળિયેર આપે તેમ હતો. પરંતુ દીવાને પોતાની સલામતી શોધી હતી. કંચનનું ટટ્ટું ચાલે તેમ હોય તો પોતે કંચનની ખુશામત કરીને પણ નિર્ભય રહે, અથવા આશા આપીને સ્વામી થઈ એનો આધાર થઈ જાય! પણ ચામરાજેન્દ્રનો જવાબ સંદિગ્ધ હતો; મંત્રીને વિશ્વાસ ન આવ્યો. પણ કંચન, સુધીર તથા દેવયાનીને શોધવા જાય છે, તેથી કાંઈક સંતોષ થયો. છતાં મંત્રીએ વિચાર્યું કે બાપદીકરો બન્નેને વશ રાખવા, જેથી બાજી એક તરફ ઝલાસ થાય તો તરત જ બીજીમાં ભળી જવાય. એટલે અવનીશ ત્યાંથી પરબારો પ્રતાપમલ્લને ત્યાં ગયો. પ્રતાપમલ્લને પોતાના નિશ્ચયમાં મક્કમ બનાવી તથા થોડાક વિશ્વાસ-પાત્ર ખબર આપી. મંત્રીને પોતાનું સ્થાન—બાપ કે દીકરો ગમે તે ગાદીએ હોય—તોપણ ચોકકસ કરવું હતું! એને તો વર મરો કે કન્યા મરો એવું હતું! પ્રતાપનો પણ એણે વિશ્વાસ મેળવ્યો હતો. એના મનથી એ જેવો તેવો વિજય ન હતો.

૨૦. લીલાપુરને રસ્તે

દેવયાની અને સુધીર લીલાપુરને રસ્તે રવાના થયાં હતાં. આ બધું ઝપાટાબંધ બની ગયું. સુધીર તો હજી પોતાના આશ્ચર્યમાંથી બેઠો થયો ન હતો. એક વખત દેવયાનીએ રસ્તામાં વચ્ચે સુધીરને પૂછ્યું: 'બેટા! આજે તને કોઈ મળ્યું હતું?'

'હા મા! ગંગા ડોશી.'

'હં, ત્યારે જો, આપણે જરા વાર વધારે થોભ્યાં હોત તો અત્યારે તું જેલમાં હોત.'

સુધીર જેલના વિચારથી ધ્રૂજ્યો.

'કેમ? મારા વિષે આટલું બધું શું છે.'

'તેં જોયું નહિ કે યશલાલસિંહ તારી તપાસમાં આવી પહોંચ્યો હતો.'

'પણ એ મને શા માટે પકડત?'

'એ વાત તેં કાઢી, બેટા! માટે કહું છું. જો આ કૂટસ્થ અને પૃથ્વીશ એ પટ્ટનના રાજ્યના પ્રતિભાશાળી પુરુષો છે. વિશેષ વાત તું લીલાપુરમાં જાણીશ. આજથી થોડાં વર્ષ પહેલાં તારો પિતા પટ્ટનના સૈન્યનો અધિપતિ હતો. ત્યારે એના હાથમાં ઘણી સત્તા હતી, પરંતુ એ સત્તાના મદમાં તેણે ઘણા અન્યાય કર્યા. છેલ્લા છેલ્લામાં મહારાજા ચામરાજેન્દ્રની કૃપા મેળવવા તેણે પટ્ટન

તથા આસપાસમાંથી રૂપસુંદરીઓ પકડવી શરૂ કરી. તે ફરતો ફરતો લીલાપુર આવ્યો. ત્યારે પૃથ્વીશના માળીની એકની એક અતિ લાવણ્યવતી વસંતતિલકા તેની નજરે ચડી.'

'ત્યારે હું માળી છું?'

'હા બેટા, તારી મા માળી છે. બાપ રજપૂત. દેવીસિંહ રાઠોડે માળીને ફોસલાવીને, લાલચ આપીને, વસંતતિલકા તેની પાસેથી લીધી.

'વસંતાતલકા સાથે દેવીસિંહે લગ્ન પણ કર્યાં. એની અપકીર્તિ થઈ. કીર્તિની એને કોઈ દિવસ પરવા હતી નહિ. પરંતુ એના દુશ્મનોએ વસંતતિલકાના અનુપમ લાવણ્યની વાત ચામરાજેન્દ્ર પાસે મૂકી: ચામરાજેન્દ્ર સ્ત્રીજાતિનો કટ્ટો દુશ્મન હતો. તેણે દેવીસિંહને અનેક યુક્તિ કરી ફોડ્યો. સત્તા અને લક્ષ્મી કાયમ રાખવા દેવીસિંહે ઘરની પવિત્રતા વેચી; સત્તા નીભાવવા એણે મનુષ્યત્વ ગુમાવ્યું: અને એને પરિણામે વસંતતિલકાના પવિત્ર નામ પર કલંક ચડ્યું. એ વખતે તું નાનો હતો.'

સુધીર નીચે જોઈ રહ્યો. એની આંખમાંથી ટપટપ આંસુ પડ્યાં. જગત સમક્ષ અભિમાનથી ઊભા રહેવાય એવી ગરીબી તેની પાસે ન હતી. એની ગરીબી એના પાપનો અપૂર્ણ રહેલો ભાગ હતો. માતા અને પિતા, ઉભયમાંથી એકના પવિત્ર નામ પર પોતે કુંએશ ઉઠાવે તેવું હતું નહિ. તે ધીમેથી બોલ્યો:

'પછી મારી માનું મૃત્યુ થયું?'

'એના જીવનમાં જે કલંક હતું તો એના મૃત્યુમાં એ કરતાં પણ વધારે કલંક હતું. એવું બન્યું કે ચામરાજેન્દ્રના સિંહાસન સાથે સંબંધ ધરાવતી એક અતિશય ગુપ્ત બીના તારી માના જાણવામાં હતી; એટલું જ નહિ, પણ સાબીત કરી શકાય એવી કેટલીક ઘટના એના જ હાથમાં હતી. આટલી ભયંકર વ્યક્તિ રાજ્યમાં રહે એ ચામરાજેન્દ્રને ઠીક ન લાગ્યું. એક દિવસ પીવાના

દારૂમાં ગંગાએ વિષ ભેળવ્યું ને એ રીતે ચામરાજેન્દ્રે એનું જીવન પૂરું કરાવ્યું.'

દેવયાનીને ફૂટસ્થે જેટલી વાત કહી બતાવી હતી તે એણે પોતે જાણે જાણતી હોય તેમ કહી બતાવી. એની અસર તપાસવા એ થોડી વાર થોભી.

સુધીર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. એને માતા ન હતી. માતાની યાદી પાપથી ભરેલી હતી, અને પિતાનું આખું જીવન પાપનો જાગતો ઇતિહાસ હતો. આ ભયંકર જગતમાં દારૂ સિવાય એનું કોણ મિત્ર હતું? એને ભ્રમમાં-મોહમાં-મૂર્છામાં આરામ હતો. એ દારૂ સિવાય કોણ આપે? એણે પોતાની ભીની આંખ દેવયાની તરફ ફેરવી. દેવયાનીએ એને ખોળામાં લઈ લીધો.

'બેટા! ફિકર નહિ કરતો.

'તારાં માતપિતા પાપી હતાં તો તું વધારે પવિત્ર બન્યો! તને છાયામાં લેનાર તો ખુદ ચામરાજેન્દ્ર પણ, જેના નામથી ડરે છે, તે ફૂટસ્થ દેવ પોતે છે. તું જ્યાં જાય છે ત્યાં ચામરાજેન્દ્ર પણ પ્રવેશ કરતાં થંભે એવી લીલાપુરની જમીન છે. તારા જેવા જ અન્યાય પામેલાનું ત્યાં મંડળ છે. અને એ મંડળને ન્યાય આપનાર સમર્થ ઈશ્વર છે!'

'પણ એવી કઈ વાત હતી મા! કે જેથી ચામરાજેન્દ્રે મારી માતાને મારવી વ્યાજબી ધારી?'

દેવયાનીએ ધીરેથી કહ્યું: 'એ વાત, બેટા! હજી પ્રગટ કરવાની નથી. માત્ર એટલું જ કે એ રહસ્ય ફૂટસ્થથી અજાણ્યું નથી ને તેથી જ તમને બધાને સહીસલામત રાખવાની ગોઠવણ થાય છે.'

'આપણે લીલાપુર જવું છે?'

'હા. અને કદાચ ત્યાંથી પણ દૂર.'

દેવયાની અને સુધીર આ પ્રમાણે લીલાપુર પહોંચ્યાં. હજી

રાત્રિનો અમલ હતો. દરવાજા બહાર જ એમની મોટર થોભી ને તરત જ એક ઝુકાની બાંધેલો મજબુત બાંધાનો પહેલવાન મોટર પાસે આવી પહોંચ્યો.

'કોની મોટર છે?' હમેશાં આજ્ઞા કરવાનો સહજ સ્વભાવ થયો હોય તેમ તેણે બિલકુલ બેદરકારીથી પૂછ્યું.

'પૃથ્વીશની.' દેવયાનીએ ઉત્તર આપ્યો.

'ઠીક ચાલો, મારી સાથે આવવાનું છે.'

'તમારું નામ?'

'મારું નામ? મા લ દે વ!'

દેવયાની થંભી ગઈ. માલદેવ તેની સામે જ ઊભો હતો. હવે શું કરવું?

'કેમ થંભ્યા?' માલદેવે જરાક નમ્ર બનીને પૂછ્યું. એના નરમ અવાજમાં પણ સત્તાનો પડછાયો હતોઃ 'ડરતા નહિ. મને પૃથ્વીશે જ મોકલ્યો છે.'

એટલામાં જ દરવાજો ખૂલ્યો ને પૃથ્વીશ બહાર આવ્યો. તેની સાથે કોઈ હતું નહિ. પૃથ્વીશે આવીને તરત જ, સુધીરનો પહેલાં પોતે જ વાંસો ઠબકાર્યો.

'તું આવ્યો નાં? આ વાડીમાં તારી માતા નાની હતી ત્યારે રમી હતી!'

પૃથ્વીશની નજર આગળ આખો દેખાવ ખડો થયો. ઈંદિરા ને વસંતતિલકા રમતાં, પૃથ્વીશ પાસે જ ફરતાં ને એક રાત્રિએ અચાનક સૌ છૂટા પડ્યાં. આજે પૃથ્વીશ એના સંતાનને એ જ વાડીમાં ઉતારતો હતો.

સૌ ગામ બહાર એક વાડીમાં ગયાં. કહેવાતી વાડી, પણ હતો સુંદર બગીચો. માત્ર તેના પાછળના ભાગમાં કુદરતને જ કામ સોંપ્યું હતું. અને તેથી એક વિશાળ પ્રદેશ પોતાની મેળે ઉગી નીકળેલાં જબ્બર ઘાસથી, બાવળથી, આવળથી, અને પલાશના વનથી,

છવાઈ ગયો હતો. ત્યાં વચ્ચે કુદરતી વહેળો હતો ને એક નાની શી ટેકરી પણ હતી. આસપાસનો બધો દેખાવ કુદરતી અને જંગલી હતો. આ સ્થળમાં એક ગુફાનું ગુપ્ત પ્રવેશ દ્વાર હતું, ને કેટલેક દૂર ગયા પછી ટેકરીના બીજા અટપટા પ્રદેશમાં થઈ ને બહાર નીકળતું. સૌ આ વાડીમાં ગયા અને માલદેવ, સુધીર તથા દેવયાનીને ગુફામાં દોરી ચાલ્યો. પૃથ્વીશ ત્યાંથી પાછો વળ્યો. જ્યારે આ ગુફા વાટે અંદરના એક વિશાળ ખંડમાં આવી પહોંચી ત્યારે દેવયાનીના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

ત્યાં ગુલાબ હતી. ઈંદિરાને પણ એણે આંહીં જોઈ. એક બીજી કોઈ બાઈ હતી. દેવયાનીએ તેને ન ઓળખી. તે મોતી હતી. મોતીગર પણ ત્યાં જ હતો.

દેવયાની અને સુધીર આંહીં આવ્યા પછી બીજે દિવસે જ સવારમાં પુષ્કર આવ્યો. થોડીવાર પછી પૃથ્વીશ પણ આવ્યો ને છેવટે કૂટસ્થ આવ્યો. માલદેવ ત્યાં હતો જ. મોતીગર, મોતી, ઈંદિરા, ગુલાબ સૌને કહેવામાં આવ્યું કે ગુફાની બહાર તેમને માટે મોત તૈયાર છે! સુધીર આનો ભેદ ન સમજ્યો.

ત્યાર પછી કૂટસ્થ, પુષ્કર, પૃથ્વીશ, માલદેવ અને દેવયાની મંત્રણા કરવા ગયાં.

'ત્યારે અંતે પ્રતાપ આપણા હાથમાંથી ગયો છે.' પુષ્કરે પોતાની તપાસ રજૂ કરીઃ 'અને મને લાગે છે કે હવે આપણી નેતરની પેટી પણ, ત્યાં વધારે વખત સહીસલામત નથી. હું આજે સાથે લાવ્યો છું.'

'એ ઠીક કર્યું. અને માલદેવ તું તે સંભાળી લે.'

'કામિની હવે આપણી સાથે નથીઃ તેમ જ પ્રતાપ ફર્યો છે. આપણે જોવાનું એટલું જ છે કે કોઈ પણ વિદેશી સત્તાને વચ્ચે લાવ્યા વિના જ ચામરાજેન્દ્ર પાસેથી ન્યાય લેવો છે! લોકોનો મોટો સમૂહ એ બળ નથી, બળ અડગ નિશ્ચયમાં છે. માટે આપણે તૈયારી કરો.'

'ચંદ્રસેનની જરૂર છે?' પૃથ્વીશે કહ્યું.

'અનંતના મૃત્યુ વિષે કાંઈક કહેવા પૂરતી જ. આટલું ચોક્કસ છે કે તે દિવસે ગુલાબ ને અનંત ફરવા ગયાં ને ગુલાબને પકડવાના હેતુથી યશલાલસિંહ નીકળેલ. કાળુ જમાદારે દેવયાનીને પકડી: ઈંદિરાને ઉપાડવા આવ્યો હતો, ને જો હું ન પહોંચ્યો હોત તો એમની બાજી સફળ થાત!'

'પરંતુ આ વાતની ખાત્રી શી છે?' પૃથ્વીશે કહ્યું.

'કેમ નહિ? કંચન પોતે!' દેવયાનીએ જવાબ આપ્યો.

'હેં! શી રીતે? કંચન ફરે?'

'હું ધારું છું ફરે!'

ફૂટસ્થ વિચારમાં પડ્યોઃ 'ઠીક છે, દેવયાની! એ થઈ શકે તો તો ઘણો મોટો ફેરફાર થાય! એ કામ તારું!'

દેવયાની બીજા ખંડમાં ગઈ.

ફૂટસ્થ માલદેવ તરફ ફર્યોઃ

'માલદેવ!'

'ગુરુદેવ!'

'જો અમારે તારા શસ્ત્રનો ઉપયોગ બહુ અણીને વખતે જ કરવાનો છે. તારામાં બહારવટિયાને સહજ ખૂનની તૃષા ન હોવી જોઈએ.'

'મહારાજ! મને માત્ર ન્યાયની તૃષ્ણા છે!'

'ન્યાય તને ચોક્કસ મળશે. તારાં હથિયારબંધ માણસો ચામરાજેન્દ્રના ભવનની આસપાસ ગોઠવવાનાં છે. એ સમય હજી આવે છે. દરમ્યાન તું દક્ષિણ પ્રાંતમાં ફર.'

'પ્રતાપમલ્લ આવશે તો?'

'તો એને નમતું આપજે. અંતે એને આપણે હાથમાં લેવાનો રહ્યો. વર વિનાની જાન કયાં જાય? બસ, આટલું તારા માટે.'

માલદેવ બહાર ચાલ્યો ગયો.

'હવે પુષ્કરજી ! સ્વામી !'

'ગુરુદેવ !'

'પ્રજામત કેળવવાની જોખમદારી તમારી. જ્ઞાતિમંધારણ એ આપણી જવલંત સંસ્થા છે. એનો ઉપયોગ છે. દરેક જ્ઞાતિને એક ધજા નીચે લાવો. જ્ઞાતિના વડા પુરુષો સેનાધિપતિ જેવા છે. સૌ પોતાની જ્ઞાતિમાંથી આ અવાજને માન આપે અને છેવટ મરાઠાની અબદાલી સાથેની લડાઈમાં જેમ દરેક ઘર પર એક એક માણસ આપવાની ધાર્મિક ફરજ આવી પડી તેમ જ આ પ્રસંગે દરેક કુટુંબ એક પુરુષ બચાવે ને આપણને આપે ! એનો ઉપયોગ થાશે તો એ કપાઈ જશે. એના મનથી એ મૃત્યુ પામ્યો છે. અત્યારે પટ્ટનની પ્રજા જીવન-મૃત્યુમાં છે, એ કરતાં આ સાદું મૃત્યુ શું ખોટું ? આટલું તમારે માટે.'

પુષ્કર ગયો.

હવે પૃથ્વીશ અને કૂટસ્થ બે જ રહ્યા.

'પૃથ્વીશ !' કૂટસ્થે કહ્યું: 'કામિની યોગી બન્યો છે એ તને ખબર નહિ હોય ?'

'હેં ! ગુરુદેવ ! એ વળી ક્યારે ?'

'સાચું કહું છું. પણ એનો ઉપાય થઈ રહેશે. પ્રતાપ આજે જ કે કદાચ કાલે આ બાજુ આવનાર છે. સૌને સમજાવવા.'

'શું ?'

'કે પોતે ભૂલ કરી હતી, આપણો પક્ષ લેવામાં.'

'પોતાના નાશનું બીજ રોપવા એમ કહોને !'

'એને શી રીતે અટકાવશો ?'

'કોઈ રીતે નહિ. એને માલદેવ દક્ષિણમાં ખેંચશે.'

'કરસન અને નાજો તૈયાર છે ?'

'હા.'

'થયું ત્યારે. હવે એક જંગ રહી. એ આવે તો આપણું ચિત્ર

પૂરું થાય !'

'એ ડોશીનું શું થાય ?' પૃથ્વીશે કહ્યું: ઘડી પછી તે બોલ્યો: 'એક ઉપાય છે ?'

'શું ?'

'ડોશીમાં એક નબળાઈ છે. ચામરાજેન્દ્ર કરતાં કોઈ વધારે સબળ નથી માટે, ધિક્કાર છતાં તે, ચામરાજેન્દ્રની વિશ્વાસુ બની છે. પટ્ટનના એક સાંકડા મહોલ્લામાં તેનું ઘર છે ત્યાં એની દીકરી રહે છે. આ એક જ એવું સ્થળ છે કે જ્યાં તે ઘડીભર મનુષ્ય બને છે. બાકી એનું આખું જીવન એક જ પાપે ભર્યું છે !'

'આહા ! ત્યારે ત્યાં તું જશે ?'

'હા.'

'જો કે એ સમયને હજી વાર છે. પણ એ ડોશીને પ્રતાપ મારફત જ હાથ લેવાશે. માટે હાલ જ્યાં સુધી પ્રતાપ હાથમાં નથી ત્યાં સુધી તદ્દન ગુપ્ત કામ શરૂ કરીને ઘડીભર એમ જ ખ્યાલ આવા દો કે કૂટસ્થ અને તેનું મંડળ વેરાઈ ગયું છે.'

'ચંદ્રસેન, સ્નેહલતા વગેરેનું શું ?'

કૂટસ્થે ગંભીરતાથી જવાબ આપ્યોઃ 'એમનો બધ શાંત વાતાવરણમાં છે ! તું આંહી રહી બે મોટાં જાતિસંમેલનો મજબૂત કરી લે. હમણાં હું પાછો આંહી આવવાનો નથી. પરંતુ આપણી હવેની તૈયારી અતિ ગુપ્ત રહેવી જોઈએ.'

કૂટસ્થ ચાલ્યો. પૃથ્વીશ ઊઠ્યો. કૂટસ્થે પાછા ફરીને કહ્યું: 'દેવયાનીને કહેજે કે હું પોતે જ કંચનને પુષ્કરને ત્યાં બે ચાર દિવસમાં મળીશ ! પછી હાલ હું નહિ આવું.'

પૃથ્વીશ, ગુફાના દ્વાર પાસે અટકી ગયો ને શાંત રાત્રિમાં કૂટસ્થનો પગરવ સંભળાતો તદ્દન બંધ થયો ત્યારે દેવયાનીને સમાચાર પહોંચાડવા પાછો વળ્યો.

લોકોત્તર શક્તિ હોવાનું જ્યાં માણસો માને ત્યાં કાંઈક

પણ શંકાનું કે કુશંકાનું વિષ મૂકવું, એ એક જૂની રાજદ્વારી રમત છે. જ્યારે કૂટસ્થ ઉપર વિષપ્રયોગ પણ અફળ જેવો થયો ત્યારે ચામરાજેન્દ્રે એક છેલ્લો વિષપ્રયોગ કામિનીનો રાખ્યો હતો. પોતાની એ નબળાઈ એ, એના માનસમાં સહજ વિશ્વાસ જન્મો કર્યો હતો કે, આ શત્રુ દેવોએ પણ અજેય ગણ્યું છે, માટે વિજયી નિવડશે જ. કંચનને પણ મહત્ત્વાકાંક્ષા જાગી. જોગટાને પોતે જીતે તો પટ્ટનની પોતે જ સ્વામિની ન થાય?

કૂટસ્થે એટલા માટે જ પુષ્કરને ત્યાં કંચનને મળવાનો નિશ્ચય કરી લીધો!

દેવયાની, કંચનને આશાનો મિનાર બતાવે એટલો જ એનો ઉપયોગ હતો!

બન્ને મળીને કદાચ કલ્પનાના મહેલ પણ રચે! કંચન, ભવિષ્યમાં પટ્ટનનું સિંહાસન પણ મેળવે.

૨૧. કલ્પનાની ભૂમિ

ઊંટસ્થે દેવયાનીને સમાચાર કહેવરાવ્યા હતા કે હું પુષ્કરને ત્યાં કંચનને મળીશ.

જે દિવસે દેવયાનીએ લીલાપુરથી પટ્ટન તરફ પાછા ફરવા વિચાર કર્યો, તે જ દિવસે કંચન પટ્ટનથી લીલાપુર આવી પહોંચી હતી. દેવયાની બહાર નીકળતી હતી ત્યાં, અચાનક તેને કંચનનો ભેટો થઈ ગયો.

દેવયાનીએ ધીમેથી કંચનને આડીઅવળી વાત પર ચડાવી દીધી. એટલામાં દેવયાનીનું મકાન આવ્યું. સૌ ત્યાં ઊતરી પડ્યા.

'ભોલેા બહેન!' દેવયાનીએ હવે ધીમે ધીમે વાત માંડી, 'મારા જેવી છે કોઈની દશા? રાજદ્વારી કારણોથી જ આ વિયોગ વેઠવો પડે છે!'

'વિયોગ?' કંચનને આશ્ચર્ય થયું. દેવયાની આ પ્રમાણે આંહીં પ્રેમને માટે રહી છે, એ એને નવી નવાઈની વાત લાગી.

'આ મોં ઉપર હું ઇસ્કિની ખુમારી તો નથી જોતી!' એણે કહ્યું, 'છતાં તમારું કામ સહેલું છે!'

જાણે દેવયાની સામે શંકાભરી દૃષ્ટિએ જોઈ રહી: 'સહેલું છે? શું સહેલું છે?'

'સાચું કહું છું,' કંચન બોલી. 'સમજાવો તો ખબર પડે!'

'ત્યારે જુઓ, આપણે તો ધંધો ઠર્યો. આ પ્રમાણે સ્થિર શાંત વૈભવવાળું જીવન મળતું હોય તો આમ આંટા માર્યા ન કરું!

પૃથ્વીશને કહી દેવાનું ! એને ત્યાં કોણ બીજો હતો હતી છે? અને આપણી એક જાત ઠરી, એક બીજાને મદદ કરીએ તો આપણે ટકીએ! '

'એ તો બરાબર છે!'

'ત્યારે આપણે આ ઊંડા પાણીમાં કયાં ઊતરવું!'

'આપણે એમ કરો' દેવયાની બોલી, 'તમે મને મદદ કરો. હું તમને મદદ કરું. નહિતર આપણો ઉપયોગ કર્યા પછી આ બધા આપણને કચરો ગણી કાઢશે!'

કંચન વિચારમાં પડી. વાત તો સાચી હતી. આજે પોતે ચામરાજેન્દ્રની માનીતી હતી, કાલે?

દેવયાનીએ તે જોયું. તે આગળ વધી: 'એટલા માટે મેં તો આ પૃથ્વીશ ઉપર નજર નોંધી છે! ને તમને કહું છું—માનો ન માનો તમે જાણો—અત્યારે વખત છે, પ્રતાપને પકડવાનો. ને તે બની શકે તેમ છે!'

'શી રીતે?'

દેવયાનીએ બરાબર પાઠ ભજવવો શરૂ કર્યો. તેણે એક નિશ્વાસ નાંખ્યો: 'ઠીક ભલા તમે તો સુખી થશો! અરે! આ રાજખટપટ કરતાં આપણે પહેલેથી કોઈ એક ધણી ધાર્યો હોત! એને પીરસતાં જેટલો આનંદ આવત તેટલો આંહી મિષ્ટાન્ન ખાતાં આવતો નથી! કોઈક ઝૂંપડી સાફ કરીને બેઠાં હોત, તો આ ભવન કરતાં સારું લાગત! આપણું તે કાંઈ જીવન છે? આજ આપણો એક પક્ષને ઉપયોગ હોયઃ કાલે કોઈને ન હોય!'

કંચને દેવયાનીનો હાથ ઝાલ્યો: 'એમ છેક નિરાશ કાં થાઓ!'

દેવયાનીએ નાટક પૂરું કર્યું: 'અરે! પણ બહેન, આ ફૂટસ્થે પૃથ્વીશને કામ સોંપ્યું છે! અને એવા કામનો પતો લાગે? હવે અનંતને થોડા માસ પહેલાં કોઈએ માર્યો. કોણે માર્યો? કેમ ખબર પડે? એટલું એનું કામ પાર પડે તો એ મુકત થાય! તો હું એને આમાંથી મુકત કરાવી શકું! પણ એ ખબર પડે કયાંથી?'

કંચન દેવયાનીને ઉત્સાહ આપવા લાગીઃ 'અરે એમાં શું છે? ચાલો મારી સાથે પટ્ટન!'

દેવયાનીએ તેની સામે જોયું.

'ત્યાં જઈને હું બધો પતો આપું. મારે ત્યાં ચામરાજેન્દ્રે રાજદૂતને મોકલેલ. એવું કહેવા કે આજે તમે આવતા નહિ. રાજદૂતને તેડવા કાળુ જમાદાર આવ્યો. કાળુ જમાદાર પર યશલાલસિંહની ચીઠ્ઠી હતી, કે અનંત અને ગુલાબ ફરવા નીકળે કે તરત પકડજો!'

'પણ એણે તો એને મારી નાંખ્યો.'

'તે ભૂલમાં થયું. કાળુ જમાદાર આ ચીઠ્ઠી લઈને જ રાજદૂતને તેડવા આવ્યો ને ઉતાવળમાં એ ચીઠ્ઠી મારા ઘરમાં પડી રહી. મને સવારે જડી. હવે મને સાંભરે છે કે ચામરાજેન્દ્રે શા માટે ના કહેવરાવી. હું તે વખતે કાંઈ સમજી નહિ. તમને પણ પકડવાં હતાં ને ઇંદિરાને પણ!'

'હા હા, ઠીક સંભાર્યું તમે લ્યો. હું તમને એ જ કહેવા માગતી હતી. હું તો બહેન! આ વાત જલદી પતી જાય તો પછી કર્યાંક ઘરરાણી થઈને બેસી જ જવાની છું. મેં આ પૃથ્વીશને એટલા માટે પકડેલ છે. તમને કહું છું. તમારું નશીબ મોટું છે. પ્રતાપને પકડો તો રાજરાણી થશો. અત્યારે પાડે પાડા લડે છે ત્યારે વખત છે. આવતી કાલે એ વખત નહિ હોય.'

'પણ પ્રતાપને પકડાય શી રીતે?'

'તે હું ગોઠવી દઉં!'

'શું?'

'આ પ્રતાપ ઇંદિરા પાછળ છે. પણ કોણ જાણે શું છે એ વાત કૂટસ્થને ગમતી જ નથી. માત્ર ચામરાજેન્દ્ર મહારાજ, ઇંદિરાને હેરાન કરી નાખવા માગતા હતા, એટલી પ્રતીતિ પ્રતાપને કરાવી શકાય તો આપણો બેડો પાર!'

'તે હું કરાવી દઉં!'

'શી રીતે?'

'આ ચિઠ્ઠીની વાત તો મેં તમને કરી.'

'પણ એ ચીઠ્ઠી સિવાય બીજું કોઈ ખાતરી કરાવી દે તેવું?'

'બીજી ગંગાડોશી અને ત્રીજી ગુલાબ પોતે.'

'પણ ત્યારે અનંતનું ખૂન કોણે કર્યું?'

'કાળુભાએ ચામરાજેન્દ્રના કહેવાથી.'

'ચામરાજેન્દ્રે કહ્યું એવી શી ખાતરી?'

કંચન જરાક શંકામાં પડી. દેવયાનીએ તે જોયું: 'બહેન! તમને વાંધો હોય તો કહેશો નહિ હો. ચાલો હવે, આપણે પટ્ટન તરફ આજે જ રવાના થવું છે.'

દેવયાની વિચારી રહી. આ કંચન આટલી બધી કેમ ઢળી? કંચન એના મનમાં વિચાર કરતી હતી, આની મારફત જોગટો એક વખત મળે તો પછી હું છું ને જોગટો છે. એમાં ફાવીએ તો ચામરાજેન્દ્રને હાથમાં રખાશે. ન ફવાય તો પ્રતાપને હાથમાં લેવો એટલે બે ય રીતે હાથમાં લાડુ! પણ આ પછી પ્રતાપનું ફેરવી તોળે તો?

દેવયાની એટલામાં બોલી: 'બહેન! આ રાજખટપટનો અંત આવે, ચાલ્યા તો આ રહે કે તે રહે, પણ હું પૃથ્વીરાજની ઘરરાણી બની જાઉં ને તમે રાજરાણી થાઓ તો આ આપણને બનાવીને ઉપયોગ કરવાવાળા હાથમાં ચાંદ દેખે!'

'પણ પ્રતાપમલ્લ...'

'એ ઇંદિરા પાછળ ઘેલો છે; કોઈ રીતે કૂટસ્થ એ વાત થવા દે તેમ નથી. એનામાં એવી સત્તા પણ છે. એટલે તમે નજરે ચડો ને એને મેળવી લ્યો, એ તમારા હિતમાં છે, ને અમારે એ જોઈએ છે! ઇંદિરાની પાછળ ચામરાજેન્દ્ર હતો એટલું જાણવાથી એનું મન મહારાજ પ્રત્યે ઉદ્વિગ્ન થશે. આપણે એ કરવું છે. પ્રતાપ ભલે આવતો—જો આપણો ઉદ્ધાર થતો હોય તો. મેં તો આ પેટ-

ખૂટી વાત કરી છે. તમે કાંઈ મનમાં પાપ રાખતાં હો તો તમે જાણો. મેં તો આપણા સ્ત્રીના નશીબે કામ જ રહેશે માટે આ યુક્તિ તમને બતાવી.'

આની ધારી અસર કંચન ઉપર થઈ. કારણ કે થોડી વારમાં જ તે બોલીઃ

'દેવયાની ! હું તમારા માટે જ આવી હતી, પરંતુ હવે મને ચામરાજેન્દ્રનો ભય નથી. કારણ કે એના મહેલનો મોહ નથી !'

'મારા માટે ? શું કરવા ?' દેવયાનીએ આશ્ચર્યથી પૂછ્યું.

'તમારી સાથે સુધીર છે ને ?'

'હા . . એનું . . શું ?'

'મારો વિચાર સુધીરને લઈ જવાનો હતો. એ સુધીર વસંતતિલકાનો દીકરો છે, અને તેથી ચામરાજેન્દ્રને તેના ઉપર કાંઇક ભાવ છે. કોઈ રીતે એ સુખી થાય તો સારું.'

દેવયાની હતી ત્યાંથી ઊભી થઈ ગઈ, 'હેં ! આ શું કંચન ? તું પણ સુધીરના ખરા ઇતિહાસથી અજ્ઞાન છો ? કે ઢોંગ કરે છે ?'

'સુધીરની મા તો ઝેર પીને મરી ગઈ છે. એટલી જ દુઃખદ એની વાત સાંભળી છે. અને એના બાપ ઉપર ચામરાજેન્દ્રની કૃપા હોવાથી તેને થોડુંક પેન્શન આપે છે.'

દેવયાનીએ પછી નિખાલસતાથી કહ્યુંઃ

'જો કંચન ! સુધીર મારી પાસે જ છે. એને બિચારાને આપણા સાધારણ સ્વાર્થ માટે દુઃખી શું કરવા કરવો ? હવે હું કહું છું તે વિશ્વાસથી સાંભળી લે. સુધીરનો બાપ દેવીસિંહ રાઠોડ આજથી થોડાં વર્ષો પહેલાં ચામરાજેન્દ્રનો ખાસ માણસ હતો. દેવીસિંહે ચામરાજેન્દ્રને પ્રસન્ન કરવા કોઈપણ કામ કરતાં આંચકો ખાધો નથી. એ વખતે પૃથ્વીશના લીલાપુરના બગીચામાં રમતી ઉષા જેવું અનુપમ લાવણ્ય એક માળીની દીકરીનું હતું. તેનું નામ વસંતતિલકા. માળીને લાલચ આપીને, ફોસલાવીને, ધમકાવીને અને

છેવટે વસંતતિલકાનું મન મેળવીને દેવીસિંહ રાઠોડે, વસંતતિલકાનો હાથ મેળવ્યો. વસંતતિલકાનું રમ્ય સૌન્દર્ય ચામરાજેન્દ્રની દૃષ્ટિમાં આવ્યું, અને દેવીસિંહે પોતાના સ્વામીની સંપૂર્ણ ભક્તિ બજાવવા, સ્ત્રીનો જન્મસિદ્ધ હકક પવિત્રતા તે તજાવીને પણ, વસંતતિલકાને ચામરાજેન્દ્રના જનાનાની બીબી બનાવી! આ વખતે સુધીર નાનો હતો. આ ઘટના બન્યા પછી, દેવીસિંહ રાઠોડને પણ ચામરાજેન્દ્રનો દુષ્ટ સ્વભાવ ખૂંચ્યો! પણ પછી વસંતતિલકાને એક અસહ્ય ગુન્હા માટે ચામરાજેન્દ્રે પોતે જ ઝેર આપ્યું.

'તું મારી જાત ધંધાદારી બેન છે. તને પણ આવું ન થાય માટે મેં તને આ કહ્યું છે. તારું કાંઈક ઠેકાણે પડે માટે મેં રસ્તો પણ બતાવ્યો છે. હવે તને ઠીક પડે તેમ કર'

કંચનની આંખ ફાટી ગઈ. તેની સમક્ષ ચામરાજેન્દ્રનું ખરું સ્વરૂપ આજે પ્રગટ થયું. તેણે તેને લોભી ધાર્યો હતો, તે સ્વાર્થી હતો, વિષયી હતો, પરંતુ એક સ્ત્રીના વિલાસ માટે બીજી સ્ત્રીનું ખૂન કરવા જેવો તેને અધમ એણે ધાર્યો ન હતો!

'દેવયાની! ત્યારે તો મેં બહુ જ ખોટું કર્યું હોત: એ સુધીરને ઘણું કરીને આ વિષપાનની ખબર પડી છે. ને તેથી જ કદાચ ચામરાજેન્દ્ર એનું કાસળ કાઢવા માગે છે!'

'એ ભેદનું ગમે તે હોય. પણ એક જ પ્રતાપી પુરુષની પ્રતિભાથી અત્યારે પટ્ટનનો અનિવાર્ય જુલ્મ અટકી રહ્યો છે! મદદ થાય તો એમાં કરવી, કંચન!'

એ જ વખતે બહાર મોટર આવ્યાના સમાચાર પટાવાળાએ આપ્યા. દેવયાની ચાલી. તેની સાથે કંચન પણ પટ્ટન તરફ રવાના થઈ.

આજે તેને જીવનનું નવું દૃશ્ય દેખાતું હતું. એમાં હૃદયપલટો હતો, તો લોભ પણ હતો.

જ્યારે દેવયાની તથા કંચન ભદ્રેશ્વર પહોંચ્યાં ત્યારે રાત્રિનો

અમલ શરૂ થયો હતો. ભદ્રેશ્વરના પાછળના ભાગમાં જ્યાં ઇંદિરાને રાખવામાં આવી હતી, ત્યાં દેવયાની તથા કંચન ગયાં. મંદિરના આગળના ભાગમાં પુષ્કર બેઠો હતો: કેટલાક મજૂર બેઠા હતા: થોડાક બેડૂતો હતા. એ પુષ્કર તરફ પૂજ્યભાવ અને માનથી જોઈ રહ્યા હતા. બાવો ચમત્કારી છે એમ સૌ માનતા; અને વડ ન પડ્યો એ ઘટના આ માન્યતાને મજબૂત ટેકારૂપ બની હતી.

કદાચ એ વડ ઉપર ફરી જોખમ આવે માટે અત્યારે આ સૌને તેણે બોલાવ્યા હતા. થોડી વાર પછી મજૂરો ઊઠીને જવા રવાના થયા, ત્યાં કૂટસ્થનો સ્વર સંભળાયો: 'પુષ્કર!'

પુષ્કર એકદમ ઊઠ્યો ને જતાં જતાં મજૂરો તરફ ફર્યો: 'ભગા! ગોવિંદ! બમો. મહારાજ આવ્યા છે.'

કૂટસ્થ અંદર આવ્યો: સૌએ તેના પ્રતાપી ચહેરા તરફ જોયું. અનિવાર્ય આજ્ઞાનું બળ એ ચહેરા પર હતું. આંખમાં પ્રતાપ હતો; છતાં માણસને એના સ્નેહ પાસે નમવાનું મન થાય તેવું હતું.

તેનો સત્તાવાહી સ્વર ફરી ઘુમટમાં ગાજ્યો: 'ભાઈઓ! તમારામાં જો વિશ્વાસ હશે તો તમારી મદદે ખુદ શંકરને ઉતારવાની મારામાં તાકાત છે! જાઓ, આનંદ કરો ને કાલે નિર્ભય બની આંહી આવો.'

મજૂરો ચાલ્યા ગયા. ત્યાર પછી તરત જ કૂટસ્થ અંદરના ભાગમાં કંચન અને દેવયાની પાસે જવા ઊપડ્યો. કંચનના જીવનમાં આજે પ્રથમ જ તેને પોતાના ઉપર ધિક્કાર છૂટ્યો હતો! દેવયાનીના કાર્યની ઉત્તમતા તેના મગજમાં ઠસી ગઈ: ચામરાજેન્દ્ર વિષે નવો પ્રકાશ મળ્યો; અવનીશ પોતાને કેટલા ઊંડા પાણીમાં ખેંચશે તેનો ભય લાગ્યો, અને આ ઘટના પર વિચાર કરતાં પ્રતાપમલ્લના સમયમાં પોતે ટકી શકે તેવું કોઈ ચિન્હ ન લાગ્યું! રાજની આટલી અધમ સેવા પછી પણ પોતાની સ્થિતિ તો, શંકા અને ભયભરેલી હતી. એના પર એ વિચાર કરી રહી હતી, તેટલામાં જ સામે

કૂટસ્થની ભવ્ય અને શાંત મુખમુદ્રા એના જોવામાં આવી : ભયંકર તોફાનમાં પોતાનું ગૌરવ જાળવી શકે એવા અદ્‌ભુત વટવૃક્ષની માફક તેનું કદાવર શરીર સ્થિર ઊભું હતું; તેની તીવ્ર અને ભેદી દૃષ્ટિ કંચન પર હતી.

કંચન આજે પહેલી જ વાર અવાક્ બની ગઈ. તેની બોલવાની બધી શક્તિ હરાઈ ગઈ. તેણે ચારે તરફ દૃષ્ટિ કરી. દેવયાની ત્યાં હતી નહિ. પોતાની સ્ત્રી તરીકેના આકર્ષણની વાત જાણે ભૂલી ગઈ! જાણે કે એ એના મગજમાં આવતી જ ન હતી!

'ગુરુદેવ સ્વામી!' કંચન બોલવા લાગી, 'હું પાપી-છતાં આપની પાસે આવવા હિમ્મત કરી છે!'

'પાપી પુણ્ય તરફ જવાની હિમ્મત કરે એટલે જ શરૂઆત.'

પણ કંચનમાં હજી થોડું વાસનાનું બળ હતું. તેણે બધી હિમ્મત ભેગી કરી : 'સ્વામી! આપ મારા ખરેખર સ્વામી બનશો?'

'હું તારો સ્વામી છું જ,' કૂટસ્થે કહ્યું.

'નહિ! પ્રભુ, એક વખત મનુષ્યની જેમ વાત કરો. મને વહાલથી બોલાવો, મને તમારી માનો!'

કૂટસ્થ જરાક ટટ્ટાર થયો. 'કંચન! તું મારી જ છે, તું મારી જ હતી, અને મારી જ રહેશે! મારું નહિ એવું કોઈ આંહીં છે જ નહિ!'

કંચન કાંઈ સમજી નહિ. વાસના અને કલ્પનાના તરંગ પર તે ચડી. આજે કૂટસ્થે તેને પ્રેમથી બોલાવી હતી. તે કૂટસ્થ તરફ દોડી ગઈ. એનો હાથ હાથમાં લેવા ગઈ. કૂટસ્થ હતો ત્યાંથી ખસ્યો નહિ. કંચન તેનો હાથ લાંબો કરે તે પહેલાં તે હાથ પક્ષઘાતથી ઝલાઈ ગયો હોય તેમ સ્થિર થઈ ગયો. કૂટસ્થની તીક્ષ્ણ દૃષ્ટિ તેના તરફ જોઈ રહી હતી! કંચન વ્યગ્ર બની ગઈ: 'આ શું? જાદુગર?' તે ભયથી વ્યગ્ર થઈ ગઈ.

તેનો વિચાર માપી ગયો હોય તેમ કૂટસ્થ બોલ્યો : 'કંચન! હું જાદુગર નથી. પરંતુ તું, હજી જે જગ્યાએ હું ઉભો છું ત્યાં,

પહોંચી નથી. તે જગ્યાએ તને પહોંચાડવાને પ્રથમ તારા બધા સંસ્કાર દૂર કરવા પડે. એ કાર્યની શરૂઆત થાય તે પહેલાં તારે આ મારા ધાર્મિક વિગ્રહમાં સાથે ઝઝૂમવાનું છે.'

'ત્યારે અંતે દેવયાનીએ મને દગો દીધો નાં?' કંચન વિહ્વલ બનીને બોલી.

'એમ તને લાગતું હોય તો તું તારી મુખત્યાર છો. તું સુધીરને લેવા આવી છો? લઈ જા, યાદ રાખજે એનું રક્ષણ કરનાર શક્તિ મહાન છે.'

છેલ્લા શબ્દો કૂટસ્થ જરાક કરડાઇમાં બોલ્યો. કંચન ધ્રૂજી. કૂટસ્થને તેમ લાગ્યું ને શાંત બનીને તે ફરી બોલ્યો,

'પણ રહે, હું તને અમસ્તો જ દોષ આપું છું. તારે ચામરાજેન્દ્રની રાણી થવું છે નાં? યાદ રાખજે, ચામરાજેન્દ્રને તારી જરૂર નથી. અને તારું ભવિષ્ય! રે અભાગી સ્ત્રી! દેવીસિંહ રાઠોડની સ્ત્રી વસંતતિલકા કરતાં પણ વધારે બુરું છે. હું જે જોઉં છું તે તું માની શકતી નથી. તને મારો સ્વાર્થ દેખાય છે, પણ આ તું માને અથવા ન માને એ મારે મન બધું સરખું છે. તું ભયંકર શત્રુ બની શકે તેમ નથી; તેમ જ તું વિશ્વાસુ જાસુસ થઈ શકે તેમ નથી!'

કંચન તદ્દન ઝાંખી પડી ગઈ. એની આખી કલ્પના પડી ભાંગી, પરંતુ કૂટસ્થના શબ્દોએ તેના પર ભારે અસર કરી હતી. તે ધીમેથી બોલી: 'ત્યારે મારે હવે શું કરવું?'

'ચામરાજેન્દ્રની સેવામાં રહી તારું મૃત્યુ!'

કંચનને હવે હિંમત આવી: 'હું તમારું શરણ માગું છું: મને કાંઈ ખબર પડતી નથી. આ બધું શું છે?'

'તને મારા ઉપર વિશ્વાસ છે?' કૂટસ્થે સીધો જ પ્રશ્ન પૂછ્યો.

'હા કહું તો?'

'તો તારા માટે એક ગુપ્ત જગ્યા તૈયાર છે. ત્યાં તું હમણાં

શાંતિથી રહે, ભવિષ્યમાં તારો ઉપયોગ છે. અને તારું ભવિષ્ય સારું છે.'

'અને,' કંચને ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું, 'ના કહું તો?'

'તો તારે માટે મૃત્યુ તૈયાર છે!'

કંચન ધ્રૂજી: 'શું? આંહી પણ મને મારનાર છે?'

કૂટસ્થ જરાક હસ્યો: એનું હાસ્ય હજી એટલું જ કડક હતું. આ કડક પુરુષ પાસે શું બોલવું તે કંચનને સૂઝ્યું નહિ: તે ફરી ધીમેથી બોલી: 'શું આંહી મારું મૃત્યુ છે?'

'આંહીં? ના ના, ચામરાજેન્દ્રના મધુર સ્મિતમાં! તું આંહી મૃત્યુ પામે એટલી બધી ભવ્ય વ્યક્તિ નથી.'

કંચન શાંત ઊભી રહી. તે આખી વસ્તુસ્થિતિ હવે સમજી. તેની કલ્પના–આશા–અભિલાષાની ભૂમિ વેરાઈ ગઈ હતી. કૂટસ્થ તરફથી માત્ર આશ્રયની આશા હતી. તે આશ્રય દૃઢ હતો. ચામરાજેન્દ્ર તરફથી ભયભર્યો આશ્રય હતો. હવે અવનીશની પણ બીક ખરી. એને સાહસ કરવાનું મન થયું. તે કૂટસ્થના ચરણમાં પડી: 'મને દેવયાની સાથે રાખો!'

કૂટસ્થે તેને હાથ ઝાલીને ઊભી કરી: 'બેટા!—' તે નિર્મળ પ્રેમથી બોલ્યો,—'તું દેવયાની સાથે જ જા, અને ત્યાં રહે. મારો આશ્રય, વિશ્વાસઘાત અને દગાથી ભર્યો નથી. તું શાંત રહેજે. તારો સમય આવ્યે તને જણાશે કે જિંદગીમાં તેં જેટલું પાપ કર્યું છે તે એક જ સપાટે ભસ્મ થાય તેવા પુણ્યપ્રવાહમાં તું ભળી છે!'

કૂટસ્થ ત્યાંથી તરત ચાલતો થયો, ને બીજી જ ક્ષણે દેવયાની તથા કંચન પાછાં લીલાપુર જવા ઉપડ્યાં! કંચન શાંત અને ગંભીર હતી. તેની દૃષ્ટિ ભદ્રેશ્વર પરની ટેકરીઓ ઉપર ફરી રહી હતી. ચંદ્રની શાંત રજનીમાં છેટે મનુષ્યાકૃતિ દેખાતી હતી. કંચને પૂછ્યું:

'દેવયાની! અત્યારે ટેકરીઓ ઉપર કોઈ ભમી રહ્યું છે?'

દેવયાનીએ કહ્યું: 'કંચન! ગુરુદેવ! બીજું કોણ હોય?'

કંચન ગંભીર બની ગઈ. એને લાગ્યું કે આનું નામ જીવન કહેવાય!

૨૩. પ્રતાપમલ્લ ફૂર્યો

જ્યારે દેવયાની તથા કંચન વાડીમાં પહોંચ્યાં ત્યારે ઉતાવળો જ પૃથ્વીશ ગુફામાંથી બહાર આવતો હતો. દેવયાનીને જોઈને તે બોલ્યો : 'દેવયાની ! આ ગુફા હવે તમારે સંભાળવાની છે. ગુરુદેવ હાલ નહિ આવે ને હું પ્રતાપને સજ્જડ જવાબ દેવા બહાર જ રહેવાનો છું.' દેવયાની તથા કંચન ગુફામાં ગયાં.

પ્રતાપમલ્લ લીલાપુરમાં આવી પહોંચ્યો હતો. હજી ચામરાજેન્દ્ર તરફથી કાંઈ હુકમ આવ્યો નહિ હતો. તેણે માલદેવની તપાસ શરૂ કરી. ચારે તરફ મજબૂત સૈનિકોનો પહેરો હતો. તેણે પંચાલેશ્વર પાસે મુખ્ય પડાવ રાખ્યો. બીજે દિવસે તે તથા સરદાર દોઢસોથી બસો ઘોડેસવાર લઈ લીલાપુરના જંગલોમાં, ભદ્રાના કાંઠા પર અને પટ્ટનની ટેકરીઓમાં ભમવા લાગ્યા. રાત્રિદિવસ અથાગ મહેનત કર્યા છતાં માલદેવનો પતો લાગ્યો જ નહીં. તેમ જ તે ત્યાં હોવાની પણ કાંઈ ખાતરી થઈ શકી નહિ.

પ્રતાપમલ્લ હવે ચામરાજેન્દ્રના હુકમની રાહ જોતો હતો. તેણે આસપાસના બધા વાતાવરણને ભવ્યતાથી આંજી નાખ્યું. હમેશાં પાંચસો સવારની જબ્બર પલટન સાથે એ ધીરપુર, લીલાપુર ને આસપાસનાં ગામડામાં ફરવા લાગ્યો. કોઈ જગ્યાએ ચોરી કે લૂંટ થાય કે તરત જ ત્યાં પ્રતાપમલ્લ હાજર હોય. ગામડીઆ પોતાના રાજાના દર્શનથી પવિત્ર થવા લાગ્યા.

પ્રતાપમલ્લ આ પ્રમાણે પંચાલેશ્વર પાસે મૂકામ રાખી સર્વત્ર

ઘૂમી રહ્યો હતોઃ તેણે નાજા રબારી ને કરસન પટેલને એક દિવસ તંબુ ઉપર બોલાવ્યા.

નાજો આશરે છ ફુટ ઊંચો ને ભરાવદાર પંજાબી ઢબનો માણસ હતો. એની રબારીની જાતિમાં એ મુખી હતો. એના ચહેરા પર પ્રધાનપુરુષને યોગ્ય એવો રૂઆબ હતો કે નાતિલામાંથી કોઈએ નાજા સામે માથું ઉઠાવ્યાનો દાખલો બન્યો ન હતો. એના એક હાથમાં કેડ ઉપર પહોંચે તેવી ડાંગ રહેતી. બબે એનો બાર શેરથી પંદર શેર વજનનો ધાબળો રહેતો. માથા ઉપર એનું જૂનું શેલું, કેડ ઉપર પછેડી, કે કડીઆની કસે રૂપાની સળી. નાજાના આ જૂના વેષમાં નવું જ્ઞાન ભળ્યું હતું. એણે પુષ્કર અને પૃથ્વીશની મદદથી જાતિનું બંધારણ રચ્યું હતું. લીલાપુરમાં રબારીની દેવીનુ મંદિર હતું, અને કોઈ કામ કરવાને સૌ ત્યાં મળતાં. નાજાનો પ્રતાપી સ્વર રબારીના હજાર બારસો જુવાનમાં છાપ પાડતો. ને એના બોલ્લા બોલ પછી સૌ એ ઉઠાવવા તૈયાર રહેતા. નાજાની આવી પ્રતાપી મૂર્તિ એના ભાઈઓને અભિમાનનો વિષય હતો. અને પોતાના દરેક દુઃખમાં પોતાને ન્યાય મળવાનું ખરું સ્થળ આ રબારીની કુળદેવીના ચોકમાં જ છે એ વગર પઢાવ્યે સૌ સમજતા. નાજાને આજે પ્રતાપમલ્લે બોલાવ્યો હતો. તે પોતાનો ધાબળો નાંખી ડાંગ પાસે રાખી સામે બેઠો હતો.

'નાજા! એમ સાંભળ્યું છે કે મહારાજા ચામરાજેન્દ્રના કારભારથી પ્રજા અસંતુષ્ટ રહે છે.'

નાજો રબારી હતો છતાં રાજદ્વારી વિષયથી તદ્દન અજાણ્યો ન હતો. વળી પૃથ્વીશે સમાચાર આપ્યા હતા, તેથી પ્રતાપમલ્લનો હેતુ એ તરત કળી ગયો. તે બોલ્યો :

'હા બાપુ! પણ જગતસિંહ બાપુ જેવું અંધેર નથી!'

'પણ તમારી ગૌચરની જગ્યા તો આબાદ છે; વળી ઢોર પરનો કર બંધ કરવામાં આવ્યો છે!'

'બધી વાત સાચી છે બાપુ! પણ જેમ કણબીને દુષ્કાળ વખતે આગલા વર્ષનો પાક ચાલી શકે તેમ હોય છે, ને સરકાર તરફથી પણ રક્ષણ મળે છે, તેવું રબારી માટે કાંઈ નથી! સરકારમાં અમે ઉપજ આપનાર પ્રજા કરતાં ખર્ચનાર પ્રજા તરીકે ગણાઈએ! અમારું પશુધન એ દેશની ખરી સમૃદ્ધિ છે એ વાત જ વિસારે પડી ગઈ છે.'

'તમે લીલાપુરના કબજામાંથી પટ્ટનની હદમાં આવવા ખુશી છો?'

નાજાએ કરસન સામે જોયું. રબારીને ઉત્તર સૂઝ્યો નહિ એટલે તેણે પટેલ પર વાત ઠેલી: 'બાપુ! ઈ પૂછો કરસન પટેલને!'

પ્રતાપમલ્લ કળી ગયો. એને ખોટું લાગ્યું, પણ જણાવ્યું નહિ. કરસન બોલ્યો: 'બાપુ! અમારે તો લીલાપુર જનમભોમકા છે ને પૃથ્વીશ અમારો ધણી છે. મહારાજા ચામરાજેન્દ્ર દૂર રહ્યા. વળી વારંવાર પીઠા થાય ત્યારે પટ્ટનના ન્યાયમંદિર સુધી લાંબું થાવું ઈ કરતાં આ ઠીક છે ટૂંકું ને ટચ. આ જમીનદાર બેઠા ને આ વાત કરો; અને તરત એનો નિકાલ.'

'પણ જમીનદારની આંખ ફરે ત્યારે? નાના ગામમાં તમે મોટા રહ્યા. હરીફરીને નજર તમારા પર જ પડે.'

'બાપુ! બીજી લાંબી ટૂંકી વાત શું? આ જમીનદારની આંખ ફરે ત્યારે લીલાપુર એક દિવસમાં ઉજ્જડ કરું!'

પ્રતાપમલ્લ મનમાં જ સમસમી ગયો. એને કરસનની પ્રતિષ્ઠા ને નાતનું બંધારણ ખૂંચ્યાં. એ એક જાતનું રાજ સામેનું જબ્બર હથિયાર લાગ્યું. તેણે નાજા સામે જોયું:

'નાજા! કરસન પટેલ પણ રાજા માણસ છે હોં! ભાઈ, સત્તા સામે માથું ઊઠતું ઊઠે ને સૌ આપણા જેવા એક દિલના ન હોય!'

'બાપુ!' નાજા રબારીએ પોતાને પરિચિત દાખલો લીધો: 'ઈ તો વાઘ સામે ભેંશું બાણુ સાંધે આ ઈ માયલી વાત છે! જો

નજર ભૂલે તો ભેંશુંના ભૂક્કા : અને નકર વાય આંટા ફેરા કરે એટલું જ ! અમારી ગાંઠમાં ભૂલ પડે તો ભાગવું પડે, નકર ન્યાય મળે.'

પ્રતાપમલ્લ લીલાપુરના આ બે ધુરંધર કાર્યવાહકોથી મહાત થયો. એને લાગ્યું કે નાજો અને કરસન પંચાલેશ્વરમહાલને તો ખાલી કરાવી આપે ! એને પૃથ્વીશની ફાંસીવાળો કિસ્સો સાંભર્યો. એક રાત્રિમાં નાજો ને કરસન દસ હજાર માણસ લઈ હાજર થયા હતા. પણ એમને આવી રીતે જવા દેવા એ તેને ઠીક ન લાગ્યું. તેણે ઠોકરી વગાડી ને તરત એક પટાવાળો હાજર થયો.

'સરદાર કયાં છે ?'

'સાહેબ ! હમણાં જ બહાર ગયા. પટ્ટનથી એક મોટર આવેલ છે.'

'કોણ આવ્યું છે ?'

'યશલાલસિંહનો ખાસ માણસ છે !'

'આવવા દો !'

પટાવાળો સલામ કરીને ગયો ને તરત જ એક કદાવર શરીરનો લશ્કરી પોષાક પહેરેલો માણસ હાજર થયો. એના હાથમાં એક સીલબંધ કવર હતું. ને ઉપર પટ્ટનનું રાજચિન્હ તરવારનું હતું. તેણે હાથ લાંબો કરી ઝૂકીને સલામ કરી ને યશલાલના હાથમાં કવર આપ્યું.

પ્રતાપે તે વાંચ્યું: 'ઠીક તમે પટ્ટન કયારે પાછા જવાના છો ?'

'આજે રાત્રે.'

'જતાં પહેલાં મને મળજો.'

પટાવાળો સલામ ભરી ચાલતો થયો કે તરત જ સરદારસિંહ હાજર થયો. પ્રતાપમલ્લે સત્તાદર્શક સ્વરથી સરદારસિંહને પૂછ્યું:

'સરદારસિંહ ! આપણાં બધાં માણસ તૈયાર છે ?'

'જી હા !'

'તારે આજે રાત્રે દક્ષિણ પ્રાંત તરફ જરા રવાના થવું છે, દરમ્યાન, લ્યો આ મહારાજનું આજ્ઞાપત્ર.'

સરદારે તે લીધું. એમાં શું હતું તે એને ખબર હતી તોપણ તે આશ્ચર્ય પામ્યો હોય તેવો દેખાયો. એણે એક શંકાભરી નજર નાજા તરફ નાંખી. નાજાએ તે નજર ચૂકાવી.

નાજાએ તરત કરસન સામે જોયું. તે બન્ને જવા ઊઠ્યા. પ્રતાપમલ્લે ઠંડે મોંએ તેમની સલામ ઝીલી. પણ હજી તે બન્ને ઊઠીને પૂરા બહાર પહોંચ્યા ન હતા, ત્યાં સરદારે તેમને પાછા બોલાવ્યા. પ્રતાપમલ્લે હવે પોતાનો સ્વર જરા ઊંચો કરી કહ્યું: 'જુઓ ભાઈ! આજ દિવસ સુધી હું તમારું માન જાળવતો આવ્યો છું. હવે વાત એવી છે કે લીલાપુરની જમીન પર સરકારી દેવું નીકળે છે ને તેથી તે વસૂલ કરવા સરકારી જપ્તી બેસશે. જો તેમાં તમે દખલ કરો છો એવું માલમ પડશે તો પટ્ટનના સત્તાધીશોને તમારી સાથે શી રીતે વર્તવું એ નવેસરથી શીખવવું પડે તેમ નથી. તમારી સલામતી ચાહતા હો તો ચેતતા રહેજો! જાઓ, એટલું જ કહેવું હતું.'

કરસન પટેલ ચાલતો થયો. બોલો રબારી જવાબ આપ્યા વિના રહી શકયો નહિ:

'બાપુ! ભદ્રાની ખીણમાં સિંહે હૂમલો કર્યો ત્યારે મારી સલામતી આ ધારણા ને ડાંગ પર હતી! ને હજી તેમ જ રહે છે. હા બાકી, તમે રાજાએ રાજ આથડો એમાં ગરીબ રૈયતનો નાહક ખો થાય. અમારી સલામતી કોઈ દી પારકા ઉપર રહી નથી ને રહેશે નહિ. બાકી આપે કીધું એમાં ફેર નહિ આવે.'

નાજો આટલું બોલી ચાલતો થયો ને પ્રતાપમલ્લ તેના પંજાબી ઢબના શરીર તરફ જોઈ જ રહ્યો. તરત જ સરદારસિંહ પોતાના ચોકકસ વિશ્વાસુ માણસો લઈ, ને બીજાઓને આસપાસ પહોંચી શકાય તેવી વ્યવસ્થા કરાવી લીલાપુર તરફ ચાલ્યો.

અત્રનીશે ચામરાજેન્દ્રના કહ્યા પ્રમાણે લીલાપુર સામે દેખ્યું

કાઢવા જૂના ચોપડા ખૂબ ચૂંથ્યા હતા, પરંતુ બધું દેવું ભરપાઈ થઈ ચૂકયું હતું. માત્ર એક નજીવી રકમ બાકી રહી ગઈ હતી, તેના પર ચક્રવૃદ્ધિ વ્યાજ ગણી આપ્યું. લીલાપુર ડૂબી શકે તેટલી જબ્બર રકમ થાતી હતી. આ કારણ આગળ ધરી, તથા પૃથ્વીશની રાજભક્તિ અત્યારે કામે છે, એ વિશેષ કારણ આપી, ચામરાજેન્દ્રે લીલાપુર જપ્ત કરવા હુકમ કર્યો, ને તે હેતુથી અત્યારે સરદાર-સિંહ લીલાપુર તરફ રવાના થયો હતો.

સરદારસિંહ લીલાપુર પહોંચ્યો ત્યારે પૃથ્વીશ થોડી ઘણી અણીના વખતની વ્યવસ્થા કરી ચૂકયો હતો. સરદારસિંહે પૃથ્વીશને મહારાજા ચામરાજેન્દ્રની આજ્ઞા દર્શાવી. પૃથ્વીશ તરત જ પોતાના મહેલ બહાર ચોગાનમાં આવી ઊભો. એની આસપાસ એનું મંડળ ઊભું હતું. નાજો રબારી, કરસન પટેલ અને ગોવિંદ પટેલ પોતાના હજારો ભાઈઓ સાથે પૃથ્વીશને વીંટી વળ્યા હતા. સૌ શાંત હતા. છતાં પૃથ્વીશનો દરેકે દરેક શબ્દ અત્યારે કિમતી હતો. સરદારસિંહે હૂકમ બજાવ્યો ને પૃથ્વીશનો મહેલ ઉજજડ બન્યો : પરંતુ એ જ વખતે નાજા રબારીનો ધાંટો સાંભળી તે થંભી ગયો. હૂલ્લડ થતાં વાર લાગે તેમ ન હતું, અને આ બધી શાંતિ માત્ર પૃથ્વીશના ચહેરા પર રહેલ ભાવના પ્રતિશબ્દ રૂપે હતી. એ ચહેરા પર જરાક ભાવ બદલાય કે તરત જ સરદારસિંહ અને તેનું એક પણ માણસ ટકી શકે તેમ નહિ હતું. નાજો આગળ આવ્યો :

'બાપુ! આપણે બધું કરજ ખોટું હોય તે પણ ભરવા તૈયાર છીએ.'

પૃથ્વીશે ધીમેથી કહ્યું, 'નાજા! આપણી પાસે બહાદુર માણસો છે, પરંતુ આપણે ઝાડના મૂળ પર જ ઘા કરવા છે, ડાળ પર નહિ!'

'અને એટલા માટે જમીન જવા દેવી છે?'

'જમીન ચાલી જાય તો વાંધો નથી. માણસ ન જાય એટલું જ જોવાનું છે.'

થોડી વાર થઈ ત્યાં તો કરસન પાછો આવી પહોંચ્યો. તેણે પૃથ્વીશને કહ્યું: 'બાપુ! કણબી બધા ઉચાળા ભરીને તૈયાર છે! જમીન ભલે ઝુંટવી લે. અમારે ચામરાજેન્દ્રના ગુલામ થવું નથી.'

પૃથ્વીશ એકદમ તેમની સાથે ચાલ્યો: 'કરસન! નાજા! તમે સમજતા નથી કે સરદારસિંહને હઠાવવા જેટલું બળ અત્યારે પણ આપણી પાસે છે. પરંતુ આપણે તેમને અત્યારે હઠાવવા નથી. આપણે તેના મૂળ પર જ હલ્લો કરવો છે. એ હલ્લો અચાનક અને સચોટ બને માટે અત્યારે આ ઘા શાંત રીતે સહન કરવાનો છે. આ ઘા આપણે એ માટે સહન કરીએ છીએ કે, આપણે બીજો ઘા વધારે અસરકારક રીતે કરી શકીએ. આ આખી લડતનું રહસ્ય છે. સમજ્યા?'

'અત્યારે અમારે શાંત રહેવું?' નાજાએ ઉતાવળે પૂછ્યું.

'હા.'

કરસન પૃથ્વીશ તરફ ફર્યો: એના પગમાં પડ્યો: 'બાપુ! અમને અમારું કામ અત્યારે બજાવી લેવા દો. અમારું હૃદય ડંખતું મટે માટે અમારે એક વખત વિશ્વાસુ દોરતની માફક તમારી પાછળ રવાના થવું જોઈએ.'

પૃથ્વીશે પોતાનો સ્વર જરા વધારે ઊંચો કર્યો: 'કરસન! નાજા! જો તમે એમ કરશો તો તમે મોટામાં મોટા શત્રુ જેટલું જ કામ કર્યું કહેવાશે. એનાથી ઉલટું અત્યારે તમે અમારા નથી એવો દેખાવ કરી શકશો?'

'દેખાવ કરવો?' બન્નેએ એક સાથે પૂછ્યું.

'હા. રાજદ્વારી વિષય દેખાવ ઉપર પણ ચાલે છે. અત્યારે તમે સામાન્ય માણસની માફક હવે પ્રતાપમલ્લ સાથે ભળો!'

'અને અમારો આતમો એમ કરતાં તૂટી નહિ પડે?' ભોળો રબારી લાગણી દાબી ન શક્યો.

'એનું નામ જ તપ. લોકકલ્યાણના જગન પર આટલો લાગણીનો ભોગ આપવો એટલે માણસાઈ. હવે હું જાઉં છું. તમે તદ્દન

શાન્ત રહો.'

નાજ્જની આંખમાંથી આંસુ પડ્યાં : 'હવે તમે કયારે મળશો ? દાદા બાપુ ! આ સહન નથી થાતું. મારા એક હજાર રબારીની એક હજાર ડાંગ આ બધી ગરબડ મટાડવાને બસ છે !'

'અને મને તારા બોલ ઉપર વિશ્વાસ નથી એમ તું ધારે છે ? એ બધું બળ છિન્નભિન્ન જુદે જુદે વખતે વેરાઈ જાય તેના કરતાં એકત્ર કરવામાં ખૂબી છે. એનો ઘા અંતે વધારે ભયંકર નિવડે.'

'ઠીક બાપુ !' નાજ્જે એટલું જ બોલ્યો, ને તરતજ એની નિશાની થતાં હજારો રબારી જુદે જુદે માર્ગે રવાના થઈ ગયા.

પૃથ્વીશ આગળ ચાલ્યો. બધા ખેડૂતો ત્યાં કરસનની રાહ જોતા હતા અને એજ વખત સૌની દૃષ્ટિ છેટેથી દોડ્યા આવતા સવારો ઉપર પડી; પ્રતાપમલ્લ અને તેના સૈનિકો જોસભેર આવતા હતા. એમને આવતા જોઈ રબારીઓ પણ થંભી ગયા, ને ઘડીભર ત્યાં હજારો માણસોની મેદની વચ્ચે પૃથ્વીશ ચિંતાતુર દિલે ઊભો રહ્યો.

પ્રતાપમલ્લને સરદારસિંહે સમાચાર મોકલ્યા હતા કે લોકો ઉશ્કેરાયલા છે તેથી એમની લાગણી સામે ભયાનક સૈનિકોનું ભય-ભર્યું સ્વરૂપ નહિ દર્શાવાય તો–કદાચ તેઓ વધારે ને વધારે જોસમાં આવતા જશે. એ ઉપરથી પ્રતાપ પોતાના સૈનિકો સાથે આવવા નીકળ્યો હતો. પાસે આવતાં જ તેણે પૃથ્વીશને મોટા સમૂહની વચ્ચે ઉભેલો જોયો. તે ઘોડા ઉપરથી નીચે ઊતરી આગળ વધ્યો ને લોકોએ તેને માર્ગ કરી આપ્યો. પૃથ્વીશે તેને શાંત રીતે માન આપ્યું ને પ્રતાપે તરત જ લોકો સામે ફરી, સૌને વિખેરાઈ જવા કહ્યું.

લોકો હજી ગયા નહિ. પૃથ્વીશનો છેલ્લાં શબ્દ સાંભળ્યા વિના તેઓ જવાને ખુશી ન હતા.

પ્રતાપમલ્લનો સ્વર સંભળાયો :

'ભાઈઓ! આ લીલાપુરની જમીન હવેથી મહારાજા ચામરાજેન્દ્રે પોતાના હાથમાં લીધી છે. તમારા સર્વ હકોનું રક્ષણ બરાબર થશે. પણ સાથે સાથે જ રાજ્યના યોગ્ય હુકમમાં તમે આડે આવશો ત્યારે તમારી સાથે યોગ્ય અધિકારથી કામ લેવામાં આવશે. તમે અમને માન આપો ને અમે તમને પાળીએ. રાજાપ્રજાનો આ પરાપૂર્વનો સંબંધ સંભાળી, તમે હવે શાંત રીતે પોતપોતાના કાર્યમાં લાગો.'

લોકો વિખરાવા લાગ્યા: તે પૃથ્વીશ તરફ ફર્યો; 'હવેથી આ જમીન ઉપરની તમારી માલિકીનો અંત આવે છે!'

'એની શરૂઆત પણ એવી જ અચાનક હતી,' પૃથ્વીશે કહ્યું. ને તરતજ ત્યાંથી દૂર ખસી ગયો. લોકો તેની પાછળ વીંટાવા લાગ્યા: પૃથ્વીશે તેમને વાર્યા.

'ભાઈઓ! તમે મને જેટલા પ્યારા છો, તેટલી જ આ જમીન પ્યારી છે. એક સિદ્ધાંતની ખાતર હું એ સર્વ છોડી તમારી વચ્ચેથી ચાલ્યો જાઉં છું, પરંતુ એ યાદ રાખજો કે પૃથ્વીશ જમીનદાર તમારા માટે જમીનદાર હતો ત્યારે જેટલી સંભાળ રાખતો, તેટલીજ સંભાળ જમીનદાર મટયા પછી પણ રાખશે. મારું જીવન તમારી સંભાળમાં પૂરું થાય તો બસ.'

પૃથ્વીશે નાજા અને કરસન સામે જોયું. એની દૃષ્ટિના છેલ્લા શબ્દો બન્ને સમજી ગયા, ને લોકોએ તરત ત્યાંથી વિખરાઈ જઈ મેદાન સાફ કર્યું. હવે માત્ર પૃથ્વીશ ને પ્રતાપમલ્લ રહ્યા. પ્રતાપમલ્લે સત્તાના ગર્વથી પૃથ્વીશને કહ્યું:

'તમે હવે લીલાપુરના જમીનદાર મટી, રૈયત બન્યા છો. એ તમારો નવો અધિકાર, તમે હમેશના સ્વભાવને લીધે ભૂલી ન જાઓ, એ ખાસ યાદ રાખજો.'

પૃથ્વીશે શાંત જવાબ આપ્યોઃ 'હું તમારી રૈયત જ હતો અને રૈયત છું. માત્ર તમારે મનથી તમે મારા રાજા હમણાં બન્યા. મેં

તમને વર્ષો પહેલાંથી જ રાજા માન્યા છે.'

સરદાર પોતાના સૈનિકો સાથે આવી પહોંચ્યો હતો. લીલાપુરની જમીનદારીને પટ્ટન મહાલનો વિભાગ બનાવી, ત્યાં એક નવા અધિકારીની નિમણૂક ચામરાજેન્દ્રે કરી હતી. પ્રતાપમલ્લ અને સરદારસિંહ ત્યાર પછી તરત જ રવાના થઈ ગયા ને તેમના ગયા પછી પૃથ્વીશ તરત જ પોતાની વાડીમાં ગયો. જમીનદાર થયા પહેલાંની—એની આ વાડી પર, હજી રાજની દૃષ્ટિ ગઈ ન હતી, ને તેથી ત્યાં સહીસલામતી હતી.

પ્રતાપમલ્લ દક્ષિણ પ્રાંતમાં માલદેવ પાછળ ચાલ્યો, ને પૃથ્વીશ પોતાની જમીનદારી મૂકી, સાધારણ માણસની માફક પોતાની વાડીમાં જઈ રહ્યો. લીલાપુરનું વાતાવરણ તદ્દન શાંત હતું. સૌ પોતપોતાની જગ્યા સંભાળતા બેઠા હતા. પરંતુ આ શાંતિ નીચે ભયંકર તોફાન એકઠું થાય છે, એ માત્ર પૃથ્વીશ જાણતો હતો. પટ્ટનમાં પુષ્કર બ્રહ્મચારી હજી ભદ્રેશ્વરમાં પોતાની શાંત કથા જ કર્યા કરતો હતો. પૃથ્વીશ શાંત રીતે વાડીમાં રહી માલદેવના સમાચાર મેળવતો હતો. પરંતુ આ વખતે માલદેવની ગુફામાં એક વ્યક્તિના હૃદયમાં જબ્બર તોફાન જન્મ્યું હતું અને તે ઇંદિરા. ઇંદિરાને પ્રતાપમલ્લ ઉપર સ્નેહ હતો. એનું હૃદય પ્રતાપને મળવા અધીરું બન્યું હતું. ગુફામાં શાંતિ હતી, પણ એના હૃદયમાં તોફાન હતું. એક સમય સુધીર, ગુલાબ અને ઇંદિરા બેઠાં હતાં. ત્રણેના હૃદય વ્યગ્ર હતાં. તેમને બહારની ખુલ્લી હવાનો મોહ હતો. પોતાની ઉપર શા માટે ભય ભમે છે એ વાત તેમના ધ્યાન બહાર ન હતી. છતાં સુધીર પોતાની ધૂનમાં ઘેલો બન્યો હતો. ગુલાબને અનંતનું સ્મશાન પ્યારું બન્યું હતું. અને ઇંદિરા સ્નેહના ઘેનમાં હતી. બહાર ઘૂમવાનો હેતુ ત્રણેનો હતો. ને તે વિષે એકબીજા એકબીજાથી અવિશ્વાસમાં હતાં, ત્યાં સુધી કોઈ કાંઈ બોલ્યું નહિ, પરંતુ પરિચયથી અવિશ્વાસ તૂટી ગયો; ને સુધીરે પોતાના માયાભરેલા સ્વભાવથી

સૌનાં હૃદય ખૂલ્લાં કર્યાં. એકવખત આ ત્રિપુટી પોતાની ધૂનમાં બેઠી હતી, ત્યાં પ્રતાપમલ્લની વાત નીકળતાં ઇંદિરાને આંખમાં આંસુ આવ્યાં. ગુલાબે તે જોયાં: તે ધીમેથી બોલી: 'બહેન! શાંત રહો. સૌ સારાં વાનાં થશે.'

ઇંદિરાનો ચહેરો વધારે વ્યગ્ર બન્યો: 'શાંતિ કયાં સુધી? મારું હૃદય એની સાથે જોડાઈ ગયું છે, ને હૃદય જોડાયા પછી એક સ્નેહીને વિયોગ દુસહ્ય છે'

સુધીર આ સાંભળતો હતો તે બોલ્યો: 'એક ઉપાય છે!'

ગુલાબ અને ઇંદિરા આશ્ચર્યથી તેની તરફ જોઈ રહ્યાં. સુધીરે જવાબ વાળ્યો: 'આંહીથી ચાલ્યા જવાનો એક ગુપ્ત માર્ગ છે. પરંતુ તે માર્ગ ઘણે દૂર લગભગ દક્ષિણ પ્રાંતમાં નીકળે છે. પ્રતાપ-મલ્લ હાલ દક્ષિણમાં છે.'

ઇંદિરા અધીરી બની ગઈ. તેની આભારભરી નમ્ર આંખ સુધીર તરફ ફરી: 'ત્યારે આટલું મારું કાર્ય તું ન કરે? મને ત્યાં લઈ જા.'

સુધીર વિચારમાં પડ્યો. 'અને—' ગુલાબે શરૂ કર્યું—'હું પણ તારી સાથે જ આવું. મારે અનંતની દાહભૂમિ પાસે રહેવું છે, અહીંયાં નહિ'

સુધીરે તેને આશ્વાસન આપ્યું: 'ગુલાબ! તમે સૌ થોડા વખતમાં જ બહાર જવાનાં છો. અત્યારે વહેલાં તો માત્ર મારે બહાર જવાની જરૂર છે,'

ઇંદિરાએ હસતાં હસતાં પૂછ્યું: 'શું કોઈએ બૂરકી નાખી છે?'

સુધીરે જવાબ આપ્યો: 'ના એમ તો નહિ, પણ હું રાજનો ખૂની છું!'

'હેં? શું તું ખૂની? કોનો?'

'ચામરાજેન્દ્રનો'

ઇંદિરા હસી પડી: 'સુધીર! તું ગાંડો દેખાય છે હો!

ચામરાજેન્દ્ર હજી જીવે છે ને તું ખૂની?'

સુધીરે દૃઢતા જવાબ આપ્યોઃ 'તેનું ખૂન મારા હાથે જ થવાનું છે.'

ઇંદિરાએ પોતાની આંખ ઉપર બે હાથ મૂકી દીધા. સૌ તે વખતે જુદાં પડ્યાં, પણ તે રાત્રિએ જ્યારે બધું શાંત હતું, ત્યારે સુધીર, ગુલાબ ને ઇંદિરા પોતપોતાના જુદા જુદા હેતુ પાર પાડવા માટે બહાર નીકળી પડ્યાં.

સુધીરનું અનુમાન સાચું હતું. રસ્તો ઘણો વિકટ અને ભયાનક હતો, છતાં સુધીરે હિમ્મતથી આગળ પડી ઇંદિરા ને ગુલાબને સહી-સલામત ત્રીજે દિવસે ગુફા બહાર કાઢ્યાં. આંહીં દક્ષિણ પ્રાંત અને પાંચાલ વિભાગની હદ મળતી. ત્યાં ઈરાવતી નદી પોતાની ઊંચી ભેખડો વચ્ચે શીતળ જળનો વિપુલ પ્રવાહ વહેવરાવતી, આગળ વધી, આખા દક્ષિણ પ્રાંતને રમ્ય બનાવતી હતી. આ નદીના કાંઠા ઉપરથી સુધીર જુદો પડ્યો. ઇંદિરાને હવે લાગ્યું કે પોતે સાહસ કર્યું હતું, પણ ગુલાબ સાથે તે એક પાસેના નાનકડા ગામડામાં ચાલી ગઈઃ ને ત્યાં રબારીના વેષથી પોતાનું નામ છૂપાવી થોડો વખત રહ્યાં. પ્રતાપમલ્લ હજી દક્ષિણના બીજા વિભાગમાં હતો, ને તેથી તે આવે ત્યાં સુધી બન્ને ત્યાં જ રહ્યાંઃ સુધીર વિષે ત્યાર પછી તેમણે કાંઈ સાંભળ્યું નહિ. પણ તે લલિતપટ્ટન તરફ ગયો છે, એટલા જ સમાચાર મળ્યા.

૨૪. કામિનીનો અભ્યાસક્રમ

કામિનીકુમારને કૂટસ્થે દક્ષિણ પ્રાંતના એક એકાન્ત પ્રદેશમાં રાખ્યો હતો. ભદ્રેશ્વરની ટેકરીઓ કરતાં આ સ્થળ ઓછું પરિચિત હતું અને વધારે એકાંતમાં હતું. આંહીં ઈરાવતી નદીનું ચોખ્ખું ઠંડું પાણી બારે માસ વહ્યા કરતું. ત્યાં આસપાસ દૂર સુધી ઝાડની ઘટા જામી ગઈ હતી. એક ટેકરી ઉપર કામિનીની પર્ણકુટી હતી અને ત્યાંથી દૂર સુધી નજર પહોંચતી. જ્યાં જુઓ ત્યાં હરિયાળાં નીલાંછમ ખેતરોમાં સ્વચ્છંદી મૃગો ચરી રહ્યાં હતાં, પક્ષીઓ કલરવ કરી રહ્યાં હતાં; ઝરા અને ઝરણાં રમતાં હતાં. અહીંયાં પટ્ટનની ધમાલ ન હતી, પટ્ટનનો વૈભવ ન હતો, તો પટ્ટનનું વેશ્યાભવન પણ ન હતું: પટ્ટનની સમૃદ્ધિ ન હતી, તો પટ્ટનની આભાસ પ્રગતિ પણ ન હતી. આરામ અને આનંદ; શાંતિ અને સ્વાધીનતા; સ્થિરતા અને વિકાસ. ઉપર આસ્માની રંગનું નિર્મળ આકાશ ખીલી રહ્યું હતું; નીચે આસ્માની રંગનાં ઘેરાં જળ થંભી ગયાં હતાં. ઈરાવતીના કિનારા પર હજારો બતકો આમથી તેમ નાની હોડીની જેમ હલેસાં મારી રહી હતી. જળકૂકડી અને તેનાં બચ્ચાં ડૂબકી દા રમી રહ્યાં હતાં; મયૂરો ઢેલ સાથે નૃત્ય કરી રહ્યા હતા; ગુલ્મોના ઢગલા પર ભ્રમર પોતાનો એક જ મધુર સ્વર કરી નાચતા હતા. જ્યાં જુઓ ત્યાં કુદરત, પોતાના પુષ્કળ સૌંદર્યથી, વિલાસથી અને ઘેલછામાં, વિશાળતા અને વૈભવમાં, મોહક ભાવમાં અને અનુપમ શાંતિમાં, નાચી રહી હતી ! ઝરા પાસે એકાગ્ર ચિત્તથી બેસનાર મધુર સંગીત

સાંભળે; પણ આકાશ સામે જોઈ રહેનાર અનંતતામાં ઊતરી જાય! ગમે ત્યાં દૃષ્ટિ કરો દૃષ્ટિ પાછી જ ન ફરે, એટલી મોહિની સ્થળે સ્થળમાં હતી. આવું અનુપમ રમ્ય સ્થાન ત્યાં ઈરાવતીના કિનારા ઉપર હતું. ત્યાંથી થોડે દૂર એક ઊંચી ટેકરી હતી. એ ટેકરી ઉપર એક પર્ણકૂટીમાં કામિની રહેતો હતો. અને વારંવાર સાંજરે ત્યાં બેસી ખુલ્લા આકાશની ભાષા શીખવા પ્રયત્ન કરતો! એ હવે આકાશની ભાષા સમજતો હતો. કુદરતનું સૌન્દર્ય જોઈ શકતો હતો.

કૂટસ્થે એને માનસિક યોગનો અભ્યાસક્રમ દર્શાવ્યો હતો. તે એક પછી એક હૃદયની કળા વિકસાવતો હતો. અત્યારે એનું જીવન નિર્વિકારી અને શાંત હતું. ચારે તરફ શાંતિનો સમુદ્ર છલકાઈ ગયો હતો. કુદરતના અનંત સ્વરૂપમાં એ એક જ દૃશ્ય જોઈ રહ્યો હતો. ભ્રમર ફૂલ ઉપર ગુંજારવ કરે ત્યાં પણ વિલાસને બદલે વિરાગ અનુભવો રહ્યો હતો. એકાંત સ્થળથી એની સર્વ ચિત્તવૃતિ એનામાં લય પામતી હતી. અને કૂટસ્થનો શિષ્ય એક પછી એક પગથિયાં વટાવી આગળ વધતો હતો.

કામિની માત્ર દૂધ પીતો હતો. કયારેક પુષ્પ અને ફલાહાર ઉપર રહેતો. અને પાસેના ગામડા રતનપુરના રબારી, પડોશમાં આવો યોગી રહે છે એ ગર્વમાં, કયારેક પોતાના વારા પ્રમાણે, સવારે કામિનીની પર્ણકૂટીમાં દૂધ પહોંચાડતા. કામિની તે વખતે જંગલમાં હોય, અભ્યાસમાં હોય કે વખતે ઈરાવતીના કિનારા ઉપર સંગીત સાંભળતો બેઠો હોય. ધીમે ધીમે એની અવસ્થા કુદરતમય થતી હતી. લોકોના સંસર્ગથી એ દૂર થતો જતો હતો. એની વિચારસમૃદ્ધિ શાંતિભરી હતી. એની ભાવના પવિત્ર બનતી હતી. એની લાગણીમાં શ્રદ્ધાનું જોમ આવતું હતું.

એક દિવસ, કામિની ઈરાવતીના કિનારા ઉપર સાંધ્ય કર્મ કરતો બેઠો હતો. એક પછી એક શબ્દો શાંત થતા જતા હતા અને કોઈ અનંતતાના ઊંડાણમાં પેસી કામિની કુદરત સાથે વાત

કરી રહ્યો હતો. એની ભીની અને રસભરી દૃષ્ટિ ઈરાવતીના જલ-ઉપર સ્થિર હતી. એટલામાં એણે પોતાની પાસે કૂટસ્થને ઉભેલ જોયો. કામિની ચરણમાં લોટી પડ્યો. કૂટસ્થ ત્યાં નીલા ઘાસની શય્યા ઉપર જ બેઠો. તે પોતાના પ્રિય શિષ્ય તરફ જોઈ રહ્યો. અત્યાર સુધી કામિની પોતાના દરેક પાઠમાં વિજય પામ્યો હતો. હવેનો અભ્યાસ વધારે કઠણ હતો. કામિની હજી સુધી પોતાના સ્વભાવને અનુકૂળ વાતાવરણમાં કામ કરી રહ્યો હતો. કુદરતમાં ઐશ્વર્ય ને દિવ્ય અંશ જોવાનો એનો સ્વભાવ હતો. એ શબ્દોના સંગીતમાં અનંતતાની નિશાની જોઈ રહ્યો હતો. આટલી પ્રગતિ એના સાહિત્ય અને લલિતકલારસિક સ્વભાવને અનુકૂળ હતી. પણ હવે એના જીવનમાં નવો ફેરફાર કરવાનો હતો. વાતાવરણને અનુકૂળ સ્વભાવ બનાવવાનો. અત્યાર સુધી એ કુદરત અને કલાનો અભ્યાસી હતો. હવે એને કલાનું ભાવાંતર માનસિક યોગમાં કરવાનું હતું. કલાને આત્માના વિભવમાં લય પમાડવાની હતી. કૂટસ્થ આજે કામિની સામે શાંત બેઠો.

'કામિની! હવે તારે ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ સુધી પર્ણ-કુટીમાં એક જ અભ્યાસ ઉપર ચિત્તવૃત્તિ સ્થિર કરવાની છે. હજી તારી વૃત્તિમાં અનેક સ્વરૂપ—જો કે ઉત્તમ સ્વરૂપ—દેખાય છે, પરંતુ હવે તારા માનસિક વાતાવરણમાં માત્ર એક જ દૃશ્ય દેખાય ને બીજું બધું ભૂલી જવાય, એવો જબ્બર સંયમ સાધવાનો છે. જેટલી તારી ચિત્તવૃત્તિ વધારે સ્થિર, તેટલું વધારે સ્પષ્ટ પ્રતિબિમ્બ. ઘેલા મુસાફર! તારી મુસાફરી હવે જ શરૂ થાય છે. ઈરાવતીના સ્થિર જલતરંગમાં તેં સૂર્યનું પ્રતિબિમ્બ જોયું છે? કેટલું સુંદર હોય છે?

'તારા શાંત તરંગમાં આત્માનો વિભવ વધારે રમ્ય લાગશે. તારે એ શાંત તરંગવૃત્તિ કેળવવાની છે. એને માટે પહેલા ત્રણ દિવસ તારે તદ્દન શાંતિના ગાળવાના છે. યાદ રાખજે, તારા પર તારો કાબુ એ વિજયનું છેલ્લું પગથિયું છે, અને તેથી એ ઘણું

મુશ્કેલ છે. આજે તારી સમક્ષ અનેક રમ્ય દૃશ્યો આવશે. તારે એ દૃશ્યો ઉપર ચિત્ત દોરવાનું નથી; તારી કલ્પના તને મૂંઝવશે; તારે એ કલ્પનાતીત પ્રદેશમાં જવું છે. આસ્માની ગોળ નયનોની વિદ્યુત્ કલા ચમકાવશે, તારે એ કલાના મૂળમાં જવાનું છે. હું જાઉં છું તારી ચિત્તવૃત્તિ સ્થિર થયે, તને કલ્પનાતીત પ્રદેશમાં રમવાની ટેવ પડે, તે પહેલાં તારે એક સહાય્યની જરૂર પડશેઃ તે સહાય્ય આ '–

આટલું બોલી કૂટસ્થે પોતાની પાસેની એક પથ્થરની સુંદર નાની ડબ્બી કાઢી. એમાંના રસની સુગંધથી, આસપાસનું વાતાવરણ મહેકી ઊઠ્યું. ને કેટલાંક રાત્રિનાં સૂનારાં ફૂલો પણ જાગી ઊઠ્યાં.

' તને કલ્પનાતીત પ્રદેશમાં જરૂરી મદદ દેવી પડે ત્યારે આ દિવ્ય વસ્તુનો ઉપયોગ છે. પરંતુ યાદ રાખજે, ચિત્તવૃત્તિ સ્થિર થયા પહેલાં આ દિવ્ય વસ્તુનો ઉપયોગ કરવાનો નથી. કારણ કે તો એ પોતે જ વિષ છે, ભ્રમ છે, મોહ છે. ચિત્તવૃત્તિ સ્થિર થયા પછી જ એ અમૃત છે. ત્યાર પછી જ તું કાંઈક દિવ્યત્વની ઝાંખી કરવાની અભિલાષા રાખજે. હું તને ફરી ચેતાવું છું. હવે તારે મન, બહારની દરેક વસ્તુ વધારે મૂલ્યવાન બનશે. કારણ કે તારે બહાર જવાનું નથી. પરંતુ તારા ઉપર તું કેટલો કાબૂ મેળવે છે, એ ઘટના ઉપર તારો વિજય લટકે છે ! બસ, હવે જા, અને તારી પર્ણકૂટીમાં સ્થિર થઈ બેસ. '

કામિની એક પણ શબ્દ બોલ્યા વિના ઊઠ્યો. ને પોતાની પર્ણકૂટીમાં ગયો. આજે એની પહેલી રાત્રિ હતી. એણે પાછું વળી જોયું તો કૂટસ્થ ત્યાં હતો નહિ. પણ અદ્ભુત શક્તિ મેળવવાનો આ પ્રયાસ કેટલો વિકટ છે એનો પૂરો ખ્યાલ હજી એને ન હતો.

કામિનીએ પોતાનો અભ્યાસક્રમ શરૂ કર્યો. તે શાંત ચિત્તથી પોતાની પર્ણકૂટીમાં બેઠો. તેનું મન શાંત હતું.

રાત પસાર થઈ ગઈ. સવારમાં થોડીવાર તે બહાર આવ્યો.

ઘણે દૂર પૂર્વમાં સૂર્યનું પ્રતિબિંબ ચડતું આવતું હતું. છેટેથી રબારીની વાંસળીના સૂર બહુ જ ઝીણા સંભળાતા હોવાથી, ઘણા જ સુંદર લાગતા હતા. ટેકરી ઉપર કોઈ બાઈ દૂધનું પાત્ર લઈને શ્રમ લઈને ચડતી તે વખતે કામિનીની નજરે પડી.

ગુલાબ અને ઇંદિરા અહીંયાં રબારીના નેહમાં રબારી બની રહ્યાં હતાં. ઇંદિરાને આ વેષ બરાબર ભળી ગયો. ત્યાંના સામાન્ય જીવનવ્યવહારમાં પણ ભાગ લેવો શરૂ કર્યો હતો. એ કોઈક દુઃખનાં માર્યાં આવ્યાં છે એટલું જ લોક જાણતાં.

જાડા ઘાબળામાં પોતાનું મનહર મુખ છુપાવી, ગુલાબ અપ્સરા જેવી ચાલતી આવતી હતી. તેનાં દૃઢ સ્નાયુ, ગોળમટોળ છાંયવાળાં ચક્ષુઓ, અને તદ્દન નિર્દોષ હાસ્ય કરતું રમ્ય મોં. એના ચાલમાં મોહક માદકતા હતી. આ દૃશ્ય તરફ કામિની બે ઘડી જોઈ રહ્યો. ગુલાબ ઝપાટાબંધ ઉપર આવતી હતી, તે કામિનીને જોઈ જરાક સંકોચાણી. એણે પોતાનો જાડો ઘાબળો જરાક સમાર્યો. પરંતુ એમ કરતાં સ્ત્રીને સહજ લાવણ્યની વિશેષ ખૂબી એ અટકાવી શકી નહિ. કામિની તો ગુલાબ તરફ જોઈ રહ્યો. એણે એને બાસ ઓળખ્યો નહિ. ગુલાબે, પાસે આવી બે હાથે નમન કર્યું ને પર્ણકુટીમાં દૂધનું પાત્ર મૂકીને પાછી ફરી. તે જ વખત, કોણ જાણે કેમ, માનસિક યોગનો અભ્યાસી, એક શબ્દ બોલ્યા વિના ન જ રહી શક્યો;

'તમે કોણ છો ? કેમ પાછાં ફર્યાં ?'

ગુલાબનો મધુર રૂપાની નિયમિત ઘંટડી જેવો સંગીતસ્વર સંભળાયો.

'મહારાજ ! એ તો હું, આંહી રતનપુરમાં રહું છું.'

'તમે આંહી નવાં લાગો છો !'

'અમે હમણાં જ રહેવા આવ્યા છીએ.'

'તમારું નામ ?'

'નાનુ!' ગુલાબે પોતાનુ નવું નામ આપ્યું. કામિની પોતે ન સમજી શકે એટલો નીચે ઊતરી ચૂકયો હતો. તેણે ફરી પૂછ્યું:

'તમે કયાં રહો છો?'

ગુલાબે રબારીઓ પાસેથી મહારાજની કીર્તિ સાંભળી હતી. નીચે મોંએ ધીમેથી જવાબ આપ્યો:

'આ ઈરાવતીના જલધોધની પેલી બાજુ અમારો નેહ છે!'

કામિની વધુ કાંઈ બોલ્યો નહિ. તેણે પોતાની દૃષ્ટિ ખેંચી લીધી. કામિનીએ ઘડીભર ટેકરી પરથી ચારે તરફ દૃષ્ટિ ફેરવી. કુદરતના મનહર દૃશ્યથી એ કાંઈક ઠંડો થયો. ઈરાવતીના જલધોધ તરફ એ ગયો. ત્યાં નાહ્યો અને પાછો પોતાની પર્ણકુટીમાં આવી નિરાંતે સ્થિર થઈ ને બેઠો.

કામિની સ્થિર બેઠો, પરંતુ એની સ્મૃતિમાં, ગુલાબનો મધુર ચહેરો, નિર્દોષ ભાવ, અને રમ્ય સ્વર આવ્યાં કરતાં હતાં! એ શું? અને એ જ વખતે એના હૃદયમાં બહારના જગતની સુંદરતા વધારે ને વધારે ઠરવા લાગી હતી. કૂટસ્થ તેના તરફ ઠપકા ભરી આંખે જોઈ રહેતો હોય તેમ તેને લાગ્યું. પણ સાયંકાળ સુધી પોતાની પર્ણકુટીમાં શાંત રહી એણે માનસિક યોગનું પ્રકરણ બરાબર સિદ્ધ કરવાનો યત્ન કર્યો.

સાંજ પડી. આકાશમાં અનંત તારા ડોકિયાં કાઢી અનેક ભાષા બોલી રહ્યા. નીરવ શાંતિથી જગત છવાવા લાગ્યું. કામિની પર્ણકુટી બહાર આવ્યો. એ હવે શાંત બનતો જતો હતો. ભવ્ય બનતા આકાશ તરફ તેની દૃષ્ટિ ફરતી હતી. મંદ અને સુગંધી પવન આવતો હતો. કામિનીના હૃદયમાં એ વખતે એક નવી કલ્પના ઊઠી. જે રસથી કલ્પનાની ભૂમિમાં ઊડવાનું છે, તે રસનુ પાન તરત જ કર્યું હોય તો?

મનુષ્યનો શત્રુ મનુષ્ય પોતે જ છે. કામિની હવે જ્યારે પર્ણકુટીમાં ગયો ત્યારે આ વિચિત્ર આશ્ચર્ય નીરખવાની આતુરતાથી જ

એનું હૃદય ભર્યું હતું.

એણે ઘડી ભર તો મન સ્થિર કર્યું. પરંતુ સ્થિર કરેલું મન બમણા વેગથી તેના તરફ ધસ્યું. જ્યાં સુધી મનમાંથી આશાનો છેલ્લો અંકુર નાશ પામે, ત્યાં સુધી મન પોતે જ ફલદ્રુપ જમીન જેવું છે. એ મન અનેક ઘાટ ઘડી શકે. કામિનીએ અંતે વિચાર કર્યો કે ગુરુદેવે મને આ ડાબલી આપી મારી ચિત્તવૃત્તિ વધારે અસ્થિર કરી છે. એ ડાબલીનો એક વખત સ્વાદ લીધા પછી તેના પરથી મન ઊડી જશે. ચિત્ત સ્થિર કરતાં હમેશાં પ્રથમ વસ્તુમાંથી સ્વાદ નાશ પામવો જોઈએ. કામિની પોતાના આસન ઉપરથી ઊઠ્યો ને ગુરુદેવે આપેલો ડબ્બીને વધારે આશ્ચર્યથી જોવા લાગ્યો, સુંઘવા લાગ્યો. સ્વાદ લેવા લાગ્યો. એમાંથી વહી રહેલી મત્ત સુગંધના પ્રવાહે, જાણે આસપાસની તમામ વનસ્પતિ સૃષ્ટિને મોહક નૃત્ય કરતી બનાવી દીધી હતી. ફૂલની પાંદડીઓ વિકસિત થતી હતી. કળીઓ જાણે પોતાનું સ્મિત નિરખી રહી હતી. પાંદડીઓને ફૂલરૂપ થઈ જવાનું સ્વપ્ન આવતું હતું.

આ રસના પાનમાં કામિની લુબ્ધ બન્યો. જ્યારે રસ પૂરો થયો ત્યારે તેના મગજ ઉપર ભાર લાગ્યો. તેને લાગ્યું કે એક સારી નિદ્રાની જરૂર છે. તે તરત સૂતો ને સવારે ઊઠ્યો ત્યારે સૂર્યનાં રમતાં કિરણો એક તરફની જાળીમાંથી પર્ણકૂટીનો અંધકાર ભેદી રહ્યાં હતાં.

કામિની બહાર આવ્યો. ત્યાં સામેથી ગુલાબ ફરીને માયા ફેલાવતી જાણે આવતી હતી. કામિનીને પોતાનો અભ્યાસક્રમ વિસારે પડ્યો હતો. રસના પાન પછી એની બુદ્ધિ ઉપર એક જાતનો મોહનો પડદો આવ્યો હતો.

ગુલાબ આવી. તેજની સુંદર મૂર્તિ જેવી! કામિની જોઈ રહ્યો; ગોળ આસ્માની છાંયવાળી આંખ જોઈ રહ્યો. તે ધીમેથી બોલ્યો, અત્યારે એના બોલવામાં મોહની સ્પષ્ટ છાયા હતી:

'આજ તો કાંઈ મોડાં આવ્યા છો ?'

'હા મહારાજ ! આજે જરા મોહું છે.' ગુલાબે જરાક સ્મિત કરીને ઉત્તર આપ્યો.

કામિનીએ ગુલાબ તરફ જોયું. ગુલાબે તેના તરફ જોયું. બોલ્યા વિના સમજી શકાય એવા અનેક મૂંગા શબ્દો નિકળવા મંડ્યા. ગુલાબ ઘૂજી ઊઠી. તેની પવિત્રતાની મર્યાદામાં કંલક આવતું લાગ્યું.

'નાનુ !' —કામિની બોલ્યોઃ 'નાનુ ! આ વેષ સારો નથી લાગતો હોં !'

ગુલાબના ચહેરા પર ફિક્કાશ આવી. પણ મહારાજનું પાણી માપવાનો નિશ્ચય કર્યો.

'ભગવો વેષ તો બાપુ ! આપ પહેરાવો ત્યારે શોભે !'

કામિની જરાક મલકાયો :

'હા હા, નાનુ ! આવ, મારો ભગવો અંચળો તને વધારે શોભશે !'

ગુલાબ કાંઈ બોલી નહિ, જરાક સ્મિત કરીને ચાલી ગઈ. થઈ રહ્યું. હવે કામિનીની વિવેકશક્તિ ગુમ થઈ હતી. તે તરત જ ગુલાબની પાછળ ચાલ્યો. ગુલાબે તે જોયું. તે કાંઈ બોલી નહિ. ઈરાવતીના કિનારા પર બન્ને ભેગાં થઈ ગયાંઃ કામિની બોલ્યોઃ

'નાનુ, કયાં ચાલ્યાં ? હું તમારી સાથે આવું છું ને ?'

'કેમ મહારાજ, આજ કાંઈ આ બાજુ કામ છે ?'

'બસ હવે તારી પર્ણકુટી જોવી છે.'

'સારું મહારાજ ! પધારો,'

'ગુલાબ ધર્મસંકટમાં આવી, પણ તે ચતુર હતી. તેણે ધીમેથી કહ્યું: 'મહારાજ ! એટલા પરિચયમાં કાંઈ મન માને ? હજી હું અહીંજ છું ને તમારે ત્યાં હંમેશ આવીશ. હમણાં પાછા વળો. જુઓ આ અમારી ઝૂંપડી !'

સામે મેદાનમાં ગુલાબનું ઝૂંપડું હતું. ફળીમાં ઉંદિરા બાટલા

ઉપર બેસી કોઈ રબારી સાથે વાત કરતી હતી. કામિની આજે ત્યાંથી પાછો વળ્યો પણ તેનું હૃદય ભારે વ્યથાથી મૂંઝાતું હતું: ઘડીઘડીમાં એની સમક્ષ ગુલાબનો ચહેરો આવીને ઊભતો હતો. દરેક પળે ગુલાબ આવશે એવી મિથ્યા આશા થતી હતી: દરેક નિરાશાથી એ વધારે ને વધારે વ્યગ્ર બનતો હતો. તે ત્યાં ઘણીવાર ભટકયા પછી મોડેથી પર્ણકુટીમાં પાછો વળ્યો. ગુલાબ પાછી આવી ત્યારે ઇંદિરા હજી રબારી સાથે વાત કરતી હતી:

'અને તો માલદેવ આ બાજુ આવશે એમ? ચોક્કસ છે?' ઇંદિરા પૂછતી હતી.

'આવેલ જ છે. દક્ષિણપ્રાંતમાં મહારાજ કુમાર પ્રતાપમલ્લ દેવે એક ઝપાટો માર્યો. એથી આ ઈરાવતી સિવાય બીજું કોઈ તેને હવે સંધરે તેમ નથી.' રબારી બોલ્યો.

'ત્યારે પ્રતાપમલ્લ હાલ ક્યાં છે?' ઇંદિરાએ પૂછયું.

'આંહીથી ગાઉ ઉપર જ તેનો મુકામ પડેલ છે.' રબારીએ કહ્યું. રબારી ત્યાર પછી ચાલતો થયો. ઇંદિરા વિચાર કરતી થોડીવાર બેઠી રહી. ગુલાબ પણ આજે ચિંતામાં હતી. તેનું મન કામિનીના બનાવથી વ્યગ્ર બન્યું હતું,

'શું વિચારમાં છે?' ઇંદિરાએ એને પૂછયું.

'એક વખત પટ્ટન પાછું જવું છે.' ગુલાબે જવાબ આપ્યો.

'અરે ઘેલી! તારું મન જ સ્થિર નથી કે શું? પટ્ટન જઈને હવે શું કરવું છે?'

'કેમ શું? એક વખત અનંતની સ્મશાનભૂમિમાં ગયા વિના મને આરામ નહિ મળે:' ગુલાબ એટલું જ બોલી શકી. અને તેના ચહેરા પર ગ્લાનિ ફેલાઈ ગઈ.

'ગાંડી! આમ શોક કરવાથી ફલ શું? જો આંહીં મજા છે. આ રબારીઓ આપણું માન જાળવે છે, પાસે યોગી જેવો યોગી રહે છે!'

ગુલાબ મનમાં યોગીના ગુણ સમજતી હતી. તે મોટેથી કાંઈ બોલી નહિ. માત્ર એટલું કીધું કે 'તમે પ્રતાપમલ્લને મળવા જાઓ તે દરમ્યાન હું ગુપચુપ પટ્ટન જવાની છું, અને તેમ કરવા માટે કાલે સવારે જ સાધ્વીના વેશમાં ઉપડવું છે.'

ઈંદિરાએ એ વખતે બહુ આનાકાની ન કરી. ને બીજે દિવસે સવારે વહેલાં ગુલાબ સાધ્વીના વેષમાં પટ્ટન જવા ઉપડી પણ ગઈ હતી. કામિનીએ સવારમાં તેની ખૂબ રાહ જોઈ, ટેકરી પરથી દૃષ્ટિ ફેંકી તે નીચે ઊતર્યો, ને ગુલાબને આવવાના રસ્તામાં ફર્યો પણ ગુલાબનો પછેડો કયાંય ફરતો ન લાગ્યો. તે ધીમે ધીમે તેના નેહ તરફ જવા ઉપડ્યો ને ગઈ કાલે ગયો હતો ત્યાં સુધી પહોંચ્યો પણ ઝૂંપડી તદ્દન ખાલી હતી. તે હિમ્મત કરી ઝૂંપડી સુધી પહોંચ્યોઃ બારણું હડસેલ્યું, માત્ર બેચાર કપડાં સિવાય ઝૂંપડીમાં બીજું કાંઈ હતું નહિ. ગુલાબના ગયા પછી ઈંદિરા પણ પ્રતાપમલ્લને મળવા માટે ઝૂંપડી છોડી ગઈ હતી.

કામિની હતાશ હૃદયે ગુમસૂરીતે પાછો ફર્યો. તેની સ્મૃતિમાં ગુલાબની મૂર્તિ વધારે ને વધારે હસતી ગઈ. હવે જેમ જેમ ગુલાબને ભૂલવાનો એ પ્રયત્ન કરતો હતો, તેમ તેમ એનું મુખારવિંદ વધારે ને વધારે સ્પષ્ટ નજર સમક્ષ તરતું હતું. કામિની આજે હવે ગુલાબ પાછળ ઘેલો હતો. તે એની શોધમાં પટ્ટન તરફ રવાના થયો.

તે વેગથી સાધુના વેષમાં પટ્ટન તરફ ચાલવા લાગ્યો. સાંજ પડવા આવી ત્યાં સુધી એ ચાલ્યો. સાંજરે એક નદીના કિનારા પર તે ચાલ્યો જતો હતો, ને સામે જ ધર્મશાળા હતી. પરંતુ સામેનું દૃશ્ય જોઈ એ હતો ત્યાં થિર થઈ ગયો. એનામાં પાછળ જવાની કે આગળ વધવાની તાકાત ન હતી. કૂટસ્થ તેની સામે જ ઊભો હતો. તેણે માયા ભરેલી રીતે કહ્યું. 'કામિની! આંહી આવ., કામિની આગળ વધ્યો નહિ. સ્વર ફરી આવ્યોઃ 'કામિની આંહી આવ!' કામિની ત્યાં આગળ ગયો. કૂટસ્થે તેના મોપર

હાથ ફેરવ્યો; તેની સામે જોયું: એક તીવ્ર ભેદી દૃષ્ટિથી એને વિંધ્યો. કામિની ફિક્કો પડી ગયો.

'કામિની ! તને હું એક છેલ્લો શબ્દ કહેવા આવ્યો છું. તું ગુપ્ત વેષમાં તારે ગામડે હવે પહોંચી જા. પ્રગટ થવાથી તને હાનિ છે. તું નાનુની પાછળ પટ્ટન જાય છે, તે નાનુ ગુલામ છે. તું હવે આંહીથી પરબારો તારે ગામડે જા ! અને ઓ લાગણીપ્રધાન મનુષ્ય ! તું ઉત્તમ સાહિત્યકાર ને અધમ યોગી છે. તારો વિકાસપંથ હજી ઘણો લાંબો છે ! તું લાગણીને વિકાસક્રમ તરફ દોરી જા. હવે તું પટ્ટન તરફ ન જતો. ગુલામ તો તારી બહેન જ ગણાય, ઘેલા માણસ ! હજી તું ઉત્તમ મનુષ્ય છો ને તેવી રીતે તારો ઉપયોગ છે. જા.'

કામિની બોલ્યા વિના ચાલતો થયો. ને તરત જ કૂટસ્થ ત્યાંથી ઇરાવતીના કિનારા તરફ જવા રવાના થયો.

૨૫. પવિત્રતાની મર્યાદા

કુમિનીને પોતે ચેતવણી આપી હતી. છતાં કાંઈક અદ્‌ભુત કરી નાખવાના લોભમાં એ હતો ત્યાંથી પણ પડ્યો હતો. એને રવાના કર્યા પછી કૂટસ્થ ઈરાવતીના પ્રદેશમાં આવી પહોંચ્યો. ત્યાં લોકોમાં ને રબારીઓમાં માલદેવના સમાચારથી ખળભળાટ જામી રહ્યો હતો.

ગુલાબના ગયા પછી ઇંદિરા પ્રતાપમલ્લની શોધમાં નીકળી હતી. રહેવાનું તો પોતાના નેહમાં જ રાખી, પ્રતાપમલ્લના મુકામની આસપાસ એ ફરવા લાગી. દક્ષિણપ્રાંતમાં માલદેવની રાડ હતી, પણ પ્રતાપમલ્લ આવેલ છે એ સાંભળીને લોકો નિર્ભય બની ગયા હતા. લોકોમાં અત્યારે પ્રતાપમલ્લના નામનો યશધ્વનિ જામી રહ્યો હતો. માલદેવનાં માણસો ગુફાઓમાં ભરાઈ બેઠાં હતાં. આસપાસ ઘાટું જંગલ હતું. ગાઉના ગાઉ સુધી રસ્તો તો એવો વિકટ હતો કે કોઈ સૈનિક ત્યાં જવાની હિમ્મત પણ કરે તેમ ન હતું. આવા વિકરાળ પ્રદેશમાં માલદેવ પોતાનો મુકામ નાખી પડ્યો હતો. પ્રતાપ-મલ્લ એને હંફાવવા ચારે તરફ બંદોબસ્ત કરી રહ્યો હતો.

માલદેવે પોતાનાં માણસોને એવાં સુવ્યવસ્થિત ગોઠવ્યાં હતાં, કે પ્રતાપમલ્લનો કોઈ સૈનિક ત્યાં ફરકી શકે તેમ ન હતું. ઈરાવતીના જળપ્રવાહની પેલી પાર થોડે સુધી પાણીનું સરોવર ભર્યું હતું. ત્યાં આગળ વિશાળ વૃક્ષોની ઘાટી વટા જામી હતી, ને ગુફાઓ ને પર્વતની ખોમાં માણસો સમાઈ જાય તેમ હતું. પ્રતાપમલ્લ આ

પ્રદેશને ચારે તરફથી વીંટી રહ્યો. તેણે સખ્ત જાપ્તો રાખવા માંડ્યો. ત્યાં રબારીમાં પણ પોતાના વિશ્વાસુ માણસો મારફત માલદેવને કાંઈ મદદ ન મળે તેવો બંદોબસ્ત કર્યો. માલદેવ અને પ્રતાપમલ્લની ખરી હરીફાઈ હવે શરૂ થઈ. માલદેવે એક દિવસે ખુદ પ્રતાપમલ્લના જ તંબુમાંથી સામગ્રી ઉપાડી લીધી. બીજે દિવસે સરદારસિંહે માલદેવને પકડવાનું બીડું ઝડપ્યું. માલદેવને આ ખબર પડતાં, તે ઈરાવતી ઊતરી, સરદારસિંહની પાછળ જ આવી ગયો. આસપાસ ગામડામાં ભયાનક પોકાર થઈ રહ્યો હતો. સાંજ પછી પોતાના ઘરની બહાર કોઈ નીકળતું નહિ. માલદેવ વિષે અનેક સાચીખોટી, અતિશયોક્તિભરી વાતો ચાલ્યા કરતી હતી. માલદેવને સૌ ખરો શૂરવીર માનતા હતા. બ્રાહ્મણ, સ્ત્રી અને સાધુઓને જુએ કે તરતજ માલદેવનાં હથિયાર મ્યાન થતાં કહેવાતાં. સરદારસિંહનો પોતાનો જનાનો ઈરાવતીથી પટ્ટન જતાં, માલદેવના હાથમાં આવ્યો. માલદેવે સરદારસિંહની સ્ત્રીને પોતાની બહેન ગણી, એક સુંદર મોતીનો હાર બક્ષિસ આપ્યો અને કહેવરાવી મોકલ્યું કે: 'સરદારસિંહને કહેજો કે ઈરાવતીનો સિંહ હાથ આવનાર નથી! અમે મૃત્યુ સાથે લઈ નીકળ્યા છીએ. તમારું હૃદય મૃત્યુથી ધ્રૂજે છે.'

માલદેવની પર્વતની ગુફાઓ પાસે સરદારસિંહ આવી પહોંચ્યો હતો. સામે ઈરાવતી, મોટા જોસથી, ઘણી ઊંચી ભેખડો વચ્ચે વહેતી હતી. આ બાજુ વાંસનાં ઘાટાં જંગલમાંથી વાઘના અવાજ આવતા હતા, અને અનેક ઝરણાંથી આખો પ્રદેશ છવાઈ ગયો હતો. પાછળ ઘાટું જંગલ ને તેની પાછળ પ્રતાપમલ્લ સહાયક લશ્કર લઈ પડ્યો હતો. મોટા મોટા ટેકરા ને ખીણોથી સર્વ પ્રદેશ ભયંકર લાગતો હતો.

સરદારસિંહે કાલે શી રીતે આગળ વધવું, તે મુખ્ય સૈનિકો સાથે ગોઠવી લીધું. રાત્રિ પડી હતી ને ઘોર અંધારું આ જંગલમાં વધારે ઘોર બન્યું હતું. પાસેથી વાંસનો બીહામણો ખખડાટ સરર

કરી ચાલ્યો આવતો હતો. સરદારસિંહ મોડી રાતે સૂતો. પણ થોડીવાર પછી અચાનક અવાજ થતાં નિદ્રામાંથી જાગી ઊઠ્યો. તેણે બહારનાં ચોકીદારોની તાપણીના ઝાંખા પ્રકાશમાં માલદેવને સશસ્ત્ર પોતાની સન્મુખ ઉભેલો જોયો. તે ગભરાયો, આશ્ચર્ય પામ્યો; પોતાની તરવાર ઉપર હાથ નાંખવા ગયો.

'સરદાર ! શાંત થા.' માલદેવે આજ્ઞાદર્શક અવાજે સરદારને કહ્યું : 'હું કહું તે સાંભળી લે.'

સરદારસિંહે પોતાની સમશેર માટે ચારે તરફ નજર ફેરવી. માલદેવ ચેતી ગયો. તેણે પોતાની તરવાર મ્યાનમાંથી બહાર કાઢી : 'સરદાર ! તું ત્યાંથી ઊઠીશ તે વખતે તારું મોત છે !'

સરદારસિંહના હાથ હેઠા પડ્યા. તેને નીચે મોંએ માલદેવ જે કહે તે સાંભળ્યા વિના છૂટકો ન હતો.

'સરદાર ! સાંભળ ત્યારે. આ ઈરાવતીનો ભયાનક પ્રદેશ છે. અહીં દિવસે પણ સશસ્ત્ર મનુષ્યો ફરી ન શકે, ત્યાં તું અડંગો જમાવવા બેઠો છે ! તારા આ વીરત્વનો હું મિત્ર છું. મૃત્યુની સામે થઈ શકે એવું તારું હૃદયબળ આમ હજાર બે હજાર રૂપિઆ માટે અન્યાયનો પક્ષ લઈ શકે છે, એ જ માત્ર આશ્ચર્ય છે. તું હથિયારના ખણખણાટથી ધ્રૂજતો નથી, પૈસાના ખણખણાટથી ધ્રૂજે છે. તું મૃત્યુથી ડરતો નથી; ચામરાજેન્દ્રની અવકૃપાથી ડરે છે. પણ અજયપાળનો પુત્ર જ્યારે ઈરાવતીના પ્રદેશમાં પડ્યો હોય ત્યારે પ્રતાપ સિવાય બીજાની મગદૂર નથી કે ત્યાં આવી શકે. એટલે તને હવે હું આહીંથી ચાલ્યા જવાની સલાહ આપું છું. તું તારું હૃદયબળ માત્ર પૈસા માટે જ ન વેચી દે. ન્યાય સામે શૌર્ય દેખાડવાનો આ સત્ય માર્ગ નથી.

'અને જો ! તારા અસંખ્ય સૈનિકોની વચ્ચે થઈને હું સશસ્ત્ર આવ્યો છું, તેમ જ શાંતિથી ચાલ્યો જઈશ. કાલે તારી અથવા પ્રતાપની સામે થઈશ.'

સરદાર દિઙમૂઢ બની ગયો. તંબુના મુખ્યસ્થંભ ઉપર માલદેવ ચઢી ગયો હતો. તંબુની એક તરફ, એક ચીરો પાડી, તંબુ ઉપર આવેલા ઝાડ ઉપર ચડી ગયો. દૂરના ઝાડ પર થોડાંક પાંદડાં અખડ્યાં, એક ધમાકો થયો, ને તરત ઝડપથી દોડતા ઘોડાના માત્ર પડઘા જ અંધારામાં સંભળાતા રહ્યા.

બીજે જ દિવસે આ સમાચાર પ્રતાપમલ્લને પહોંચ્યા. તે પોતે એકલો માલદેવની પાછળ પડ્યો. માલદેવ અને પ્રતાપમલ્લ અચાનક એક ઝરા પાસે ભેટી ગયા. પણ પ્રતાપમલ્લ પોતાની તરવાર કાઢી, ઘા કરે તે પહેલાં તો વીજળી જેટલી ઝડપથી, માલદેવની 'નીલમ' દોડી ગઈ. પ્રતાપમલ્લ તેની પાછળ પડ્યો. માલદેવની પવનવેગી 'નીલમ' પાસે પ્રતાપમલ્લનો અરબ્બી અશ્વ થાકવા લાગ્યો. છતાં ડુંગર, ટેકરા, નદી અને નાળાં વટાવી આ શરતમાં પ્રતાપમલ્લ લગભગ માલદેવની સમીપ આવી પહોંચ્યો હતો. આગળ ચાલતાં ઘાટું જંગલ પૂરું થતું હતું. ઈરાવતીનો જળપ્રવાહ વધારે ગંભીર અને શાંત બનતો હતો. ઈરાવતીના આ જળઘોઘથી ઉપરવાસ થોડે દૂર રતનપુરનો રમ્ય પ્રદેશ આવી રહ્યો હતો. અંહીઆં ઈરાવતીનો તટ વધારે પહોળો હતો. પાણી છીછરું બની જતું હતું ને પ્રદેશ વધારે સપાટ હતો.

માલદેવે 'નીલમ' ને આ બાજુ હાંકી મૂકી. પ્રતાપમલ્લ પાછળ પડ્યો. 'નીલમે' પોતાના સ્વામીને બચાવવા છેલ્લો યત્ન કર્યો. વચ્ચે એક વોંકળો આવ્યો. 'નીલમ' તે ઠેકી ગઈ. પ્રતાપમલ્લનો અરબ્બી અશ્વ પહોળો પટ જોઈ પાછો હટ્યો ને માલદેવની 'નીલમ' આગળ દોડની ઘડીમાં અદૃશ્ય થઈ ગઈ. પ્રતાપમલ્લ આ કિનારે એકલો રહી ગયો. તેણે પોતાનો ઘોડો ધીમેથી બાજુમાં ખસેડી ઈરાવતીના કિનારા પર હાંકયો. એક ભેખડ ઉપરથી નીચે ઉતરતાં તેણે જે જોયું તે જોઈ ને એ ઘડીભર ત્યાં જ થંભી ગયો.

આંહી ઈરાવતીનું પાણી શાંત હતું, ને તેને મળનાર એક

ઝરાના તટ પર, પાણીમાં પગને નચાવતી ઈંદિરા ત્યાં બેઠી હતી. તેના રેશમ જેવા કાળા, લાંબા કેશ ખભા પરથી નીચે ને ત્યાંથી ઠેઠ જમીન સુધી લટકી રહ્યા હતા. હજી તે રથારણના વેષમાં જ હતી. પરંતુ તેનું લોકોત્તર સૌન્દર્ય, ચારે તરફના પ્રદેશમાં છાપ પાડી રહ્યું હતું. પાણીમાં પોતાના કિરમજી રંગની પાની પર માછલાં દોડતાં આવતાં હતાં, તે જોવા પોતાના બે હાથ ગોઠણ પર ટેકાવીને ઈંદિરા જરાક નીચે નમી રહી હતી. આખા શરીરમાંથી ઊઠતો લાવણ્યનો પ્રવાહ, જળતરંગ પેઠે નાચી રહ્યો હતો.

પ્રતાપમલ્લ આ દૃશ્ય જોઈ ઘડીભર ખંચાયો. ઈંદિરાની દૃષ્ટિ આ અજાણ્યા પ્રદેશમાં આવનાર સવાર પર પડી, તે પહેલાં પ્રતાપમલ્લે કહ્યું:—'બ્હીતી નહિ ઈંદિરા! એ તો હું પ્રતાપમલ્લ છું!'

ઈંદિરાએ પોતાનું ઉત્તરીય વસ્ત્ર સમાર્યું ને પાણીમાંથી પગ ખેંચી લઈ બેઠી થઈ ગઈ. એનું કદાવર અને સપ્રમાણ શરીર પ્રતાપમલ્લની સામે શક્તિની મૂર્તિ જેવું ઊભું. 'તમે આંહીં કયાંથી?'

'હું? હું માલવદેવની પાછળ–પાછળ આવ્યો હતો.'

ઈંદિરા બ્રૂજી: 'માલદેવ? એ આંહીં છે?'

'હા, એની આ ગામડામાં બહુ જ રાડ છે.'

પ્રતાપમલ્લ, પોતાનો ઘોડો પાસે લાવ્યો. ઈંદિરા જરા સંકોચાણી.

'ઈંદિરા! હું તને જ શોધતો હતો. તું હતી કયાં?'

ઈંદિરાએ હસતાં હસતાં જવાબ આપ્યો: 'અમારું શું ઠેકાણું મહારાજ! અમે તો નેહનાં રથારી, તમે તો રાજા માણસ.'

પ્રતાપમલ્લ પણ હસી પડયો: 'પણ તું કયાં હતી, એ તો કહે!'

'બીજે કયાં?' ઈંદિરાએ ગંભીર બની જવાબ આપ્યો: 'હું હતી પૃથ્વીશ પાસે. કૂટરથે મને પહેલાં પુષ્કર બ્રહ્મચારી પાસે રાખી, પછી મુંજાવરને ત્યાં, ને હાલ છેવટના વખતમાં પૃથ્વીશની વાડીની ગુહામાં હતી.'

'તું પૃથ્વીશની વાડીમાં હતી ? ત્યાં બીજું કોણ કોણ છે ?'

'ત્યાં ? દેવયાની છે, કંચન છે, સુધીર હતો, ગુલાબ હતી, મોતીગર કોઇક છે. કોઇક મોતી જાન છે. ઘણા છે.' ઇંદિરાએ નિર્દોષ ભાવે વાત કરી દીધી.

પ્રતાપ આશ્ચર્યથી દિઙ્મૂઢ બની ગયો. તેણે પોતાના સિંહાસન ઉપર કૂટસ્થની ગદ્દા અદ્ધર લટકતી જોઈ.

'જો ઇંદિરા ! નીચે બેસ. હું તને બધી વાત કરું.'

ઇંદિરા નીચે બેઠી. પણ તેનો રમતિયાળ સ્વભાવ, પ્રતાપ પાસે પણ તે ભૂલી ન શકી. તેણે ફરી પોતાના પગ પાણીમાં નચાવવા શરૂ કર્યા. પ્રતાપ તેની પાસે બેઠો, ને પાણીમાં નાચતા તેના પગ તરફ જોઈ બોલવા લાગ્યો.

'જો ઇંદિરા ! મહારાજા ચામરાજેન્દ્રના સિંહાસન સામે પૃથ્વીશ મારા પછી જ રાજગાદીનો વારસ છે. જો મહારાજા ચામરાજેન્દ્ર મને પદભ્રષ્ટ કરે, કે જેમ કરવાનું મહારાજાને કારણ હતું, તો પૃથ્વીશ રાજા બને. કૂટસ્થ રાજગુરુ બને. દેવયાની અથવા કંચન રાજરાણી થાય ! આ તને કાંઈ ખબર લાગતી નથી.'

ઇંદિરા સ્તબ્ધ બની ગઈ. પૃથ્વીશ આટલો દુષ્ટ છે એ તેણે આજે જ જાણ્યું. છતાં તેના ઉપરનો પક્ષપાત તે છોડી ન શકી.

'તમે કેમ જાણ્યું કે પૃથ્વીશની એ અભિલાષા છે ?'

'હું તને ભોળવીને પૃથ્વીશને દગો દેવાનો નથી. હાલ પૃથ્વીશની જાગીર જપ્તીમાં છે તે પાછી આપવી છે, પણ કૂટસ્થ ને કામિની લોભમાં પડી ચામરાજેન્દ્ર સામેનું કાવતરું પડતું મૂકે એટલે બસ ! જો માલદેવ કેટલી ખુવારી કરી રહ્યો છે ?'

ઇંદિરાને વાત સાચી લાગી. અત્યાર સુધી તે આ વિષયમાં અજ્ઞાત હતી; માત્ર એટલું જ જાણતી હતી કે પૃથ્વીશ એનો ભાઈ અથવા ભાઈ જેવો છે, ને પોતે પ્રતાપમલ્લને મળે તો કૂટસ્થ તેથી નારાજ થાય છે. તે વધારે ગંભીર બની: 'હં, ત્યારે આજે સમજાયું

કે શા માટે કૂટસ્થ મને તમને મળવાની ના પાડતા હતા.'

'બરાબર, સુધીર અને ગુલાબ ત્યાં છે એમ તેં કહ્યું ના?'

'હા, હું, સુધીર ને ગુલાબ એક રાત્રે ગુપ્ત રીતે બહાર નીકળી આવ્યાં. ગુલાબ પટ્ટન ચાલી ગઈ. સુધીર પણ પટ્ટન ગયો.' ઇંદિરાએ આટલી વાત કરી, પણ પાછું તરત જ તેને લાગ્યું કે પોતે વિશ્વાસ-ભંગ કરી રહી છે. તે ધીમેથી બોલી. એનો દરેક શબ્દ પશ્ચા-તાપભર્યો હતો.

'પ્રતાપમલ્લ! મેં તમને જે વાત કહી તે વાત પરથી તમારે કોઈ ને શાસન આપવાનું નથી.'

પ્રતાપમલ્લ જરાક હસ્યો: 'હજી પણ તને મારા સ્નેહમાં અવિશ્વાસ છે, ઇંદિરા?'

'ના, અવિશ્વાસ નહિ, પણ રાજા કોનો મિત્ર?'

'ઇંદિરા, મેં તને આજ સુધી મારી હૃદયગુહામાં રાખી છે. હવે માલદેવ શરણે આવે એટલે તેને યોગ્ય શાસન આપી કૂટસ્થની ગુહા તપાસવી છે!'

ઇંદિરા ચમકી! 'પછી?'

'પછી, પૃથ્વીશને એનું યોગ્યપદ પાછું સોંપી, કૂટસ્થ અને કામિનીને દેશપાર કરવા ને એક વખત સર્વત્ર શાંતિ પ્રસારી દેવી!'

ઇંદિરા બેઠી થઈ ગઈ. એને લાગ્યું કે પોતે જે ગંભીર ભૂલ કરી હતી, તેનું પરિણામ સૌને વેઠવું પડશે.

પ્રતાપમલ્લે તેનો હાથ ખેંચી તેને નીચે બેસાડી: અને હસતો હસતો બોલ્યો: 'અરે દૂધવાળી! તું ક્યાં જાય છે?'

ઇંદિરાએ ફિક્કું હાસ્ય કર્યું: 'હું તમને મળવા જ બહાર આવી હતી; પણ આજે તમારા મિલન પછી મારું હૃદય બળે છે.'

'અવિશ્વાસથી કે અશ્રદ્ધાથી?'

'વિશ્વાસભંગથી.'

'વિશ્વાસભંગ? ઇંદિરા! તું ભૂલે છે. રાજવિરુદ્ધ જે ખટપટ

ચાલે છે, ને જેથી હજારો નિર્દોષ માણસો હમેશાં રહેંસાય છે, તે લડતનું મૂળ આજે તેં બતાવ્યું. હવે એ ગુહામાં કોઈ નહિ રહે અને તરત જ સર્વ સ્થળે શાંતિ થશે.'

'અને ચામરાજેન્દ્ર...' તે બોલતાં રૂક્યો. પ્રતાપમલ્લે તે જોયું. 'ઇંદિરા! હવે ખુલ્લા મનથી વાત કરી દે. શું છે ચામરાજેન્દ્રનું?'

'એનું ખૂન કરવા સુધીર તલપી રહ્યો છે!'

પ્રતાપમલ્લ ગંભીર બની ગયો. તેને લાગ્યું કે દાવાનળ ધાર્યા કરતાં વધારે ઊંડો છે. તે બોલ્યોઃ—

'ફિકર નહિ. એને માટે યશલાલને લખાઈ જશે.'

'ને' ઇંદિરા ઉતાવળથી બોલીઃ 'સુધીરને શિક્ષા નહિ મળે?'

'ચોકકસ નહિ. માત્ર તેને નુકસાન કરતાં અટકાવાશે'

ઇંદિરા ને પ્રતાપમલ્લ ત્યાર પછી ભૂતકાળની વાતો પર ચડ્યાં. પૃથ્વીશ સુરક્ષિત રહેશે એ જાણી ઇંદિરા બીજી બધી વાત સ્નેહના આવેશમાં ભૂલી ગઈ. એ હજી, પોતાના પગ પાણીમાં નચાવી રહી હતી. પાસે બેસી ધીમા મીઠા શબ્દોમાં પ્રતાપ વાત કરી રહ્યો હતો. ઇંદિરા કયારેક તેના તરફ જોઈ ધીરું હસતી હતી. એને તો એમ થતું હતું કે આ પળ કોઈ દિવસ પૂરી જ ન થાય! પોતે પાણીમાં પાની નચાવતી રહે, પાણી ચાલતાં રહે, પ્રતાપ વાત કરતો રહે, જગત એમ જાગ્યા જ કરે!

'ઇંદિરા! પણ તું રખારણ કયાંથી બની એ વાત તો કર!'

ઇંદિરા હસીઃ 'મારે રખારી પાછળ તો એ વેષ જ શોભે.'

'અને આ તારા જાડા ધાબળો તને ખૂંચતો નથી?'

'મને માત્ર તમારો વિયોગ જ ખૂંચે છે.'

પ્રતાપમલ્લે તેને પકડવા હાથ લાંબો કર્યો. ઇંદિરા સડપ બેઠી થઈ. જરાક આઘી ખસી ગઈઃ 'ખબરદાર! અડકયા તો! તમે રાજા છો, અમે રખારી!' તેણે વહાલભર્યો ખોટો પડકાર કર્યો, ને એમ કરતાં તો એ વનદેવી જેવી શોભી ઊઠી!

પ્રતાપમલ્લે તેનો પછેડો ખેંચ્યો. ઇંદિરાએ તે જવા દીધો. પ્રતાપમલ્લ હસ્યોઃ 'હવે વેષ બરાબર શોભે છે હો!'

ઇંદિરા આમ તેમ ફરવા લાગી; 'શોભે કે ન શોભે, હું તમારા હાથમાં આવું તેમ નથી.

'એમ કહીને મને તારી પાછળ દોડાવવો છે એમ નાં? પણ કે'તો ખરી કે તું દૂધ વેચે છે કે નહિ? એ રખારણ!'

'હા. મહારાજ સાહેબ!' ઇંદિરાએ કહ્યુંઃ 'પણ દૂધ અમારું મોંઘું પડશે!'

'રતનપુરના રબારીઓ હવે તને બનાવશે હો!'

'શું બનાવવાના હતા? મારા તેજમાં જ અંજાઈ જશે.'

પ્રતાપમલ્લે પછેડો ફેંકયોઃ ઇંદિરાએ હરિણીની ઝડપથી લીધો, ને દોડી ગઈ. છેટે જઈ જળતરંગમાં, નાચતાં માછલાં પાસે વળી પાનીનો નાચ શરૂ કર્યો. પ્રતાપમલ્લ ત્યાં ગયો ને તેની પાસે બેઠોઃ

'ઇંદિરા!' તે બહુ જ મધુર સ્વરથી બોલ્યોઃ 'હવે તને મારામાં કાંઈ પણ અવિશ્વાસ રહ્યો છે?'

ઇંદિરાએ જરાક સ્મિત કર્યુંઃ 'હા-ના-હા!'

'ત્યારે જો,' પ્રતાપે તેનો હાથ હાથમાં લીધોઃ 'જ્યાં સુધી ગગનમાં સૂર્ય પ્રકાશે છે અને ચંદ્ર પ્રકાશે છે ત્યાં સુધી હું....'

પ્રતાપમલ્લનું વાકય અધુરું જ રહી ગયું. પાછળથી કોઈ ભવ્ય ને પ્રતાપી સ્વર આવ્યોઃ 'પ્રતાપમલ્લ! પવિત્રતાની રેખા મૂકી સિંહાસન ડોલાવતો નહિ! બીજો ચામુંડ ન બનતો!'

પ્રતાપમલ્લ બેઠો થઈ ગયોઃ ઇંદિરા સાશંક સફાળી ઊઠીઃ ને પાછળ દૃષ્ટિ કરતાં કૂટસ્થને એક ટેકરા ઉપર જોયો. તે તેમના તરફ નિર્મળ સ્નેહથી જોઈ રહ્યો હતો, અને એના ચહેરા ઉપર દિવ્ય તેજ ઝળકી રહ્યું હતું. તેની તીવ્રભેદી દૃષ્ટિ પ્રતાપમલ્લને વીંધી રહી હતી. પ્રતાપમલ્લે સહજ જ કહ્યું, 'ગુરુદેવ! તમે કયાંથી?'

૨૬. અજયપાલ અને રાજકુમારી.

"**મારે** આવવું પડ્યું છે, પ્રતાપમલ્લ! આજે તું પવિત્રતાની અસામાન્ય રેખા ઉપર પગ દેવા તૈયાર થયો હતો. તને એનું ભાન ન હતું!'

પ્રતાપ કાંઈ સમજી શકયો નહિ, પણ કૂટસ્થની આંખની શરમ છોડવા તેણે યત્ન કર્યો. તે કડક થવા ગયો છતાં ધીમેથી બોલાયું, 'હવે મહારાજ! એ માયા બંધ કરો.'

કૂટસ્થ ટટ્ટાર શાંત ઊભો: તેના પ્રતાપી ચહેરા પર જરાક તેજ આવ્યું:

'પ્રતાપમલ્લ! મારી માયા? સાચી વાતમાં તને માયા લાગે છે એમ?'

પ્રતાપમલ્લ ઝાંખો પડ્યો. છતાં આજે તે કૂટસ્થને રોકડો જવાબ દેવાના વિચારમાં હતો. તેણે પોતાનું બધું બળ ભેગું કરી જવાબ દીધો: 'ગુરુદેવ! આજ દિવસ સુધી મારી મૂર્ખતાનો લાભ લીધો. મને બેવકૂફ બનાવ્યો, હવે હું વધારે વખત તમારી સત્તામાં રહેવા ઈચ્છતો નથી.'

કૂટસ્થ નજીક આવ્યો: ઈંદિરા તો શાંત બની જોવા લાગી.

'સાધારણ મનુષ્ય! અસાધારણ કાર્યને સમજવા માટે અસાધારણ બુદ્ધિની જરૂર છે.'

'હશે, તમારું કાર્ય અસાધારણ નથી, માત્ર નાના સ્વરૂપનો રાજદ્રોહ છે.'

કૂટસ્થ વધારે ટટ્ટાર બન્યો : તેણે એક હાથ ઊંચો કર્યો : 'મારા કાર્ય ઉપર ટીકા કરવી એ તારી તાકાત બહારની વાત છે.'

પ્રતાપમલ્લ રોષમાં જ બોલ્યો : 'ત્યારે હું શું આ પ્રદેશનો રાજા નથી ?'

કૂટસ્થ હસ્યો 'અજયપાલનો પુત્ર આટલો મૂર્ખ ?'

પ્રતાપમલ્લ સ્થિર જ થઈ ગયો. અજયપાલનો પુત્ર ? પોતે ? કૂટસ્થ આ કોને કહે છે ? છતાં એ અવિશ્વાસુ બન્યો હતો. એટલે તેણે ઉતાવળથી જવાબ આપ્યો :

'હું અજયપાલનો પુત્ર છું ? પણ-પણ તમારું એ વાક્ચાતુર્ય નકામું છે !'

'અરે ! નિર્ભાગી રાજકુમાર !' કૂટસ્થ છેક પ્રતાપમલ્લ સામે આવ્યો : 'સમજી લે કે તારા સિંહાસન ઉપર મને મોહ નથી ! હું તો કલ્પનાતીત પ્રદેશમાં છું ! તું તદ્દન સાધારણ મનુષ્ય છે !'

પ્રતાપમલ્લનો ગર્વભર્યો ક્ષત્રિય સ્વભાવ ડંભાયો. તે હતો ત્યાંથી ઉપડ્યો : 'હું સાધારણ મનુષ્ય છું ?'

કૂટસ્થે એટલી જ દૃઢ શાંતિથી જવાબ આપ્યો : 'ચોક્કસ !'

'હું અજયપાલનો પુત્ર શી રીતે ?' પ્રતાપમલ્લે પૂછ્યું.

'કોઈને હિસાબ આપવાનો મારો સ્વભાવ નથી. પણ યાદ રાખજે કે તું રાજપુત્ર છો. અને ઇંદિરા તારી બહેન છે !'

'હેં !' પ્રતાપમલ્લ પાંચ દસ કદમ પાછો હટી ગયો. 'મહારાજ ! હવે તમારું ગુમ વાક્ચાતુર્ય જવા દો !'

'પ્રતાપમલ્લ !' કૂટસ્થે કહ્યું: 'તને ખબર છે કે મહારાજ જગતસિંહને એક પુત્રી હતી !'

પ્રતાપમલ્લ શાંત બન્યો : તેણે ઇંદિરા સામે જોયું : પછી મોટેથી બોલ્યો : 'હા.'

'પટ્ટનની ગાદી ઉપર જગતસિંહ નરેશ હતો, ત્યારે તું હજી જન્મ્યો પણ નહિ હતો. જગતસિંહનું રાજતંત્ર નોકરોના હાથમાં

જ હતું. જગતસિંહ શાંત સ્વભાવનો ને ઉદાર નરેશ હતો. પરંતુ તેની ઉદારતાને લીધે નોકરોનો જુલમ વધી પડ્યો હતો. તે વખતના દીવાન નંદલાલે, કેટલાક જમીનદારો ઉપર જુલમ કરવામાં મણા ન રાખી. રાજ્યના જૂના આશ્રિત ઈનામી જાગીરદાર નાગાર્જુન પર તેની કરડી દૃષ્ટિ ફરી.'

પ્રતાપમલ્લ અને ઈંદિરા સ્તબ્ધ બની આ ઇતિહાસ સાંભળી જ રહ્યાં. કૂટસ્થ આગળ વધ્યો:

'નાગાર્જુને તેને ઘણો વિનવ્યો. જગતસિંહ સુધી ફરિયાદ કરી, પરંતુ રાજા પોતે તદ્દન અશક્ત જ હતો. નંદલાલનું કાર્ય ફેરવવાની હિમ્મત તેણે ગુમાવી હતી. જગતસિંહે હૂકમ પર સહી કરી ને નાગાર્જુનની જમીન જપ્ત થઈ. તે જ વખતે નાગાર્જુને રાજ સામે તરવાર ઉપાડી. એનો શુદ્ધ ક્ષત્રિય સ્વભાવ આ અન્યાય સહન ન કરી શકયો. એણે પોતાના ઘોડા પર સિંહાસન કર્યું, ને આખા પાંચાલ પ્રદેશને વેરાન બનાવી દીધો.

'નાગાર્જુન દાનો દોસ્ત હતો ને કટ્ટો દુશ્મન હતો. જગતસિંહનું આખું સૈન્ય તેની પાછળ ફર્યા કર્યું, પરંતુ તે હાથ આવ્યો જ નહિ. દક્ષિણ પ્રાંતથી છેક પંચાલ સુધી, ને પંચાલથી ઠેઠ ભદ્રેશ્વર સુધી એનો ઘોડો ફરી ઘૂમી રહ્યો. લોકોની સહીસલામતી ગઈ ને જગતસિંહના પરાધીન સ્વભાવ કરતાં, લોકોને નાગાર્જુનમાં વધારે વિશ્વાસ આવ્યો. લોકોને સલામતી પણ નાગાર્જુન પાસે જ લાગી. એટલે મેર, કાઠી, રબારી વગેરે લડાયક જાતોનું સારું જેવું સૈન્ય જમાવી, નાગાર્જુને જગતસિંહના સૈન્ય સામે ટક્કર પણ લીધી અને એને મ્હાત કર્યું અને જગતસિંહે પોતાના સરકારની મદદ મેળવી ને નાગાર્જુનને હઠાવ્યો. પણ નાગાર્જુનના મૃત્યુ સુધી દેશમાં શાંતિ થઈ નહી.'

પ્રતાપમલ્લ ને ઈંદિરા રસથી આ કથા વાર્ત્તા સાંભળી રહ્યાં. એ વાતને પોતાની કથા સાથે કેટલો સંબંધ છે એ હજી પ્રતાપ

સમજ્યો નહિ. ઉદિરા શાંત શ્રદ્ધાથી ગુરુદેવને બોલતા જોઈ રહી હતી. કૂટસ્થનો એકદમ સુંદર આકર્ષક મોહક સ્વર તીરપ્રદેશને અનોખું વ્યક્તિત્વ આપતો આવી રહ્યો હતો.

'નાગાર્જુન જ્યારે મૃત્યુ પામ્યો ત્યારે તેના પુત્ર અજયપાલે પિતાની સમક્ષ પ્રતિજ્ઞા કરી કે છેવટની ઘડી સુધી, મારી તરવાર પટ્ટન સામે મ્યાન નહિ કરું. નાગાર્જુનનો નાનો પુત્ર માલદેવ તો તે વખતે જન્મ્યો પણ ન હતો. એનો જન્મ તો નાગાર્જુનના મૃત્યુ પછી થયો.'

પ્રતાપમલ્લ ચોંકી ઊઠ્યો. કૂટસ્થ આગળ વધ્યો.

'અજયપાલને જોઈ સારાસારા સૈનિકો પણ ઘડીભર થંભી જાય એવી એની ભવ્ય કાંતિ હતી. પિતાના સર્વ ગુણ હોવાથી એણે જગતસિંહને તોબા પોકરાવી! ઈરાવતીના ઘાટા જંગલોમાંથી, વારંવાર છૂપી રીતે ઠેઠ પટ્ટનની ભાગોળ સુધી અજયપાલ પહોંચી જતો! પરંતુ એના એટલા વર્ષના જીવનમાં કદાચેય સ્ત્રીનું એણે અપમાન કર્યું કે નાના બાળકને મીઠાઈ દીધા વિના ગામ છોડ્યું કે બેડૂતોને માર્યા, કે જાન લૂંટી, એ બન્યું ન હતું. ગરીબ બ્રાહ્મણ ને સાધુને એણે રંજાડ્યા નથી; માત્ર રાજની તિજોરી તોડી પૈસા લીધા! અજયપાલને સૌ ઈરાવતીનો સિંહ કહેતા, ને ખરેખર એ સિંહ જેવો જ હતો, જ્યારે અજયપાલ ગામમાં પ્રવેશ કરતો ત્યારે તરત જ સૈનિકો બીજી બાજુથી રવાના થઈ જતા. અજયપાલનું કાર્ય પણ એટલા જ શૌર્યમાં આગળ વધ્યું: ઉપલી સત્તાએ પણ કબૂલ કર્યું કે અજયપાલ નાગાર્જુન કરતાં વિશેષ પરાક્રમી નિવડ્યો છે! નાગાર્જુને અજયપાલને ગળથુથીમાં જ પટ્ટન તરફ વૈર રાખવાનું પાયું હતું. તે જ્યારે ત્રણ વર્ષનો હતો ત્યારે રમ્મતમાં પટ્ટનના કિલ્લા તોડતો! ઉપલી સત્તાએ પણ થાકીને જાહેર કર્યું કે ન્યાય અને સત્ય માટે અજયપાલે જે વિચક્ષણ શૌર્ય અને ધીર સ્વભાવ દર્શાવ્યાં તેથી એની જમીનદારી એને પાછી આપવી! ન્યાય

માટે અજયપાલે સર મૂકયું હતું. ને સૌએ કબૂલ કર્યું કે અજયપાલ ખરેખર અજેય છે. તે દરમ્યાન એક વિચિત્ર ઘટના બની. જેથી આ જાહેર કરેલી કૃપાદૃષ્ટિ પાછી ખેંચી લેવાણી.'

કૂટસ્થ થોડી વાર થોભ્યો. તેણે દૂર આકાશ સામે દૃષ્ટિ માંડી. પછી ધીમેથી શરૂ કર્યું :

'હાલ જ્યાં ભદ્રેશ્વરનો વડ છે, ત્યાં આગળ એક વખત ઘાટું જંગલ હતું. જ્યાં ભદ્રાવતીનો વિશાળ પટ છે, ત્યાં એક સુંદર સરોવર હતું ને તે નાનકડા સરોવરને ચારે તરફથી બંદોબસ્ત કરી સ્ત્રીઓનું સ્નાનાગાર બનાવ્યું હતું. ત્યાં ચોકીપહેરો પણ રહેતો, ને હમ્મેશાં રાજકુટુંબ ત્યાં જલક્રીડા કરવા આવતું. જગતસિંહની એકની એક પ્રિય પુત્રી વાસંતીદેવી ત્યાં હમ્મેશાં જલક્રીડા કરવા આવતી ! ત્યાં સખીઓની સાથે જલવિહાર કરતી, નાનકડી નૌકામાં સૌ સાથે ફરતાં ને પછી સૌ મોડેથી પટ્ટનમાં પાછાં ફરતાં.

'વાસંતીદેવી એક વખત એ પ્રમાણે ત્યાં સ્નાન કરવા ગયાં હતાં. સખીઓને સ્નાનાગારમાં જ મૂકી, દેવી જરા વિનોદની ખાતર આગળ વધ્યાં. ને એક હરણાંની પાછળ પાછળ જંગલમાં ચાલ્યાં. થોડે દૂર નીલાંછમ ઘાસ ઉપર તેણે કોઈને નહિ ને અજયપાલને બેઠેલો દીઠો. વાસંતીદેવીની તેના ઉપર દૃષ્ટિ પડી. આ નિર્ભયતાએ એને ડોલાવી દીધાં ! અજયપાલનો ચહેરો એવો ભવ્ય ને તેજસ્વી હતો કે વાસંતી તેની સાથે પ્રથમ દૃષ્ટિએ જ પ્રેમમાં પડી ગઈ. પછી તો હમેશાં ત્યાં વાસંતીદેવી જતાં ! અજયપાલના પ્રતાપમાં દિન પ્રતિદિન તે વધારે ને વધારે આકર્ષાતાં ગયાં. એક દિવસે, સ્નાનાગારના ગુપ્તદ્વારમાંથી અજયપાલે પ્રવેશ કર્યો, ને સ્ત્રીઓ કાંઈ બોલે તે પહેલાં તે વાસંતી સાથે અદૃશ્ય થઈ ગયો. હજી ભદ્રાવતીમાં એ સ્થળ છે કે જ્યાં પૂનમની ચાંદનીએ વાસંતીદેવી, અભિસારિકા બની, અજયપાલ પાસે જતી ! બન્નેનાં હૃદય જ્યા ખાલી થયાં હતાં તે સ્થળ હજી ત્યાં છે ! ત્યાં અજયપાલને વાસંતી સાથે પ્રથમ

મિલન થયેલું !'

વાતના આ ઉંડાણે પ્રતાપને તલ્લીન કરી દીધો. ઇંદિરા તો અધર શ્વાસે સાંભળી રહી હતી.

'જ્યારે જગતસિંહ મહારાજને આ ખબર પડી ત્યારે કુટુંબાભિમાનથી એને કલેશ થયો. તેણે ત્યાર પછી વાસંતીદેવીનો ચહેરો પણ જોયો નહિ. પિતાને મળવાની ખાતર એક વખત વાસંતીદેવીને અજયપાલ પાછાં પણ મૂકી ગયો, ને તે અંતઃપુરમાં રહ્યાં પણ ખરાં: પરંતુ પછી એને જીવનમાં મજા ન જ આવી.'

કૂટસ્થે પ્રેમથી જરાક હાથ લાંબો કર્યો : 'એ અજયપાલ ને એ વાસંતીદેવી એ જમાનો જ જાણે ગયો ! શી પ્રેમની ખુમારી ! પ્રતાપમલ્લ ! તું જેવા તેવાનો પુત્ર નથી. વાસંતીદેવીનો પુત્ર તું. જ્યારે જગતસિંહ મહારાજ મૃત્યુશય્યા ઉપર પડ્યા હતા ત્યારે એમણે ચામરાજેન્દ્રને ગાદી સોંપી.'

પ્રતાપમલ્લને જરાક શંકા થઈ હતી, પણ એ બોલ્યો નહિ : કૂટસ્થ શાંત ઊભો : ને પ્રતાપમલ્લ, કૂટસ્થે જે કહ્યું તે પર વિચાર કરવા લાગ્યો.

ઇંદિરા પાસે હતી એટલે કૂટસ્થે અજયપાલ અને વાસંતીદેવીનો પ્રેમભર્યો અદ્‌ભૂત વૃતાંત થોડોક ફેરવી નાખ્યો હતો. પણ ખરી વાત આમ હતી. વાસંતી હંમેશા સ્નાનાગારમાં જતી ત્યારે બધી સખીઓને બહાર રહેવું પડતું. આ સ્નાનાગારનું એક દ્વાર જંગલ તરફ હતું. વાસંતી સખીઓ સાથે નૌકાવિહાર કરવા જાય તે પહેલાં એક વખત સ્નાનાગારમાંથી નિવૃત થઈને આવતી. એક વખત સ્નાનાગારમાં ગયેલ, ત્યારે અજયપાલની દૃષ્ટિ રાજકુમારી પર પડી હતી. પછી અજયપાલ ઘણું ખરું ત્યાં પડોશમાં જ રહેતો. ત્યાર પછી કોઈ સમય વાસંતીદેવી એકલી ફરવા ગઈ. લીલીછમ ઘો પર પોતાના પ્યારા મૃગ સાથે અજયપાલ ત્યાં બેઠો હતો. વાસંતી થંભી. અજયપાલ તેનો સામું જોઈ રહ્યો, ને વાસંતી દોડીને દૂર

થાય તે પહેલાં તેનો પાલવ ખેંચ્યો. પાલવ ને પાલવ પહેરનાર સરતાં આવ્યાં, ને હમણાં જ ભીંજાયેલા સુંદર ચકચકિત કેશમાં વાસંતીનું રૂપાળું મોં શોભી રહ્યું ! અજયપાલે ધીમા અવાજે કહ્યું : 'વાસંતી ! આજે દિવસોના દિવસો થયાં હું તમારી પાછળ ઘેલો બન્યો છું ! એ તમને ખબર છે ?'

વાસંતીના અવાજમાં ગર્વ આવ્યો : 'તમે મારા બાપના દુશ્મન અજયપાલ તો નહિ નાં ?'

અજયપાલે હિમ્મતથી જવાબ આપ્યો : 'એ જ. પણ તારું સૌન્દર્ય મને બાંધી રાખવાને બસ છે !' પછી અજયપાલના દૃઢ બાહુમાંથી છુટવા વાસંતી ખોટો યત્ન કરવા લાગી : પણ તેનું હૃદય તો અજયપાલની સાથે જ હતું.

ત્યાર પછી સાંજે આખું પટ્ટન ઘેલું બને એવી મોહક બંસીનો સૂર સંભળાતો ! જગતસિંહ પણ તે સાંભળવા થંભી જતો ! તેણે તપાસ કરાવી કે એ કોણ વગાડે છે, પણ પતો લાગ્યો નહિ. વાસંતીદેવી પોતાના ભવનમાંથી આ સ્વર સાંભળી છાની છાની ઘેલી જેવી દોડતી. ચાંદનીમાં અજયપાલ અને વાસંતી ભમતાં. ભદ્રાવતીનો જલપ્રવાહ જોતાં ને પોતાનું હૃદય ખાલી કરતાં. ઘડીભર રાજદ્વારી દ્વેષ ભૂલી જવાતો. નાગાર્જુનના વિષનો ઉતાર અંતે ચતુર વાસંતીને હાથે થયો હતો. અહીંઆં બન્નેનાં ધડકતાં હૃદય સાથે દબાઈ એકબીજામાં લય પામતાં હતાં. ફૂલના હજારો છોડની વચ્ચે તેઓ બેસતાં ને મોડેથી રાજકુમારી છાનીમાની પોતાના મહેલમાં ચાલી જતી !

જગતસિંહને આ ગુપ્ત વ્યવહારની ખબર પડી ગઈ. તેણે અજયપાલને આ રસ્તે મારવાનો નિશ્ચય કર્યો, પરંતુ વાસંતીએ આ વાત અજયપાલને કહી. ને જગતસિંહ કાંઈ ગોઠવણ કરે તે પહેલાં, ચતુર અજયપાલ, વાસંતી સાથે જ અદૃશ્ય થઈ ગયો. લોકમાં હાહાકાર થયો કે રાજકુમારીનું હરણ થયું. જગતસિંહે પણ

ચુનંદા સૈનિકો સાથે પોતે અજયપાલને મ્હાત કરવાનું માથે લીધું. અજયપાલ એક વખત વાસંતીદેવી સાથે, લગભગ પકડાઈ જાત, પરંતુ સહેજ જ બચી ગયો. વાસંતી હાથમાં આવી ગઈ ને જગતસિંહે એ રીતે પોતાનું વૈર વાળ્યું.

પ્રતાપમલ્લે શંકાભરી એક દૃષ્ટિ કૂટસ્થ સામે ફેંકી : એને કૂટસ્થમાં હજી શ્રદ્ધા ન આવી : 'ત્યાર પછી શું બન્યું ?'

'જો પ્રતાપમલ્લ ! તારામાંથી હજી શંકા દૂર થઈ નથી. તારું હૃદય એમ કહે છે કે કદાચ હું તને ફસાવવા માગું છું. પરંતુ તને ખ્યાલ નથી કે આ પ્રયત્ન હું શા માટે કરી રહ્યો છું !'

પ્રતાપમલ્લે બેદરકારીભરેલી રીતે પૂછ્યું 'શા માટે ?'

'તને ખબર છે કે લોહીના પરિવર્તનથી વર્ણસંકરતા જન્મે છે ?'

પ્રતાપમલ્લે કહ્યું, 'હા'

'ત્યારે પટ્ટનની ગાદી પર જગતસિંહ પછી લોહીનું પરિવર્તન થયું છે. એથી શુદ્ધ ક્ષત્રિયસ્વભાવને જાળવી રાખનાર અમીરી ચાલી ગઈ છે. જ્યારે આવું બને ત્યારે વિદેશીય સત્તા માત્ર જમીન ઉપર જ સત્તા ચલાવતી નથી, પ્રજાજીવન ઉપર પણ સત્તા ચલાવતી થઈ જાય છે. આર્યસંસ્કૃતિના મૂળ પર આ જબ્બર પ્રહાર છે. મારા ઐકાંતિક ભવ્ય જીવનમાં ચારેગમનું અપવિત્ર વાતાવરણ ફેલાયું છે. શુદ્ધ જમીન રહી નથી. પવિત્ર જલાશય નથી. બ્રહ્માવર્ત્ત પ્રદેશ નથી. આવી પ્રજાકીય પરિસ્થિતિમાં મારા યોગનો ભંગ થાય છે. એક વખત યૌગિક ક્રિયાને અનુકૂળ પ્રદેશ પટ્ટનની આસપાસ જામી જાય, પછી મારે વૈભવની દરકાર નથી ! પ્રતાપમલ્લ ! તારા ભવ્ય સિંહાસન કરતાં વધારે ભવ્ય એ પ્રદેશ છે. એ તારા સંકુચિત મગજમાં આવે છે ?'

પ્રતાપમલ્લ ભયથી ને શંકાથી ધ્રૂજ્યો : 'ધ્રૂજે છે શા માટે ? કૂટસ્થે એટલી જ માયાથી કહ્યું : 'વિશ્વની બધી સંકલના સમજી

શકે એટલી તારી પ્રતિભા છે ! જે તું નથી સમજી શકતો તે અસત્ય ! પ્રતાપમલ્લ ! આ વિશ્વસંકલનામાં મારું સ્થાન છે, તારું સ્થાન છે : અને સૌનું સ્થાન છે. તારી સ્થાનભ્રષ્ટ સ્થિતિને ફરી યોગ્ય સ્વરૂપમાં મૂકવી છે, એનો જ આ પ્રયત્ન છે.' પ્રતાપ-મલ્લે આશ્ચર્યથી કૂટસ્થ સામે જોયું :

'ત્યારે વાસંતીદેવીનો હું પુત્ર છું ?'

'હા.'

'અને ચામરાજેન્દ્ર જગતસિંહનો પુત્ર છે ?'

'ના, તું સમજતો નથી કે ચામરાજેન્દ્ર જગતસિંહનો યોગ્ય પુત્ર હોત તો આ નિરર્થક પ્રયત્ન કોણ કરત ?'

પ્રતાપમલ્લ તેના તરફ ફર્યો : આભાર ને પ્રેમથી છલકાતી આંખે કૂટસ્થ તરફ જોઈ રહ્યો :

'ગુરુદેવ ! પણ ત્યારે, હું ચામરાજેન્દ્રનો પુત્ર શી રીતે ?'

'લોકમાન્યતા પ્રમાણે. કાગળ પ્રમાણે. લખાણ પ્રમાણે. જન્મ પ્રમાણે નહિ. પણ એ જૂનો ઈતિહાસ હું કમણાં તને કહું છું.'

એ જ વખતે, માલદેવ પોતાની 'નીલમ' પર શાંત રીતે ટહેલતો એ તરફ આવતો દેખાયો. માલદેવે પોતાની પાછળ પ્રતાપ-મલ્લ નથી, એ જોઈ નીલમ પાછી ફેરવી હતી અને ઈરાવતીના કિનારા પરથી ચકરાવો લઈ, પોતાનાં માણસોને મળવાનો નિશ્ચય કર્યો. પરંતુ પોતે ખોટું પગલું લઈ ન બેસે, એટલા માટે એ સાવધાનતાથી વિચાર કરતો હતો કે કઈ દિશાએ જવું. તે શાંત રીતે નીલમને ચાલવા દેતો હતો. નીલમ આટલા પરિશ્રમ પછી મેળવેલા થોડાક આરામને વધારે આરામથી ભોગવતી ધીમે જતી હતી, ત્યાં માલદેવની દૃષ્ટિ ઈરાવતીથી થોડે દૂર વહેતા વોંકળાના તટ પર ઉભેલ ઈંદિરા પર પડી. તેની પાસે જ કૂટસ્થની ભવ્ય મૂર્તિ ને પ્રતાપમલ્લ દેખાયાં. તે ખંચાયો : ચમકયો, ભડકયો, પરંતુ તરત જ અટકી પડયો : પણ કૂટસ્થે એને તરત જ બોલાવ્યો. કહેનાર

તે પ્રમાણે કરશે જ એવું અપ્રતિમ હૃદયબળ અને દૃઢ વિશ્વાસ એ અવાજમાં સ્પષ્ટ હતાં.

'માલદેવ! આંહી આવ. પ્રતાપમલ્લને હાથે પકડાવામાં તારી કીર્તિ છે!'

માલદેવ આ આજ્ઞાથી ધ્રૂજ્યો: આટલા યત્ન પછી આમ પકડાવું? પરંતુ કૂટસ્થ સામે થવાનો તેનો સ્વભાવ જ ન હતો. તે સીધો જ પ્રતાપમલ્લ તરફ ચાલ્યો.

પ્રતાપમલ્લ શું કરવું તેનો નિશ્ચય ન કરી શકયો. તેણે સામા કિનારા પર સરદારસિંહ ને પોતાના સૈનિકો ઉભરાતા જોયા.

'પ્રતાપલલ્લ!' કૂટસ્થે ઉતાવળે કહ્યું: 'તારાં માણસો આવ્યાં છે! તારા કાકાને કેદ કરવો છે નાં?'

માલદેવ કૂટસ્થ સામે જોઇ રહ્યો: તે સમજી શકયો નહિ કે કૂટસ્થ કેવા અવાજમાં બોલે છે.

પ્રતાપમલ્લ એકદમ કૂટસ્થના ચરણમાં પડ્યો:

'ગુરુદેવ! હું ચામરાજેન્દ્રનો પ્રતિનિધિ છું; માલદેવ મારે પૂજ્ય વડીલ છે. આ ધર્મસંકટમાં શું કરવું તે બતાવો.'

'પ્રતાપમલ્લ! આતતાયીને વિશ્વાસ અપાતો નથી: રાજદ્વારી કારણે વિશ્વાસ લેવાય છે. ચામરાજેન્દ્ર આતતાયી છે.'

પ્રતાપમલ્લ માલદેવના ચરણમાં જઇ પડ્યો: 'કાકા! મારી દૃષ્ટિ ખુલ્લી છે. સંબંધીને શત્રુ માની હું ખૂબ પસ્તાયો.'

માલદેવ આ નાટક સમજી શકયો નહિ: તેણે કૂટસ્થ સામે જોયું.

'માલદેવ! તારાથી પણ ગુપ્ત છે. તું પ્રતાપમલ્લનો કાકો થાય છે. વાસંતીદેવી—ભાભી સાંભરે છે?'

માલદેવ સજલ નયને જવાબ આપ્યો: 'હા!'

'અને અજયપાલ?'

'એની પાસે તો પ્રતિજ્ઞા લીધી છે કે પટ્ટનનું વૈરવારસો ઝીલી શકે એવો પુત્ર પાછળ મૂકવો. અમારી આ જ સમૃદ્ધિ અને

એ વૈર એ જ અમારું ધ્યેય !'

પ્રતાપમલ્લ કાકાના પ્રતાપી ચહેરા તરફ જોઈ રહ્યો:

'આજે અજયપાલનું શ્રાદ્ધ પૂર્ણ થાય છે:' કૂટસ્થે કહ્યું: 'અજયપાલ અને વાસંતીદેવીનો આ પુત્ર ! ભત્રીજો પ્રતાપમલ્લ !'

માલદેવ આશ્ચર્યચકિત નયને કૂટસ્થ સામે જોઈ રહ્યો. પોતે ન સાંભળેલી આ નવી વાર્તા હતી. અજયપાલ ને વાસંતીદેવીનો સંબંધ તેની બાળકની સ્મૃતિમાં આછો રહ્યો હતો, પરંતુ પ્રતાપમલ્લ વિષે પ્રથમ જ સાંભળ્યું:

'શી રીતે ?' તેણે પૂછ્યું.

પ્રતાપમલ્લના માણસો કાંઠા ઉપર ઉભરાવા લાગ્યા. એ જોઈને માલદેવ બીમેથી અદૃશ્ય થઈ સરી ગયો. તે એક ઝાડ પાછળ સંતાયો. પ્રતાપમલ્લે સરદારને તરત આજ્ઞા આપી કે 'માલદેવના આપણી પાછળ પડવાના સમાચાર છે, માટે માણસોને પાછા દોડાવો !'

ઘડીમાં કાંઠો તદ્દન ખાલી થઈ ગયો.

'આ વાતની ત્રણ જણાને ખબર છે—' કૂટસ્થે કહ્યું 'એક દીવાન નંદલાલને, બીજું પૃથ્વીશના પિતાને.'

માલદેવ અને પ્રતાપમલ્લ એકતાન બની બધું સાંભળી રહ્યા: 'પ્રતાપમલ્લને જે કહ્યું છે તેનું આગળ ચલાવું છું. માલદેવ ! તને હું પછી અથેતિ કહેવાનો છું. વાસંતી અંતઃપુરમાં આવ્યાં, ત્યારે તેને અજયપાલથી ગર્ભાધાન હતું. પણ દેવીની સ્થિતિ ભારે કફોડી હતી. એની મદદમાં માત્ર એક જૂની દાસી–ગંગા રહી હતી. જગતસિંહ અને ચામરાજેન્દ્રનો ઇતિહાસ, તમારી પાસે પછી યોગ્ય વખતે મુકીશ. આજે એ વાત નહિ કરું. ચામરાજેન્દ્રની પહેલી રાણી પણ આ વખતે સગર્ભા હતી દેવી અને રાણી બન્નેને એકબીજા તરફ પ્રીતિ ખરી. માત્ર જગતસિંહની ધાકથી, વાસંતી-સાથે, તે બહુ સંબંધ રાખી શકતી નહિ.'

'વાસંતીદેવી પ્રસવ વેદનાથી મૃત્યુશય્યા પર હતાં, ત્યારે તેણે

રાણીને એક છેલ્લી વિનંતિ મોકલી, પોતાના બાળકનું રક્ષણ કરવાનું વચન માગ્યું. રાણીને પણ પ્રસવવેદનાની વ્યાકુળતા હતી. તેણે વાસંતીને વચન આપ્યું ને દેવી ત્યાર પછી તરતજ મૃત્યુ પામ્યાં. એ વખતે જન્મેલો પુત્ર તે પ્રતાપ ! તું ! જગતસિંહ ત્યાર પછી થોડો વખત રહીને મરણ પામ્યા, અને ચામરાજેન્દ્ર ગાદી પર આવ્યો.'

મસ્ત બહારવટીઓ ને ઉચ્છૃંખલ રાજકુમાર બન્ને કૂટસ્થની સામે શાંત ઊભા રહ્યા. આજે પટ્ટન સાથેનો આખો સંબંધ ફરી ગયો હતો. અજયપાલની પ્રતિજ્ઞા હવે જુદા જ રૂપમાં સિદ્ધ કરવાની હતી. આ નવો સંબંધ જણાતાં જાદુની માફક વૈરવૃત્તિ લુપ્ત થઈ ગઈ. પોતે એક બીજાને લીધે વધારે શોભી રહ્યા છે, એમ દરેકને લાગ્યું.

માલદેવ સાનંદાશ્ચર્ય કૂટસ્થ સામે જોઈ રહ્યો. 'ગુરુદેવ! અજયપાલે આ વાત અમને કરી નથી.'

'કારણ કે જ્યારે વાસંતીદેવીને જગતસિંહે મેળવ્યાં, ત્યારે અજયપાલને પણ ભાગ્યે જ ખબર હતી, કે દેવીએ ગર્ભ ધારણ કર્યો છે. સ્થિતિ શંકામય હતી. પછી તો અંતઃપુરમાં શું બન્યું તે મેં તમને કહ્યું. ચામરાજેન્દ્ર સિંહાસન પર આવ્યો ને પ્રતાપનું નામ તેના પાટવી તરીકે પ્રસિદ્ધ થયું. પણ ચામરાજેન્દ્રને ખરી વાતની ધીમે ધીમે ગંધ તો મળી ગઈ હતી. તેણે દીવાન નંદલાલને બરતરફ કર્યો ને ગંગાને ઠપકો આપ્યો. અજયપાલ પણ એ અરસામાં મૃત્યુ પામ્યો ને તેં પટ્ટન સામે વૈર જગાડ્યું. પ્રતાપ ને તારા વિષે ચામરાજેન્દ્ર ખરી વાતો જાણે છે. એટલા જ માટે એણે પ્રતાપને હજી તો પુત્ર તરીકે પોષ્યો છે: તેમ જ તેને બીજી રાણીથી કાંઈ સંતાન નથી. ઇંદિરા પર એની દૃષ્ટિ હતી: પણ પૃથ્વીશના સ્વતંત્ર સ્વભાવને લીધે તે વાત હાથથી ગઈ! આનું વૈર તેણે વાળવાનો યત્ન કર્યો છે. પણ પ્રતાપનું જીવન જોખમાતાં

વાર ન લાગે એવી સ્થિતિ છે. માટે જ, સમય પરિપક્વ ન થાય ત્યાં સુધી, બહુ ધ્યાનથી વર્તવાનું મેં તમને કહ્યું હતું.'

'આ તમારો સત્ય ઇતિહાસ. પરંતુ હવે તમારે હાલ પાછું સમય પૂરતું જુદા જ વેશમાં ઊતરવાનું છે. પ્રતાપમલ્લ! તું જાણે કે માલદેવને પકડવા અસમર્થ છો, એ તારો વેષ. માલદેવ! તું જાણે કે પ્રતાપમલ્લ સામે થવા યોગ્ય નથી, એ તારો વેષ. આ તમારો હાલનો વેષ, સમય પ્રમાણે વેષ ફરે છે. પરંતુ હું જ્યાં સુધી તમને સમય આવ્યાની નિશાની ન આપું ત્યાં સુધી શાંત રહેજો. પ્રતાપમલ્લ! તારામાં અજયપાલ અને વાસંતીદેવીની ભવ્યતા, શૌર્ય અને ઉદારતા છે. પરંતુ ઉદારતાને યોગ્ય વિશ્વાસુ સ્વભાવ છે. તારો ઇતિહાસ હવે તું સમજી શકયો? અજયપાલનું અદ્‌ભૂત શૌર્ય, વાસંતીદેવીનો નૈસર્ગિક પ્રેમ, ગંગાની વિચક્ષણતા: અને રાણીની ઉદારતા. આ પગથિયાં ઉપર તું ચામરાજેન્દ્રનો પાટવી કુમાર બન્યો છે!'

૨૭. જૂનો ઇતિહાસ

"પણ ઇંદિરા કોણ છે? એને આ વાતમાં શું સંબંધ છે?' પ્રતાપમલ્લ અત્યાર સુધી શાંત હતો, તેણે કહ્યું.

'વાસંતીદેવીએ મૃત્યુશય્યા પરથી એ જગ્યાને વિનંતી કરી, કૂટસ્થે કહ્યું: 'એક પૃથ્વીશના પિતાને અને બીજી ચામરાજેન્દ્રની રાણીને. રાણીનો પુત્ર જન્મીને તરત મૃત્યુ પામ્યો હતો ને રાણી પણ વેદનાથી વ્યાકુળ હતી, તેણે વાસંતીની છેલ્લી વિજ્ઞપ્તિ પાછી ન વાળી. અને તને પોતાના પુત્રને સ્થાને ગોઠવ્યો. આ વખતે ચામરાજેન્દ્ર પટ્ટનમાં નહિ હતો. દીવાન નંદલાલ હતો તેને કાંઈક શંકા ખરી. ગંગાએ પોતાનો જ ગુનો થાય એમ ધારી સઘળું છૂપાવ્યું. વાસંતીદેવીએ એકી સાથે પુત્ર અને પુત્રીને જન્મ આપ્યો હતો. પુત્રી પૃથ્વીશના પિતાને સોંપી. તે ઇંદિરા. તું ચામરાજેન્દ્રના પુત્ર તરીકે ઉછર્યો, ને પૃથ્વીશની બહેન તરીકે ઇંદિરા ઉછરી. વાસંતીદેવીએ તે જ સમયે પોતાનો સઘળો ધનસંચય પૃથ્વીશના પિતાને સોંપ્યો હતો. ત્યાર પછી વૃદ્ધ ડોસા મૃત્યુ પામ્યા ચામરાજેન્દ્રની રાણી પણ આ વેદનાથી ન બચી શકી, અને વાસંતીદેવી પણ મરણ પામી. આ ઘટના ઉપર સમયનો પ્રવાહ ચાલવા લાગ્યો. અને બધી વાત ગુપચુપ રહી ગઈ. ઇંદિરા તારી સગી બહેન છે.'

પ્રતાપમલ્લને આંખે તમ્મર આવ્યાં. અત્યાર સુધી, જેની સાથે મસ્તી કરી તે પોતાની જ બહેન હતી, એની આંખનો સંબંધ આજે બદલાયો. તે ઇંદિરા તરફ અનિમિષ નયને જોઈ રહ્યો.

વાસંતીદેવીની આબાદ છાપ સાચવતું ઇંદિરાનું ગૌર વદન શરમથી, ભયથી, આશ્ચર્યથી, અને કરુણાથી અનેક રંગ ધારી રહ્યું હતું! માલદેવે તેના તરફ જોયું:

'બેટા! ઇંદિરા! આંહીં આવ. જો તારો ધર્મ બચ્યો છે!'

ઇંદિરા હતી ત્યાં જ સ્થિર થઈ ગઈ. તે નીચે મોંએ જમીન બોતરતી ઊભી. ઘડીક પહેલાં જલતરંગ પેઠે નાચતું યૌવન શરમથી છવાઈ ગયું! આંસુથી છલકી ગયું! આભારથી નમી પડ્યું!

કૂટસ્થનો ધીર પ્રશાન્ત સ્વર સંભળાયો:

'ઇંદિરા!'

ઇંદિરા આંસુભરી આંખે સામું જોઈ રહી: એની આંખ બોલી રહી: 'ગુરુદેવ!'

તે ધીમે પગલે કૂટસ્થ પાસે આવી. આખા વનના સૌન્દર્યમાં એની ભાત પડતી હતી. અજયપાલની પ્રતિભા અને વાસંતીદેવીનું સૌન્દર્ય એક જ સ્થળમાં મળેલું આજે માલદેવે જોયું. તે બોલ્યો:

'ગુરુદેવ! મને સાંભરે છે! અસલ વાસંતીદેવી! માત્ર ઇંદિરા વધારે ગંભીર છે.'

કૂટસ્થે એના માથા ઉપર હેતથી હાથ મૂક્યો: આવી રમણીયતાને આટલા વાત્સલ્યભાવથી બોલાવવાનો એક અદ્‌ભુત વિજય એ કૂટસ્થનું ગૌરવ હતું: તે માયાથી બોલ્યો:

'બેટા! તું પૃથ્વીશની રક્ષિતા છે: પણ બહેન તો તું આ પ્રતાપમલ્લની છે!'

ઇંદિરાની સમક્ષ આખો ઇતિહાસ તર્યો: ભદ્રેશ્વરનું મંદિર: એનું એકાંત ઘર: પ્રતાપમલ્લ ત્યાં આવતો: કૂટસ્થની સૂચના. એ આભારથી ગળગળી થઈ ગઈ.

'ગુરુદેવ! જો માત્ર તમે એક ઘડી જ મોડા થયા હોત, તો આ જીવન ઝેર જેવું થઈ પડત!'

'ગુરુદેવ!' પ્રતાપ બોલ્યો: 'આનું પ્રાયશ્ચિત?'

'મનસ્વી પુરુષને પરિતાપ એ જ ભયંકર પ્રાયશ્ચિત્ત છે. પ્રતાપમલ્લ! ભૂલ કરવી, એ પાપ નથી; પાપ કરવું, એ ભૂલ છે.'

ઇંદિરાએ આજે જીવનમાં પહેલી જ વાર સ્નેહપરિવર્તન અનુભવ્યું: એની આંખમાંથી જોર કરી આંસુ બહાર સર્યાં: તેણે ધ્રજતે, પણ શાંત સ્વરે, દૃઢતાથી માયાભરેલા અવાજે ધીમેથી કહ્યું 'પ્રતાપમલ્લ! ભાઈ!'

એના સ્વરમાં પવિત્ર ટંકાર હતો: અને આત્માને જગાડીને એ સ્વર આજે પહેલી જ વાર બોલાતો હોય તેમ ખાસ ભારથી એ બોલી: 'ભાઈ.'

પ્રતાપમલ્લે એટલી જ સહૃદયતાથી જવાબ આપ્યો.

'બહેન! ઇંદિરા!'

એના સ્વરમાં પ્રાયશ્ચિત્તની છાંટ લાગ્યા વિના ન રહી. કૂટસ્થે શાંત રહી આ જોયા કર્યું: પછી એ બોલ્યો,

'ઇંદિરા! ચાલ હવે તું પાછી પૃથ્વીશ પાસે જા. ગુલાબ કયાં છે? અને સુધીર?'

ઇંદિરાએ અચકાતાં જવાબ આપ્યો: 'સુધીર તો પટ્ટન ગયો છે!'

'ચામરાજેન્દ્રનું ખૂન કરવા?' કૂટસ્થે હસતાં હસતાં કહ્યું.

'ગુરુદેવ! હા.'

'ઠીક. માલદેવ! હવે તું અને ઇંદિરા પાછાં પૃથ્વીશની વાડીમાં જાઓ. સમય એટલો બારીક છે કે જો તમે જરા પણ બેદરકાર કે અવિશ્વાસુ રહેશો તો તમારો વિનાશ હવે નજીક છે. માલદેવ! અજયપાલનું વૈર જગતસિંહ સામે હતું. જગતસિંહ ભોળો અને બહાદુર હતો. એ વૈર શૂરવીર સામે શૂરવીરનું હતું. તારું વૈર ચામરાજેન્દ્ર સાથે છે. ચામરાજેન્દ્ર તને દગો દેશે. શૌર્ય સામે શાર્ય ટકે છે; દગા સામે નહિ, માટે સાવધ થા, હમણાં ગુમ જ રહે. તારો સમય હવે આવવાનો છે.

માલદેવે પોતાની 'નીલમ' પર સવારી કરી, ને ઇંદિરા તેની

પાછળ એડીઃ ઘાટા જંગલમાં થઈ તેઓ થોડી વારમાં અદૃશ્યથઈ ગયાં.

કૂટસ્થ પ્રતાપ તરફ ફર્યોઃ

'અને હવે પ્રતાપ! તું માલદેવની પાછળ જાણે ઘૂમ્યા કરે છે, એવો દેખાવ કર. જ્યાં સુધી પરિપક્વ સ્થિતિ થઈ નથી, ત્યાં સુધી આપણું દરેક કાર્ય ગુપ્ત રહેવું જોઈએ. તું પટ્ટનમાં જા, ત્યારે તારે એક જ કાર્ય કરવાનું છે. ગંગાને હાથમાં લેવી. તેની પુત્રી પર તેને ઘણી પ્રીતિ છે. આ પુત્રી ક્યાં રહે છે તે કોઈ ને ખબર નથી. ગંગા એક જ જાણે છે. આ પુત્રી પર એક વખત ચામરાજેન્દ્રનાં વિલાસી નયન ફરેલાં, પરંતુ ત્યાર પછી અકસ્માત તે મૃત્યુ પામ્યાના સમાચાર ફરી વળ્યા. ગંગા ગમે તેમ પણ કુટુંબના અભિમાનવાળી છે. ચામરાજેન્દ્રથી બચવા તેણે આ માર્ગ શોધી કાઢયો છે. જો ચામરાજેન્દ્રને આ વાતનો બરાબર પત્તો મળી જાય તો તેની ગંગા ઉપર અવકૃપા થાય ને પરિણામે ગંગા આપણી બને!'

'આ પત્તો ચામરાજેન્દ્રને કોણ આપે?' પ્રતાપે પૂછયુંઃ

'મને લાગે છે કે તું પોતે આ બાબતમાં ચામરાજેન્દ્રનો વિશ્વાસુ બની જા. આ ગંગાની યમૂનાનો પતિ શોધતાં તને એનોઃ પત્તો મળે!'

'ગંગાની યમૂનાનો પતિ છે?'

'કેમ? સુધીર પોતે.'

'આ..હા! દેવીસિંહનો સુધીર!'

પ્રતાપમલ્લને નવાઈ લાગી.

'હા, જ્યારે દેવીસિંહની સ્થિતિ સારી હતી ત્યારે એ સંબંધ બંધાયો હતોઃ પણ ત્યાર પછી, દેવીસિંહ પર અવકૃપા જોઈ, તથા તેનું કુટુમ્બ ધીમે ધીમે ચામરાજેન્દ્રના સંસર્ગથી દુષ્ટ બને છે, એ જોઈ ગંગાએ આ સંબંધ છોડયો!'

પણ પ્રતાપમલ્લ વિચારવમળમાં પડયોઃ કૂટસ્થને આ બધી ખબર ક્યાંથી? તે ધીમેથી બોલ્યોઃ

'પોલીસોએ સાધારણ રીતે સુધીર ઉપર કાંઈક આરોપ તો ઢોળ્યો છે! અવનીશનો કારકુન પ્રીતમ કાં તો પૈસા મારીને ક્યાંક ઉપડી ગયો લાગે છે. આ પ્રીતમની શોધમાં પોલીસ છે જ. એનું અપહરણ કે ખૂન થયું એ વાત ચલાવી રહી છે. એમાં આ મળી જાશે!'

'બરાબર. એટલે જ આટલો વધારો કરવાથી, કોઈ ન જુએ તેમ ચામરાજેન્દ્રના વિનાશનું બીજ રોપાશે! આપણે કોઈ રીતે ગંગાને ફેરવવી છે!'

'ગુરુદેવ! સુધીર તો પટ્ટનમાં છે જ. વળી હમણાં હમણાંમાં જ સુધીર કાંઈક નવાજૂનું કરશે, એટલે એની ફાંસી ચોક્કસ છે. એ ફાંસી શી રીતે અટકશે?'

'પૃથ્વીશનું ભવિષ્ય સાંભરે છે?'

પ્રતાપમલ્લ ઝંખવાયો: 'ગુરુદેવ! હા. પણ આ પૃથ્વીશ ન હોય. આ તો સાધારણ રખડુ જેવો એક માણસ છે.'

'છતાં એ પણ સૃષ્ટિનો અમૂલ્ય મનુષ્ય છે. એના જીવનનો પણ વિશ્વમાં હિસાબ છે. અને તેથી એ બચશે જ.'

છેલ્લા શબ્દો કૂટસ્થ વધારે ભારથી બોલ્યો.

'ત્યારે હવે હું જાઉં?' પ્રતાપે પૂછ્યું:

'હા. હું પટ્ટનમાં જ આવીશ. પટ્ટનમાં હાલ ધમાલ છે. તું સાવચેત રહેજે. જરા સરખી શંકા પણ ન થાય કે તું રાજદ્વારી વિષયમાં પાછો ઊતર્યો છે. માત્ર ગંગાને હાથમાં લે. એ ડોશીના એકમાત્ર વિશ્વાસસ્થાન પર હલ્લો થશે કે તરતજ એ ફરી બેસવાની. પછી તો એનો સ્ત્રીનો ડંખીલો સ્વભાવ છે.'

પ્રતાપે રજા લીધી. ને થોડીવારમાં તે પટ્ટનના માર્ગ તરફ અદૃશ્ય થઈ ગયો.

કૂટસ્થ ત્યાંથી ચાલ્યો ગયો.

પ્રતાપમલ્લ જ્યારે પટ્ટન પહોંચ્યો ત્યારે ચારે તરફ અવિશ્વાસ,

કપટ, ને જળ પથરાયાં હતાં. પોતાનો ઇતિહાસ જાણ્યા પછી પ્રતાપ એનું રહસ્ય હવે નવી રીતે જ નીરખવા માંડ્યો. ચામરાજેન્દ્ર એની સાથે વધારે મીઠાશથી બોલતો હતો. નંદરામ વારંવાર એને મળવા આવતો. અવનીશે માલદેવને હઠાવવા માટે અભિનંદન આપ્યું. પરંતુ પ્રતાપને ખાત્રી હતી કે પોતાના પર સૌ તૂટી પડવાની આ તૈયારી કરે છે. એટલામાં એક રાત્રીએ અચાનક તે બારણા ઉપર ટકોરા પડવાથી જાગ્યો. બારણું બોલી જુએ છે તો કૂટસ્થ તેની પાસે ઊભો હતો :

'પ્રતાપમલ્લ!' કૂટસ્થે ઉતાવળથી કહ્યું, 'સમય કટાકટીનો આવી પહોંચ્યો છે! કાલે સુધીર એક સાહસ કરનાર છે! તે પકડાય તે પહેલાં ગંગાની વાત છેડવી જોઈએ!'

પ્રતાપમલ્લ જવાબ આપે તે પહેલાં કૂટસ્થ ચાલ્યો ગયો હતો. જરા જેટલી ચેતવણી આપીને ચાલ્યા જવાનો તેનો સ્વભાવ પ્રતાપે ઘણી વાર અનુભવ્યો હતો.

બીજે દિવસે સવારે જ પ્રતાપે યશવંતસિંહને કહ્યું : 'તમે કોઈ દિવસ સાંકડીગલ્લીવાળો પ્રદેશ જોયો છે?'

'જી ના.'

'ત્યારે ત્યાં ગુપ્ત તપાસ કરો. ગંગાની યમુના ત્યાં હોવાના ભણકારા છે. આ યમુના ઉપર પ્રીતમની નજર હતી. સુધીરને આ ડંખ્યું ને પ્રીતમનું ખૂન થયું કહેવાય છે, જેમાં તમને ખૂની મળતો નથી, તે કદાચ આંહીં નીકળશે!'

'પણ આ યમુના તો મરણ પામી છે!'

'કોણે કહ્યું!'

'ગંગાએ પોતે જ.'

'એ ખોટું છે. ત્યાં તમને કાંઈક અવનવું મળી આવશે. પ્રીતમનું ખૂન થયું કહેવાય છે તેનો પત્તો ત્યાં જ લાગશે! તપાસ કરો!'

યશલાલસિંહને ચામરાજેન્દ્રની કૃપાનું એક નવીન સાધન મળતું હતું. હજી યમૂના જીવે છે, એ તપાસ પોતે કરી એમ ઠરાવી દેવાશે! ને ચામરાજેન્દ્રનો વિલાસી સ્વભાવ નવા શિકારથી જેટલો આનંદ પામતો તેટલો બીજા કશાથી નહિ! પ્રીતમ જેવા કારકુનનું કહેવાતું ખૂન તો ઠીક હવે!

આ વાર્તાલાપ થયા પછી યશલાલસિંહ મોડેથી ચામરાજેન્દ્રને મળવા આવ્યો. પ્રતાપમલ્લ તે વખતે ત્યાં હતો. એને આવતો જોઈ તે ધીમેથી જતો રહ્યો. યશલાલ આવ્યો:

'બાપુ! એક નવીન ઘટના બની છે!'

ચામરાજેન્દ્રે જરા પણ આશ્ચર્ય ન હોય તેમ તેની સામે જોયું. એનો દાંભિક સ્વભાવ એની બધી નિર્બળતાને ચારે તરફથી ઢાંકવા માટે પૂરતો હતો. તેણે સહેજ સામે જોયું:

'અવનીશભાઈના કારકુન પ્રીતમ ગૂમ થયાની વાત હતી. પ્રીતમલાલનો ખૂની સુધીર છે!'

ચામરાજેન્દ્રે, નોકર 'જમવાનો વખત થયો છે.' એમ કહેવા આવે, તેટલી શાંતિથી આ સાંભળ્યું: પછી તે બોલ્યો: 'નિયમસર ખૂની?'

બધું 'નિયમસર' એટલે દુષ્ટતાની પરંપરા! આ દંભી રાજા મનુષ્યને મરણ પામતું જોઈ દાંભિક વિવેકમાં પૂછે: 'એ નિયમસરમરે છે?'

યશલાલ ને સૌ અફસરો એને પામી ગયા હતા. યશલાલે કહ્યું: 'જી હા! બધું કાયદાપૂર્વક છે.'

'ત્યારે કેસ ચલાવી ફાંસીનો હૂકમ મેળવો!' ચામરાજેન્દ્રે જરા પણ ધ્રમશ વિના કહ્યું.

'પરંતુ એમાં એક વિશિષ્ટ ઘટના છે.'

ચામરાજેન્દ્રે સહેજ સામે જોયું

'ગંગાની પુત્રી યમુના જીવે છે! ને તેના પર નજર કરવા માટે આ ખૂન થયું છે!'

ચામરાજેન્દ્રનો બધો બુદ્ધિવૈભવ હવે ઠલવાયો : સ્ત્રીના શાસ્ત્રમાં એ એકકો હતો: વિલાસની સગવડતા શોધવામાં નિપુણ હતો ! વિશ્વાસુને દગો દેવામાં અદ્વિતીય હતો :

'ત્યારે એનો રસ્તો સહેલો છે ! હાલ જમુના ક્યાં છે ?'

યશલાલે ઠેકાણું આપ્યું.

'ત્યારે આજે રાત્રે યમુનાને આહીં પહોંચાડવી. ગંગાને ફરિયાદ કરવાનું કારણ નથી. ફરિયાદ કરવા આવે તો એણે પોતાની પુત્રી મૃત્યુ પામ્યાનું તે પહેલાં જ જાહેર કર્યું છે, તેથી હવે એ ખોટી ઠરે ! એને મન તો પુત્રી મૃત્યુ જ પામી છે ! ને સુધીરને લટકાવી દો !'

પટ્ટનના સ્વામીનો આ બુદ્ધિવૈભવ ! લાખો મનુષ્યની આ કિમ્મત ! ન્યાયની આવી શક્તિ ! માનવજીવન પર આ સ્નેહ !

૨૮. એ બોમ્બ કોણે ફેંક્યો?

યશલાલસિંહે ચામરાજેન્દ્રનો ન્યાય મેળવી લીધો. એને લાગ્યું કે આજે પોતે અવનીશની કૃપા મેળવી છે, ને ચામરાજેન્દ્રને પ્રસન્ન કર્યો છે. ગંગાનુ જોર તૂટ્યું છે, ને નંદલાલના હાથ હેઠા પડ્યા છે! કારણ કે ચામરાજેન્દ્રની કૃપા માટે જે સાધન તે સાધન એને એણે મેળવી આપ્યું હતું. ગંગાની યમુના! એક જ સપાટે આટલો વિજય આજ પ્રથમ જ તેણે અનુભવ્યો.

ગુલાબ અને ઇંદિરાથી છૂટો પડી સુધીર પટ્ટન તરફ આવ્યો હતો. એનામાં અન્યાય સહન કરવાની ધીરજ ન હતી; ધીમે ધીમે ન્યાય મેળવવાનો વિશ્વાસ ન હતો; વ્યવસ્થાપૂર્વક ગુપ્તમંડળ જમાવી વેર લેવાની કુનેહ ન હતી; અને સુંદર વેર લેવાનો એનામાં દંભ ન હતો. એના નિર્દોષ સ્વભાવમાં એક જ ધૂન લાગી. વસંતતિલકાને લૂંટનારને મારું–ગમે તે રીતે મારું. એને મરી ફીટવું હતું. તે પટ્ટનમાં આવ્યો, ત્યારે રાત્રિનો અંધકાર જામી ગયો હતો હતો. આ અંધારા ઉપર અજવાળાની ભાત પડી રહી હતી. તે ભદ્રેશ્વરના ઓટલા ઉપર જ બેઠો. પુષ્કરે હમ્મેશના નિયમ પ્રમાણે રાત્રે કોઈ થાકયોપાકયો મુસાફર બહાર ન પડ્યો રહે, માટે અંદર આવવા ઘૂમ મારી. બીજા ઘણા મુસાફરો આ સાદ સાંભળી અંદર ગયા. માત્ર સુધીર કોઈ ન દેખે તેમ પટ્ટન તરફ ચાલતો થયો.

તે પટ્ટનના મધ્યભાગમાં આવી પહોંચ્યો. કેટલીક ગલીકુંચી વટાવી તે પોતાના નિર્જન ઘર પાસે આવી પહોંચ્યો. આ ઘરનો દરેક પથ્થર એની માની સ્મૃતિથી ભર્યો હતો. ત્યાંની દરેક દરેક વસ્તુ પર સુધીરને મા જેટલું વહાલ હતું. અત્યારે આ ઘર દરબારી

કબજામાં હતું. સુધીરે કચ્છ માર્યો. અને આવનારજનારની ગરબડ ઓછી થતાં, વંડી ઉપરથી અંદર ભૂસકો માર્યો. અંદર મૃત્યુ જેવી શાંતિ હતી. કેટલાંક નિસ્તેજ ઝાડનાં અરધાં મરેલાં પાંદડાં કચારેક ખખડતાં હતાં. અહીંઆં જ થોડાં વર્ષો પહેલાં ચૈતન્ય ભર્યું. હતું. ફળીમાં એક સડેલી સાદડી, એક ફૂટેલ ઘડો ને થોડાંક જૂનાં કાંટારખાં પડયાં હતાં. એટલામાં કોઈ માણસનો પગરવ સાંભળવાથી સુધીર એકદમ સંતાઈ ગયો, પણ એની કલ્પનાનું એ ભૂત નીકળ્યું ! ઘણાં વર્ષ થયાં આંહીં કોઈ નહિ આવ્યું હોય, એવું સ્પષ્ટ લાગતું હતું. પોતાના જ ઘરમાં, સુધીર ચોરની માફક ઘૂજતો ઊભો. બન્ન ઓરડાનાં બારણાં બંધ હતાં. અગાસી પર પણ બધાં દ્વાર વાસેલાં હતાં, સુધીરે બારણાને ખોલવા મહેનત કરી, પણ વ્યર્થ. અંતે સાંકળમાંથી તાળું નીકળી જાય છે, એવું જાણતાં તેને મોટું આશ્ચર્ય થયું ! ચતુર સુધીરે દ્વાર ખોલી નાંખ્યું તે તરત જ એની દૃષ્ટિ ઓરડાના અંદરના ભાગમાં પડતાં તે થંભી ગયો, અટકયો, હઠયો. તે ભયથી લગભગ દોડયો ગયો !

અંદરનો ઓરડો ઘણો વિશાળ હતો, ને તેમાં ચારે તરફ 'ફર્નીચર' ભરચક ભર્યું હતું. દેવીસિંહ રાઠોડે કોઈ સુથારના ખૂનના કેસમાં મેળવેલ સુંદર આરામ ખુરશીઓ, ભવ્ય હીંડોળા, ને વિશાળ પલંગ ત્યાં પડચા હતા. કોઈ કંસારા ઉપર થયેલ ફોજદારીમાં પ્રાપ્ત કરેલાં મોટાં વાસણો એક તરફ પડચાં હતાં. એક બે ઠેકાણે ટાંગેલ તંબૂરાના તાર જાણે તૂટતા હતા. સુધીરે જે દેખાવ જોયો તેથી તે ભયભીત થઈ ગયો. વિશાળ ખંડના મધ્યમાં, ભવ્ય હિંડોળો જાણે હીલોળે ચડયો છે, ને તેના ઉપર વસંતતિલકા જેવી જ આબેહૂબ મૂર્તિ સુધીર તરફ એકી નજરે જાણે જોઈ રહી છે. પરિચય ન હતો છતાં એ જ માતાની છવિ એવું સુધીરને લાગ્યું. પરિચય ન હતો, છતાં એ જ શરીરવૈભવ એમ સુધીરને જણાયું.

'સુધીર ! બેટા ! મારો ન્યાય તારે લેવો છે !'

સુધીરની કલ્પનાએ શબ્દ પણ સાંભળ્યો! આબેહૂબ મનુષ્યનો જ સ્વર! એ જ હલક! એવું જ સ્ત્રીનું લાલિત્ય!

તે પોતાની જ કલ્પનાથી ભયભીત થઈને એકદમ વંડી તરફ દોડ્યો! પણ હજી એના કાનમાં સ્વર આવતો હતો:

'સુધીર! બેટા! તું મને ઝંખે છે ને મારાથી બીએ છે?'

સુધીરે જોસથી બારણું ખેંચ્યું: રસ્તા ઉપર રોન ફરવા નીકળેલ સિપાઈઓ ભડક્યા. તેમાંના એકના મોંમાંથી ફાટતો સ્વર નીકળ્યો: 'ભૂત!'

ઘડીવારમાં સૌના પગના મોટા ધબકારા થવા લાગ્યા. આખો રસ્તો તેમના કોલાહલથી ગાજી ઊઠ્યો, ને થોડીવારમાં તે દૂર દૂર ચાલ્યા ગયા. સુધીરે પાછા વળી જોયું. ઓશરીમાં કોઈ ઊભું ન હતું. ઓરડામાંથી કોઈનો સ્વર આવતો ન હતો. તે ધીમે કિન્તુ દૃઢ પગલે પાછો ફર્યો. તેને પોતાની નબળાઈ ઉપર શરમ આવી. પોતાના બીસામાંથી એક ડબી કાઢીને તેની ચાંપ ફેરવતાં આખા ફળીમાં રોશની થઈ રહી. તે ઓરડામાં ગયો. ઓરડામાં હજી હવાની ગંધ હતી, પણ રસ્તાપરની બારી બોલવી તેને ઠીક ન લાગી. તે પોતાની માતાની ભૂલી જવાયલી મિલકત પરથી આજે ધૂળ ખંખેરવા લાગ્યો. દરેક પળે તે વધારે ને વધારે દૃઢ થતો ગયો. દરેક પળે તે ઘર વધારે પરિચિત બનતું ગયું. કીનખાબના ગાલીચા પર કંસારીઓ ઊડી રહી હતી. રેશમી મશરુના તકિયા પર કરોળિયાનાં પડ બાઝતાં હતાં. ને માણસને જે ચીજ વાપરવાની ના પાડવામાં આવતી હતી, તેના પર જીવડાં આનંદ કરી રહ્યાં હતાં! ઉચ્છૃંખલ સત્તાનો વૈભવ કુદરત આવી જ રીતે પોતાના નાના નાના પ્રાણીઓના વિલાસ માટે રાખે છે!

સુધીરે ચારે તરફ દૃષ્ટિ ફેરવી. એક તરફ ચામરાજેન્દ્રની વિશાળ છવિ જાણે હમણાં જ હસી રહી છે, એવા દંભમાં કાગળ ઉપર પણ પોતાનો સ્વભાવ સાચવીને ઊભી હતી. બીજી તરફ દેવી-

સિંહનો ચહેરો ઉગ્રતાભર્યો ખૂની સ્વભાવનો પડઘો પાડતો પીછીના આછા રંગમાંથી ડોકિયાં કરતો હતો. ઓરડાના બીજા ભાગમાં જવાને વચ્ચે દ્વાર હતું. સુધીર તે વટાવી ગયો. છત ઉપર એક છવિ ટાંગી હતી ને તેના પર હજાર કાણાંવાળું મેલું ને કાળું લૂગડું લટકતું હતું. નીચે ભોંતળિયે, ઊંદરની લીંડીઓથી ભાત પાડી હોય તેવી એક ઘોળી ને ધૂળના થર જામેલી જાજમ બીછાવી હતી. ખૂણામાં એક ટેબલ ને તેના પર વિશાળ મૂછતો અરીસો હતો. તેના પર પણ ધૂળના ઢગલા હતા. તેના પર એક જૂની સારંગી પણ પડી હતી.

સુધીર તે છવિ તરફ ગયો. તેણે ઉપરનું લૂગડું ખેચ્યું. તરત જ લૂગડું કટકેકટકા થઈ નીચે પડ્યું: સુધીરે એક પાસે પડેલી ખુરશી ઉઠાવી છવિને ધીમેથી નીચે ઉતારી. નીચે ઉતારવા જતાં તેનો પગ જરા સર્યો. એના પગ નીચેની ખુરશી, એક તરફ ઊંડી પડી ને કટકેકટકા થઈ ગયા. એના પડવાથી એની જૂની મૈત્રી ધરાવનાર સારંગી એની મેળે બોલી ઊઠી. એના તાર રડી ઊઠ્યા. સુધીરને લાગ્યું કે શાંત રાત્રિમાં પોતાના ઘરમાં જાણે પોતાની જ માતાનો સ્વર તે સાંભળી રહ્યો છે.

સુધીરે છવિને ટેબલ પર જોઠવી. ભીની આંખે એના તરફ જોઈ રહ્યો. વાત્સલ્યભર્યું હૃદય એ ચહેરા પર પથરાઈ ગયું હતું. સુધીરને છવિ પાસે ઊભા રહેતાં લાગ્યું કે જૂનો કાળ નવી કડીથી સંધાઈ રહ્યો છે! જાણે સમય ગયો જ નથી, જાણે ભૂતકાળ માત્ર વર્તમાન સુધી લંબાણો છે!

તેની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં. પોતાની મા પાસે નાનું બાળક રોતું હોય તેમ તે રોવા લાગ્યો. હાથપગ પછાડવા લાગ્યો, કેશ ચૂંટવા લાગ્યો. આજે એને એની મા સાથે બોલવું હતું. એની મા સામે હતી, પરંતુ કાગળ પરથી તે બોલે તેમ ન હતું. કાગળ પરનો રંગ ને પીછી અનેક ભાષા બોલતાં. સુધીર આ સાંભળતો હતો ને એથી એનો આત્મા રડીને જવાબ વાળતો હતો!

સુધીરે રોઈને પોતાનું હૃદય ખાલી કર્યું. માતાની છબિ બગલમાં મારી લીધી ને પોતે બહાર નીકળી ગયો. દ્વાર પાછું હતું તેમ અટકાવ્યું ને વંડી પર ચડી, પાછો પટ્ટનના જાહેર રસ્તા પર ભટકતો થઈ ગયો.

બીજા દિવસની સાંજ સુધી સુધીર પટ્ટનમાં દેખાયો નહિ. બીજે દિવસે ચામરાજેન્દ્રનો જન્મદિવસ હતો. મને કે કમને સૌ ગુલામ જેવા પ્રજાજનોએ રોશની કરી હતી. બળતે હૃદયે ને ઝુકતા શીરે સૌ અગિયારથી પાંચ સુધીના બાદશાહો હાજર થયા હતા!

સુધીરે ભયંકર નિશ્ચય કર્યો હતો. એ પોતાની જાત હોમી દેવા માગતો હતો.

ચામરાજેન્દ્રની સવારી ફરવા નીકળી હતી. આગળ લશ્કરી પોષાકમાં પાયદળ ચાલતું હતું. તેની પાછળ ચુનંદા સવારો હતા. પાછળ વાજાંની ધમાલ હતી. વચ્ચે ચામરાજેન્દ્રનો 'જયનંદન' હાથી વૈભવની સાક્ષાત્ મૂર્તિ જેવો ડોલી રહ્યો હતો. ચામરાજેન્દ્ર એના પર સુવર્ણની અંબાડીમાં બિરાજ્યો હતો; ઉપર ચમ્મર ઢળતાં હતાં; પવન નંખાતો હતો. છત્ર શોભી રહ્યું હતું ને પાછળ એનો વિજયધ્વનિ પોકારાતો હતો. એની પાછળ એક ગાડીમાં પ્રતાપમલ્લ હતો. તે પછી આખો અમલદાર વર્ગ પ્રજાજનને રૂઆબમાં આંજી નાંખતો જુદાં જુદાં વાહનોમાં આવતો હતો. સવારી આગળ વધતી હતી; સ્ત્રીપુરુષો ચામરાજેન્દ્રને ગર્વથી ને હર્ષથી જોઈ રહ્યાં હતાં. હજારો આંગળીઓ એના તરફ ફરતી હતી. આ દૃશ્ય પર ઘડીભર સૌ થંભી ગયા હતા. ચામરાજેન્દ્રના દોષ એના વૈભવમાં ઢંકાઈ ગયા હતા. આ વખતે ચામરાજેન્દ્ર માત્ર સામું જુએ તો માનભૂખ્યા પુરુષો પોતાને કૃતકૃત્ય માની મિત્રમંડળમાં પોતાની વાત બહુ ગર્વથી કરે. ચામરાજેન્દ્રની કૃપામાં અખૂટ વૈભવ છે એ સૌ જોઈ શકતા હતા. સૌ ઝુકતા હતા, સૌ નમતા હતા. સૌ રાજાને જોઈ ઘેલા બન્યા હતા. સૌ અંજાઈ ગયા હતા.

એ વખતે આ દૃશ્ય પર એક નિસ્પૃહ આંખ ફરી રહી હતી. એને ન હતો આ વૈભવનો મોહ કે ન હતી આ દૃશ્યની ઘેલછા. એ સ્થિતપ્રજ્ઞ હતો. એ વસ્તુસ્થિતિ સમજતો હતો. આ પોલાણની એને ખબર હતી. એ સામાન્ય જનની માફક કૃપા ઇચ્છતો ન હતો; અમલદાર વર્ગની માફક ગર્વથી મત્ત ન હતો; સ્ત્રીઓની માફક ઘેલો ન હતો; બાળકની માફક અંજાઈ ગયો ન હતો. એ સૌ પર નજર ફેરવી રહ્યો હતો.

સવારી બરાબર મધ્યચોકમાં આવી ત્યાં એકાએક જબ્બર ધડાકો થયો. ધુમાડાના ગોટેગોટાથી ઘેરાતું પાયદળ મૂંઝાયું; સવારો અટકયા; ને કેટલાક ઘોડા તોફાને ચડયા. આખી સવારી વિજળીના આંચકાથી થંભે તેમ થંભી ગઈ !

યશવંતસિંહનો પહાડી સ્વર સંભળાયો : 'સરદાર ! જ્યે પૂર્વ તરફ, એ ટોળામાં બદમાસ ભાગ્યો છે !'

સૌની નજર એ ટોળાં તરફ ગઈ. ચામરાજેન્દ્રના હાથીને મહાવતે કબજામાં રાખ્યો હતો, પરંતુ ચમર ઢોળનાર ઉડી પડયો હતો ! સરદારસિંહ ને બીજા સરદારો દોડયા. અનેક દિશામાં ટોળાં ઊભાં હતાં. ઉપર અગાશીમાં લોકોની ઠઠ જામી હતી. દુકાનના ઓટલા ટોળાંથી ભર્યા હતા. સરદારસિંહે એક તરફ પ્રયાણ કર્યું : પણ કોને પકડવો તે સૂઝયું નહિ.

બીજો ધડાકો થયો ને ચામરાજેન્દ્રના મુગટની કલગી છેદાતી ગઈ. આખી સવારીમાં કોલાહલ થઈ રહ્યો. સૌ સૌને ઠીક પડે તેમ ભાગ્યા. વ્યવસ્થા તૂટી ગઈ. લોકો જેમ જેને ફાવે તેમ દોડવા લાગ્યા. સરદારસિંહ, યશવંતસિંહ, પોલીસો આમથી તેમ ઉતાવળે ઘૂમવા લાગ્યા, પણ બૉમ્બ ફેંકનાર દૂર નીકળી ગયો હતો. સાંજ સુધીની તપાસનું પરિણામ કાંઈ આવ્યું નહિ :

આખા પટ્ટનમાં ચર્ચા થઈ રહી હતી : એ બૉમ્બ ફેંકયો કોણે ? એટલી હિમ્મત કોણે ચલાવી ?

૨૯. વેર લેવાની રીત

ચામરાજેન્દ્રનો જન્મદિવસ ચાલ્યો ગયો, બૉમ્બનો ફેંકનાર તો મળ્યો જ નહિ, પણ તપાસ હજુ ચાલુ હતી. જે દિવસે બૉમ્બ ફેંકાયો, તે રાત્રિએ, પટ્ટનના એક ખંડિયેર જેવા ભાગમાં એક માણસ ઊભો હતો. તે બહુ જ ધ્યાનથી, આસપાસની દરેકે દરેક હિલચાલ સંભાળી રહ્યો હતો.

થોડીવારમાં ત્યાંથી એક જુવાન નીકળ્યો. તે બહુ-ચુપકીથી, તેના પાસેથી જ ચાલ્યો ગયો. પેલા માણસે તરત એનો પીછો પકડ્યોઃ

બન્ને થોડે દૂર ગયા હશે, ત્યાં પેલો જુવાન ઊભો રહ્યો. પેલો માણસ એકદમ ભીંતની ઓથે લપાઈ ગયો. જુવાને એક વખત ચારે તરફ નજર ફેરવી. કોઈને ફરકતું ન દીઠું, એટલે તરત એક રસ્તા પર, થોડુંક ખાડા જેવું કરી, પોતાની બાંયમાંથી કાંઈક તેમાં મૂકયું. અને એકદમ, કાંઈ ન હોય તેમ બેફિકરપણે આગળ ચાલતો થયો. પેલો માણસ તેની પાછળ જ હતો, હજુ તો તે જુવાન, માંડમાંડ વીસ ડગલાં દૂર ગયો હશે ત્યાં તેના ખભા પર હાથ પડ્યો.

'સુધીર!'

સુધીરે એકદમ ગભરાટથી પાછળ જોયું. સ્વામી કૂટસ્થને જોયા. તેનો ગભરાટ મોળો પડ્યો, પણ તેની છાતી ધડકતી રહી નહિ.

'કેમ?' સુધીરે જવાબ વાળ્યો. શિકારી પશુને પકડી પાડે, અને પછી જેમ તે નિરાશાભરેલી નિર્ભયતાથી સામે થાય છે, તેમ

સુધીર પણ બેદરકારભરેલી રીતે નિર્ભય બન્યો હતો.

'જે માણસ એક ઘડી મોડો થાય, કે જે માણસ એક ઘડી વહેલો થાય, તે કોઈ દિવસ સાચું વેર લઈ શકે નહિ.'

'મારે તો વિનાશ કરવો છે, વેર નથી લેવું.'

'વેર લેવામાં શાંતિ જોઈએ: વિનાશ કરવામાં શક્તિ. તારામાં બેમાંથી એકે નથી.'

'એમ?'

'હા. આજે તેં ભર બજારમાં બોમ્બ ફેંકયો, તે એક ઘડી વહેલો હતોઃ અત્યારે આ બોમ્બ ફાટયો છે, તે એક ઘડી મોડો છે! તું એમ ધારે છે કે આ તરફ ગંગાનું ઘર છે, ત્યાં યશલાલ જાય ત્યારે તેનો વિનાશ થાય, પણ યશલાલ કયારનો પાછો ગયો, યમુનાને લઈને.'

સુધીર ત્રણ કદમ પાછળ હટી ગયો: તે જીવ પર આવીને બોલ્યો: 'હેં સ્વામી! તમે મારા પર જાસૂસી કરો છે?... પણ જુઓ,' તેણે પોતાના ચીંથરીઆ-કોટનાં બટન છોડી નાંખ્યાં. 'આ છાતી પર તોપનો મારા ચાલશે, તોપણ પટ્ટનમાં કોઈનું જીવન સલામત ન રહેવા દેવાની મેં પ્રતિજ્ઞા કરી છે!'

'પણ તારું પોતાનું જ જીવન અત્યારે ભયમાં છે: તને પ્રીતમનો ખૂની ઠરાવવાની ગોઠવણ થઈ ગઈ છે, તેનું શું?

'એ ગોઠવણ બર આવે તે પહેલાં જ હું ખૂન કરી નાંખવા માગું છું!'

'કોનું?'

'ચામરાજેન્દ્રનું!'

'એથી તારું વેર તૃપ્તિ પામશે?'

'હા. હું લોહી સાટે લોહીમાં માનનારો છું!'

'પણ—એથી પ્રજામાં રહેલી અનેક વસંતતિલકાઓ, ને યમુનાઓ-માતાઓ અને પત્નીઓ-નિર્ભય બનશે? તારું વેર એ માત્ર

ધૂન છે કે હેતુ છે?'

'હેતુમાં હું માનતો નથી: ધૂનની મને પરવા નથી.'

'તું ઈશ્વરમાં માને છે?'

'ના, ઈશ્વર હશે તો આ જમાનામાં માત્ર—દુષ્ટતારૂપે ફેલાઈ રહ્યો હશે.

'તું કોઈમાં માને છે?'

'હા.'

'કોનામાં? ઈશ્વર કરતાં તને વધુ પ્રિય એવું શું છે?'

'મારી મા!'

ફૂટસ્થે છાતી પર અદબ વાળી દીધી: તે સીધો ટટ્ટાર ઊભો રહ્યો: 'જુવાન માણસ! તારી માનું વેર તું ખૂનથી વાળવા માગે છે? તને ખાત્રી છે કે એથી તારી માતાને સ્વર્ગમાં સંતોષ થશે?—તેં વિચાર્યું છે કે વેરની આ એક જ રીત હોઈ શકે?'

સુધીર ઘડીવાર ગંભીર બની ગયો. એને કાંઈ જવાબ આપવો સૂઝ્યો નહિ.

'તું વેગમાં કામ કર્યે જાય છે કે વિચારપૂર્વક કામ કરે છે?'

'વિચાર વિના કામ કરવામાં જ મને આનંદ આવે છે, વરની અનેક રીત હોય એમ હું માનતો નથી.'

'ત્યારે જો—'

એ જ વખતે કોઈ જોસથી દોડ્યા આવતા જુવાનનાં પગલાં સંભળાયાં: ઝપાટાબંધ ફૂટસ્થ તેના તરફ દોડ્યો. પણ તે હજી દસ ડગલાં ન ગયો, ત્યાં જબરો ધડાકો થયો, ને પેલો જુવાન જ્યાં સુધીરે બોમ્બ ઘાટ્યો હતો ત્યાં જ 'ઓય મા!' એટલું બોલતામાં, ઊછળી પડ્યો. ફૂટસ્થ પાછો ફરીને એકદમ સુધીર પાસે આવ્યો: 'મારી પાછળ ચાલ, નહિ તો તારી જિંદગી સલામત નથી! જો પેલો સિપાઈ આવ્યો!—તેં એક નિર્દોષને હણ્યો છે!—'

બન્ને જણા એકદમ અદૃશ્ય થઈ ગયા ને અનેક ગલીકુંચી

વટાવતા ગંગાના દ્વાર પાસે પહોંચ્યા, ત્યારે જ નિરાંતે થોભ્યા.

'આ તારું વેર છે?—' ફૂટસ્થે એકદમ પૂછ્યું.

'ના. એનો ભોગ તો મફતનો લેવાઈ ગયો—'

'ત્યારે જુવાન માણસ! તું એક વસંતતિલકાનું વેર લે છે—બની ગયેલી વાત ફરી સંભારે છે—જ્યારે, અનેક વસંતતિલકાઓ બચાવવા માટે જે વિચારપૂર્વક યોજના થઈ છે, તેનાથી તો તું દૂર નાસે છે!'

'પણ એ યોજના—બહુ ધીમી—ઘણી લાંબી—'

'કારણ કે એ યોજના છેઃ તું તો માત્ર અકસ્માત ઘા કરી શકે, જેનું પરિણામ ચોક્કસ નહિ.'

એટલું બોલતાંની સાથે ફૂટસ્થે બારણું ખોલ્યું, ને બન્ને જણાએ ગંગાના ઘરમાં પ્રવેશ કર્યો.

ઘરમાં, ચારે તરફ અવ્યવસ્થા હતી. બધું રેલંછેલ થઈ ગયું હતું. કોઈએ થોડીવાર પહેલાં જુલ્મ કર્યો હોય તેવાં સ્પષ્ટ ચિહ્ન હતાં.

'ગંગા!'

ઘરના એક ખૂણામાંથી, જેમ મૃદુ હાલે તેમ ધોળીફક્ક બનેલી ગંગાએ ફૂટસ્થ સામે જોયું. તેણે સુધીરને જોયો. પણ તે કાંઈ બોલી નહિ.

'ગંગા!' ફરીથી ફૂટસ્થે ગંગાને બોલાવી.

ગંગા ખૂણામાંથી આગળ વધી. તેના શરીર ઉપરથી નૂર ઊડી ગયું હતું. આજે તે જ્યારે ઘેર પાછી આવી, ત્યારે તેની જિંદગીનું અમૃત-તેની વહાલી પુત્રી, યમુનાનું હરણ થયું હતું. જ્યારે કોઇએ કહ્યું કે આ તરફ એક 'બંધ ગાડી' આવી હતી, ત્યારે આવા કિસ્સાઓથી હમેશાં પરિચિત ચતુર ખવાસણ સમજી ગઈ કે ચામરાજેન્દ્રને યમુનાની ભાળ મળી ગઈ છે, અને તેણે જ આ ઘા કર્યો છે. જ્યારે વાત ઘર પર આવી, ત્યારે તેણે મનમાં ગાંઠ વાળી કે

આનું વેર લેવું છે. નિરાશા, શોક, ને ક્રોધ એક પછી એક, એને 'કાંઈક કરી નાંખવા' પ્રેરતાં હતાં, ત્યાં ફૂટસ્થે પ્રવેશ કરીને તેને બોલાવી.

ફૂટસ્થે બીજી વખત બોલાવી, ત્યારે ગંગા આગળ વધી. આગળ ઉપર જેને 'જોગટો' લેખ્યો હતો, તે અત્યારે અનાથનો નાથ ભાસ્યો. એને ખબર હતી, કે આ માણસ એવો પ્રતિભાશાળી હતો, કે અનેક વિરોધી કાર્યકર્તાઓને સાથે રાખીને તેમાંથી પણ તે યોજના ઘડી શકતો. ગંગા તેના ચરણમાં પડી ગઈ. 'ગુરુદેવ! અનાથના નાથ!'—તે ગળગળી બનીને બોલવા લાગી.

'કેમ? ગંગા! આજે તને રડવું આવે છે?'

'ગુરુદેવ! હું આ એક છોકરીને માટે જ જીવતી હતી. ગમે તેટલાં દુષ્ટ કૃત્યો કર્યાં પછી પણ, યમુના પાસે આવતાં હું માતા બની જતી. આજે એને-હું ધારું છું યશલાલે ઉપાડી અને ચામરા-જેન્દ્રના કહેવાથી.'

સુધીરના ચહેરા પર ક્રોધનાં સ્પષ્ટ ચિહ્ન જણાયાં. એને 'મારી યમુના' એવી લાગણી તો કયારે ય થઈ ન હતી, પણ આજે એને લાગ્યું કે ચામરાજેન્દ્ર-સત્તાથી કે લાલચથી-અનેક ઘરની પવિત્રતા પર ઘા કરે છે. ફૂટસ્થે તે જોયું, ને તે આંગળ વધ્યો:

'ગંગા! આજ તને-દૂધ પાઈને સર્પ ઉછેર્યા પછી-આ બાબતનો પશ્ચાત્તાપ થાય છે? આવું તો ઘેર ઘેર ચાલે છે. દરેક ઘરના ન્યાયી હક્ક પર હુમલો છે. પણ તમે દરેક-જુદા ઘા કરો, તેમાંથી કોઈ દિવસ મૂળ ઉખડશે જ નહિ. મૂળને જ ઉખેડવાની યોજનામાં તમે ભળશો તો તમારું વેર વળશે, પ્રજાનું કલ્યાણ થશે, અને એ ઉપરાંત—'

'એ ઉપરાંત શું?'

'કહું? પણ ભડકતી નહિ હોં—' ફૂટસ્થ બે ડગલાં આગળ વધ્યો. ગંગાના કાનમાં એક શબ્દ કહ્યો. વીજળી પડી હોય તેમ તે

ચમકી ગઈ:

'સ્વામી ! સ્વામી ! હું તૈયાર છું.' અંતે તે બોલી—'પણ એવી વિશાળ યોજના—આટલાં મનુષ્યો-આટલી શાંતિ અને એવી ગુપ્ત કથા-બધાં સાંગોપાંગ સમય પ્રમાણે પાર ઊતરશે ?'

ફૂટસ્થે દૃઢ નિશ્ચયાત્મક રીતે જવાબ આપ્યો: 'હા. કારણ કે પરિણામ હું જોઈ શકું છું. એ પાર પડશે જ. પણ . . . સાંભળ તારામાં તેં જે કર્યું . . .'

ગંગા ધ્રૂજી:

'જે તેં કર્યું—પ્રજા પર આટલાં વર્ષ નાહક વિનાશી તલવાર લટકતી રાખી—તેના પ્રાયશ્ચિત્ત રૂપે અમારી યોજનામાં ભળવાની તારામાં શુદ્ધ બુદ્ધિ છે ?'

'સ્વામીજી ! હા. !

'હું ફરીને કહું છું. શુદ્ધ બુદ્ધિ, વૈર બુદ્ધિ નહિ હો !'

'હા.'

'અને એવી તપવાની—હોમાઈ જવાની ધીરજ ?'

'હા.'

'અને વિશ્વાસપાત્ર બનવાની યોગ્યતા ?'

'હા.'

'ત્યારે ચાલ મારી સાથે...અથવા રહે, તું પ્રતાપને ત્યાં મને થોડીવાર પછી મળજે.' એટલું કહીને ફૂટસ્થ જવા માટે ફર્યો. બારણા બહાર નીકળતાં જ તે સુધીર તરફ પાછો ફર્યો.

'જુવાન માણસ ! વેરની ધૂનમાં તારો પ્રાણ તપી રહ્યો છે. તું જે કરવા જાય છે, તે અમે વધારે સારી રીતે કરવા માગીએ છીએ. તું જોશે કે ચામરાજેન્દ્રનું એક પણ અપકૃત્ય નજર બહાર નથી—બોલ, તું અમારી સાથે શ્રદ્ધાથી ભળી શકે છે ? અને નહિતર આ રસ્તો તારા માટે ખુલ્લો છે.' ફૂટસ્થે ગૌરવથી, એક આંગળી વડે, પાસેના રસ્તા પર તેની દૃષ્ટિ ખેંચી.

ઉતાવળા માણસો બંડખોર જેવા છેઃ જગતમાંથી, જેમને માત્ર ઝેરના જ ઘુંટડા પીવા પડયા હોય તેવાં માણસો ભયંકર અગ્નિ જેવાં છેઃ સુધીરમાં આ બન્ને વાત હતી. તે સ્વામીની સામે સીધો ટટ્ટાર ઊભોઃ 'સ્વામીજી! મૃત્યુ જેના હાથમાં હોય, તેને કોઈ કામમાં શ્રદ્ધાથી-લંબાણથી-રાહ જોવાની જરૂર નથી. હું મરવા જ નીકળ્યો છું.'

'ત્યારે એ રસ્તે જા. અને મૃત્યુની અનિવાર્ય પાંખ તને ઢાંકી દેશે.'

'મને તેની પરવા નથી.'

'પણ સાંભળતો જા. તું એવા માણસ પાસેથી દૂર થાય છે કે જે તને કાંટા વિનાનું કલ્યાણમય વેર કેમ લેવાય તે શીખવાડે છેઃ અને ઉપરાંત, સાંભળ, જે તારા સ્વભાવમાંથી પણ પાશવ વૈરની ભાવના નિર્મૂળ કરે છે!' સુધીર ગંભીર બનીને સાંભળી રહ્યો.

'જે વેર લેતાં માણસના હૃદયમાં વૈરની મૂર્છા ન આવે તે વેર મનુષ્યને વધારે ઉન્નત બનાવે છે.'

સુધીર વિચારમાં પડયો, 'અને હું તમારી સાથે ભળું તો?'

'તો પાછો જ્યાં હતો ત્યાં પૃથ્વીશની વાડીમાં તું જા. તું થોડા દિવસમાં જોશે કે તું કોઈ અદ્‌ભુત યોજનામાં જોડાયો છે. એવી યોજના કે જેમાં આ બધાં દુષ્કૃત્યો જે મૂળમાંથી આવે છે તે મૂળ કપાઈ જાય છે. એક વ્યકિતનું વેર વળતું નથી, પણ અનેક વ્યકિત-ઓને ન્યાય મળે છેઃ અને સૌથી વધારે મહત્ત્વની વાત એ કે, જેમાં રાજા-પ્રજાના અંટસનો જરા જેટલો લાભ પણ પરદેશીઓને મળતો નથી. બોલ, તું અમારામાં શ્રદ્ધાથી ભળે છે?'

સુધીરે શાંતિથી જવાબ વાળ્યોઃ

'હા.'

'અને શુદ્ધ બુદ્ધિથી ભળે છે?'

'હા.'

'ત્યારે તું પૃથ્વીશની વાડીમાં જા. ત્યાં તારું કામ તને સોંપશે.'

સુધીર શાંતિથી ચાલતો થયો. તેના તોફાની સ્વભાવ પર એક ઘા પડ્યો હતો. તેના હાથે એક નિર્દોષ જુવાન આજે જ મરણ પામ્યો હતો. એ પશ્ચાત્તાપથી એની વૈરની ભાવના ભોળી પડી ગઈ. તેને ફૂટસ્થની યોજનામાં ભળવા આ પશ્ચાત્તાપે જ ધકેલ્યો. તે ફૂટસ્થના કહ્યા પ્રમાણે પોતાને મૂળ સ્થાને પૃથ્વીશની વાડી તરફ ચાલતો થયો. ફૂટસ્થ તેના ગયા પછી જાતે જ બીજે રસ્તે થઈ, પ્રતાપને મહેલે પહોંચ્યો. થોડીવારમાં ગંગા પણ આવી પહોંચી.

૩૦. ગંગાએ શી વાત કરી ?

ગંગા પ્રતાપમલ્લની સામે શાંત બેઠી. થોડીવાર તો ખંડમાં શાંતિ જ પ્રવર્તી રહી. અંતે કૂટસ્થ બોલ્યો :

'પ્રતાપમલ્લ! ગંગા દાસીએ આ રાજ્યનાં બે પરિવર્તનો જોયાં છે. વાસંતીદેવીની એ વિશ્વાસુમાં વિશ્વાસુ દાસી હતી. અજયપાળ અને વાસંતીદેવીના દરેક સંબંધની તેને ખબર છે.'

પ્રતાપે બધું શાંતિથી સાંભળ્યું.

'ગંગા!' પ્રતાપ બોલ્યો 'ઇંદિરા કોણ?'

'ઇંદિરાબેન, આપનાં બેન!'

અત્યંત દુઃખથી પ્રતાપે પોતાના માથાને હાથમાં દાબ્યું : એને હજી ગ્લાનિ થતી હતી.

'એને પૃથ્વીશને ત્યાં કોણ મૂકી આવ્યું?'

'હું પોતે. ચામરાજેન્દ્રની રાણી અને વાસંતીદેવી બન્નેને સાથે કુંવર જન્મ્યા. દેવીને બેડલાનાં–કુંવર કુંવરી બે જન્મ્યાં. રાણીનો કુંવર તરત મરણ પામ્યો. તેને સ્થાને રાણીએ, દેવી પરના સ્નેહને લીધે, આપને ગોઠવ્યા. પણ રાણી અને દેવી બન્ને વ્યથામાં મરણ પામ્યાં. વાસંતીદેવીએ મરણ પામતાં પહેલાં કુંવરીને પૃથ્વીશના પિતાને સોંપી. દેવીએ તે વખતે પૃથ્વીશના પિતાને મદદ કરી એટલે તે કરજમુક્ત થયા. એ વાત ખાનગી રહી : ને ચામરાજેન્દ્રના પાટવી તરીકે, રાણીના કુંવર તરીકે, આપના નામની પ્રસિદ્ધિ થઈ.'

ગંગાએ કરેલી વાત કૂટસ્થની વાત સાથે તદ્દન મળતી હતી. પ્રતાપે ઉપકારભરેલી એક દૃષ્ટિથી કૂટસ્થ તરફ જોયું

'ગંગા ! આ વાતની બીજા કોઈને ખબર છે ?'

'હા. અવનીશને કોઈકે શંકા ખરી. એણે મને પૂછ્યું હતું. મેં સાચી વાત કહી હતી; પણ વૃદ્ધ નંદલાલ દીવાનને બધી ખબર છે. રાણીનો તેના પર સંપૂર્ણ વિશ્વાસ હતો.'

'આ વિષે કોઈ લેખિત પુરાવો છે ?' ગંગાનો જવાબ સાંભળવા પ્રતાપ અધીરો બન્યો.

'હા.'

પ્રતાપે ધ્યાનથી સાંભળ્યું.

'શું ?'

'નંદલાલ પર મહારાણીએ મોકલેલી એક ચીઠી !'

'એ કયાં છે ?'

ગંગાએ પોતાના કાંડા પરથી એક સોનાનું માદળિયું છોડ્યું : પ્રતાપ આશ્ચર્યચકિત થઈ જોઈ રહ્યો. કૂટસ્થે વધારે શાંતિથી કાચમાં જોઈને ગંગાના તરફ જોયાં કર્યું. ગંગાએ ચપ્પુની મદદથી માદળિયાને સાંધમાંથી ખોલી નાખ્યું. અંદરથી બે નાની ચિઠ્ઠી નીકળી. પછી એણે તે પ્રતાપ સામે ધરી. પ્રતાપ એ વાંચી રહ્યો. પહેલી ચિઠ્ઠી મહારાણીની હતી :

'નંદલાલ

મારું શરીર હવે કદાચ નહિ રહે. તમે જલદી આવો. કામની વાત, આવનાર ગંગા કહેશે. તે આપણી જ છે. કુંવર તો જન્મ્યા ને દેવ થયા. હરીઇચ્છા ! જલદી આવો.'

બીજી ચિઠ્ઠી વાસંતીદેવીની હતી. મોતીના દાણા જેવા માતાના અક્ષરોની સામે પ્રતાપ સજળ નયને જોઈ રહ્યો : એનું અંતઃકરણ દ્રવી રહ્યું હતું. ચિઠ્ઠી પૃથ્વીશના પિતા પર હતી.

'દાદા :

ગંગા સાથે જલદી આવજો. પણ નિશ્ચય કરીને આવજો. બાપુનો ભય હોય તો આવતા જ નહિ. કુંવરી જન્મી છે તે તમને સોંપવી છે. બીક લાગે તો આવશો માં. જન્મ આપનારે તેનુ સ્થાન ચોક્કસ કર્યું જ હશે. કુંવરનું થઈ રહ્યું, તેમ કુંવરીને પણ કોઈકે નિભાવી લેશે.

વાસંતીદેવી'

પ્રતાપે ગંગા સામે જોયું.

'બાપુનો ભય એ શું?'

'જી! જગતસિંહે અજયપાળ પાસેથી દેવીને પાછાં મેળવ્યાં પછી દેવી તરફ તેની કૃપા ઓછી હતી. દેવીને સંતાન અવતર્યાં એ એને ખબર પડત તો રાજકુળની મર્યાદાની ખાતર તેમને હું ધારું છું કે અનાથાશ્રમમાં મોકલાવી દેત. એ રાજા એવા અભિમાની હતા'

પ્રતામલ્લના આખા શરીરમાં કંપારી છૂટી...પોતે આજે એક ભિખારી હોત...આ સામે બેઠેલા નિઃસ્વાર્થી મહાત્મા ન હોત, તો પોતાના જન્મસ્થાનની પણ એને ખબર ન પડત. તે એકદમ ઊઠીને કૂટસ્થના ચરણમાં પડ્યો. 'ગુરુદેવ! સ્વામીજી! મેં આપના કાર્યમાં શંકા ઉઠાવીને મહાપાપ કર્યું છે.'

કૂટસ્થ ધીમું મીઠું હસ્યો: 'ગંગા! વસંતતિલકાને ચામરાજેન્દ્રનું આ રહસ્ય જાણવા માટે તેં જ ઝેર આપ્યું હતું. હવે તું અમારી બની છે માટે સંભાળ રાખજે!'

પ્રતાપમલ્લ આશ્ચર્યમાં ડૂબી ગયો.

'હમણાં તો તું ચામરાજેન્દ્રની હો તેમ જ વર્તજે. પણ એની દરેક બાતમી પર ધ્યાન રાખજે. યશલાલ, સુધીરને હાથ કરી, પ્રીતમના ખૂની તરીકે, તેને ફાંસીએ લટકાવવા મહેનત કરે છે, તે તને ધ્યાન હશે જ'

'હા...અને એક બીજા ચોંકાવનારા ખબર એ છે કે, કર્નલ ગ્રેહામને મળી, પ્રતાપમલ્લ મહારાજને યુવરાજ તરીકે પદભ્રષ્ટ કરાવવાની

તજવીજ, ચામરાજેન્દ્રના કહેવાથી, દીવાન અવનીશ, અને નંદલાલે શરૂ કરી છે !'

પ્રતાપ ફૂટસ્થની તરફ જોઈ રહ્યો : 'ગુરુદેવ !'

'હા. અને એનો ઉપાય પણ યોજાય છે : પણ ગંગા ! તું સાવચેત રહેજે : ચામરાજેન્દ્ર ને અવનીશ ક્યારે જવાના છે તે બરાબર સરત રાખજે, અને સમાચાર તો વારંવાર આપતી રહેજે. પણ જોજે, અત્યારે સૌથી મહત્ત્વનું પાત્ર તું છે. આ માદળિયું વગેરે ગોઠવી લે, પણ લેશ પણ શંકા ન આવે તેમ રહેજે !'

ગંગા ઊઠીને ઊભી થઈ. પોતાને ઘેર જવા તે રવાના થઈ. ઘેર પહોંચી ત્યારે એને લાગ્યું કે પોતે ચામરાજેન્દ્રને રમાડીને હવે તો એવું વૈર વાળશે કે જે આખી જિંદગી સંભારશે. તે અંધારામાં, ખડખડાટ હસી. અને તેનો પ્રતિધ્વનિ આવતા પોતે પોતાનાથી બૂજી : 'કોણ હસે છે ?' તે બોલી. એનો યોગ્ય ઉત્તર આ હોઈ શકે : 'ગુપ્ત વૈર !'

૩૧. સાંકળની છેલ્લી કડી

ગંગાને મેળવ્યા પછી ચામરાજેન્દ્રનો મહેલ પારદર્શક બની રહ્યો. એ અર્થમાં કે સૌને મહેલમાં થતી તમામ વાટાઘાટની ખબર પડતી નંદલાલ, અવનીશ, સોમનારાયણ, યશવંતલાલ અને ચામરાજેન્દ્રની કંપનીએ એવો નિશ્ચય કર્યો કે પ્રતાપમલ્લને પદભ્રષ્ટ કરવાનો ઠરાવ કર્નલ ગ્રેહામ તરફ મોકલી આપી, તેની મદદ મેળવી લેવી. પદભ્રષ્ટ કરવાના પગથિયાં પ્રથમ તો એમ ગોઠવેલાં કે 'પ્રતાપમલ્લ અમારું સંતાન નથી, પણ અમારી તે વખતની ગેરહાજરીનો લાભ લઈ, વાસંતીદેવીએ કોઈના છોકરાને ગોઠવેલ છે.' પછી એક વૃદ્ધ બ્રાહ્મણ બ્રાહ્મણી પણ શોધી કાઢવાં: ગંગા અને નંદલાલ તથા દેવીસિંહ સાક્ષી બન્યા: નંદલાલ પર તે વખતની લખાયેલી હોય તેવી ચિઠ્ઠીઓ પણ ગોઠવી રાખી. છેવટે એ આખી યોજના પડતી મૂકી, પોતાના રાજ્યની નબળાઈ કર્નલ ગ્રેહામ પાસે પ્રગટ ન કરવાના નિશ્ચય પર સૌ આવ્યા. પરિણામે અવનીશે બીજી યોજના ઘડી કાઢી: તેના પણ સાક્ષી વગેરે ગોઠવાઈ ગયા: અને અવનીશ પોતે કર્નલ ગ્રેહામ પાસે જાય એમ ઠર્યું. એ યોજના પ્રમાણે રાજનું હિત અને પ્રજાના કલ્યાણ તરફ દૃષ્ટિપાત કરતાં મહારાજાને લાગ્યું કે પ્રતાપમલ્લ યુવરાજપદથી ભ્રષ્ટ થવો જોઈએ. જો કે એમ જણાવતાં મહારાજને 'બહુ દિલગીરી' થઈ હતી!

'પ્રજાના કલ્યાણનો સવાલ ન હોત, તો મહારાજા, પાટવીને બીજો વખત દૂર રાખવાની જ માગણી કરત. પરંતુ મહારાજ જગતસિંહના સમયથી, માલદેવ વગેરે બહારવટિયાનું મંડળ આ

રાજની પ્રજાને સંતાપે છે. હાલ મહારાજાને માલુમ પડયું છે કે ગુપ્ત રીતે પાટવી પોતે જ માલદેવ સાથે આ કામમાં મદદ કરી રહેલ છે. મહારાજને પુત્રપ્રેમ કરતાં રાજધર્મ વધારે પ્યારો છે. એટલા માટે આપને જણાવવાની મને ફરમાશ થઈ છે કે મહારાજ ચામરાજેન્દ્રે પોતાના પાટવીને ઉત્તરાધિકારથી રદ કરેલ છે. તેના દરજ્જા પ્રમાણે તેને યોગ્ય વર્ષાસન બાંધી આપવાની મહારાજાની ઇચ્છા છે. પાટવીકુમાર વધારે વખત માલદેવને મદદ કરી અમારી રૈયતને રંજાડી ન શકે માટે તેનો કબજો લેવાની પણ આપને વિનંતી કરવા મહારાજા ચામરાજેન્દ્રે મને જણાવ્યું છે.'

અવનીશ પોતે જ આ લખાણ લઈ કર્નલ ગ્રેહામ પાસે જવાનો હતો, ત્યાંથી મદદ મેળવીને–હજી તો કોઈને ખ્યાલ પણ આવે તે પહેલાં–પ્રતાપમલ્લને જ દૂર કરવાની તેની ધારણા હતી. પૃથ્વીશ વગેરે આ ધામાંથી બેડા થાય તે પહેલાં પ્રીતમલાલના ખૂન માટે સુધીરને પકડી લેવાની, વડ પાડી નાખવાની ને માલદેવને મહાત કરવાની યોજનાઓ પણ ઘડાઈ ચૂકી હતી. પણ સૌથી પહેલાં મૂળનો જ ઉચ્છેદ કરવાની અવનીશે તૈયારી કરી લીધી. બહારથી વાતને જુદું જ રૂપ અપાવા માંડયું: એકદમ પટ્ટનમાં ફેરફાર થવા લાગ્યા: મહારાજાએ વડ ન પાડવાની આજ્ઞા બહાર કાઢી, માલદેવને ગરાસ આપવાની ને શરણે થાય તો બધા ગુના માફ કરવાની જાહેરખબરો ચોડાવા લાગી: જન્મદિવસે બહાર ન પાડેલી લોકકલ્યાણની બે ચાર વાતો ચર્ચાવા લાગી : કેટલાક અધિકારીઓની હેરફેર થવા લાગી : પટ્ટનમાં સંક્રાતિયુગ આવ્યો છે, ને મહારાજા ચામરાજેન્દ્રે યુગધર્મને માન આપી પોતાનું વર્તન ફેરવી નાખ્યું છે એમ ઘણાને લાગવા માંડયું.

પૃથ્વીશ અને તેનું મંડળ કૂટસ્થના શબ્દની રાહ જોઈ રહ્યું હતું. અવનીશની રાજનીતિથી પ્રજા ફરતી જાય છે, એ કૂટસ્થ ચિંતાથી જોઈ રહ્યો હતો. અચાનક વાત બહાર પડી કે અવનીશ થોડો વખત પછી કુટુંબયાત્રા કરવા જાય છે.

કૂટસ્થે જોયું કે અવનીશે અત્યંત ચાતુરીથી પોતાની યોજના રચી છે. ગંગાએ આપેલી ખબર પ્રમાણે અવનીશ બરાબર એક અઠવાડિયા પછી કર્નલ ગ્રેહામ સાથે મધરાતે પટ્ટનમાં પ્રવેશ કરવાનો હતો : એ ઉપરથી પ્રતાપમલ્લને ત્યાં સૌ મળ્યા. ત્યાં નક્કી કર્યું કે પૃથ્વીશ લીલાપુરથી બધાને લઈને ભદ્રેશ્વરમાં આવી જાય. પુષ્કર દક્ષિણ અને પંચેશ્વર મહાલમાંથી મુખ્ય માણસો–અને લોકસમૂહને પટ્ટનમાં આવવાનું આમંત્રણ આપી આવે. માલદેવ પટ્ટનની આસપાસ પોતાનાં માણસો ગોઠવી કર્નલ ગ્રેહામ ને અવનીશના આવવાના માર્ગમાં છેક પટ્ટન સુધી ચોકી મૂકતો આવે. અને કૂટસ્થ, આ બધી યોજનાઓ સાંગોપાગ પાર ઊતરે એ જોવામાં તથા સાંકળની છેલ્લી કડી ગોઠવવામાં રોકાય. આટલી ગોઠવણ કરી, જે દિવસે અવનીશ યાત્રા કરવા ચાલ્યો, તે જ દિવસે સૌ પોતપોતાના કામની ગોઠવણ માટે ચાલ્યા. હવે પછી તેમનો વચ્ચેનો બધો વ્યવહાર લીલાપુર પૃથ્વીશની વાડીમાં જ થવાનો હતો, અને છેક છેલ્લી ઘડીએ સૌ પટ્ટન આવી પહોંચે એવી યોજના થઈ હતી.

૩૨. ગુપ્તમંત્ર

લીલાપુરની વાડીમાં છેક પાછળના ભાગમાં, ચાર જણાં બેઠાં હતાં તેમની વચ્ચે અત્યંત ધીમેથી, પણ શાંત ચર્ચા થઈ રહી હતી.

'હવે બે ત્રણ દિવસમાં જ આપણે જે યોજના ઘડી રહ્યા હતા, તે સાંગોપાંગ પાર ઉતારવાની તક આવે છે. તમે સૌ એક વાત યાદ રાખજો કે સમય આવ્યા પહેલાં ઘા કરવાનો નથી : બીજી વાત યાદ રાખજો કે, જેમ બને તેમ શાંતિથી ઘા કરવાનો છે : અને ત્રીજી વાત યાદ રાખજો કે ઘા કર્યા પછી પાછા હઠવાનું નથી.'

ત્રણે જણા કૂટસ્થના શબ્દો અત્યંત ધ્યાનપૂર્વક સાંભળવા લાગ્યા.

'માલદેવ ! તારે એક ધ્યાન રાખવાનું છે...'

'શું ?'

'કર્નલ પ્રેહામ, તેનાં માણસો કે અવનીક્ષ કોઈને તારે રોકવાનાં નથી : એ લોકો ભલે સીધા પટ્ટનમાં ચાલ્યા આવે : માત્ર અકસ્માત થાય તો, પટ્ટનમાં રહેલા અધિકારીઓ સામે તારો ઉપયોગ છે. જે રાત્રિએ આ ફેરફાર થવાના છે, તે રાત્રિ પટ્ટનમાં તો નમૂનેદાર શાંતિથી પસાર થવી જોઈએ.'

'પરંતુ તૈયારી તો દરેક પ્રકારની રાખવી પડશે નાં ?'

'હા, દરેક પ્રકારની. એટલે સુધી કે આપણે જે યોજના

કરવા ધારીએ છીએ, તે યોજના નિષ્ફળ થાય તો, આપણે સૌ તેમાં હોમાઈ જવા તૈયાર રહી શકીએ. અને ગંગા! તારે શું કરવાનું છે?'

આજે લીલાપુરની વાડીમાં સૌ છેલ્લાં મળીને, પછી તો પોતપોતાનો ભાગ જ ભજવવાનાં હતાં. એટલે આ પ્રસંગ પર ગંગાને અને પ્રતાપમલ્લને બહુ ચૂપકીથી, કૂટસ્થે બોલાવ્યાં હતાં. બીજા પણ સૌ આવી પહોંચવાની તૈયારી હતી.

'મારે શું કરવાનું છે?'

'તારે ગ્રીષ્મમહેલનું પાછળનું ખાનગી દ્વાર ખુલ્લું રાખવાનું છે. ભૂતકાળમાં એક વખત મેં એ દ્વારનો ઉપયોગ કર્યો હતો.'

હવે પ્રતાપમલ્લની વાત રહી. કૂટસ્થે એક ઘડી વિચાર કર્યોઃ 'પ્રતાપમલ્લ! તું જાય તે પહેલાં તારી એક શંકા હજી દૂર કરવાની છે. પણ રહે, તે પહેલાં તું તારે શું કરવાનું છે તે સાંભળી લે. જે રાત્રિમાં આ ફેરફાર થવાનો છે, તે રાત્રિ તું તારા મહેલમાં જ રહેજે અને માલદેવને બપ પડે તો સાથે રહી, તું તારા પ્રભાવથી, પટ્ટનનું અધિકારી મંડળ ફેરવજે. જો બાજી છેક હાથથી જશે, અને છેવટનો પાસો નાખવાનો વખત આવશે, તો જ હું તને ગ્રીષ્મ મહેલમાં બોલાવીશ.'

એ જ વખતે પૃથ્વીશ અને પુષ્કર પણ આવી પહોંચ્યા. પુષ્કરની સાથે નાજો પટેલ, કરસન રબારી, ગોવિંદ પટેલ, દુર્લભસેન ગોહિલ, વગેરે અગ્રગણ્ય પુરુષો હતા.

કૂટસ્થે પૃથ્વીશને એક તરફ બોલાવ્યો.

'જે યોજના આપણે ધારી હતી, તે સાંગોપાંગ તૈયાર થઈ છે. હવે કદાચ, એમાં અકસ્માત થાય, તો તેને પહોંચી શકે એવા સમર્થ પુરુષો તમારી પાસે હશે તો જ એ સફળ થશે. પરદેશી સત્તાને વચ્ચે લાવ્યા વિના, કે તેની પાસે તમારું માનખંડન કરાવ્યા વિના, તમે જો ફેરફાર કરવા શક્તિ ધરાવતા હો તો જ

આ યોજના છે: નહિતર એ પણ કાવતરું છે. જે પુરુષોના બળ પર તમે વિશ્વાસ રાખ્યો છે, તેનો કસ કાઢો. જો તે સાચા હશે તો જ, અકસ્માત વખતે પણ તમારી સાથે ઊભા રહેશે.'

'ગુરુદેવ! આ રમ્મારી વગેરે કોઈથી માંન્યા જાય તેમ નથી!'

'તો બસ. હા, પણ હવે તારે અહીંના બધા મંડળ સહિત તે દિવસે સાંજે–ભદ્રેશ્વરમાં હાજર રહેવાનું છે!'

'હા.'

'અને પુષ્કર જે પ્રજાજનો તયાર રાખે–મોટાં જાતિસમેલનો–તે તદ્દન શાંત રહે. તેમનો ઉપયોગ પડશે તો બોલાવાશે.'

'હા.'

'ત્યારે હવે હું જાઉં છું. તમે મને તે દિવસે મધરાતે–અને તે પણ મારો ઉપયોગ હશે તો જ ગ્રીષ્મમહેલમાં જોશો.'

'હેં!' પૃથ્વીશ નરમ પડી ગયો. 'પછી આ બધાંને યોજશે–દોરશે કોણ?'

'પૃથ્વીશ! એ તું કરજે. મને તારી શક્તિમાં વિશ્વાસ છે.'

'અને તમે?'

'હું? મને લાગે છે કે, અવનીશે કર્નલ ગ્રેહામનો આશ્રય લીધો માટે, આપણો યોજનાની એક છેલ્લી કડી મેળવવી પડશે. અવનીશ અને ગ્રેહામ ઘડી બે ઘડીમાં આવી પહોંચશે એવી આશામાં, ચામરાજેન્દ્ર છેવટ સુધી નમતું નહિ આપે.'

'ત્યારે આપણે વહેલો ધા કરીએ તો?'

'ના. તો આપણો પરાજય થાય. અવનીશ બહાર હોવાથી, ચામરાજેન્દ્રને ગ્રેહામની સોડ મળી જાય, ને પ્રજા તથા રાજાની વચ્ચે કલહ છે, એમ કહી, પરદેશી અધિકારીઓ પોતાનો રસ્તો કાઢે. આપણી યોજના–સફળ કે વિફળ માત્ર પટ્ટનની ચાર ભીંતોમાં જ રહેશે: ચામરાજેન્દ્રને આપણે હરાવશું તો આપણો દેશજન છે માટે હરાવ્યા પછી પ્યારથી ભેટીશું: તમે હારો તો ધૈર્યથી,

નિભાવી લેજો, પટ્ટનની ચાર ભીંતો વચ્ચે તમે જે કરી શકશો તે વૈર કે વિજય કહેવાશે ; ચાર ભીંતોની બહારથી મેળવેલી મદદ વડે કરેલું કામ વિશ્વાસઘાત ને પરાજય ગણાશે હવે હું જાઉં છું.'

કૂટસ્થ એટલું કહીને તરત જ ચાલતો થયોઃ સાધન મેળવી આપ્યા પછી, ને સાધ્ય કહી દીધા પછી, વારંવાર તે પોતે જાણે કાંઈ મહત્ત્વ ન ધરાવતો હોય તેમ વર્તતો. એની આ જૂની ટેવ, સૌને પરિચિત હતી.

પૃથ્વીશ હવે સૌની વચ્ચે જઈ ને બેઠોઃ અકસ્માત થાય તો સૌને તૈયાર કરવાની તેણે શરૂઆત કરી. સૌને સંબોધીને તે બોલવા લાગ્યો.

'ચામરાજેન્દ્રે ચલાવેલી રાજનીતિ પ્રજાહિતની એટલી બધી વિરુદ્ધ છે કે આપણે તેને પદભ્રષ્ટ કરી પ્રતાપમલ્લને ગાદીએ બેસાડવા માગીએ છીએ; એણે અન્યાય કરેલા માણસોનું એક સારું મંડળ આપણી પાસે જમા છે : એ અન્યાય તેને દર્શાવીને, પ્રજાબળનો ટેકો દેખાડીને...અને છેવટ માલદેવનો શસ્ત્રભય દેખાડીને... અથવા જે પરિણામ આપણે લાવવા માગીએ છીએ તે પરિણામ વહેલું મોડું પરદેશીને હાથે આવનાર છે, ત્યારે માનભંગ થઈ ને તે સહેવા કરતાં, અત્યારે અચ્છિક સિંહાસનત્યાગથી, તેનું ગૌરવ જળવાઈ રહેશે એવી આગમચેતી આપીને, આપણે જેમ બને તેમ, કર્નલ ગ્રેહામ આવી પહોંચે તે પહેલાં, ફેરફાર કરાવી લેવા ઇચ્છીએ છીએ. આ બાબતમાં આપણું વલણ ચોક્કસ હોવું જોઇએ. કોઈ પણ રીતે આપણે કર્નલ ગ્રેહામને વચ્ચે પડવાનો વખત આવે તેમ ઇચ્છતા નથી : કારણ કે એમાંથી હમેશાં બે પરિણામ જન્મે છે : પરદેશની હુંફમા દેશીરાજા પોતાનો સ્વભાવજન્ય દેશપ્રેમ ભૂલી જાય છે : અને રાજા પ્રજા વચ્ચેનો અંટસ દેખાતાં વિદેશી સત્તા તેનો લાભ લેવા તત્પર રહે છે.'

'પણ ધારો કે ચામરાજેન્દ્ર સમજતો જ નથી ?' માલદેવે પૂછ્યું.

'એ વખતે પ્રજાનું ઉગ્રમાં ઉગ્ર સ્વરૂપ એ જોઈ લેશે!'

'શી રીતે?' બે ચાર સવાલ સામટા પુછાયા.

'તમારી પ્રજાજનોની તૈયારી તમે કહેશો ત્યારે જાણીશ. અમારી યોજના આ પ્રમાણે છે—' પૃથ્વીશે કહ્યું—'કે પટ્ટનની આસપાસ માલદેવનાં માણસો જ ફરતાં હશેઃ પટ્ટનની દરેક ઉપયોગી જગ્યા—તેના માણસોના હાથ નીચે મૂકાઈ જશે. ટ્રેઝરી, જેલ, ગ્રીષ્મમહેલ, ને જ્યાંથી બહાર સમાચાર કહેવડાવી શકાય તેવાં દરેક સ્થળો સ્ટેશન, તાર ઑફિસ, ટેલીફોન વગેરે પર પ્રતાપનાં માણસો ગોઠવાઈ જશે. અને આખા શહેરમાં જુદા જુદા ભાગમાં માલદેવનું સૈન્ય રક્ષણ માટે અને કદાચ કાંઈ તોફાન થાય તો તરત જ દાબી દેવા માટે હથિયારબંધ તૈયાર હશે. પટ્ટનની ચાર ભીંતમાં જ આ વિષયનો અહીં અંત આવી જાય, તેવી સર્વ તૈયારી છે.'

'પ્રજાનો સમૂહ કરસન ગોવિંદ વગેરે મુખ્ય માણસો સહિત તે વખતે ભદ્રેશ્વરમાં રહેશે.' પુષ્કરે કહ્યું.

'હા. અને જ્યાં સુધી જરૂર ન પડે ત્યાં સુધી સૌ ત્યાં શાંત જ રહે. પણ હવે જ ગંભીર બાબત છેઃ ધારો કે, ચામરાજેન્દ્રે આબધી તૈયારી છતાં પોતાની હઠ છોડી જ નહિ, અથવા તો, કર્નલ ગ્રેહામ એ વખતે જ આવી પહોંચતાં, તેના રક્ષણ માટે તૈયારી કરે તો શું કરવું?'

'ઘા કર્યા પછી પાછા હઠવાનું નથી.' માલદેવે કહ્યું.

'હા. બરાબર કીધું ભા!' કરસન રબારીનો જવાબ મળ્યો.

'ગોવિંદ પટેલ તમે?.....' પૃથ્વીશે શાંત બેસી રહેલા કણબીને પૂછ્યું.

'પછી તો એ પૂરું કર્યે જ છૂટકો. બાંધ્યે કણબી એ કાંઈ ગામ વસે બાપા!'

'ગોવિંદ તમે!'

'અમારો ઉપયોગ તમને ઠીક પડે તેમ કરજો. પણ અમારે પણ ઘણી બદલવો છે એ વાત ચોકકસ છે.'

નિભાવી લેજો, પટ્ટનની ચાર ભીંતો વચ્ચે તમે જે કરી શકશો તે વૈર કે વિજય કહેવાશે ; ચાર ભીંતોની બહારથી મેળવેલી મદદ વડે કરેલું કામ વિશ્વાસઘાત ને પરાજય ગણાશે હવે હું જાઉં છું.'

કૂટસ્થ એટલું કહીને તરત જ ચાલતો થયોઃ સાધન મેળવી આપ્યા પછી, ને સાધ્ય કહી દીધા પછી, વારંવાર તે પોતે જાણે કાંઈ મહત્ત્વ ન ધરાવતો હોય તેમ વર્તતો. એની આ જૂની ટેવ, સૌને પરિચિત હતી.

પૃથ્વીશ હવે સૌની વચ્ચે જઈ ને બેઠોઃ અકસ્માત થાય તો સૌને તૈયાર કરવાની તેણે શરૂઆત કરી. સૌને સંબોધીને તે બોલવા લાગ્યો.

'ચામરાજેન્દ્રે ચલાવેલી રાજનીતિ પ્રજાહિતની એટલી બધી વિરુદ્ધ છે કે આપણે તેને પદભ્રષ્ટ કરી પ્રતાપમલ્લને ગાદીએ બેસાડવા માગીએ છીએ; એણે અન્યાય કરેલા માણસોનું એક સારું મંડળ આપણી પાસે જમા છે : એ અન્યાય તેને દર્શાવીને, પ્રજાબળનો ટેકો દેખાડીને...અને છેવટ માલદેવનો શસ્ત્રભય દેખાડીને... અથવા જે પરિણામ આપણે લાવવા માગીએ છીએ તે પરિણામ વહેલું મોડું પરદેશીને હાથે આવનાર છે, ત્યારે માનભંગ થઈને તે સહેવા કરતાં, અત્યારે અચ્છિક સિંહાસનત્યાગથી, તેનું ગૌરવ જળવાઈ રહેશે એવી આગમચેતી આપીને, આપણે જેમ બને તેમ, કર્નલ ગ્રેહામ આવી પહોંચે તે પહેલાં, ફેરફાર કરાવી લેવા ઇચ્છીએ છીએ. આ બાબતમાં આપણું વલણ ચોક્કસ હોવું જોઇએ. કોઈ પણ રીતે આપણે કર્નલ ગ્રેહામને વચ્ચે પડવાનો વખત આવે તેમ ઇચ્છતા નથી : કારણ કે એમાંથી હમેશાં બે પરિણામ જન્મે છે : પરદેશની હુંફમા દેશીરાજા પોતાનો સ્વભાવજન્ય દેશપ્રેમ ભૂલી જાય છે : અને રાજા પ્રજા વચ્ચેનો અંટસ દેખાતાં વિદેશી સત્તા તેનો લાભ લેવા તત્પર રહે છે.'

'પણ ધારો કે ચામરાજેન્દ્ર સમજતો જ નથી ?' માલદેવે પૂછ્યું.

'એ વખતે પ્રજાનું ઉગ્રમાં ઉગ્ર સ્વરૂપ એ જોઈ લેશે!'

'શી રીતે?' બે ચાર સવાલ સામટા પુછાયા.

'તમારી પ્રજાજનોની તૈયારી તમે કહેશો ત્યારે જાણીશ. અમારી યોજના આ પ્રમાણે છે—' પૃથ્વીશે કહ્યું—'કે પટ્ટનની આસપાસ માલદેવનાં માણસો જ ફરતાં હશેઃ પટ્ટનની દરેક ઉપયોગી જગ્યા—તેના માણસોના હાથ નીચે મૂકાઈ જશે. ટ્રેઝરી, જેલ, ગ્રીષ્મમહેલ, ને જ્યાંથી બહાર સમાચાર કહેવડાવી શકાય તેવાં દરેક સ્થળો સ્ટેશન, તાર ઑફિસ, ટેલીફોન વગેરે પર પ્રતાપનાં માણસો ગોઠવાઈ જશે. અને આખા શહેરમાં જુદા જુદા ભાગમાં માલદેવનું સૈન્ય રક્ષણ માટે અને કદાચ કાંઈ તોફાન થાય તો તરત જ દાબી દેવા માટે હથિયારબંધ તૈયાર હશે. પટ્ટનની ચાર ભીંતમાં જ આ વિષયનો અહીં અંત આવી જાય, તેવી સર્વ તૈયારી છે.'

'પ્રજાનો સમૂહ કરસન ગોવિંદ વગેરે મુખ્ય માણસો સહિત તે વખતે ભદ્રેશ્વરમાં રહેશે.' પુષ્કરે કહ્યું.

'હા. અને જ્યાં સુધી જરૂર ન પડે ત્યાં સુધી સૌ ત્યાં શાંત જ રહે. પણ હવે જ ગંભીર બાબત છેઃ ધારો કે, ચામરાજેન્દ્રે આબધી તૈયારી છતાં પોતાની હઠ છોડી જ નહિ, અથવા તો, કર્નલ ગ્રેહામ એ વખતે જ આવી પહોંચતાં, તેના રક્ષણ માટે તૈયારી કરે તો શું કરવું?'

'ઘા કર્યા પછી પાછા હઠવાનું નથી.' માલદેવે કહ્યું.

'હા. બરાબર કીધું ભા!' કરસન રબારીનો જવાબ મળ્યો.

'ગોવિંદ પટેલ તમે?.....' પૃથ્વીશે શાંત બેસી રહેલા કણબીને પૂછ્યું.

'પછી તો એ પૂરું કર્યે જ છૂટકો. બાંધ્યે કણબી એ કાંઈ ગામ વસે બાપા!'

'ગોહિલ તમે?'

'અમારો ઉપયોગ તમને ઠીક પડે તેમ કરજો. પણ અમારે પણ ધણી બદલવો છે એ વાત ચોકકસ છે.'

'ગુરુદેવ આ પ્રસંગને પહોંચી વળવા તૈયારી કરે છે. છેલ્લી કડી ગોઠવે છે...પણ એ પ્રસંગ આવશે જ તો તમારે ભારેમાં ભારે બલિદાન દેવું પડશે. બલિદાન દીધા વિના યજ્ઞ પવિત્ર થતો નથી.'

'હા તે બાપા ! એમાં શું મોટી વાત છે ? ઘેર ઘેરથી એક એક જુવાન ઉધરાવી દેશું. વાસણનું માથું દેવાયતે વધેર્યું નથી ?' રબારીએ જવાબ આપ્યો. બધામાં એક પ્રકારની મનોદશા ઉત્પન્ન થઈ.

'છોકરાનાં માથાં વાઢીને તમને આપશું ને ગરાસણીને સતી થવા ધડ સોંપતા આવશું...હવે બીજું શું જોઈએ ?' બોલનાર દુર્લભસેન ગોહિલ હતો

'બે પાંચ માણસની વાત નથી. પણ આ તો આખો દેશ ઉચાળા ભરશે...'

'પણ માલદેવ, તું શું કરશે ?'

'કોણ હું ?' માલદેવ બોલ્યોઃ 'હું સદાશિવના સોગંદ લઈને કહું છું કે જ્યાં સુધી પ્રતાપમલ્લ ગાદી પર નહિ આવે ત્યાં સુધી કોઈને થાળે નહિ પડવા દઉં ! મારે માથું જ નથીઃ મેં તો માથું આગળથી જ વાઢી રાખ્યું છે.'

પૃથ્વીશ હસ્યોઃ 'પણ પ્રતાપમલ્લ ગાદી પર આવ્યા પછી, પાછી એની એ જ ઢબ ચાલવા માંડશે તો શું કરશો ?'

'તો વળી શું કરવું'તું ? અમને કાંઈ રાજા વહાલો નથી. એની રાજનીતિ વહાલી છે. રાજનીતિનો રંગ ફરશે એટલે પ્રજા ફરી બેસશે.'

'હવે વ્યવસ્થા કરવા તમે સૌ રવાના થાઓ. તે રાત્રિએ તદ્દન શાંતિથી તમારાં મંડળ ભદ્રેશ્વરમાં પડ્યાં રહે એટલું જોજો. માલદેવ ને પ્રતાપમલ્લ પટ્ટનની વ્યવસ્થા કરી લેશે. હું આંહીનાં બધાં માણસો સહિત ભદ્રેશ્વર આવી પહોંચીશ. કાંઈ પણ નવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો મૂળ યોજનાને ધક્કો ન લાગે તેમ સૌ વર્તજો.'

ધીમે ધીમે એ મંડળ વેરાઈ ગયું. હવે તો તે દિવસની મધરાત્રિ કલ્પનામાં વધુ સુંદર બનીને તેમને લલચાવવા લાગી.

૩૩. ચામરાજેન્દ્ર કોણ ?

પૃથ્વીશ અને સૌ પોતપોતાના કામની વ્યવસ્થા કરવા વેરાયા. પ્રતાપમલ્લ, એકલો ઘોડા પર બેસીને ઝપાટાબંધ પટ્ટન તરફ ચાલ્યો. ગંગા પુષ્કરના મંડળ સાથે આવી ગઈ હતી. પ્રતાપ અરધે રસ્તે પહોંચ્યો હશે ત્યાં રસ્તા પર અંધારામાં એક આકૃતિ ઉભેલી માલૂમ પડી : 'કોણ હશે ?' તેને શંકા થઈ, તેણે ખોંખારો ખાધો, અને પોતાની તલવાર સમારી.

છેક પાસે પહોંચ્યો ત્યારે પેલી આકૃતિ કાંઈક હાલી, 'કોણ ?' તેણે હાકલ મારી.

'હું !'

'ગુરુદેવ !'

'હા'

તે ઘોડાપરથી નીચે કૂદી પડ્યો.

'મારે તારું કામ છે' કૂટસ્થે કહ્યું 'પ્રજાજનો ચામરાજેન્દ્રની રાજનીતિથી કંટાળીને તેને ખસેડે એ બરાબર છે : તારો પિતા નથી પણ એ પાલક તો છે જ. તને એની સામે થતાં અનુપકાર જેવું લાગે. હવે આજે હું તને ચામરાજેન્દ્રની જન્મકથા કહીને આ રાજનો તું જ માલીક છો એ સત્ય સમજાવવા માગું છું. તું મારી સાથે ચાલ'

પ્રતાપ અને કૂટસ્થ બને અંધારું ભેદતા, એક કેડી પર

ચડ્યા : દૂર ગામડામાંથી કૂતરાના ભસવાને અવાજ આવતો હતો. થોડીવાર ચાલ્યા પછી ગામડાનો ઝાંપો આવ્યો. 'પ્રતાપમલ્લ ! આજે જે વાત તું સાંભળે તે તું મનમાં જ રાખજે. હમણાં બહાર ન પાડતો.' એટલું બોલી કૂટસ્થે ઝાંપો બોલાવ્યો. તરતજ કૂતરાં ભસી ઉઠ્યાં. ને 'કોણ ?' કહેતો પસાયતો હાજર થયો. 'એ તો હું છું' નથુ !' કૂટસ્થે જવાબ વાળ્યો :

પ્રતાપમલ્લ આશ્ચર્યથી જોઈ રહ્યો, ત્યાં નથુ કૂટસ્થની સામે માથું નમાવતો ઊભો હતો.

'જગન્નાથ પંડિત ઘેર છે કે ?'

'હા.'

'ત્યારે ચાલને !' નથુ આગળ થયો ને થોડીવારમાં તેઓ એક જરીપુરાણા ઈંટના મકાન પાસે ઊભા. તેની અનેક થીગડાંવાળી અને કાંણાવાળી બડકીમાંથી નથુએ અંદર જોયું : 'દીવો બળે છે !' તે બોલ્યો.

'બસ. હવે તું જા.' નથુ તરત ચાલતો થયો.

હવે પ્રતાપે કૂટસ્થ તરફ જોયું : કૂટસ્થ સાંકળ ખખડાવીને બડકી ઉઘડવાની રાહ જોતો ઊભો.

'ગુરુદેવ, આંહી શું છે ?'

કૂટસ્થે તદ્દન શાંતિથી જવાબ વાળ્યો : 'ચામરાજેન્દ્રનો પિતા !'

'હેં ! ત્યારે શું ચામરાજેન્દ્ર જગતસિંહનો પુત્ર 'નથી ?'

'એ તું હવે જોશે.'

બડકી ઉઘાડીને એક વૃદ્ધ માણસ હાથમાં ફાનસ ધરીને ઊભો હતો. 'આવો' કહીને તેણે સત્કાર આપ્યો ને બન્ને જણ અંદર ગયા. પાછળ બારણું ઠસાવીને વૃદ્ધ અંદર આવ્યો. સૌ અંદરના ઘરમાં ગયા. ત્યાં નીચે પથારી પર એક વૃદ્ધ સ્ત્રી હમણાં જ ઊઠી હોય તેમ અસ્તવ્યસ્ત બેઠી હતી.

કૂટસ્થે અંદર પ્રવેશ કર્યો. પ્રતાપમલ્લને એક સારા આસન પર

બેસારીને વૃદ્ધ પુરુષ સામે બેઠો :

'આ કોણ ?' તેણે કૂટસ્થને પૂછ્યું.

'રાજ્યના ખરા માલિક : જગતસિંહના દૌહિત્ર.'

'એમ ? વાસંતીદેવીના પુત્ર ?'

'હા પંડિતજી ! મહારાજા ચામરાજેન્દ્રની સત્ય હકીકત જાણવાના એ અધિકારી છે.'

પંડિતજી ઘડીભર મૌન રહ્યા. તે પછી પોતાની વાત શરૂ કરી : 'વર્ષો પહેલાંની વાત છે. હું ત્રિવેણીતટમાં સોમેશ્વર મંદિરમાં રહેતો. મંદિરની ખ્યાતિ એવી હતી કે પટ્ટનના રાજવંશીઓ ત્યાં વારંવાર આવતાં. જગતસિંહ મહારાજને મંદિર પર ઘણી શ્રદ્ધા હતી. મહારાજે મને હમેશાં પૂજ્યભાવથી જોયો હતો. જગતસિંહ મહારાજની રાણી એક વખત યાત્રા કરવા આવ્યાં, ત્યારે આંહીં એક વર્ષ રહ્યાં હતાં. ભાયાતોના દ્વેષથી અને રાજ રેઢું ન પડે માટે દીવાન નંદલાલ ને દાસી ગંગાએ રાણીને દિવસો જાહેર કર્યા. મેં રાણીસાહેબને સોમેશ્વરના છત્ર નીચે જ રાખવાની મહારાજને સલાહ આપી. ત્યાર પછી શું બન્યું તે તમને આ કહેશે'

પંડિતે પોતાની સ્ત્રી તરફ જોયું. ડોસી બૂઢી પણ તે હિમ્મત રાખીને બોલવા મંડી :

'તે વખતે ગોપાલ મારા પેટમાં હતો.'

'ગોપાલ ?'

'ચામરાજેન્દ્ર નામ તો પછી પડ્યું. ગોપાલનો જન્મ થયા પછી નવમે દિવસે દાસી ગંગા ને દીવાન નંદલાલ આવ્યાં, અને અનેક લાલચો આપીને તેને લઈ ગયા. ત્યાર પછી તે રાણીના પુત્ર તરીકે ફરી જન્મ્યો. અને તે ચામરાજેન્દ્ર નામે પ્રસિદ્ધ થયો.'

'તમારે બે પુત્ર હતા ને ?'

'હા. બીજો તે વખતે પાંચ-છ વર્ષનો હતો. એની ધૂન જન્મથી જ જુદી હતી. તે પંદર સોળ વર્ષનો થયો ત્યારે ઘેરથી

નાસી ગયો.'

પ્રતાપમલ્લ શાંત બનીને સાંભળી રહ્યો. એના આશ્ચર્યની કોઈ સીમા ન હતી. ચામરાજેન્દ્રનો જન્મભેદ તો આજ જ પામ્યો.

'પછી મેં તીર્થસ્થાન છોડી દીધું' વૃદ્ધ બોલ્યો, 'બન્ને પુત્રો ગયા. ને એક પુષ્કર નામે ત્યાં બ્રહ્મચારી હતો તે પણ ગયો. આજ હવે ભદ્રેશ્વરમાં છે એટલે પછી અમે આંહી રતનપુરમાં રહેવા આવ્યાં. ગોપાલની દુષ્ટતા વિષે ઘણું સાંભળ્યું. એક દિવસ બ્રહ્મચારી પુષ્કર આંહી આવેલ. તેણે કહ્યું કે એક સમર્થ પુરુષ ભદ્રેશ્વરની ટેકરીઓમાં રહે છે. તેની મદદથી ચામરાજેન્દ્રને પદભ્રષ્ટ કરવા તે પ્રયત્ન કરે છે. ખરી હકીકત જો રજૂ થાય તો તેનો યત્ન સફળ થાય. મેં તેને સાચી વાત કહી. સાંભળ્યું છે કે એ બધા ચામરાજેન્દ્રને સુધારવા પ્રયત્ન કરે છે. ઈશ્વર એમને સદ્બુદ્ધિ અને સામર્થ્ય આપો!'

વૃદ્ધ પંડિત બોલતાં બોલતાં થાકી ગયો. થોડી વાર પછી પ્રતાપમલ્લ અને કૂટસ્થ બેઠા થયા. રત્ન લઈ ને તેઓ બહાર નીકળ્યા. પ્રતાપે આજે જે આશ્ચર્ય જોયું તેથી તદ્દન શાંત બની ગયો હતો.

'ગુરુદેવ! ત્યારે પુષ્કર ને તમે બે જ આ વાત જાણો છો?'

'જાણે છે ઘણા, પણ પંડિતની ભાળ પ્રથમ પુષ્કરને લાગેલી.'

પ્રતાપમલ્લે ભૂતકાળમાં દૃષ્ટિ ફેંકી. યોજનાની શરૂઆત અને ત્યારપછી એનો ધીમો ધીમો વિકાસ, કૂટસ્થે સાથે રાખેલાં અને ચામરાજેન્દ્રની દુષ્ટતાનો ભોગ થયેલાં, અનેક પાત્રો અને આ છેવટની કડી—આ બધું જોઈ તેને ભારે આશ્ચર્ય થયું.

તેઓ છૂટા પડ્યા ત્યારે કૂટસ્થે પૂછ્યું: 'પ્રતાપ! હવે તારા મનમાં શંકા છે?'

'ગુરુદેવ! ના.'

અને શાંત રાત્રિમાં બન્ને જુદા પડી ગયા. પ્રતાપ પટ્ટન તરફ ને કૂટસ્થ પોતાના ભવ્ય એકાંતવાસ તરફ.

૩૪. મધરાતે

રાત્રિના દસ થયા. જે દિવસની–જે પળની–રાહ જોવાતી હતી તે પળ આવવા લાગી. ભદ્રેશ્વરના મંદિરમાં અનેક માણસો મૃત્યુના જેવી શાંતિથી બેઠાં હતાં. થોડીવારમાં તેના પાછળના ભાગમાંથી એક હોડી નદી પાર કરવા છૂટી ને અનુકૂળ પવનના વેગથી ગ્રીષ્મભવન તરફ ચાલી.

આખા પટ્ટનમાં તે વખતે શાંતિ જામતી જતી હતી, અને પટ્ટનનો આ ભાગ દૂર હોવાથી, ત્યાં સર્વત્ર શાંતિ ફેલાઈ ગઈ હતી.

ગ્રીષ્મભવન પાસે હોડી અટકી ગઈ. એક પછી એક માણસો ઊતરવાં લાગ્યાં. અંધારામાં ગુપચુપ તેઓ આગળ વધ્યાં અને પાછળના એક દ્વાર પાસે સૌ અટક્યાં.

એક જણ આગળ વધ્યો, ને દ્વાર પર પોતાનો કાન ધર્યો. અંદર મૃત્યુના જેવી જડ શાંતિ હતી. તેણે ધીમેથી દ્વાર ઠેલ્યું : બારણું તરત જ ઉઘડી ગયું : ને અંધારામાં એક સ્ત્રીની મૂર્તિ દેખાણી :

'કોણ ? ગંગા ?'

'હા. એ જ.'

'બધું બરાબર છે ?'

'હા ગુરુદેવ થોડા સમય પહેલાં આવ્યા હતા, ને એક વૃદ્ધ પુરુષ તથા સ્ત્રીને પાસેના ખંડમાં રાખતા ગયા છે.'

'એમ ? પછી ક્યાં ગયા ?'

'માલદેવ પાસે.'

'માલદેવ ક્યાં છે?'

'પટ્ટનના મધ્ય ચોકમાં, યશલાલ ને સોમનારાયણ કેદમાં પૂરાઈ ગયા છે!'

'હું!'

'હા. બધું શાંતિથી થઈ ચૂક્યું છે. માલદેવે ભારે ચપળતાથી બંદોબસ્ત કર્યો છે. પ્રતાપમલ્લે સાથે સાથે ફરીને—કોઈ સામે ન થાય તે જોયું. આ મહેલ પણ હવે લેવાઈ જવામાં છે!'

'શાબાશ!'—એટલું બોલીને, પાછળ સૌ થંભી જઈને સાંભળતાં હતાં તેમના તરફ પૃથ્વીશ ફર્યો: 'ત્યારે આપણે પણ ચાલો!'

એક પછી એક સૌ અંદર જવા લાગ્યા: સૌથી મોખરે કંચન હતી. સુધીર, ગુલાબ, દેવયાની, મોતી મોતીગર—એક પછી એક અંદર પેઠાં.

એ જ વખતે ગ્રીષ્મમહેલના દીવાનખંડમાં જરાક કોલાહલ થતો સંભળાયો. પૃથ્વીશ ચેતી ગયો. માલદેવે મહેલનો કબજો લઈ, બધા દ્વાર પર પોતાનાં માણસો ગોઠવ્યાં હોય તેમ લાગ્યું. ગુરુદેવે જ શરૂઆત કરી હશે, એમ ધારી તે એકદમ દીવાનખંડ તરફ ચાલ્યો.

દીવાનખંડના એક દ્વારમાંથી તે એકદમ અંદર પેસવા ગયો. પાછળથી તેના ખભા પર લોખંડી પંજો પડ્યો: માલદેવ તેની સામે જોઈ સંતોષથી હસતો હતો: 'યોજના તો ભારે શાંતિથી પાર ઉતારી' એટલું કહેતો તે દીવાનખંડમાં પેઠો. દીવાનખંડની ચારે તરફ તરત જ માલદેવનાં માણસો ટહેલવા લાગ્યાં.

અબનુસની સોનેરી રૂપેરી ભાતવાળી ખુરશીમાં દીવાનખંડમાં ચામરાજેન્દ્ર બેઠો હતો, અને તેની સામે એક કોચ પર કૂટરથ કાંઈ ન હોય તેમ શાંતિથી વાત કરતો હતો.

પૃથ્વીશે પ્રવેશ કર્યો. સ્વામીએ તેની સામે જોયું. પૃથ્વીશ એક બીજી ખુરશી પર બેસી ગયો.

'અવનીશ યાત્રાએ ગયેલ છે તે આવ્યા પછી તમે પ્રજા-

જનની બધી હકીકત રજૂ કરજો.' ચામરાજેન્દ્રે કૂટસ્થના કોઈ સવાલનો જવાબ અપાતો હોય તેમ કહ્યું. 'અને હવે આપણે ઊઠીશું ?'

'મને લાગે છે, આજે તો આપણે ચોખવટ કરીને જ ઊઠીએ.'

'ચોખવટ ?'

'હા. તમારા ઉપર પ્રજાનું ઘણું ઋણ છે : અને વળી પૃથ્વીરાજના કહેવા પ્રમાણે તમારે ખાતે કેટલાક ન્યાયના આંકડા પણ ઉધાર છે !'

'હશે.' ચામરાજેન્દ્ર ઊઠયો. 'આજે મને વખત નથી' તેણે પાસેની ટોકરી પર હાથ મૂકયો. ઘંટડી વાગતાં જ પટાવાળો હાજર થયો.

ચામરાજેન્દ્રે તેને એક હાથથી ઇશારત કરી, સ્વામીજીને બહાર લઈ જવા કહ્યું.

'સ્વામી ! હવે તમે જઈ શકો છો.'

'બરાબર.' કૂટસ્થે શાંતિથી જવાબ વાળ્યો.

આ અભેદ્ય શાંતિથી ચામરાજેન્દ્ર ખીજવાયો.

'કયાં છે યશવંતસિંહ ?' તેણે પટાવાળાને પૂછયું.

'જેલમાં !' તદ્દન શાંતિથી જવાબ વળ્યો.

'હેં ! હરામખોર — નફ્ફટ — નાલાયક ! અલીજમાદાર !' તેણે મોટેથી ઘૂમ પાડી.

એક બીજો પટાવાળો હાજર થયો : તે પ્રતાપમલ્લનો માણસ લાગ્યો : ચામરાજેન્દ્ર ગભરાયો :

'તું ? તું આંહી કયાંથી ? કયાં છે પ્રતાપમલ્લ ? અલી જમાદાર કયાં છે ?' ચામરાજેન્દ્ર પોતે બહાર દોડયો.

'ખબરદાર !' દીવાનખંડની બહાર ઘૂમ સંભળાણી. બારણામાં જવાનો રસ્તો રોકીને માલદેવ ઊભો હતો !

ચામરાજેન્દ્ર હતો ત્યાં જ થંભી ગયો.

'અરે ! માલ...' તેણે મોટેથી ઘૂમ પાડી. ને એકદમ

દોડીને 'ટેલીફોન' હાથ કર્યો.

'હલો...હલો...તમારો નંબર ?'

'૮૧' જવાબ મળ્યો.

'એકાશી ?...હં, યશલાલ ત્યાં છે ?'

ચામરાજેન્દ્ર સડક થઈ ગયો. કેદમાં છે, એવો જવાબ મળ્યો હતો.

'સ્વામીજી ! આ બધું શું છે ?' હવે ચામરાજેન્દ્રે સ્વામીજી તરફ ફરીને પૂછ્યું.

'મને લાગે છે કે' કૂટસ્થે અત્યંત શાંતિથી પણ દૃઢ નિશ્ચયથી જવાબ વાળ્યો 'આપનો વિચાર પ્રતાપમલ્લને ગાદી આપવાનો છે. લોકો એ જરા વધારે ઉતાવળથી સિદ્ધ કરાવવા માગે છે.'

'એટલે ?'

'તમારે અરધા કલાકમાં રાજ્યાસન છોડવાનું છે !'

'એમ ? જુઓ, હું આ છોડીને ચાલ્યો.'

ચામરાજેન્દ્ર સપાટાબંધ એક બારણા તરફ આગળ વધ્યો. બારણે પહોંચતાં જ તેના પર ફરી પેલો મજબૂત હાથ પડ્યો :

'મહારાજ દીવાનખંડમાં જ આપ સલામત છો : બહાર તો આપના રક્ષણ માટે હું સશસ્ત્ર ચોકી ભરું છું.'

'તું ? કોના કહેવાથી ?'

'હા હું માલદેવ; મહારાજ પ્રતાપમલ્લનો એવો હુકમ છે !'

ચામરાજેન્દ્ર પાછો હઠ્યો : 'આનો અર્થ એમ કે સ્વામી ! હું કેદ છું ?'

'તમે ખરી રીતે આજે જ છૂટ્યા.'

'પણ આ બધું શા માટે ?'

કૂટસ્થે શાંતિથી એક બારણા તરફ અંગુલીનિર્દેશ કર્યો. ચામરાજેન્દ્રે ત્યાં જોયું. એક વીસ વર્ષનો ક્ષીણ દિલગીરી ભર્યો જુવાન ત્યાં ઊભો હતો. ચામરાજેન્દ્ર વિહ્વળતામાં પાછળના આસન પર ગયો.

'સુધીર !' તે આશ્ચર્યથી બોલ્યો : 'એને શું છે ?'

કૂટસ્થે એક વેધક દૃષ્ટિથી ચામરાજેન્દ્રને વીંધ્યો : 'મહારાજ ! એને એની મા જોઈએ છે'

'તે હું ક્યાંથી આપું ?'

એ જ વખતે દુર્જનસેન ગોલ્વિલ, પુષ્કર, કરસન, ગોવિંદ વગેરે પ્રજાપ્રતિનિધિઓએ પ્રવેશ કર્યો.

'ગંગાને પૂછો !' કૂટસ્થે જવાબ વાળ્યો.

સુંદીરની પાછળથી ગંગાએ દીવાનખંડમાં પ્રવેશ કર્યો : 'મહારાજ ! આપના કહેવાથી મેં એની મા વસંતતિલકાને ઝેર આપ્યું હતું, એ આપ ભૂલી ગયા લાગો છો.'

કર્નલ ગ્રેહામ ને અવતીશ આવવાના છે એ આશામાં ચામરાજેન્દ્ર વખત ગાળવા લાગ્યો : તે કાંઈ બોલ્યા ચાલ્યા વિના ખાટ પર બેઠો રહ્યો :

'રાજા તરીકે તમે કેટલો વિનાશ કર્યો છે, એનો આ જીવતો ઉલ્લેખ રહ્યો.'

'બીજો કોઈ પણ રાજા હોત તો તે પ્રમાણે જ કરત.'

'તમે સુંદીરને ફાંસીએ દેવાનો હુકમ કર્યો હતો ?'

'હારતો કેમ નહિ ? પ્રીતમના ખૂનનો આરોપ સિદ્ધ થાય તો હજી કાલે જ પાછો એ હુકમ નીકળે.'

'કાલે તો તમે રાજા નહિ હો પણ —'

એક બીજા દ્વારમાંથી કંચને પ્રવેશ કર્યો.

'આ આંહીં ક્યાંથી ?' ચામરાજેન્દ્રે આશ્ચર્યથી ચારે તરફ જોયું.

બીજી તરફથી ગુલાબ દેખાણી. હવે તે ખરેખર ધ્રૂજ્યો.

'ચામરાજેન્દ્ર ! અનંતનું ખૂન કોણે કર્યું ? કોના કહેવાથી કર્યું ?' કૂટસ્થે ભવ્યતાથી પ્રશ્ન પૂછવાની શરૂઆત કરી.

'પટ્ટનનું સિંહાસન એવા જવાબ આપવાને ટેવાયેલ નથી !'

'અનંતનું ખૂન કરનાર કાલુ જમાદાર છે. કાલુ જમાદાર

મહારાજા ચામરાજેન્દ્રના કહેવાથી મારું હરણ કરવા આવેલો !' ગુલાબે જવાબ વાળ્યો.

ચામરાજેન્દ્રનો ચહેરો ફિક્કો પડી ગયો.

'અને કોણ છે એનો સાક્ષી ?'

'હું.' દેવયાનીએ ગુલાબની પાછળથી ડોક ઊંચી કરીને જવાબ વાળ્યો.

'એનો બીજો સાક્ષી હું !' પૃથ્વીશે બેઠા થઈને કહ્યું.

'એનો ત્રીજો સાક્ષી ચંદ્રસેન ગર્વયો !' એક અવાજ સંભળાયો.

ચામરાજેન્દ્રે કોઈ પર ધ્યાન આપ્યું નહિ.

'હવે એક છેલ્લી વાત.' કૂટસ્થ બોલ્યો 'આ કોણ છે ?' ચામરાજેન્દ્રે ઊંચું જોયું. મોતીગર સામે હાથ જોડીને ઊભો હતો.

'આ બાવાને પણ તમારી સામે એ જ ફરિયાદ છે !'

'શું ?'

'મોતીનું—એની સ્ત્રીનું—સેનાપતિ યશલાલસિંહે, આપના કહેવાથી કરેલું અપહરણ !'

'કોણ કહે છે ? સ્વામીજી ! આ કપટજાળનો અર્થ શું છે ?'

'હું કહું છું, માબાપ !' મોતીગર બોલ્યો.

'એ વાતની મને ખબર છે !' ગોવિંદે કહ્યું.

'અને મને પણ !' કરશને ટાપશી પૂરી.

'પણ યશલાલ પોતે જ તમને એ વાત કહેશે,' પાછળથી જવાબ આવ્યો. સૌનું તે તરફ ધ્યાન ખેંચાયું. પ્રતાપમલ્લ પોતે હાજર થયો હતો. કૂટસ્થે એક અર્થસૂચક દૃષ્ટિ પ્રતાપ તરફ કરી.

'સ્વામીજી ! ઈશ્વર આપણી મદદે છે' પ્રતાપે અકસ્માત હાજર થવાનું કારણ સમજાવ્યું.

બધાનું ધ્યાન પ્રતાપ શું કહે છે તે તરફ ખેંચાયું.

'કર્નલ ગ્રેહામ મોટર અકસ્માત થવાથી હાલ નહિ આવી શકે, એવો ટેલીફોન આવ્યો છે !'

આનંદના એક પોકારથી બધા અરધા બેઠા જેવા થઈ ગયા, કૂટસ્થ અને ચામરાજેન્દ્ર તદ્દન શાંત રહ્યા.

'કોણે કહ્યું ?' બન્નેએ અકસ્માત એક સાથે પૂછ્યું. અને બન્નેથી એકબીજા સામે મોં મલકી ગયું.

એ જ વખતે ટેલીફોનની ઘંટડી પર ઘંટડી વાગવા લાગી :

ચામરાજેન્દ્ર ઊઠીને ટેલીફોન હાથમાં લીધો. એ જ સમાચાર હતા. એ ઘડીભર ત્યાં થોભ્યો : ટેલીફોન ફરી હાથમાં લીધો.

'કોણ ? તમે ? અવનીશ ?'

પાછળથી માલદેવે તેના ખભા પર હાથ મૂક્યો હતો. લોખંડી પંજા નીચે ખભો દબાતો હતો : 'સાહેબ ! માફ કરજો, પણ જો અવનીશ સાથે વાત કરવાનો પ્રયત્ન થશે.....'

'તો ?' ચામરાજેન્દ્રે કરડાઈથી પૂછ્યું.

'તો તમને અપ્રિય એવી અગવડતા વેઠવી પડશે.' માલદેવે હસતાં જવાબ વાળ્યો.

ચામરાજેન્દ્ર કાંઈ બોલ્યા વિના પાછા ફર્યા. તેણે યશલાલ તરફ જોયું. 'યશલાલ ! તમે શું કહેવાના હતા ?'

'જી, આપના કહેવાથી મેં મોતીનું અપહરણ કર્યું હતું એમ આ સૌ કહે છે !'

'અને તમે ?'

'હું માનું છું કે આપનો હું વિશ્વાસુ માણસ હતો અને એટલી સેવા બજાવવામાં મારો ધર્મ જ બજાવ્યો છે !'

બધાનાં મોં આડકતરી વિનયવાણીથી મલકયાં.

'ત્યારે હું તમને ન્યાય આપવા તૈયાર છું ! પ્રજાની શું માગણી છે ?' ચામરાજેન્દ્ર દીવાનખંડની મુખ્ય બેઠક લેવાના ઈરાદાથી તે તરફ પગલાં માંડ્યાં.

સામેથી પ્રતાપ ને માલદેવ આવતા હતા. પ્રતાપ સિંહાસન તરફ વળ્યો. ચામરાજેન્દ્ર ઘૂંજ્યો.

'સ્વામીજી ! આપને આ ઉચ્ચંૃખલતા નથી લાગતી ? કર્નલ ગ્રેહામને અમે જણાવીશું ત્યારે નાહક આ લોકો હેરાન નહિ થાય ?'

પ્રતાપ સિંહાસન પર બેસી ગયો હતો. સ્વામી કૂટસ્થ સિવાય સૌ તેને સલામ કરવા ઊભા થયા હતા. ચામરાજેન્દ્રે એક નિરાશા-ભરી દૃષ્ટિથી આ જોયું :

'સ્વામીજી !' તે ફરીને બોલ્યો.

એ જ વખતે બહાર તોપનો અવાજ થયો : અને ગગન ફાડી નાખે તેવી જનસમૂહની ઘોષણા આવી :

'પ્રતાપમલ્લ દેવનો જય !'

ચામરાજેન્દ્ર ભડકયો : 'સ્વામીજી ! આ શું ?'

'જે કારણે અવનીશને તમે કર્નલ પાસે મોકલેલ છે, તે કારણ સફળ થયું હોત તો પણ જનસમૂહ તમને વધારે વખત રાજા તરીકે જોવા ખુશી ન હતો, તે આ ઉપરથી સમજાઈ જશે.'

'ત્યારે હું રાજા નથી ?'

'ના.'

ચામરાજેન્દ્રના પગ ભાંગી પડયા હોય તેમ એકદમ નીચે બેસી ગયો : તેનાથી એક ડૂસકો મૂકાઈ ગયો.

કૂટસ્થે શાંતિથી તેની સામે જોયું. પછી તે ધીમેથી બોલ્યો. ને ચામરાજેન્દ્રની પાસે ગયો : તેનો હાથ હાથમાં લીધો, ને અત્યંત પ્યારથી કહ્યું :

'ભાઈ ! ચાલ હું તને બીજી અપરિમિત સત્તાનો સ્વામી બનાવું !'

ચામરાજેન્દ્ર તેની સામે જોઈ રહ્યો.

કૂટસ્થે તેનો હાથ લઈ તેને બેઠો કર્યો. અને પછી પ્યારથી તેના શરીરને ટેકાવીને પાસેના ખંડમાં લઈ ગયો.

૩૫. વાતાવરણ ફરે છે.

સૌ એકબીજાની સામે જોઈ રહ્યા. માલદેવની ચપળતાથી અને પ્રતાપમલ્લની પોતાની દરેક દરેક સ્થળમાં હાજરી હોવાથી પટ્ટનની વ્યવસ્થા બહુ શાંતિથી થઈ ગઈ હતી પટ્ટનની ચાર ભીંતની અંદર શું થાય છે તે બહાર ખબર પડે તેવી સ્થિતિ ચાલી ગઈ હતી. સૂર્યના ઉગવા સાથે પોતાનું નસીબ એ તરફ અજમાવવાના હોંશીલા અમલદારો ફરી ગયા હતા; કેટલાક તટસ્થ બન્યા હતા. હવે તો ચામરાજેન્દ્રનું શું થાય છે તે જોવા સૌ આતુર બન્યા.

અંદરના ખંડમાં ગયા પછી ચામરાજેન્દ્રે તરત જ કૂટસ્થનો હાથ છોડાવીને તેના તરફ ધિક્કારથી જોયું:

'મેં તમારી હંમેશાં પ્રતિષ્ઠા જાળવી એનો આ બદલો આપ્યો?'

કૂટસ્થ તેની સામે સીધો ટટ્ટાર ઊભો રહ્યો: 'ચામરાજેન્દ્ર! મેં તને ઉગારી લીધો છે!'

'આનું પરિણામ ચોક્કસ જ ખરાબ આવશે: અંગ્રેજ અધિકારીઓ—'

'વધારે શું કરવાના હતા? આમ જો—' એટલું બોલીને કૂટસ્થે આગળથી ત્યાં ગંગાએ લાવી મૂકેલી એક પેટી ખોલી.

ચામરાજેન્દ્ર સડક થઈ ગયો.

'કોનું કામ?'

'ગંગાનું!'

પેટીમાં ચામરાજેન્દ્રે પોતાના હસ્તાક્ષરથી, પોતે કરેલાં દરેક દુષ્કૃત્યની નોંધ હતી : તારીખ : કલાક : ને માણસનાં નામ પણ નોંધેલાં હતા. કેટલેક ઠેકાણે વિલાયતી સ્ત્રીઓના ફોટા પણ ચોડ્યા હતા : કૂટસ્થે આ સર્વ નોંધ ત્યાં ખુલ્લી મૂકી દીધી.

ચામરાજેન્દ્રનું માથું ફરવા લાગ્યું. આ ઘા અસહ્ય હતો. તેણે પાછળની ખુરશીનો ટેકો લીધો :

'સ્વામીજી ! આ વિશ્વાસઘાત અસહ્ય છે !'

તરત જ કૂટસ્થે પેલી–ઘણા વખતથી છૂપાતી ફરતી—નેતરની પેટી ખોલી :

'ચામરાજેન્દ્ર ! તું કોણ છો ?'

તેણે સ્વામીજી સામે જોયું : 'હું પટ્ટનનો મહારાજા !'

કૂટસ્થે એક જૂનો કાગળ તેના હાથમાં મૂક્યો. તેમાં કોઈની જન્મોત્રી હતી. આશ્ચર્યની પરંપરા હોય તેમ તે જોઈ રહ્યો. તેને પોતાના જન્મની શંકા હતી, પણ તેનો આટલો પુરાવો હશે તે ખબર નહિ.

'એમાં શું છે ? કોઈ ગોપાળની જન્મોત્રી છે !'

'એ ગોપાળ તે તું !'

ચામરાજેન્દ્રે જન્મોત્રી તરફ દૃષ્ટિ ફેરવી. તેમાં ગોપાળનું નામ હતું. ને જન્મોત્રી કરનાર 'બ્રહ્મચારી પુષ્કર'નું નામ હતું.

કૂટસ્થે નેતરની પેટીમાંથી એક માદળીયું કાઢ્યું.

ચામરાજેન્દ્રે તે તરત ઓળખ્યું. પોતે દસ બાર વર્ષનો થયો ત્યાં સુધી એ બાંધતો. પછી ભદ્રેશ્વરની તરફ ફરતાં પડી ગયેલું. આજે એ કૂટસ્થ પાસેથી નીકળી આવ્યું. તે સ્તબ્ધ બનીને જોઈ રહ્યો.

'એનો શું ઉપયોગ છે ?'

'આ જન્મોત્રીનો ગોપાળ અને આ માદળિયું પહેરનાર બન્ને એક જ છે !'

કૂટસ્થે તરત જ માદળિયું ખોલી નાખ્યું. અંદર એક કાગળ

હતો : 'બેટા ચામરાજેન્દ્ર ! તું મોટો થા ત્યારે ધ્યાન રાખજે કે તારાં માતાપિતા સોમેશ્વરમાં રહે છે. તારું નામ ગોપાળ હતું. તારા ભાઈનું નામ ઘનશ્યામ.' નીચે જગતસિંહનાં રાણીની સહી હતી.

ચામરાજેન્દ્ર હવે તદ્દન નિરાશ થઈ ગયો. તેણે પોતાનું મોં બે હાથથી ઢાંકી દીધું. ધબ દઈને તે ખુરશી પર બેસી ગયો.

એ જ વખતે વૃદ્ધ પંડિત અને તેની સ્ત્રી સાથે ગંગાએ પ્રવેશ કર્યો.

'પંડિતજી ! ચામરાજેન્દ્રને તેની પૂર્વાવસ્થા સમજાવશો ?' કૂટસ્થે વૃદ્ધ પંડિત તરફ ફરીને કહ્યું.

'હા. સોમેશ્વરમાં હું રહેતો ત્યાં એનો જન્મ થયો હતો. તેનું નામ ગોપાળ.'

'આ જન્મોત્રી એની છે ?' કૂટસ્થે પેલો જરીપુરાણો કાગળ આગળ ધર્યો.

'હા. અમારી પાસે તે વખતે પુષ્કર બ્રહ્મચારી રહેતા—હાલ ભદ્રેશ્વરમાં છે તે. તેમણે જ એ કરેલી. જ્યારે ગોપાળ મરી ગયાની ખૂમ અમે ઉડાડી ત્યારે તેણે વારંવાર જન્મોત્રીમાં જોઈને શંકાથી માથું ધૂણાવીને કહેલું કે : 'રાજયોગ છે, મૃત્યુયોગ નથી !'

ચામરાજેન્દ્રે એકવાર ફરી ઊંચે જોયું : 'ગંગા !' તે બોલ્યો : 'મેં તારામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકયો હતો. બોલ અને હવે સાચું બોલજે. મેં રાજયાસન છોડી જ દીધું છે. હું ગોપાળ છું એ તને ખબર છે ?'

'મહારાજ ! દીવાન નંદલાલની સાથે જઈ, આપને રાણીવાસમાં પધરાવનાર જ હું છું !'

'બસ ત્યારે પ્રતાપમલ્લની વાત તો જગજાહેર છે. એનો વાસંતીદેવીના પુત્ર તરીકેનો હક સૌને વિદિત છે.' તે એકદમ સ્વામીજી તરફ ફર્યો : 'હવે શું કરવું છે સ્વામીજી ?' એના સ્વરમાં દૃઢ નિશ્ચય અને નિરાશા હતાં.

'આત્મા જાગે એટલું શું ન થાય ? આવા અનેક સિંહાસનસ્થ પુરુષો તારા ચરણમાં લોટે એવી વિભૂતિનો તું સ્વામી છે ! તારે—બ્રાહ્મણને—એક રાજનું સ્વામિત્વ હોય ? ચાલ હું તને અમર્યાદ પ્રદેશ દેખાડું !'

કૂટસ્થ ચાલતો થયો અને ચામરાજેન્દ્ર ડોક નમાવીને તરત તેની પાછળ ચાલ્યો. તેણે ઉંબર ઉપર પહોંચીને એકવાર ફરી ખંડ તરફ દૃષ્ટિ કરી. જમના પાસેના ખંડમાથી દોડીને ગંગાને કંઠે વળગી પડી હતી ને ગંગાની આંખમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં. માલદેવનાં માણસોએ ખંડનો કબજો લીધો હતો.

આ બધી ભૂતકાળની બીના હોય તેમ ચામરાજેન્દ્રે જોરથી દૃષ્ટિ પાછી ખેંચી લીધી. અને તે જ વખતે એના આખા શરીરમાં એક રણકાર થઈ રહ્યો કે 'હવે આ ખંડ ફરી જોવો નથી !'

૩૬. સ્વતંત્રતાનું ગીત

ચામરાજેન્દ્ર શરણ થયો ત્યારે પ્રથમ તો બીજો ઉપાય જ નથી એવી નિરાશા તેના મનમાં હતી. પોતાના જ હસ્તાક્ષરનો, પોતાનાં દુષ્કૃત્યોનો ઉલ્લેખ સામા પક્ષની પાસે હતો. ગંગા, કંચન, સુધીર, મોતી, ગુલાબ વગેરે જીવતા સાક્ષીઓ પણ તેમની જ પાસે હતા; પ્રતાપના જન્મ વિષે સિદ્ધ થઈ શકે તેવાં સબળ સાધનો હતાં: અને સૌથી છેલ્લે પોતાના જ હકને ઉડાવે તેવી સઘળી યોજના પણ તેમની પાસે તૈયાર હતી—આટલાં બધાં વિરોધી સત્ત્વોની સામે હાર કબૂલવામાં વ્યાવહારિક ડહાપણ હતું. ચામરાજેન્દ્ર શરણ થયો ત્યારે તેની આ ભાવના હતી, પોતાને જ હાથે પ્રતાપને ગાદી સોંપી, ગૌરવ જાળવી રાખવામાં જ હવે સ્વમાન અને સ્વાર્થ હતાં.

પણ પછી તો જેમ જેમ કૂટસ્થની મહત્તા સમજાતી ગઈ, તેમ તેમ એની મનોદશા ફરવા લાગી: બન્ને જણા પાછા આવ્યા ત્યારે બધા સ્તબ્ધ બનીને તેમના તરફ જોઈ રહ્યા:

'યશલાલસિંહ!' અંતે ચામરાજેન્દ્ર બોલ્યો: 'અવનીશને ખબર કરો કે મહારાજની તબિયત ઠીક નથી, માટે તમને જલદી બોલાવે છે!'

યશલાલ પ્રતાપની સામે જોઈ રહ્યો. પ્રતાપે ડોકું ધૂણાવ્યું કે તરત જ અવનીશને તે પ્રમાણે ખબર અપાઈ ગયા.

હવે સૌ ગંભીર બનીને છાના બેઠા.

કૂટસ્થ ઘડી પછી બોલ્યો :

'જ્યાં માણસ સ્વતંત્ર ને પવિત્ર હોય છે, ત્યાં જમીન પણ પવિત્ર બને છે, ત્યાં જમીનમાંથી રસના ઝરણાં ફૂટે છે : ત્યાં કલા, સાહિત્ય, વિજ્ઞાન અને ધર્મ, શિયાળાની પ્રભાતમાં ખીલતા ગુલાબની પેઠે ફોરે છે : ત્યાં કલા, સાહિત્ય, વિજ્ઞાન અને ધર્મ–સમાજના ચાર મહાસ્તંભો–માનવજીવનને અગમ્ય ભેદોના ભેદ આપવા માટે જન્મે છે. પરંતુ જ્યાં રાજા જમીનને પવિત્ર માને છે, અને જ્યાં મનુષ્યની સ્વતંત્રતા લૂટવી એ અધર્મ મનાય છે ત્યાં જ આકાશ, પૃથ્વી, જળ, વાયુ અને તેજ–પોતપોતની અગમ્ય કથા કહી જાય છે : જ્યાં જમીનને જડ માનવામાં આવે છે અને જ્યાં મનુષ્યની સ્વતંત્રતા ગમે તેવા નજીવા કારણે લૂંટાય છે, ત્યાં આ અગમ્ય તત્ત્વો કોયડારૂપે–ભયરૂપે રહે છે. તમારા દેશની આ અવસ્થા છે : ગમે તેવું અગમ્ય તત્ત્વ મનુષ્યથી મહાન નથી જ. પણ તમે તમસ્–અંધકારને જોઈને ધ્રૂજો છો.

'પરંતુ જ્યાં સ્વતંત્રતા પૂજાય છે, છતાં એની પૂજામાં વિલાસ અને ઉચ્છૃંખલતા જ મહત્વનું સ્થાન ભોગવે છે : જ્યાં સ્વતંત્રતા એ ઈશ્વરી પ્રસાદ છે માટે કોઈની સ્વતંત્રતા લૂંટવી એ ખુદ ઈશ્વરનો નકાર છે, એમ માનવાને બદલે, પોતે સ્વતંત્ર રહેવું–મહાન થવું અને તે બીજાનાં ખૂન રેડીને, એમ માનવામાં આવે છે, ત્યાં પૃથ્વી, જળ વગેરે પોતાની અગમ્ય વાતો તો કહી દે છે, પણ તેમના પર પ્રભુત્વ સ્થાપનાર મનુષ્યની મનોદશાથી એ બધાં છવાઈ જાય છે. મનુષ્ય એમનો સ્વામી બનીને એમનો ઉપયોગ કરે છે : પરંતુ ધગધગતા અંગારા વરસતા હોય, તેમ તેની આ પ્રવૃત્તિથી મનુષ્યોનો વિનાશ થાય છે : એમનાથી બચવા માટે મનુષ્યો દોડાદોડ કરે છે, ત્યારે આ અગમ્ય તત્ત્વો અટ્ટહાસ્ય કરીને કહે છે: 'મનુષ્યો ! ગમે ત્યાં દોડો, તમારા પર છૂટેલું ચક્ર એટલા જ વેગથી તમારી પાછળ દોડશે !'

પણ જ્યાં મનુષ્ય સાદાઈથી, સ્વતંત્રતાથી. સુઘડતાથી અને સચ્ચાઈથી રહી શકે તેટલો જમીનનો કટકો પવિત્ર ગણીને તેના તરફ કોઈ લોભવૃત્તિ રાખતું નથી, ત્યાં અગમ્ય તત્ત્વો સુંદર વેષ ધરીને આવે છે : ત્યાં મીઠાં ઝરણાં રસજીવન આપે છે : વાયુ નિર્દોષ અને શાંત બને છે : આસમાનના તારા મનુષ્યોને પ્યારથી જુએ છે : અને અનેક મનુષ્યોના સ્વતંત્ર આત્મામાં સ્વયંભૂ કલ્યાણ-મૂર્તિઓ ઘડાતી જાય છે. જેટલા તંત્રને સુવ્યવસ્થિત જાળવી શકાય તેટલા તંત્રની જવાબદારી સ્વીકારવી, તેનું નામ સામ્રાજ્ય! પૃથ્વી વધારવાનો મોહ એ વૈશ્યવૃત્તિનો પડછંદો છે. જે જમીનમાં ઝાડપાન અને પ્રાણીની સૃષ્ટિ પણ અકારણ, માત્ર મનુષ્યના વિલાસ ખાતર, નાશ પામતી નથી, તે જમીન વધારે સુંદર અને પવિત્ર છે. તે જમીનમાં માનવજીવન વિકાસ પામે છે, અને તે જગતમાં દેવને મોહ થાય તેવાં મનુષ્યો જન્મે છે. તમારી જમીનને હવે તમે એવી બનાવો.'

કૂટસ્થ બોલતો બંધ થયો : સૌ સાંભળી રહ્યા. હવે તે એક પછી એક વ્યક્તિઓ તરફ ફર્યો ;

'કંચન! સૌન્દર્ય એ ઈશ્વરી બક્ષિસ છે. ઈશ્વરે આત્માને સુંદર કરવા માટે શરીરને સુંદર કરેલું હોય છે. પણ સૌન્દર્યને કોણ પૂજે છે તને ખબર છે?'

'હા. વિલાસી પુરુષો!'

'ના. એમને મન એ અભિલાષાની તૃપ્તિ છે!'

'જુવાન માણસો!'

'ના, એમને મન એ આનંદનું સાધન છે!'

'ત્યારે કોણ?'

'સૌન્દર્યને ખરા પૂજનારા કદરૂપા, અપંગ, આંધળા અને ગરીબ મનુષ્યો હોય છે!'

સૌ કૂટસ્થ તરફ જોઈ રહ્યા.

'સુંદર સ્ત્રીને જોઈ ને તે બિચારા શ્રદ્ધાથી, બાવામંડળની માફક મોં વકાસી રહે છે, એ તમે જોયું છે?'

'હા.'

'ત્યારે એમાં ઈશ્વરી સંકેત છે. ઈશ્વરે સુંદર મનુષ્યનો વિકાસ એમાં છૂપાવી રાખ્યો છે.'

'હું!'

'હા. એ મનુષ્યો તારા તરફ શ્રદ્ધાથી દેવીની માફક જોવા ટેવાયલા છે. તું રોગીની વચ્ચે, અપંગ અને આંધળાની વચ્ચે જા. બેટા! તને ઈશ્વરે રૂપ આપ્યું, સ્ત્રી શરીર આપ્યું, સત્તા પૈસો ન આપ્યાં તેમાં તારા વિકાસ માટે આ બીજ છૂપાવી રાખ્યું છે! તારે મનુષ્યમાંથી દેવ થવું હોય તો આ રસ્તો છે!'

વિલાસને જ જોવા ટેવાયેલી કંચન ભડકી: પણ કૂટસ્થે બતાવેલો કલ્યાણમાર્ગ એ એક જ માર્ગ એના ભૂતકાળના જીવન પર પડદો નાખવા માટે હતો.

'બોલ, તું એ રસ્તો પસંદ કરે છે?'

કંચને ધીમેથી કહ્યું 'હા.'

'ત્યારે મહારાજ પ્રતાપમલ્લ તને સાધન અને માર્ગ બન્ને આપશે.'

ચામરાજેન્દ્ર પર આ પરિવર્તનની ભારે અસર થઈ. તેને પણ નવું જીવન જીવવાની અભિલાષા જાગી. મનુષ્ય સ્વભાવથી પાપી નથી. પાપમાં ડૂબ્યા છતાં જ્યારે વખત મળે ત્યારે તે પુણ્યને વખાણવા ચૂકતો નથી. ભૂતકાળને ટાળી નાખવા તે હમેશાં તૈયાર હોય છે. ચામરાજેન્દ્ર માલદેવ તરફ ફર્યો:

'માલદેવ!'

'મહારાજ!'

'કાલે સવારે જ પ્રતાપમલ્લને ગાદી સોંપવાની છે: ભદ્રેશ્વરના વડ નીચે તમે એ તૈયારી કરાવો!'

કૂટસ્થે એક આનંદભરી દૃષ્ટિથી મહારાજા તરફ જોયું. માલદેવનાં માણસો ને પ્રજાપતિનિધિઓ–સૌ–આવતી સવારની વ્યવસ્થા કરવા દોડયા.

એ વખતે–કોઈ જુગજુગનો આત્મા બંધનમુક્ત થાય અને જે આર્ત્તનાદથી, આનંદથી, લાગણીથી બોલી ઊઠે, તેવો બુલંદ દર્દ-ભર્યો મધુર સ્વર આવવા લાગ્યો.

કૂટસ્થે દેવયાની તરફ એક અર્થસૂચક દૃષ્ટિ નાખી.

'સ્વામીજી! એ ચંદ્રસેન ગવૈયો ગાય છે!' પૃથ્વીશ બોલ્યો: 'આ ગાય છે તે એનું સ્વતંત્રતાનું ગીત છે. આત્મા શરીર છોડે, સ્વતંત્ર થાય, ને પરમાત્મા તરફ ધસે-ત્યારે પોતાને લઈ લેવા બાળક બે હાથ લાંબા કરી જેમ પિતા પાસે રુદન કરે તેમ આત્મા રુદન કરે છે! અમે એ ઘણી વખત સાંભળ્યું છે, પણ આજનો સ્વર જુદો છે!'

કૂટસ્થ ચામરાજેન્દ્ર તરફ ફર્યો: 'મહારાજ! પૃથ્વી અપવિત્ર સંસ્કારથી છૂટી છે, માટે આજ તેમાં-કલાનાં, સાહિત્યનાં, ધર્મનાં આંદોલનો છૂટયાં છે!'

ચામરાજેન્દ્ર નીચું જોઈ ગયો.

'પૃથ્વીશ! પ્રતાપ! ચાલો આ સૂર ફરી સાંભળવા નહિ મળે.'

કૂટસ્થ, ચામરાજેન્દ્ર, પ્રતાપ, પૃથ્વીશ, દેવયાની, ગુલાબ ને સુધીર સૌ બહાર નીકળ્યાં: પુષ્કર ને માલદેવ પાછળની બધી વ્યવસ્થા જાળવવા બાકી રહ્યા. ગવૈયો સ્વતંત્રતાના ગીતથી વાતાવરણ ભરી રહ્યો હતો.

સૌ ગવૈયાને ઘેર પહોંચ્યા, ત્યારે જરા જરા ઉજાસ થવા આવ્યો હતો. ગવૈયો હંમેશની માફક નદીના તીર ઉપર બેસીને પોતાનો કંઠ છેડી રહ્યો હતો: પણ આજે તેનું ચૈતન્ય અજબ હતું. તે પોતાની ધૂનમાં જ મસ્ત હતો.

જેમ જેમ તે આગળ ગાતો ગયો, તેમ તેમ ઉભનારાઓનાં

હૃદયને જાણે કોઈ ઊંચે ને ઊંચે લઈ જતું હોય તેમ થવા લાગ્યું : આખું વાતાવરણ જાણે ઊંચે જઈએ, ઊંચે જઈએ, એવી મનોદશાથી ભરચક્ક હતું. જેમ હિમાલયના અતિ ઠંડા પ્રદેશમાં રાતે સૂતાં સૂતાં કોઈ અંગ ઠરતું હોય તો ઠરી જવાનો, ઠરતાં ઠરતાં મરી જવાનો, ભવ્ય આનંદ પ્રગટે છે, તેમ અત્યારે ગવૈયાના સૂરને લીધે ઊંચે જવાનો—પાછા ન આવવાનો આકાશના કોઈ અગમ્ય દેશમાં પ્રભુ પાસે જવાનો ભવ્ય આનંદ, સાંભળનારાઓના અંતઃકરણમાં સ્ફુરતો હતો.

ગવૈયો પંચમ સૂરથી ગાતો હતો. હવે આગળ વધવું મુશ્કેલ હતું. પણ પાછળ હઠવું, સૂરને ઓછો કરવો, એ પણ એટલું જ અશક્ય હતું. જમીનનાં બંધન છૂટે ત્યારે જમીન જે સ્વરૂપ ધારણ કરી શકે તો આટલા અનહદ આનંદથી ગાય, અને અનહદ આનંદ એટલે મૃત્યુ !

સૌ સ્તબ્ધ થઈ ગયાં હતાં ; ચામરાજેન્દ્રે તો આ કંઠના વૈભવને જોઈને પ્રથમ જ અનુભવ્યું કે ખરી સત્તા ધર્મ ઉપર—પ્રેમ ઉપર રહે છે.

અચાનક દેવયાની દોડી. શું થાય છે તે કોઈ સમજી શકયું નહિ. ધબ્બ દઈને એક અવાજ થયો ને દેવયાની દોડીને ગવૈયાને ટકાવી લે તે પહેલાં તેનું નિશ્ચેષ્ટ શરીર પૃથિવી પર પડ્યું હતું સજળ નેત્રે ચંદ્રસેનની આસપાસ સૌ વીંટળાઈ વળ્યા.

'મૂર્ચ્છા છે, વળી જશે.' કૂટસ્થ બોલ્યો. સ્નેહલતાએ ચંદ્રસેનને સંભાળી લીધો, ને ત્યાંથી સૌ આગળ ચાલ્યા.

'આ જમીન આજે પરતંત્રતામાંથી છૂટી છે, હવે તેમાંથી ઐચ્છિક મૃત્યુ સ્વીકારનારાઓ નીકળી પડશે.' કૂટસ્થ ચાલતાં જ બોલ્યો.

એ વખતે દેવયાની એની સામે કાંઈ કહેવા ઊભી રહી ગઈ.

'કેમ ? દેવયાની ! તું પણ સ્વતંત્રતાનું ગીત ગાવાની ?'

'મને મારો માર્ગ મળી ગયો છે !'

'શું ?'

'ઈશ્વરી પ્રસાદ–જેના કંઠને, ગુરુ ચંદ્રસેન પાસે ખિલવવો !'

'એટલું જ ? ખીલવટનું અંતિમ ધ્યેય શું છે ?'

દેવયાની કાંઈ સમજી નહિ : તો પણ બોલી : 'અનહદ આનંદ !'

'ના, આનંદ હોય, છતાં એકલો હોય, તે આનંદ મૃત્યુ જેવો છે.'

'સ્વેચ્છામૃત્યુ ?'

'ના. મૃત્યુ અકસ્માત છે. ધ્યેય ન હોઈ શકે. ધ્યેય અમર હોય.'

કોઈ દિવસ ન જોયેલા અચાનક ફેરફારોથી સૌનાં મન આશ્ચર્ય-પરંપરાથી ભરપૂર હતાં. ન હઠે તેવો ચામરાજેન્દ્ર બદલાયો : કંચન ફરી : હવે દેવયાની શું કરે છે તે તરફ સૌ ધ્યાનથી જોઈ રહ્યાં.

'દેવયાની !' ફૂટસ્થે કહ્યું : 'ઈશ્વરી બક્ષિસ ઈશ્વર માટે હોય છે. જેમ સ્ત્રી–પુરુષ બન્ને જીવતી કલામૂર્તિઓ છે, અને તેમનામાં પ્રણય જાગે છે, ત્યારે બીજી એવી જ કલામૂર્તિઓ પ્રગટ કરવામાં તેમના સંમિલનનો આદર્શ જળવાય છે, તેમ મનુષ્યમાં ઈશ્વરે જે કાંઈ કલારૂપે મૂકયું હોય, તે બીજામાં કલારૂપે પ્રગટાવવું, એમાં કલાનો આદર્શ છે. મારા મનથી સંગીત લોકશિક્ષણનો સૌથી સહેલામાં સહેલો રસ્તો છે. ઈશ્વરે જેને કંઠ આપ્યો હોય તેણે લોકશિક્ષણનું કામ હાથમાં લેવું. રામાયણ અને મહાભારત મારફત માણભટ્ટોએ જે પ્રજાકીય સંસ્કૃતિ જાળવી રાખી હતી, તે આજે તેમના અભાવે નષ્ટ થાય છે. આજથી પચીસ વર્ષ પછી, એવી જ રીતે સ્થિતિ ચાલે તો, તમે દ્રૌપદી, પાંડવ ને રામ શિક્ષિત વર્ગમાં ભુંસાઈ ગયેલા જોશો : ને પેટે પાટા બાંધનારા મજૂરોને, એ નામોનો ભાગ્યે જ વધારે ચાહ રહેશે. સંગીત મારફત લોકશિક્ષણ સસ્તું કરી–લોકોને આનંદ પણ આપો, બીજા અયોગ્ય આનંદોથી બચાવો ને તમારી સંસ્કૃતિ જાળવો ! જે પ્રજા સંગીતનો આનંદ જાણી શકે છે, તે

સ્વતંત્રતાનું ગીત સહેલાઈથી સમજી શકે છે. તમારી પ્રજાની ચારે તરફ પરદેશી સત્તાએ મૂકેલાં પ્રલોભનો, સસ્તા આનંદો અને હલકી મોજમજાહો ફેલાઈ રહ્યાં છે : કોઈ ઉચ્ચ આનંદ આપીને, કોઈ ભાવના પ્રજાની રગેરગમાં ફેલાય માટે સાવ સાદી ને સચોટ રીતે રજૂ કરીને, જો લોકને તેમાંથી નહિ બચાવો–તો તમારી પ્રજા, પ્રજા તરીકે નાશ પામશે. હિંદી પ્રજાને, પ્રગતિનાં બે જૂદાં જૂદાં દૃષ્ટિ-બિન્દુઓ, બે જૂદાંજ પગથિયાં–બે જૂદીજ વાતો પર રાખવા માટે કદાચ, પરદેશી સત્તા દેશી રિયાસતોને જાળવી રહી હોય; પણ તમે દેશી રિયાસતોવાળા જ સંસ્કૃતિનો સૌથી વધારે જીવતો ભાગ જાળવી શકો તેમ છો : પ્રતાપ ! પૃથ્વીશ ! બ્રિટિશ હિંદી પ્રજા, દેશી રિયાસતોને તારવાનું સ્વપ્ન સાચું કરી બતાવે તે પહેલાં, દેશી રિયા-સતોના પુનર્વિધાનથી તમે જ તેને તારો : એટલું સ્વપ્ન સાચું પડે તો તમારો જન્મ–તમારું રાજપદ સાર્થક છે. પણ હવે ભદ્રેશ્વર ચાલો. આજે જ પ્રતાપનો અભિષેક થાય એ બહુ યોગ્ય ગણાશે. દેવયાની ! હવે લોકશિક્ષણનું ઋણ–સંગીતની શક્તિ આપવા માટે ઈશ્વરે મૂકેલો કર–તું ચૂકવશે કે ?'

'ગુરુદેવ ! હા.' એટલા શબ્દો બોલીને તે સ્નેહલતા ને રમેશ સાથે ચાલી ગઈ.

૩૭. જન્મભૂમિનું ઋણ મે ચૂકાવ્યું છે.

પરંતુ હજી વધુ આશ્ચર્ય બાકી હતું.

દેવયાની તો હંમેશ માટે ચંદ્રસેન પાસે જ રહી ગઈ. સૌ પગપાળા ભદ્રેશ્વર તરફ ચાલ્યા. મોટો ચક્રાવો લઈને આગળ વધવા લાગ્યા. વચ્ચે સ્મશાન આવતું હતું. અચાનક ગુલાબ ત્યાં ઊભી રહી ગઈ.

'ગુરુદેવ!' તે અત્યંત કરુણ સ્વરથી બોલી: 'હું આંહીથી નીકળું છું ત્યારે પેલી જગ્યા–જ્યાં અનંતને બાળ્યો છે–ત્યાંથી સાદ આવે છે!'

નિર્મળ પ્રેમના આ સ્વરૂપને જોઈને ઘડીભર ફૂટસ્થ પણ ડગ્યોઃ

'ગુલાબ! સાચો સાદ આવે છે કે ભ્રમણા થાય છે?' પ્રતાપે પૂછ્યું.

'પ્રેમને ભ્રમણા ન હોય. પ્રેમ જૂએ: ભય ભ્રમણામાં પડે!' ગુલાબ બોલી.

'મારા જીવનનું ધ્યેય અનંતનું વૈર લેવું તે–આજે જૂદીજ પરિસ્થિતિમાં સમાપ્ત થાય છે.'

'અને હવે?' ફૂટસ્થે કહ્યું.

'પ્રેમની અમરતા મને સાદ કરી રહી છે. આંહીંથી એક ડગલું આગળ વધવું એ પાપ છે. હું તો અનંતની ભસ્મ પાસે જ–ભસ્મરૂપે એને ભેટીશ!

'હું!' એક સાથે સૌના મોંમાંથી સાદ નીકળ્યો.

'ચામરાજેન્દ્ર! કેટકેટલું પવિત્ર વાતાવરણ બંધનમાં હતું!

આજ હવે બંધન છૂટયાં છે અને પવિત્રતા જન્મી છે. અચ્છિક મૃત્યુની ભવ્યતાને કોણ રોકી શકે?'

'ગુલાબ આ આપઘાત શા માટે?' પ્રતાપ બોલ્યો: 'તારી પવિત્ર જીંદગી તદ્દન સહિસલામત છે!'

ગુલાબ ફિક્કું હસી: 'આપઘાત? પ્રેમ પ્રેમની પાછળ જાય એ અમર જીવનને આપઘાત કોણ કહેશે?'

બીજું કોઇ કાંઈ બોલે તે પહેલાં ગુલાબ કૂટસ્થને ચરણે પડી:

'બેટા! તારા જીવનમાંથી વૈરનો કંખ ચાલ્યો ગયો છે?'

'હા!'

'પાપીના હૃદયમાં પણ પવિત્રતાનો અખૂટ ભંડાર ઈશ્વરે સાચવી રાખ્યો છે તે સમજાઈ ગયું?'

'ગુરુદેવ! હા.'

'પાપીને મારવો તે વૈર નથી: પાપને મારવું તે વૈર છે— વિશુદ્ધ વૈર છે એ તું સમજી?'

'હા.'

'ત્યારે જ્યાંથી તને પ્રેમનો પોકાર સંભાળતો હોય ત્યાં જા. જા! આ ચોગમ દિશાઓ ખુલ્લી છે. તું જ્યાં હશે ત્યાં નિર્મળ પ્રેમ વરસ્યા કરશે!'

ગુલાબ હસી અને ધીમેથી સ્મશાન તરફ ચાલી ગઈ!

'ગુરુદેવ! આ આપઘાતમાં સંમતિ આપવી મને તો ઠીક નથી લાગતી!' પ્રતાપ બોલ્યો.

'પ્રતાપમલ્લ! જે પ્રજામાંથી અચ્છિક મૃત્યુને ભેટનારાં માણસો મળે છે—જ્યાં પ્રેમ વિશ્વાસ ને સ્મૃતિ માટે મરી જાણનારા નીકળે છે—તે પ્રજા મહાન થઈ જાય છે, આપઘાતની કાયદાનું બંધન છે: કારણ કે દુઃખથી દૂર થવાનો નિર્માલ્ય રસ્તો છે. પણ સુખને ઠોકરે મારી દુઃખને ભેટનારા કોઈ પણ કાયદાની બહાર છે. ગુલાબ સતી થાય ને તમને કોઈ પૂછે તો જવાબ વાળજો કે, કોઈ કોઈ છૂટી છવાઈ

ભવ્ય વ્યક્તિ હોય તેને કાયદો અસ્પર્શ્ય ગણે છે!'

પણ ગુલાબ દૂર થઈ–ન થઈ–ત્યાં હવે વૈરમાં માનનારો સુધીર જવા માટે તૈયાર થયો. કૂટસ્થ તેને જોઈને હસ્યો: 'જુવાન માણસ! હજી તારા જીવનમાંથી વૈરની ધૂન સમાપ્ત થઈ નથી. તું છૂટો હશે તો તારું જીવન ફરી ઝેર ભરેલું થઈ જશે.'

સુધીર ભીની આંખે તેના તરફ જોઈ રહ્યો.

'મહારાજ!' કૂટસ્થે પ્રતાપમલ્લને પ્રથમ જ રાજાના સંબોધનથી બોલાવ્યો: 'એકલું વૈર કોણ સમાવે છે?'

'ઉદારતા' પ્રતાપે જવાબ વાળ્યો.

'ત્યારે આ જુવાન માણસને તમે સંભાળો. એ હડહડતો હિંસાવાદી છે અને શુદ્ધમાં શુદ્ધ સેવક બની શકશે. જા! સુધીર! બેટા! હવે તું રાજમાં જ વધારે ઉપયોગી થઈ શકીશ.'

ભદ્રેશ્વર તરફ માણસોનો કોલાહલ વધતો જતો હતો. રાજ્યાભિષેકની થોડીવારમાં થઈ શકે તેવી તૈયારીઓ ઝપાટાબંધ થઈ રહી હતી. બધા ભદ્રેશ્વર તરફ ચાલ્યા.

ભદ્રેશ્વરની ટેકરીઓમાંથી, સૂર્યનું બિમ્બ દેખાવા માંડ્યું હતું: હજારો પક્ષીઓ કલરવ કરીને ઉડી રહ્યાં હતાં. ચારે તરફ વાતાવરણમાં તાજગી ભરી હતી. ભદ્રેશ્વરના મંદિરનાં પગથિયાં પર કૂટસ્થ ઊભો રહી ગયો.

સામેની ટેકરીઓ પર તેની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ. પ્રતાપ, પૃથ્વીશ, ચામરાજેન્દ્ર સૌ આ જોઈ રહ્યા. થોડીવારમાં પુષ્કર આવી ચડ્યો.

'શાંતિ! શાંતિ! શાંતિ!' એમ ત્રણ વખત કૂટસ્થે ગંભીરતાથી કહ્યું.

'મહારાજ!' તે પ્રતાપમલ્લ તરફ ફર્યો: 'આ પૃથિવી હવે આપની છે. જેટલા પ્યારથી બાળવશો તેટલા પ્યારથી એની દૂધની ધારાઓ તમને મળશે: હું તો એક તમારો અતિથી–મુસાફર હતો.'

કૂટસ્થના આ શબ્દની સાથે બધાના અંતઃકરણમાં ધ્રાસકો પડ્યો : 'હું તો એક મુસાફર હતો. આ જમીનમાં મારો જન્મ છે. હું જે માર્ગમાં આગળ ધસું છું તેમાં તમે આટલે નજદીક મરીબનાં આંસુ, પ્રાણીઓની હાયવરાળ અને દુષ્ટોની અધમતા ચલાવી રહ્યા હતા, માનસિક સૃષ્ટિ લોહીના રંગોથી ખરડાઈ રહેતી હતી, તમને જે અગમ્ય હતા–તેવા આક્રંદના અનેક સ્વરો વારંવાર મને સંભળાતા હતા, રાજવંશીઓ જો આવી રીતે પ્રજાનું ભક્ષણ કરે તો જમીન અપવિત્ર બની જાય, અને તેમાં કોઈ મહાન કાર્યની શરુઆત સંભવે નહિ. પછી એક દિવસ પુષ્કર મને મળ્યો અને ત્યાર પછી હું એકલ મુસાફર ઘડીભર તમારી વચ્ચે આવ્યો. આજે પૃથ્વી છૂટી છે: શુદ્ધ અને પ્રજાનું ગારવ સમજનારાં લોહી સત્તા ઉપર છે, એટલે મને શ્રદ્ધા છે કે, હવે આ જમીનમાં રસના ઝરા ફૂટી નીકળશે. મેં જન્મભૂમિનું ઋણ ચૂકાવી દીધું છે. હવે તમારી સૌની રજા લઈને હું મારા કલ્યાણયજ્ઞમાં પાછો જોડાઈ જાઉં છું. તમને ખબર નહિ હોય, પણ તપ કરવુ તે એકાંત સ્વાર્થ-જીવન નથી જ. એવો પુરુષ પણ દુનિયાને ઉંચે ચઢાવી શકે છે. બસ.'

કૂટસ્થ બોલતો હતો, ત્યારે બધાની આંખ ભીની હતી. પ્રતાપ તેના ચરણમાં પડ્યો :

'મારા પર મુગટ તમારા હાથે મૂકો અને પછી તમે જાઓ.'

'પ્રતાપમલ્લ ! મુસાફરીનો થાક ઉતરી ગયો છે. તમારી વચ્ચે પૂજા માટે રહેવું એ મારા જેવા મુસાફરના જીવનમાં ન સંભવે ! પ્રજાને પ્યારથી જાળવો : તમારા ચારિત્રથી પ્રજાને ઉંચે ચડાવો : અને તમારી પ્રજાના સામર્થ્યથી તમારા પાડોશી ભાઇ-ઓને તારો !'

કૂટસ્થ નીચે ઉતર્યો : પૃથ્વીશ પગમાં પડ્યો હતો : 'ગુરુદેવ ! આ આનંદનો દિવસ છે, આજ રોકાઈ જાઓ !'

'આનંદ ! હજી તો તમે કાર્ય શરુ કર્યું છે, તમારે ત્યાં

પૃથ્વીમાંથી સુગંધ છૂટશે ત્યારે જરૂર એનાં દર્શન કરવા આવીશ! અને એક વાત તમે સૌ યાદ રાખજો.'

'શું?' સૌએ એક સાથે પૂછ્યું.

'જે પ્રગતિમાં વધારેમાં વધારે મનુષ્યો મનુષ્યરૂપે રહી શકે, તે પ્રગતિ જ્યાંથી આવે ત્યાંથી તમારી કરીને તમારામાં ભેળવી લેજો. પ્રગતિને નામે તમે જો મનુષ્યને મનુષ્ય મટાડી દેશો, તો રાક્ષસી વિચારોથી જગત્ ઘેરાઈ જશે. ને પ્રજા હતી ન હતી થઈ જશે.'

એટલું બોલીને કૂટસ્થ, ધીમે શાંત પગલે ભદ્રેશ્વરની ટેકરીઓ તરફ ચાલ્યો: પુષ્કર અને ચામરાજેન્દ્રને તેણે ઇશારતથી બોલાવ્યા. ને ત્રણે જણા હજારો માણસની ભેદની જુએ તેમ આગળ ને આગળ ચાલ્યા.

એક જગ્યાએ કૂટસ્થ અટકયો.

'ગોપાળ!' તેણે ચામરાજેન્દ્રના ખભા પર હાથ મૂકી પ્યારથી તેની સામે જોયું: 'હું તમને થોડી વાત કરી લઉં, પછી તમે જલ્દીથી પાછા વળી જજો. બહુ મોડું થાય છે. રાજનો વૈભવ તેં છોડ્યો છે. એ વૈભવ હવે તને બોલાવવા ઇશારત તો કરતો નથી ને?'

ચામરાજેન્દ્ર જરાક ગભરાયો: 'ગુરુદેવ!

'પુષ્કર!' કૂટસ્થે બ્રહ્મચારી સામે જોયું: 'સોમેશ્વરનું મંદિર હવે સાંભરે છે?'

પુષ્કર શંકાથી તેની સામે જોઈ રહ્યો.

'જગન્નાથ પંડિતનો મોટો છોકરો તમારે ત્યાં બેસતો, તમે તેને યોગનો મહિમા કહેતા. સાંભરે છે?'

પુષ્કર વધારે ને વધારે શંકાથી જોવા લાગ્યો.

'એ નાસી ગયેલો છોકરો આજે તમારી સામે ઊભો છે એ નાસી જનાર હું પોતે!'

'હેં ?' વૃદ્ધ બલમચારી આશ્ચર્યથી જોઈ રહ્યો.

'હા !'

પુષ્કરે, ચામરાજેન્દ્ર તરફ ને કૂટસ્થ તરફ જોયા કર્યું : બે સગા ભાઈ આજે કટકેટલા પાસે અને છતાં દૂર ઊભા હતા. એક સંયમધન મહાત્મા, બીજો અસંયમી મનુષ્ય.

'ગોપાળ ! મેં તને માર્ગ પર મૂક્યો છે. હવે આપણાં વૃદ્ધ માતાપિતાની સેવા કરતાં કરતાં લોકકલ્યાણના માર્ગમાં ચાલ્યો જા. તું ઈશ્વર બનશે ત્યાં સુધી તને તારા સિવાય બીજું કોઈ જ રોકી શકશે નહિ. જા. પ્રતાપ ને સૌ તમારા રાહ જોતા હશે.'

ચામરાજેન્દ્ર ને પુષ્કળ પાછા વળ્યા. વળતાં વળતાં ચામરાજેન્દ્ર ખંચાયો—કૂટસ્થ તે સમજ્યો.

'ભાઈ!' તે અત્યંત પ્યારથી બોલ્યો 'તારે મારી પાસે આવવું છે એ હું સમજું છું. પણ તું પ્રથમ તો બધી રજ મંજૂર કરવા માટે ત્યાં જ જા. પછી જ તને માર્ગ સૂઝશે. તે વિના તો ફાગિની જેવી દશા થાય. એ અત્યારે આંહીં આવી શકવો નથી જ એટલા માટે.'

ચામરાજેન્દ્ર પાછો ફર્યો : પણ ફરતાં ફરતાં બોલ્યા વિના રહી શકયો નહિ.

'ત્યારે તમે મારા મોટાભાઈ'–તે વધુ બોલી શકયો નહિ. તેનો કંઠ ગદ્‌ગદ્‌ બની ગયો.

કૂટસ્થે જવા માટે પગ ઉપાડયો હતો તે જરાક રોકયો અને વાકય પૂરું કર્યું 'ઘનશ્યામ!'

★

સૂર્યના ઊગતાં કિરણોમાં નહાતા સૌ પોતપોતાને માર્ગે ચાલ્યા. કૂટસ્થ, પેલા ભવ્ય પ્રદેશમાં; ચામરાજેન્દ્ર, પ્રતાપને રાજ સોંપવા ને જીવનમાં ન વચે ત ન રેડવા.

ધૂમકેતુની 'યુગદર્શન ગ્રંથમાળા'

જીવનચક્ર

શ્રી ધૂમકેતુનાં સંસાર, સમાજ અને સાહિત્ય
ઉપરનાં ચિંતન લેખોનો અભિનવ સંગ્રહ
સવા રૂપિયો

સર્જન અને ચિંતન

શ્રી ધૂમકેતુની શૈલીનાં ઉચ્ચત્તમ શિખરો નિહાળવા માટે આ પુસ્તક જોઈજ જોઈએ. સેનાની નર્મદ' જેવા લેખો એમાં પ્રગટ થયા છે.
૨૫૬ પૃષ્ઠ બે રૂપિયા પાકું પૂંઠું

ત્રિભેટો

નવી વાર્તાઓના આ સંગ્રહ વિષે કાંઈ વિશેષ
કહેવાપણું હવે રહ્યું નથી. ત્રણ રૂપિયા

રજકણ

શુભ પ્રસંગે ભેટ આપવા લાયક,
અત્યંત મનોરમ શૈલીમાં લખાયેલાં
સુંદર સચિત્ર વિચાર મૌક્તિકોનું પુસ્તક
ત્રણ રૂપિયા

જલબિંદુ

ધૂમકેતુની જલબિંદુની ગદ્યશૈલી ગુજરાતી
સાહિત્યમાં હજી સુધી અજોડ રહી છે. એમાં
વિરલ પ્રસંગનું મનોરમ નવલિકા જેવું
રૂપાંતર પામેલું ભાવનાથીલ સુંદર ગદ્ય છે.
ત્રણ રૂપિયા

પગદંડી

પ્રવાસવર્ણનોનું આ પુસ્તક વાંચનાર ઘડીભર
પોતાનું સ્થળ ભૂલી ગિરનાર, નૈનિતાલ
દાર્જિલિંગ, હિમાલય, નર્મદાના આરસપહાડો,
ભુવનેશ્વરમાં વિહરે છે. ચિત્ર ફોટો ત્રીસ.
ત્રણ રૂપિયા

'ધૂમકેતુ'ની

યુગદર્શન ગ્રંથમાળા

રાજમુગટ [બીજી આવૃત્તિ] મલ્લિકા
ત્રણ રૂપિયા — સાડાચાર રૂપિયા

અજિતા — પરાજય
સાડાચાર રૂપિયા — સાડાચાર રૂપિયા

વાચિનીદેવી — જયસિંહ સિદ્ધરાજ
સાડાચાર રૂપિયા — ભા. ૧–૨ દરેકના સાડાચાર રૂપિયા

ચૌલાદેવી — રાજસંન્યાસી
સાડાચાર રૂપિયા — સાડાચાર રૂપિયા

કર્ણાવતી — રાજકન્યા
સાડાચાર રૂપિયા — સાડાચાર રૂપિયા

તણખા — તણખા
મંડળ પહેલું — મંડળ બીજું
ત્રણ રૂપિયા — ત્રણ રૂપિયા

તણખા — તણખા
મંડળ ત્રીજું — મંડળ ચોથું
ત્રણ રૂપિયા — ચાર રૂપિયા

પ્રદીપ — પાનગોષ્ઠી
ત્રણ રૂપિયા — બે રૂપિયા

પડછાયા — અવશેષ
સવા રૂપિયો — અઢી રૂપિયા

હેમચંદ્રાચાર્ય — ઠંડી કૂરતા ને બીજાં નાટકો
અઢી રૂપિયા — દોઢ રૂપિયો

વાતાયન અઢી રૂપિયા

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગાંધી રસ્તો : : અમદાવાદ

કેકટ : શારદા મુદ્રણાલય, અમદાવાદ